

# પદાર્થ પ્રકાશ

(ભાગ ૧૧)

કર્મપ્રકૃતિ

• સંક્રમકરણ

• ઉદ્વર્તનાકરણ • અપવર્તનાકરણ

પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ

આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી
(વિ.સં. ૧૯૬૭-૨૦૬૭, ચૈત્ર વદ-૬) અને
પંન્યાસ શ્રી પદ્મવિજયજી સ્વર્ગવાસ અર્ધશતાબ્દી
(વિ.સં. ૨૦૧૭-૨૦૬૭, શ્રાવણ વદ-૧૧) નિમિત્તે નવલું નજરાણું

# પદાર્થ પ્રકાશ

## ભાગ-૧૧

## કર્મપ્રકૃતિ

## • સંક્રમકરણ

## • ઉદ્વર્તનાકરણ • અપવર્તનાકરણ

### પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ

• સંકલન-સંપાદન •
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

વિ.સં. ૨૦૬૮ • વીર સં. ૨૫૩૮

• પ્રકાશક •
**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**
**સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**

# પ્રાપ્તિસ્થાન

- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬.
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૨૬૬૭૦૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
  હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
  મો : ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫. (ઉ.ગુ.). ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩
- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી-૬, સર્વોદય સોસાયટી, સાંઈનાથનગર, સાંઘાણી એસ્ટેટ,
  એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.
  ફોન : ૨૫૦૦૫૮૩૭, મો : ૯૮૨૦૫૯૫૦૪૯
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૨, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો : ૯૫૯૪૫૫૫૫૦૫

**પ્રથમ આવૃત્તિ** — **નકલ ૧,૦૦૦**

**મૂલ્ય : રૂા. ૮૦-૦૦**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com

# દિવ્યવંદના





પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર
શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

---

## શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર
ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની
અમીદૃષ્ટિ સદા અમારી ઉપર વરસતી રહો.

---

## ઉપકારી ઉપકાર તમારો કદિય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂ. પ્રવર્ત્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ
પૂ. સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ
પૂ. સાધ્વીજી શ્રી **દિવ્યયશાશ્રીજી** મહારાજ
આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના



# પ્રકાશકીય

પદાર્થપ્રકાશ શ્રેણિમાં પદાર્થપ્રકાશ ભાગ-૧૧ ને સહર્ષ પ્રકાશિત કરીએ છીએ. આ પુસ્તકમાં અરિહંતઉપાસક પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે કર્મપ્રકૃતિના સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણના પદાર્થો અને મૂળગાથા-શબ્દાર્થોનું સંકલન કરેલ છે.

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાત આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસેથી પ્રાપ્ત થયેલ પદાર્થજ્ઞાનને માત્ર પોતાના પૂરતું સીમિત ન રાખતા તેનો લાભ અન્ય જીવોને પણ મળે એ આશયથી પૂજ્ય ગુરુદેવશ્રીએ એ પદાર્થોનું સંકલન કર્યું અને એ પદાર્થપ્રકાશશ્રેણિરૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. આજ સુધીમાં પદાર્થપ્રકાશના ભાગ ૧ થી ભાગ ૯ સુધીમાં ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણિ અને બૃહત્ક્ષેત્રસમાસ-લઘુક્ષેત્રસમાસના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થો પ્રકાશિત થયા છે. પદાર્થપ્રકાશ ભાગ ૧૦ થી ભાગ ૧૩ સુધીના ચાર ભાગોમાં કર્મપ્રકૃતિના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થોનું સંકલન થયું છે. તે આ પ્રમાણે -

| | |
|---|---|
| પદાર્થપ્રકાશ ભાગ-૧૦ | કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |
| પદાર્થપ્રકાશ ભાગ-૧૧ | કર્મપ્રકૃતિ સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |
| પદાર્થપ્રકાશ ભાગ-૧૨ | કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |
| પદાર્થપ્રકાશ ભાગ-૧૩ | કર્મપ્રકૃતિ ઉદયાધિકાર, સત્તાધિકારનો પદાર્થ-સંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થ |

ભાગ ૧૦ અને ભાગ ૧૨ પૂર્વે પ્રકાશિત થઈ ગયા છે. ભાગ ૧૧ અને ભાગ ૧૩ હાલ પ્રકાશિત થઈ રહ્યા છે.

પદાર્થપ્રકાશના ભાગ ૧૪ અને ભાગ ૧૫ પણ પૂર્વે પ્રકાશિત થઈ ગયા છે. ભાગ ૧૪ માં શ્રીક્ષુલ્લકભવાવલિપ્રકરણ, શ્રીસિદ્ધદંડિકાસ્તવ, શ્રીયોનિસ્તવ અને શ્રીલોકનાલિકાદ્વાત્રિંશિકાનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-અવચૂરિનું સંકલન છે. ભાગ ૧૫માં શ્રીકાયસ્થિતિસ્તોત્ર, શ્રીલઘુઅલ્પબહુત્વ, શ્રીદેહસ્થિતિસ્તવ, શ્રીકાલસપ્તતિકાપ્રકરણ,

શ્રીવિચારપંચાશિકા, શ્રીપુદ્ગલપરાવર્તસ્તોત્ર, શ્રીઅંગુલસત્તરી અને શ્રીસમવસરણસ્તવનો પદાર્થસંગ્રહ અને મૂળગાથા-અવચૂરિનું સંકલન છે.

પદાર્થપ્રકાશ ભાગ ૧૬ પણ ટૂંક સમયમાં પ્રકાશિત થશે. તેમાં તત્ત્વાર્થાધિગમસૂત્રના પદાર્થો અને મૂળસૂત્ર-શબ્દાર્થોનું સંકલન પૂજ્યશ્રીએ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી પદાર્થોનો ખૂબ પાઠ કરતા. તેમાં પણ કર્મગ્રંથ અને કર્મપ્રકૃતિના પદાર્થોનો પાઠ પૂજ્યશ્રી સવિશેષ કરતા. પૂજ્યશ્રી બીજા કર્મગ્રંથનો પાઠ ૫ મિનિટમાં, ત્રીજા કર્મગ્રંથનો પાઠ ૫ મિનિટમાં, ચોથા કર્મગ્રંથનો પાઠ ૨૦ મિનિટમાં, પાંચમા કર્મગ્રંથનો પાઠ ૪૫ મિનિટમાં, છઠ્ઠા કર્મગ્રંથનો પાઠ ૪૫ મિનિટમાં અને કર્મપ્રકૃતિનો પાઠ સાડા ત્રણ કલાકમાં કરતા. આમ બીજા કર્મગ્રંથની છઠ્ઠા કર્મગ્રંથ સુધીના પાંચ કર્મગ્રંથ અને કર્મપ્રકૃતિનો પાઠ પૂજ્યશ્રી રોજ સાડા પાંચ કલાક સુધી બોલીને કરતા. તેથી એ પદાર્થો પૂજ્યશ્રીને એકદમ રૂઢ થઈ ગયા છે.

પદાર્થપ્રકાશ ભાગ ૧૧ના પ્રકાશનનો લાભ પૂજ્યશ્રીએ અમને આપ્યો છે એ બદલ અમે પૂજ્યશ્રીના ચરણોમાં કૃતજ્ઞભાવે વંદના કરીએ છીએ. આ પુસ્તકનું સંશોધન પંડિતવર્ય પારસભાઈ ચંપકલાલ શાહે ઉદારતા બતાવી કરી આપેલ છે. આ પ્રસંગે તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય ભરત ગ્રાફિક્સવાળા ભરતભાઈ અને મહેન્દ્રભાઈએ કરેલ છે તથા આકર્ષક ટાઈટલ મલ્ટી ગ્રાફિક્સવાળા મુકેશભાઈએ તૈયાર કરેલ છે. તેમનો પણ આભાર માનીએ છીએ.

આજસુધીમાં પૂજ્યશ્રી દ્વારા લિખિત-સંકલિત-સંપાદિત-પ્રેરિત લગભગ ૭૦ જેટલા પુસ્તકો પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે. હજી આગળ પણ પૂજ્યશ્રી પોતાની કલમ દ્વારા ભવ્યાત્માઓના જીવનમાં વ્યાપેલ અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવે એવી હાર્દિક મંગળકામના આ પ્રસંગે અમે પ્રદર્શિત કરીએ છીએ.

શ્રુતાધિષ્ઠાયિકા શ્રીસરસ્વતીદેવીને પ્રાર્થના કરીએ છીએ કે હજી પણ વધુ ને વધુ શ્રુતભક્તિ અમે કરી શકીએ એવી કૃપા અમારી ઉપર વરસાવે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા કર્મપ્રકૃતિના રહસ્યાર્થોને સમજીને પૂજ્યશ્રીની જેમ તેમનો પાઠ કરીને ભવ્યાત્માઓ તેમને આત્મામાં પરિણમાવે એ જ શુભાભિલાષા.

**લી.**

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટના**

**ટ્રસ્ટીઓ**

# HIGH RISK, HIGH REWARD

રમેશ સો રૂપિયા કમાયો. એની માથે એક કરોડ રૂપિયાનું દેવુ છે. સો રૂપિયા કમાવા માત્રથી એનું કરોડ રૂપિયાનું દેવુ માફ થઈ જતું નથી.

મહેશે સો રૂપિયાનું દેવુ કર્યું. એની પાસે બેંકમાં એક કરોડ રૂપિયા પડ્યા છે. સો રૂપિયાનું દેવુ કરવા માત્રથી એને કરોડ રૂપિયાનું દેવુ થઈ જતું નથી.

આ દુનિયાનો વ્યવહાર છે.

પણ જો સો રૂપિયા કમાવા પર રમેશની માથે રહેલું એક કરોડ રૂપિયાનું દેવુ માફ થઈ જતું હોય, એટલે કે એને એક કરોડ રૂપિયા મળતા હોય, અને સો રૂપિયાનું દેવુ કરવા પર મહેશના બેંકમાં રહેલ એક કરોડ રૂપિયા દેવા રૂપ થઈ જતા હોય, એટલે કે એને એક કરોડ રૂપિયાનું દેવુ થઈ જતું હોય તો આને કહેવાય High Risk, High Reward. આમાં લાભ થવા પર બમણો લાભ થાય અને નુકસાન થવા પર બમણુ નુકસાન થાય. પણ દુનિયામાં આવો વ્યવહાર પ્રચલિત નથી.

આધ્યાત્મિક જગતમાં આવો વ્યવહાર વર્તે છે.

**ઉપદેશમાળામાં ધર્મદાસગણિમહારાજાએ કહ્યું છે -**

**''जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।**
**सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ॥''**

જીવ જે જે સમયે જેવા જેવા ભાવમાં આવે છે તે તે સમયે તે શુભ-અશુભ કર્મ બાંધે છે. એટલે કે જીવ જ્યારે શુભ ભાવમાં હોય ત્યારે શુભ કર્મ બાંધે છે અને જીવ જ્યારે અશુભ ભાવમાં હોય ત્યારે અશુભ કર્મ બાંધે છે.

શુભ ભાવ કરવાથી માત્ર આટલો જ લાભ નથી, પણ વધુ લાભ

છે, અને અશુભ ભાવ કરવાથી માત્ર આટલું જ નુકસાન નથી, પણ વધુ નુકસાન છે. આ વાત સંક્રમકરણ આપણને સમજાવે છે.

સત્તામાં રહેલા કર્મોને બંધાતા કર્મોરૂપે ટ્રાન્સ્ફર કરવા એટલે સંક્રમ. ઉદ્વર્તના અને અપવર્તના પણ સંક્રમના જ પ્રકારો છે.

જીવ જ્યારે શુભભાવમાં હોય ત્યારે નવા શુભકર્મો બાંધવાની સાથે જુના અશુભ કર્મોને બંધાતા નવા શુભ કર્મોરૂપે ટ્રાન્સ્ફર કરે છે. જીવ જ્યારે અશુભભાવમાં હોય ત્યારે નવા અશુભ કર્મો બાંધવાની સાથે જુના શુભ કર્મોને બંધાતા નવા અશુભ કર્મોરૂપે ટ્રાન્સ્ફર કરે છે.

આમ શુભ ભાવમાં રહેવાથી બમણો લાભ છે અને અશુભભાવમાં રહેવાથી બમણું નુકસાન છે. માટે સદા અશુભભાવોનો ત્યાગ કરી શુભ ભાવોમાં રમવું.

સંક્રમકરણનો આ સંદેશ જો આચરણમાં લવાય તો આત્માનું પરમલોકમાં શીઘ્ર ગમન થાય.

શ્રીશિવશર્મસૂરીશ્વરજી મહારાજાએ પૂર્વોમાંથી ઉદ્ધૃત કરીને 'કર્મપ્રકૃતિ' નામના મહાન ગ્રંથની રચના કરી. આ ગ્રંથના ૧૦ વિભાગો છે - (૧) બંધનકરણ (૨) સંક્રમકરણ (૩) ઉદ્વર્તનાકરણ (૪) અપવર્તનાકરણ (૫) ઉદીરણાકરણ (૬) ઉપશમનાકરણ (૭) નિધત્તિકરણ (૮) નિકાચનાકરણ (૯) ઉદયાધિકાર (૧૦) સત્તાધિકાર. કર્મપ્રકૃતિ મૂળ ગ્રંથ ઉપર અજ્ઞાતકર્તૃકચૂર્ણિ, શ્રીમલયગિરિમહારાજકૃત ટીકા અને મહોપાધ્યાય શ્રીયશોવિજયજીમહારાજકૃત ટીકા હાલ ઉપલબ્ધ છે. કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિ ઉપર શ્રીમુનિચન્દ્રસૂરિમહારાજે ટિપ્પણ રચી છે. શ્રીચન્દ્રર્ષિમહત્તરાચાર્ય રચિત પંચસંગ્રહમાં પણ ઉપર કહેલ દસ અધિકારોનું વર્ણન આવે છે. તેની ઉપર તેમની સ્વોપજ્ઞ ટીકા છે અને શ્રીમલયગિરિમહારાજકૃત ટીકા છે. આ બધા ગ્રંથોના આધારે કર્મપ્રકૃતિના પદાર્થોની સંકલના કરી છે. આ પદાર્થસંગ્રહમાં મૂળગ્રંથ અને ટીકાગ્રંથોની બાબતો એકદમ સ્પષ્ટ રીતે સમજાવી છે. બધા પદાર્થો ટૂંકમાં સુંદર અને

સંપૂર્ણ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જરૂર પડે ત્યાં વિસ્તાર પણ કર્યો છે. કોઠાઓ અને ચિત્રો દ્વારા પદાર્થોનો બોધ સહેલો બનાવાયો છે. અતિદેશ કરાયેલ બાબતોનું સ્પષ્ટીકરણ કરાયું છે.

પદાર્થપ્રકાશ ભાગ-૧૦ માં કર્મપ્રકૃતિના બંધનકરણના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થની સંકલના કરી છે.

પદાર્થપ્રકાશના આ ભાગ ૧૧ માં કર્મપ્રકૃતિના સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ અને અપવર્તનાકરણના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થની સંકલના કરી છે. તેમાં પહેલા સંક્રમકરણના પદાર્થોનો સંગ્રહ કર્યો છે. સંક્રમકરણના ચાર વિભાગ છે - પ્રકૃતિસંક્રમ, સ્થિતિસંક્રમ, રસસંક્રમ અને પ્રદેશસંક્રમ.

પ્રકૃતિસંક્રમમાં અપવાદો, નિયમો, કઈ પ્રકૃતિનો કેટલા ગુણઠાણા સુધી સંક્રમ થાય ?, ઉત્તરપ્રકૃતિઓના સંક્રમ-પતદ્ગ્રહત્વ-સંક્રમસ્થાનો-પતદ્ગ્રહસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણાનું નિરૂપણ કરાયું છે.

સ્થિતિસંક્રમમાં વિશેષલક્ષણ, ભેદ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ, જઘન્ય સ્થિતિસંક્રમ, સાદ્યાદિપ્રરૂપણા અને સ્વામિત્વ - આ છ દ્વારોનું પ્રતિપાદન કરાયું છે.

રસસંક્રમમાં વિશેષલક્ષણ, ભેદ, રસસ્પર્ધક, ઉત્કૃષ્ટ રસસંક્રમ, જઘન્ય રસસંક્રમ, સાદ્યાદિપ્રરૂપણા અને સ્વામિત્વ - આ સાત દ્વારોનું વર્ણન કરાયું છે.

પ્રદેશસંક્રમમાં સામાન્યલક્ષણ, ભેદ, સાદ્યાદિ પ્રરૂપણા, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી અને જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી - આ પાંચ દ્વારો વડે પ્રદેશસંક્રમનું સ્વરૂપ સમજાવાયું છે.

ત્યાર પછી ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણના પદાર્થોનો સંગ્રહ કર્યો છે. તેમાં નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના, વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના, નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તના, વ્યાઘાત સ્થિતિઅપવર્તના, નિર્વ્યાઘાત રસઉદ્વર્તના, વ્યાઘાત રસઉદ્વર્તના, નિર્વ્યાઘાત રસઅપવર્તના, વ્યાઘાત રસઅપવર્તના - આ આઠ વિષયો વિશદ કરાયા છે.

ત્યાર પછી સંક્રમકરણના મૂળગાથા અને શબ્દાર્થો રજૂ કર્યા છે.

ત્યાર પછી ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણના મૂળગાથા અને શબ્દાર્થો રજૂ કર્યા છે.

પદાર્થપ્રકાશ ભાગ ૧૨માં ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થોની સંકલના કરી છે.

પદાર્થપ્રકાશ ભાગ ૧૩માં ઉદયાધિકાર અને સત્તાધિકારના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થોની સંકલના કરી છે.

આમ પદાર્થપ્રકાશ ભાગ ૧૦ થી ભાગ ૧૩ માં કર્મપ્રકૃતિના બધા પદાર્થોનો સંક્ષિપ્ત, સરળ, સુંદર અને સંપૂર્ણ સંગ્રહ કરાયો છે. આ ચાર ભાગો દ્વારા કર્મપ્રકૃતિના બધા પદાર્થોનો બોધ એકદમ સહેલાઈથી થઈ શકશે.

પદાર્થપ્રકાશના ભાગ ૧૦ અને ભાગ ૧૨ પૂર્વે પ્રકાશિત થઈ ચૂક્યા છે. હાલ પદાર્થપ્રકાશના ભાગ ૧૧ અને ભાગ ૧૩નું પ્રકાશન થઈ રહ્યું છે. તેમાં આ પુસ્તક પદાર્થપ્રકાશ ભાગ ૧૧ નું છે.

આ પદાર્થોને માત્ર સમજવાના નથી, પણ સમજીને કંઠસ્થ પણ કરવાના છે. આ પદાર્થોને માત્ર કંઠસ્થ કરવાના નથી, પણ તેમનું પુનરાવર્તન કરીને તેમને આત્મસાત્ પણ કરવાના છે. આ પદાર્થો માત્ર આત્મસાત્ કરવાના નથી, પણ જીવનમાં એ મુજબનું આચરણ કરીને એમને આત્મામાં પરિણમાવવાના છે. આમ કરવાથી જ કર્મપ્રકૃતિનો સાંગોપાંગ અભ્યાસ પૂર્ણતાને પામે છે.

કર્મસાહિત્યના અભ્યાસ દ્વારા બે મહાન લાભ થાય છે -

(૧) એકાગ્રતા : મન એકાગ્ર બને છે. સૂક્ષ્મ પદાર્થોના ચિંતનમાં મન એકાગ્ર બનવાથી તે અન્ય વિષયોમાં ભટકતું બંધ થઈ જાય છે.

(૨) સમતા : મન સમતામાં રહે છે. બધી અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓનું મુખ્ય કારણ પોતે કરેલા કર્મો છે, બીજા તો એમાં

નિમિત્તમાત્ર છે-એવું જણાયા પછી મનમાં બીજા પ્રત્યે રાગ-દ્વેષ થતા નથી અને જીવ સમતાના આનંદમાં મસ્ત રહે છે.

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ પરમગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસેથી આ પદાર્થોનું જ્ઞાન મને પ્રાપ્ત થયું છે. તેની મેં સંકલના કરી છે. આમાં મારી કંઈ વિશેષતા નથી. જે છે એ બધું પૂજ્યશ્રીનું છે. પદાર્થનિરૂપણમાં કંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે મારા મંદ ક્ષયોપશમને લીધે છે. તેની હું ક્ષમા યાચું છું.

પરમ પૂજ્ય કર્મસાહિત્યનિષ્ણાત પરમગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પરમ પૂજ્ય ન્યાયવિશારદ પ્રગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અને પરમ પૂજ્ય સમતાસાગર ગુરુદેવ પન્ન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી ગણિવર્ય - આ ગુરુત્રયીની અનરાધાર કૃપાના બળે જ આ પુસ્તકનું સંકલન કરવા હું સમર્થ બન્યો છું. આ પ્રસંગે એ ગુરુદેવોના ચરણોમાં અનંતશઃ વંદના કરું છું.

પદાર્થપ્રકાશશ્રેણિ દ્વારા ભવ્યાત્માઓના જીવનમાં પદાર્થજ્ઞાનનો પાયો મજબૂત રીતે પ્રતિષ્ઠિત થાય એ જ શુભભાવના.

**લી.**
**પરમ પૂજ્ય સમતાસાગર**
**પન્ન્યાસપ્રવર શ્રીપદ્મવિજયજી**
**ગણિવર્યનો ચરણોપાસક**
**આચાર્ય વિજય હેમચન્દ્રસૂરિ**

**શ્રી વિશ્વનંદિકર જૈન સંઘ, અમદાવાદ**
**વિ.સં. ૨૦૬૮, ચૈત્ર વદ ૧૩**
**પ.પૂ. પ્રગુરુદેવ ન્યાયવિશારદ આચાર્યદેવ**
**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનો**
**૧૯મો સ્વર્ગારોહણ દિન**

## પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

### ગુજરાતી સાહિત્ય

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧
(જીવવિચાર-નવતત્ત્વનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨
(દંડક-લઘુસંગ્રહણીનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩
(૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪
(૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫) પદાર્થપ્રકાશ ભાગ-૫
(ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૬) પદાર્થપ્રકાશ ભાગ-૬
(પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૭) પદાર્થપ્રકાશ ભાગ-૭
(છઠ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૮) પદાર્થપ્રકાશ ભાગ-૮
(બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૯) પદાર્થપ્રકાશ ભાગ-૯
(બૃહત્ક્ષેત્રસમાસ અને લઘુક્ષેત્રસમાસનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૦) પદાર્થપ્રકાશ ભાગ-૧૦
(કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૧) મુક્તિનું મંગલદ્વાર
(ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)

(૧૨) શ્રી સીમંધરસ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)

(૧૩) ચાતુર્માસિક અને જીવનના નિયમો

(૧૪) વીશ વિહરમાન જિન સચિત્ર

(૧૫) વીશ વિહરમાન જિન પૂજા



(૧૬) બંધનથી મુક્તિ તરફ
(બારવ્રત તથા ભવઆલોચના વિષયક સમજણ)

(૧૭) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ

(૧૮) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ

(૧૯) તત્ત્વાર્થ ઉષા (પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)

(૨૦) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં. પદ્મવિજયજી મ.નું જીવનચરિત્ર)

(૨૧) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ. પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)

(૨૨) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)

(૨૩) પ્રેમપ્રભા ભાગ-૩
(બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)

(૨૪) સાધુતાનો ઉજાસ
(લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)

(૨૫) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ
(પૂ.આ. જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)

(૨૬) ગુરુ દીવો, ગુરુ દેવતા. (પ્રેમપ્રભા ભાગ-૬)

(૨૭) પ્રભુ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)

(૨૮) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)

(૨૯) પ્રભુ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)

(૩૦) કામસુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)

(૩૧-૩૨) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧-૨ (પ્રેમપ્રભા ભાગ-૧૧-૧૨)

(૩૩) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા-દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)

(૩૪) ભક્તિમાં ભીંજાણા (પં. પદ્મવિજયજી ગણિવર્ય)
(વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન)

(૩૫) આદીશ્વર અલબેલો રે (પૂ.ગણિ કલ્યાણબોધિવિજયજી)
(શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)

(૩૬) ઉપધાનતપવિધિ

(૩૭) રત્નકુક્ષી માતા પાહિણી

(૩૮) સતીસોનલ

(૩૯) નેમિદેશના

(૪૦) નરક દુઃખ વેદના ભારી

(૪૧) પંચસૂત્રનું પરિશીલન
(૪૨) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
(૪૩) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
(૪૪) અધ્યાત્મયોગી (આ. કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન)
(૪૫) ચિત્કાર
(૪૬) મનોનુશાસન
(૪૭) ભાવે ભજો અરિહંતને
(૪૭) લક્ષ્મી સરસ્વતી સંવાદ
(૪૯-૫૧) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩
(૫૨-૫૫) રસથાળ ભાગ-૧, ૨, ૩, ૪
(૫૬) સમતાસાગર (પૂ.પં. પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)
(૫૭) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૫૮) શુદ્ધિ (ભવઆલોચના)
(૫૯) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો
(૬૦) જયવીયરાય
(૬૧) આર્હન્ત્ય
(૬૨) બ્રહ્મવૈભવ
(૬૩) પ્રતિકાર



## અંગ્રેજી સાહિત્ય

(૧) A Shining Star of Spirituality
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)
(૨) Padartha Prakash Part-I (જીવવિચાર-નવતત્ત્વ)
(૩) Pahini-A Gem-womb Mother
(રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम्( गद्य ) (પં. પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| A | **કર્મપ્રકૃતિ સંક્રમકરણનો પદાર્થસંગ્રહ** | ૧-૧૭૭ |
| (i) | **પ્રકૃતિસંક્રમ** | ૧-૯૭ |
| ૧ | પ્રકૃતિસંક્રમના અપવાદો | ૧-૨ |
| ૨ | પ્રકૃતિસંક્રમના નિયમો | ૩ |
| ૩ | કઈ પ્રકૃતિનો કેટલા ગુણઠાણા સુધી સંક્રમ થાય છે ? | ૪ |
| ૪ | ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમમાં સાદ્યાદિ પ્રરૂપણા | ૫-૬ |
| ૫ | ઉત્તરપ્રકૃતિઓમાં પતદ્ગ્રહત્વમાં સાદ્યાદિ પ્રરૂપણા | ૭-૮ |
| ૬ | જ્ઞાનાવરણ અને અંતરાયના પતદ્ગ્રહસ્થાન, સંક્રમસ્થાન અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૯ |
| ૭ | દર્શનાવરણના પતદ્ગ્રહસ્થાન, સંક્રમસ્થાન અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૦-૧૧ |
| ૮ | વેદનીયના પતદ્ગ્રહસ્થાન, સંક્રમસ્થાન અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૧-૧૨ |
| ૯ | ગોત્રના પતદ્ગ્રહસ્થાન, સંક્રમસ્થાન અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૨ |
| ૧૦ | મોહનીયના સંક્રમસ્થાનો | ૧૨-૨૦ |
| ૧૧ | મોહનીયના સંક્રમસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણા | ૨૧ |
| ૧૨ | મોહનીયના સંક્રમસ્થાનો, તેમનો કાળ અને તેમના સ્વામીનો કોઠો | ૨૨-૩૯ |
| ૧૩ | મોહનીયના પતદ્ગ્રહસ્થાનો | ૩૮-૪૫ |
| ૧૪ | મોહનીયના પતદ્ગ્રહસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણા | ૪૫ |
| ૧૫ | મોહનીયના પતદ્ગ્રહસ્થાનો અને તેમના સ્વામીનો કોઠો | ૪૬-૫૫ |
| ૧૬ | મોહનીયના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનો | ૫૪-૬૩ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૭ | ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં મોહનીયના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનો | ૬૨-૬૯ |
| ૧૮ | ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં મોહનીયના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનો | ૬૮-૭૫ |
| ૧૯ | ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ક્ષપકશ્રેણિમાં મોહનીયના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનો | ૭૪-૭૭ |
| ૨૦ | મોહનીયના સંક્રમસ્થાનોમાં પતદ્ગ્રહસ્થાનો | ૭૮ |
| ૨૧ | નામકર્મના સત્તાસ્થાનો | ૭૯-૮૧ |
| ૨૨ | નામકર્મના સંક્રમસ્થાનો | ૮૧-૮૩ |
| ૨૩ | નામકર્મના સંક્રમસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણા | ૮૪ |
| ૨૪ | નામકર્મના બંધસ્થાનો | ૮૪-૮૮ |
| ૨૫ | નામકર્મના પતદ્ગ્રહસ્થાનો અને તેમની સાદ્યાદિ પ્રરૂપણા | ૮૮ |
| ૨૬ | નામકર્મના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનો | ૮૮-૯૪ |
| ૨૭ | નામકર્મના સંક્રમસ્થાનોમાં પતદ્ગ્રહસ્થાનો | ૯૫ |
| ૨૮ | આયુષ્ય સિવાયના સાત કર્મોના સંક્રમસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણાનો કોઠો | ૯૬ |
| ૨૯ | આયુષ્ય સિવાયના સાત કર્મોના પતદ્ગ્રહસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણાનો કોઠો | ૯૭ |
| (ii) | **સ્થિતિસંક્રમ** | ૯૮-૧૨૯ |
| ૧ | સ્થિતિસંક્રમના વિશેષ લક્ષણો | ૯૮ |
| ૨ | સ્થિતિસંક્રમના ભેદો | ૯૮ |
| ૩ | બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ | ૯૮-૯૯ |
| ૪ | સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ | ૯૯-૧૦૦ |
| ૫ | મિથ્યાત્વમોહનીય અને ચાર આયુષ્ય સિવાયની બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | ૧૦૦ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૬ | નરકગતિના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું ચિત્ર | ૧૦૧ |
| ૭ | મિથ્યાત્વમોહનીય અને ચાર આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | ૧૦૨ |
| ૮ | ચાર આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું ચિત્ર | ૧૦૨ |
| ૯ | મિથ્યાત્વમોહનીયના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું ચિત્ર | ૧૦૩ |
| ૧૦ | બંધમાં સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | ૧૦૨, ૧૦૪ |
| ૧૧ | મનુષ્યગતિના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું ચિત્ર | ૧૦૫ |
| ૧૨ | અબંધમાં સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | ૧૦૪, ૧૦૬ |
| ૧૩ | મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું ચિત્ર | ૧૦૭ |
| ૧૪ | જિનનામકર્મ અને આહારક ૭નો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | ૧૦૬, ૧૦૮ |
| ૧૫ | યત્સ્થિતિ | ૧૦૮, ૧૧૦ |
| ૧૬ | જિનનામકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમનું ચિત્ર | ૧૦૯ |
| ૧૭ | જઘન્ય સ્થિતિસંક્રમ | ૧૧૦-૧૧૨ |
| ૧૮ | મૂળપ્રકૃતિઓમાં સ્થિતિસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૧૨-૧૧૪ |
| ૧૯ | ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૧૪-૧૧૬ |
| ૨૦ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી | ૧૧૬ |
| ૨૧ | જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી | ૧૧૬-૧૧૮ |
| ૨૨ | સુવાક્યો | ૧૧૮-૧૧૯ |
| ૨૩ | ઉત્તરપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ, યત્સ્થિતિ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી, જઘન્ય સ્થિતિસંક્રમ, યત્સ્થિતિ, જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી | ૧૨૦-૧૨૯ |
| **(iii)** | **રસસંક્રમ** | **૧૩૦-૧૪૬** |
| ૧ | રસસંક્રમના વિશેષ લક્ષણો | ૧૩૦ |
| ૨ | રસસંક્રમના ભેદો | ૧૩૦ |
| ૩ | રસસ્પર્ધકો | ૧૩૦-૧૩૨ |
| ૪ | ઉત્કૃષ્ટ રસસંક્રમ | ૧૩૨-૧૩૩ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫ | જઘન્ય રસસંક્રમ | ૧૩૩-૧૩૪ |
| ૬ | મૂળપ્રકૃતિઓમાં રસસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૩૪-૧૩૭ |
| ૭ | ઉત્તરપ્રકૃતિઓમાં રસસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૩૭-૧૪૧ |
| ૮ | ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી | ૧૪૧-૧૪૩ |
| ૯ | જઘન્ય રસસંક્રમના સ્વામી | ૧૪૪-૧૪૬ |
| **(iv)** | **પ્રદેશસંક્રમ** | **૧૪૭-૧૭૭** |
| ૧ | પ્રદેશસંક્રમનું લક્ષણ | ૧૪૭ |
| ૨ | ઉદ્વલનાસંક્રમ | ૧૪૭-૧૫૧ |
| ૩ | ઉદ્વલનાસંક્રમના સ્વામી | ૧૫૧-૧૫૩ |
| ૪ | વિધ્યાતસંક્રમ | ૧૫૩ |
| ૫ | વિધ્યાતસંક્રમના સ્વામી | ૧૫૪-૧૫૬ |
| ૬ | ગુણસંક્રમ અને તેના સ્વામી | ૧૫૬-૧૫૭ |
| ૭ | યથાપ્રવૃત્તસંક્રમ અને તેના સ્વામી | ૧૫૭ |
| ૮ | સર્વસંક્રમ | ૧૫૭ |
| ૯ | કયો સંક્રમ કયા સંક્રમનો બાધ કરીને પ્રવર્તે ? | ૧૫૮ |
| ૧૦ | સ્તિબુકસંક્રમ | ૧૫૮ |
| ૧૧ | પાંચ સંક્રમો વડે ઉદ્વલનાસંક્રમના ચરમ સ્થિતિખંડના દલિકોના અપહારકાળનું અલ્પબહુત્વ | ૧૫૮-૧૫૯ |
| ૧૨ | ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા | ૧૫૯-૧૬૧ |
| ૧૩ | ગુણિકર્માંશ જીવનું સ્વરૂપ | ૧૬૨-૧૬૩ |
| ૧૪ | ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી | ૧૬૪-૧૭૦ |
| ૧૫ | ક્ષપિતકર્માંશ જીવનું સ્વરૂપ | ૧૭૦-૧૭૧ |
| ૧૬ | જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી | ૧૭૧-૧૭૭ |
| **B** | **કર્મપ્રકૃતિ ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ** | **૧૭૮-૨૧૧** |
| ૧ | ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણની વ્યાખ્યા અને ભેદો | ૧૭૮ |

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| (i) | **સ્થિતિઉદ્વર્તના** | **૧૭૮-૧૯૨** |
| ૧ | નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના | ૧૭૮-૧૮૮ |
| ૨ | નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તનાનું ચિત્ર | ૧૮૦ |
| ૩ | અબાધામાં નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તનાનું ચિત્ર | ૧૮૪ |
| ૪ | વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના | ૧૮૮-૧૯૨ |
| ૫ | વ્યાઘાત સ્થિતિઉદ્વર્તનાનું ચિત્ર | ૧૯૧ |
| ૬ | સ્થિતિઉદ્વર્તનામાં અલ્પબહુત્વ | ૧૯૨ |
| (ii) | **સ્થિતિઅપવર્તના** | **૧૯૨-૧૯૮** |
| ૧ | નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તના | ૧૯૨-૧૯૫ |
| ૨ | નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તનાનું ચિત્ર | ૧૯૪ |
| ૩ | વ્યાઘાત સ્થિતિઅપર્વતના | ૧૯૫-૧૯૭ |
| ૪ | વ્યાઘાત સ્થિતિઅપવર્તનાનું ચિત્ર | ૧૯૬ |
| ૫ | સ્થિતિઅપવર્તનામાં અલ્પબહુત્વ | ૧૯૭ |
| ૬ | સ્થિતિઉદ્વર્તના અને સ્થિતિઅપવર્તનાનું સાથે અલ્પબહુત્વ | ૧૯૮ |
| (iii) | **રસઉદ્વર્તના** | **૧૯૮-૨૦૨** |
| ૧ | નિર્વ્યાઘાત રસઉદ્વર્તના | ૧૯૮-૨૦૦ |
| ૨ | વ્યાઘાત રસઉદ્વર્તના | ૨૦૦-૨૦૨ |
| ૩ | રસઉદ્વર્તનામાં અલ્પબહુત્વ | ૨૦૨ |
| (iv) | **રસઅપવર્તના** | **૨૦૨-૨૧૧** |
| ૧ | નિર્વ્યાઘાત રસઅપવર્તના | ૨૦૨-૨૦૩ |
| ૨ | વ્યાઘાત રસઅપવર્તના | ૨૦૩-૨૦૯ |
| ૩ | રસઅપવર્તનામાં અલ્પબહુત્વ | ૨૧૦ |
| ૪ | રસઉદ્વર્તના અને રસઅપવર્તનાનું સાથે અલ્પબહુત્વ | ૨૧૦-૨૧૧ |
| C | **કર્મપ્રકૃતિ સંક્રમકરણના મૂળગાથા-શબ્દાર્થ** | **૨૧૨-૨૪૩** |
| D | **કર્મપ્રકૃતિ ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણના મૂળગાથા-શબ્દાર્થ** | **૨૪૪-૨૪૬** |

## કર્મપ્રકૃતિ

# સંક્રમકરણ

## પદાર્થસંગ્રહ

**સંક્રમ** - બધ્યમાન પ્રકૃતિમાં અબધ્યમાન પ્રકૃતિનું દલિક નાખીને તેને બધ્યમાન પ્રકૃતિરૂપે પરિણમાવવું તે સંક્રમ છે. જેમકે બંધાતા ઉચ્ચગોત્રમાં નીચગોત્રનો સંક્રમ થાય છે.

અથવા, બધ્યમાન પ્રકૃતિઓના દલિકોને પરસ્પર એક-બીજારૂપે પરિણમાવવા તે સંક્રમ છે. જેમકે બંધાતા મતિજ્ઞાનાવરણમાં બંધાતું શ્રુતજ્ઞાનાવરણ સંક્રમે છે અને બંધાતા શ્રુતજ્ઞાનાવરણમાં બંધાતું મતિજ્ઞાનાવરણ સંક્રમે છે.

જે પ્રકૃતિનો સંક્રમ થાય તે સંક્રમ્યમાણ પ્રકૃતિ કહેવાય છે. જે પ્રકૃતિમાં સંક્રમ થાય તે પતદ્ગ્રહ પ્રકૃતિ કહેવાય છે.

સંક્રમના ચાર પ્રકાર છે - (૧) પ્રકૃતિસંક્રમ, (૨) સ્થિતિસંક્રમ, (૩) રસસંક્રમ, (૪) પ્રદેશસંક્રમ.

# પ્રકૃતિસંક્રમ

બધ્યમાન પ્રકૃતિમાં બધ્યમાન કે અબધ્યમાન પ્રકૃતિને સંક્રમાવવી તે પ્રકૃતિસંક્રમ.

**અપવાદ**

(૧) સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બંધાતા નથી, છતાં વિશુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વમોહનીય

અને મિશ્રમોહનીયનો સંક્રમ કરે છે અને મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીયનો સંક્રમ કરે છે.

(૨) દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ ન થાય.

(૩) ચારે આયુષ્યનો પરસ્પર સંક્રમ ન થાય.

(૪) મૂળપ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ ન થાય.

(૫) પહેલા ગુણઠાણે મિથ્યાત્વમોહનીયનો સંક્રમ ન થાય, ત્રીજા ગુણઠાણે મિશ્રમોહનીયનો સંક્રમ ન થાય, સમ્યગ્દષ્ટિ (ચોથા વગેરે ગુણઠાણાવાળા) ને સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ ન થાય.

(૬) બીજા-ત્રીજા ગુણઠાણે દર્શનમોહનીયનો સંક્રમ થતો નથી, કેમકે બંધના અભાવમાં દર્શનમોહનીયનો સંક્રમ વિશુદ્ધદષ્ટિને જ થાય, અવિશુદ્ધદષ્ટિને ન થાય. બીજા-ત્રીજા ગુણઠાણે અવિશુદ્ધદષ્ટિ હોય છે.

(૭) બંધાવલિકામાં રહેલા દલિકો, સંક્રમાવલિકામાં રહેલા દલિકો, ઉદયાવલિકામાં રહેલા દલિકો, ઉદ્વર્તનાવલિકામાં રહેલા દલિકો અને દર્શનમોહનીય સિવાયના મોહનીયના ઉપશાંત દલિકો સકલ કરણોને અયોગ્ય હોવાથી તેમનો સંક્રમ થતો નથી.

(૮) અંતરકરણ કર્યા પછી પ્રથમસ્થિતિની સમય ન્યૂન ૨ આવલિકા બાકી હોય ત્યારથી પુરુષવેદમાં અન્ય પ્રકૃતિઓનું દલિક સંક્રમતું નથી. અંતરકરણ કર્યા પછી પ્રથમસ્થિતિની સમય ન્યૂન ૩ આવલિકા બાકી હોય ત્યારથી સંજ્વલન ૪માં અન્ય પ્રકૃતિઓનું દલિક સંક્રમતું નથી.

(૯) મિશ્રમોહનીયમાં સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ થતો નથી.

**નિયમ** -

(૧) ઉપશમશ્રેણિમાં અને ક્ષપકશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી પુરુષવેદ અને સંજ્વલન ૪ નો આનુપૂર્વી સંક્રમ થાય છે, એટલે કે પુરુષવેદનો સંક્રમ સંજ્વલન ક્રોધ વગેરેમાં જ થાય છે, અન્ય પ્રકૃતિઓમાં નહીં; સંજ્વલન ક્રોધનો સંક્રમ સંજ્વલન માન વગેરેમાં જ થાય છે, પુરુષવેદ વગેરેમાં નહીં; સંજ્વલન માનનો સંક્રમ સંજ્વલન માયા વગેરેમાં જ થાય છે, સંજ્વલન ક્રોધ વગેરેમાં નહીં; સંજ્વલન માયાનો સંક્રમ સંજ્વલન લોભમાં જ થાય છે, સંજ્વલન માન વગેરેમાં નહીં; સંજ્વલન લોભનો સંક્રમ થતો નથી.

પુરુષવેદ અને સંજ્વલન ૪ નો અંતરકરણ કર્યા પૂર્વે અને શેષ પ્રકૃતિઓનો સર્વ અવસ્થામાં પતદ્ગ્રહપ્રકૃતિના બંધકાળે ક્રમથી કે ઉત્ક્રમથી સંક્રમ થાય છે.

(૨) મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા પછી મિશ્રમોહનીયમાં અન્ય પ્રકૃતઓનો સંક્રમ ન થાય. મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ક્ષય થયા પછી સમ્યક્ત્વમોહનીયમાં અન્ય પ્રકૃતિઓનો સંક્રમ ન થાય. સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી મિથ્યાત્વમોહનીયમાં અન્ય પ્રકૃતિઓનો સંક્રમ ન થાય.

**સંક્રમમાં સાદ્યાદિ પ્રરૂપણા** - મૂળપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ ન થતો હોવાથી તેમાં સંક્રમમાં સાદ્યાદિ પ્રરૂપણા સંભવતી નથી.

**ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમમાં સાદ્યાદિ પ્રરૂપણા-**

(૧) **સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, નરક ૨, મનુષ્ય ૨, દેવ ૨, વૈક્રિય ૭, આહારક ૭, જિન, ઉચ્ચગોત્ર = ૨૪** :- આ ૨૪ પ્રકૃતિઓ અધ્રુવસત્તાવાળી છે. તેથી તેમનો સંક્રમ સાદિ અને અધ્રુવ

# કઈ પ્રકૃતિનો કેટલા ગુણઠાણા સુધી સંક્રમ થાય છે ?

| પ્રકૃતિ | કેટલા ગુણઠાણા સુધી સંક્રમ થાય ? | હેતુ |
|---|---|---|
| સાતા | ૧લા થી ૬ઠ્ઠુ | ૭મા ગુણઠાણાથી અસાતા બંધાતી ન હોવાથી. |
| અનંતાનુબંધી ૪ | ૧લા થી ૭મુ | ૮મા ગુણઠાણાથી અનંતાનુબંધી ૪ નો ઉપશમ કે ક્ષય થઈ ગયો હોવાથી. |
| યશ | ૧લા થી ૮મુ | ૮મા ગુણઠાણા પછી નામકર્મની યશ સિવાય બીજી કોઈ પ્રકૃતિ બંધાતી ન હોવાથી. |
| શેષ ૧૨ કષાય, ૯ નોકષાય | ૧લા થી ૯મુ | ૯મા ગુણઠાણે ૧૨ કષાય-૯ નોકષાયનો ઉપશમ કે ક્ષય થઈ જતો હોવાથી, ૧૦મા ગુણઠાણાથી મોહનીયની કોઈ પ્રકૃતિ બંધાતી ન હોવાથી અને અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ ન થતો હોવાથી. |
| મિથ્યાત્વમોહનીય | ૪થા થી ૧૧મુ | ૧લા, ૨જા, ૩જા ગુણઠાણે મિથ્યાત્વમોહનીયનો સંક્રમ થતો ન હોવાથી અને ૧૨ મા ગુણ-ઠાણાથી મિથ્યાત્વમોહનીયની સત્તા ન હોવાથી. |
| મિશ્રમોહનીય | ૧લુ, ૪થા થી ૧૧ મુ | ૨જા, ૩જા ગુણઠાણે મિશ્રમોહનીયનો સંક્રમ સંક્રમ થતો ન હોવાથી અને ૧૨ મા ગુણઠાણાથી મિશ્રમોહનીયની સત્તા ન હોવાથી. |
| સમ્યક્ત્વમોહનીય | ૧લુ | સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ મિથ્યાત્વ-મોહનીયમાં જ થતો હોવાથી અને મિથ્યાત્વ-મોહનીય ૧લા ગુણઠાણે જ બંધાતુ હોવાથી |
| ઉચ્ચગોત્ર | ૧લુ, ૨જુ | ત્રીજા ગુણઠાણાથી નીચગોત્ર બંધાતુ ન હોવાથી. |
| શેષ ૧૨૩ | ૧લા થી ૧૦મુ | ૧૧મા ગુણઠાણાથી પતદ્ગ્રહપ્રકૃતિનો બંધ ન હોવાથી. |

છે. આયુષ્ય ૪ પણ અધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓ છે, પણ તેમાં સંક્રમ થતો નથી. ઉદ્વર્તના-અપવર્તનાની અપેક્ષાએ આયુષ્ય ૪નો સંક્રમ સાદિ અને અધ્રુવ છે.

(૨) **સાતા, અસાતા = ૨ :-** સાતા અને અસાતા પરાવર્તમાન પ્રકૃતિઓ હોવાથી સાતા બંધાય ત્યારે અસાતાનો સંક્રમ થાય અને અસાતા બંધાય ત્યારે સાતાનો સંક્રમ થાય. માટે તે બન્નેનો સંક્રમ સાદિ અને અધ્રુવ છે.

(૩) **નીચગોત્ર** - નીચગોત્ર અને ઉચ્ચગોત્ર પરાવર્તમાન પ્રકૃતિઓ હોવાથી ઉચ્ચગોત્ર બંધાય ત્યારે નીચગોત્રનો સંક્રમ થાય અને નીચગોત્ર બંધાય ત્યારે ઉચ્ચગોત્રનો સંક્રમ થાય. માટે નીચગોત્રનો સંક્રમ પણ સાદિ અને અધ્રુવ છે.

(૪) **મિથ્યાત્વમોહનીય** - મિથ્યાત્વમોહનીયનો સંક્રમ વિશુદ્ધ સમ્યગ્દષ્ટિને થાય છે. વિશુદ્ધ સમ્યગ્દષ્ટિપણું ક્યારેક હોય છે, હંમેશા હોતું નથી. તેથી મિથ્યાત્વમોહનીયનો સંક્રમ પણ સાદિ અને અધ્રુવ છે.

**(૫) શેષ ધ્રુવસત્તાવાળી ૧૨૬ પ્રકૃતિઓ** - ધ્રુવસત્તાવાળી પ્રકૃતિઓ ૧૩૦ છે. તેમાંથી સાતા, અસાતા, નીચગોત્ર અને મિથ્યાત્વમોહનીયનો સંક્રમ ઉપર કહ્યા મુજબ સાદિ અને અધ્રુવ છે. શેષ ૧૨૬ પ્રકૃતિઓનો સંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ છે. તે આ પ્રમાણે-

(i) **સાદિ** - પતદ્ગ્રહપ્રકૃતિનો બંધવિચ્છેદ થયા પછી બંધહેતુનો સંપર્ક થવાથી ફરી તેમનો બંધ શરૂ થાય ત્યારે આ પ્રકૃતિઓનો સંક્રમ શરૂ થતો હોવાથી આ ૧૨૬ પ્રકૃતિઓનો સંક્રમ સાદિ છે.

(ii) **અનાદિ** - પૂર્વે પતદ્ગ્રહપ્રકૃતિના બંધવિચ્છેદસ્થાનને નહીં પામેલા જીવોને આ ૧૨૬ પ્રકૃતિઓનો સંક્રમ અનાદિ છે.

(iii) **ધ્રુવ** - અભવ્યને પતદ્ગ્રહપ્રકૃતિનો બંધવિચ્છેદ ક્યારેય થવાનો ન હોવાથી આ ૧૨૬ પ્રકૃતિઓનો સંક્રમ ધ્રુવ છે.

(iv) **અધ્રુવ** - ભવ્યને પતદ્ગ્રહપ્રકૃતિનો બંધવિચ્છેદ થયા પછી આ પ્રકૃતિઓનો સંક્રમ થતો ન હોવાથી આ ૧૨૬ પ્રકૃતિઓનો સંક્રમ અધ્રુવ છે.

આમ ૨૮ પ્રકૃતિઓનો સંક્રમ સાદિ અને અધ્રુવ છે, ૧૨૬ પ્રકૃતિઓનો સંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓના સંક્રમમાં સાદ્યાદિ ભાંગા

| પ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ |
|---|---|---|---|---|---|
| આયુષ્ય ૪ વિના અધ્રુવ-સત્તાક ૨૪❑, સાતા, આસાતા, નીચગોત્ર, મિથ્યાત્વમોહનીય = ૨૮ | ✓ | - | - | ✓ | ૫૬ |
| શેષ ધ્રુવસત્તાક ૧૨૬△ | ✓ | ✓ | ✓ | ✓ | ૫૦૪ |
| કુલ | ૧૫૪ | ૧૨૬ | ૧૨૬ | ૧૫૪ | ૫૬૦ |

**પતદ્ગ્રહત્વમાં સાદ્યાદિ પ્રરૂપણા** - મૂળપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ ન થતો હોવાથી તેમાં પતદ્ગ્રહત્વમાં સાદ્યાદિ પ્રરૂપણા સંભવતી નથી.

❑ આયુષ્ય ૪ વિના અધ્રુવસત્તાક ૨૪ પ્રકૃતિઓ આ પ્રમાણે છે - સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, નરક ૨, મનુષ્ય ૨, દેવ ૨, વૈક્રિય ૭, આહારક ૭, જિન, ઉચ્ચગોત્ર.

△ શેષ ધ્રુવસતાક ૧૨૬ પ્રકૃતિઓ આ પ્રમાણે છે - જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, કષાય ૧૬, નોકષાય ૯, તિર્યંચ ૨, જાતિ ૫, ઔદારિક ૭, તૈજસ ૭, સંસ્થાન ૬, સંઘયણ ૬, વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, ત્રસ ૧૦, સ્થાવર ૧૦, અંતરાય ૫.

## ઉત્તરપ્રકૃતિઓમાં પતદ્ગ્રહત્વમાં સાદ્યાદિ પ્રરૂપણા -

(૧) **મિથ્યાત્વમોહનીય** - ૧લા ગુણઠાણે જ્યાં સુધી સમ્યક્ત્વ-મોહનીય-મિશ્રમોહનીય હોય ત્યાં સુધી મિથ્યાત્વમોહનીયનું પતદ્-ગ્રહત્વ હોય, સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય ની ઉદ્વલના થયા બાદ મિથ્યાત્વમોહનીયનું પતદ્ગ્રહત્વ ન હોય. તેથી મિથ્યાત્વ-મોહનીયનું પતદ્ગ્રહત્વ સાદિ અને અધ્રુવ છે.

(૨) **શેષ ધ્રુવબંધી ૬૭ પ્રકૃતિઓ** - ધ્રુવબંધી પ્રકૃતિઓ ૬૮ છે. તેમાં મિથ્યાત્વમોહનીયનું પતદ્ગ્રહત્વ ઉપર કહ્યા મુજબ સાદિ અને અધ્રુવ છે. શેષ ૬૭ પ્રકૃતિઓનું પતદ્ગ્રહત્વ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ છે. તે આ પ્રમાણે -

(i) **સાદિ** - પોતપોતાનો બંધવિચ્છેદ થયા પછી ફરી બંધહેતુના સંપર્કથી આ પ્રકૃતિઓ બંધાય ત્યારે તેમનું પતદ્ગ્રહત્વ સાદિ છે.

(ii) **અનાદિ** - આ પ્રકૃતિઓનાં બંધવિચ્છેદસ્થાનને નહીં પામેલા જીવને આ પ્રકૃતિઓનું પતદ્ગ્રહત્વ અનાદિ છે.

(iii) **ધ્રુવ** - અભવ્યને ક્યારેય આ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાનો ન હોવાથી આ પ્રકૃતિઓનું પતદ્ગ્રહત્વ ધ્રુવ છે.

(iv) **અધ્રુવ** - ભવ્યને જ્યારે આ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય ત્યારે આ પ્રકૃતિઓનું પતદ્ગ્રહત્વ અધ્રુવ છે.

(૩) **અધ્રુવબંધી ૮૮ પ્રકૃતિઓ** - આ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી તેમનું પતદ્ગ્રહત્વ સાદિ અને અધ્રુવ છે. આયુષ્ય ૪ માં ઉદ્વર્તના-અપવર્તનાની અપેક્ષાએ પતદ્ગ્રહત્વ સમજવું.

(૪) **સમ્યક્ત્વમોહનીય** - ઔપશમિક સમ્યગ્દષ્ટિ અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયને સંક્રમાવે છે. ઔપશમિકસમ્યગ્દષ્ટિપણું અને

ક્ષાયોપશમિકસમ્યગ્દૃષ્ટિપણું થોડા સમય માટેનું હોવાથી સમ્યક્ત્વમોહનીયનું પતદ્ગ્રહત્વ સાદિ અને અધ્રુવ છે.

**(૫) મિશ્રમોહનીય** - ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીયને સંક્રમાવે છે. ઔપશમિક સમ્યગ્દૃષ્ટિપણું અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિપણું થોડા સમય માટેનું હોવાથી મિશ્રમોહનીયનું પતદ્ગ્રહત્વ સાદિ અને અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓના પતદ્ગ્રહત્વમાં સાદ્યાદિ ભાંગા

| પ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ | કુલ |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, કષાય ૧૬, ભય, જુગુપ્સા, તૈજસ ૭, વર્ણાદિ ૨૦, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, અંતરાય ૫ = ૬૭ | ✓ | ✓ | ✓ | ✓ | ૨૬૮ |
| મિથ્યાત્વમોહનીય, સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, અધ્રુવબંધી ૮૮ = ૯૧ | ✓ | - | - | ✓ | ૧૮૨ |
| કુલ | ૧૫૮ | ૬૭ | ૬૭ | ૧૫૮ | ૪૫૦ |

## પ્રકૃતિસ્થાનસંક્રમ અને પ્રકૃતિસ્થાનપતદ્ગ્રહ

જ્યારે એક પ્રકૃતિમાં એક પ્રકૃતિનો સંક્રમ થાય ત્યારે તે પ્રકૃતિપતદ્ગ્રહ અને પ્રકૃતિસંક્રમ કહેવાય છે. દા. ત. સાતામાં અસાતાનો સંક્રમ.

જ્યારે એક પ્રકૃતિમાં અનેક પ્રકૃતિઓનો સંક્રમ થાય ત્યારે તે

પ્રકૃતિપતદ્ગ્રહ અને પ્રકૃતિસ્થાનસંક્રમ કહેવાય છે. દા.ત. યશમાં નામકર્મની શેષપ્રકૃતિઓનો સંક્રમ.

જ્યારે અનેક પ્રકૃતિઓમાં એક પ્રકૃતિનો સંક્રમ થાય ત્યારે તે પ્રકૃતિસ્થાનપતદ્ગ્રહ અને પ્રકૃતિસંક્રમ કહેવાય છે. દા.ત. સમ્યક્ત્વ-મોહનીય-મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીયનો સંક્રમ.

જ્યારે અનેક પ્રકૃતિઓમાં અનેક પ્રકૃતિઓનો સંક્રમ થાય ત્યારે તે પ્રકૃતિસ્થાનપતદ્ગ્રહ અને પ્રકૃતિસ્થાનસંક્રમ કહેવાય છે. દા.ત. જ્ઞાનાવરણ ૫માં જ્ઞાનાવરણ ૫નો સંક્રમ.

પ્રકૃતિપતદ્ગ્રહ અને પ્રકૃતિસંક્રમમાં સાદ્યાદિ પ્રરૂપણા પૂર્વે કરી છે. હવે પ્રકૃતિસ્થાનસંક્રમ અને પ્રકૃતિસ્થાનપતદ્ગ્રહમાં સાદ્યાદિ પ્રરૂપણા કરાય છે -

(૧,૨) **જ્ઞાનાવરણ, અંતરાય** -પતદ્ગ્રહસ્થાન - ૧ :- ૫નું
સંક્રમસ્થાન - ૧ :- ૫નું

| ક્ર. | પતદ્ગ્રહસ્થાન | પતદ્ગ્રહપ્રકૃતિ | સંક્રમસ્થાન | સંક્રમપ્રકૃતિ | ગુણઠાણા |
|---|---|---|---|---|---|
| ૧ | ૫નું | સર્વ | ૫નું | સર્વ | ૧લા થી ૧૦મુ |

તે બન્ને સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ છે. તે આ પ્રમાણે -

(i) **સાદિ** - ૧૧મા ગુણઠાણાથી પડેલાને સાદિ.

(ii) **અનાદિ** - પૂર્વે ૧૧મુ ગુણઠાણુ નહી પામેલાને અનાદિ.

(iii) **ધ્રુવ** - અભવ્યને ધ્રુવ.

(iv) **અધ્રુવ** - ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે અધ્રુવ.

**(૩) દર્શનાવરણ -** પતદ્ગ્રહસ્થાન - ૩ :- ૯નું, ૬નું, ૪નું
સંક્રમસ્થાન - ૨ :- ૯નું, ૬નું

૧લા, ૨જા ગુણઠાણે ૯ પ્રકૃતિઓમાં ૯ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે.

૩જા થી $\frac{૮}{૧}$□ ગુણઠાણા સુધી ૬ પ્રકૃતિઓમાં ૯ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે.

ઉપશમશ્રેણિમાં $\frac{૮}{૨}$△ થી ૧૦મા ગુણઠાણા સુધી અને ક્ષપકશ્રેણિમાં $\frac{૮}{૨}$ થી $\frac{૯}{૧}$⊕ ગુણઠાણા સુધી ૪ પ્રકૃતિઓમાં ૯ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે.

ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણાના છેલ્લા સંખ્યાતમા ભાગથી ૧૦મા ગુણઠાણા સુધી ૪ પ્રકૃતિઓમાં ૬ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે.

| ક્ર. | પતદ્ગ્રહ-સ્થાન | પતદ્ગ્રહ-પ્રકૃતિ | સંક્રમ-સ્થાન | સંક્રમ-પ્રકૃતિ | ગુણઠાણા |
|---|---|---|---|---|---|
| ૧ | ૯નું | સર્વ | ૯નું | સર્વ | ૧લુ, ૨જુ |
| ૨ | ૬નું | ૯ – થિણદ્ધિ ૩ | ૯નું | સર્વ | ૩જા થી $\frac{૮}{૧}$ |
| ૩ | ૪નું | ૬ – નિદ્રા ૨ | ૯નું | સર્વ | ઉપશમશ્રેણિમાં $\frac{૮}{૨}$ થી ૧૦મુ<br>ક્ષપકશ્રેણિમાં $\frac{૮}{૨}$ થી $\frac{૯}{૨}$⊕ |
| ૪ | ૪નું | ૬ – નિદ્રા ૨ | ૬નું | ૯ – થિણદ્ધિ ૩ | ક્ષપકશ્રેણિમાં ◫ થી ૧૦મુ |

□ $\frac{૮}{૧}$ =૮ મા ગુણઠાણાના સાત સંખ્યાતમા ભાગ કરી તેમાંથી પહેલો સંખ્યાતમો ભાગ.

△ $\frac{૮}{૨}$ = ૮ મા ગુણઠાણાનો બીજો સંખ્યાતમો ભાગ.

⊕ $\frac{૯}{૧}$ = ૯ મા ગુણઠાણાના સંખ્યાતા બહુભાગ.

◫ $\frac{૯}{૨}$ = ૯મા ગુણઠાણાનો છેલ્લો સંખ્યાતમો ભાગ.

૯નું પતદ્ગ્રહસ્થાન સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ છે. તે આ પ્રમાણે-

(i) **સાદિ** - ૩જા વગેરે ગુણઠાણાથી પડેલાને સાદિ.
(ii) **અનાદિ** - પૂર્વે ૩જા વગેરે ગુણઠાણા નહીં પામેલાને અનાદિ.
(iii) **ધ્રુવ** - અભવ્યને ધ્રુવ.
(iv) **અધ્રુવ** - ભવ્યને ૩જા વગેરે ગુણઠાણા પામે ત્યારે અધ્રુવ.

૬નું પતદ્ગ્રહસ્થાન અને ૪નું પતદ્ગ્રહસ્થાન ક્યારેક થતું હોવાથી સાદિ અને અધ્રુવ છે.

૯નું સંક્રમસ્થાન સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ છે. તે આ પ્રમાણે-

(i) **સાદિ** - ૧૧ મા ગુણઠાણાથી પડેલાને સાદિ.
(ii) **અનાદિ** - પૂર્વે ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને અનાદિ.
(iii) **ધ્રુવ** - અભવ્યને ધ્રુવ.
(iv) **અધ્રુવ** - ભવ્યને ૧૧ મુ ગુણઠાણુ પામે ત્યારે અધ્રુવ.

૬નું સંક્રમસ્થાન ક્યારેક થતુ હોવાથી સાદિ, અધ્રુવ છે.

(૪) **વેદનીય** - પતદ્ગ્રહસ્થાન-૧ :- ૧નું.
(i) સાતાનું, ગુણઠાણા-૧લા થી ૧૦મુ
(ii) અસાતાનું, ગુણઠાણા-૧લા થી ૬ટ્ઠુ
સંક્રમસ્થાન - ૧ :- ૧નું.
(i) સાતાનું, ગુણઠાણા-૧લા થી ૬ટ્ઠુ
(ii) અસાતાનું, ગુણઠાણા-૧લા થી ૧૦મુ

| ક. | પતદ્ગ્રહસ્થાન | પતદ્ગ્રહપ્રકૃતિ | સંક્રમસ્થાન | સંક્રમપ્રકૃતિ | ગુણઠાણા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧નું | સાતા | ૧નું | અસાતા | ૧લા થી ૧૦મુ |
| ૨ | ૧નું | અસાતા | ૧નું | સાતા | ૧લા થી ૬ટ્ઠુ |

સાતાના અને અસાતાના પતદ્ગ્રહસ્થાન-સંક્રમસ્થાન પરાવર્તમાન હોવાથી સાદિ અને અધ્રુવ❑ છે

**(૫) ગોત્ર** - પતદ્ગ્રહસ્થાન - ૧ :- ૧નું.

(i) નીચગોત્રનું, ગુણઠાણા-૧લુ, ૨જુ

(ii) ઉચ્ચગોત્રનું, ગુણઠાણા-૧લા થી ૧૦મુ

સંક્રમસ્થાન-૧ :- ૧ નું

(i) નીચગોત્રનું, ગુણઠાણા ૧લા થી ૧૦મુ

(ii) ઉચ્ચગોત્રનું, ગુણઠાણા-૧લુ, ૨જુ

| ક્ર. | પતદ્ગ્રહસ્થાન | પતદ્ગ્રહપ્રકૃતિ | સંક્રમસ્થાન | સંક્રમપ્રકૃતિ | ગુણઠાણા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧નું | નીચગોત્ર | ૧નું | ઉચ્ચગોત્ર | ૧લુ, ૨જુ |
| ૨ | ૧નું | ઉચ્ચગોત્ર | ૧નું | નીચગોત્ર | ૧લા થી ૧૦મું |

નીચગોત્રના અને ઉચ્ચગોત્રના પતદ્ગ્રહસ્થાન-સંક્રમસ્થાન પરાવર્તમાન હોવાથી સાદિ, અધ્રુવ છે.

**(૬) મોહનીય** - સંક્રમસ્થાનો - ૨૩

---

❑ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૮ની ચૂર્ણિમાં પાના નં. ૧૦** ઉપર કહ્યું છે કે, 'વેદનીયનું ૧નું સંક્રમસ્થાન અને ૧નું પતદ્ગ્રહસ્થાન સાદિ વગેરે ચાર પ્રકારે છે.' **પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૩ની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૬** ઉપર અને **કર્મપ્રકૃતિ સંક્રમકરણ મૂળ-ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટીપ્પણ ૧૦માં પાના નં. ૧૭૭** ઉપર પણ કહ્યું છે કે, 'વેદનીયના સંક્રમસ્થાન-પતદ્ગ્રહસ્થાન ૧૧મા ગુણઠાણાથી પડેલાને સાદિ છે, ૧૧મુ ગુણઠાણુ પૂર્વે નહીં પામેલાને અનાદિ છે, અભવ્યને ધ્રુવ છે, ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે અધ્રુવ છે.' **પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૩ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૬** ઉપર સ્પષ્ટતા કરી છે કે 'આ વાત વેદનીય સામાન્યની અપેક્ષાએ છે. વ્યક્તિગત સાતા-અસાતાની અપેક્ષાએ વેદનીયના પતદ્ગ્રહસ્થાન-સંક્રમસ્થાન સાદિ અને અધ્રુવ છે.'

(૧) ૨૭નું - (i) ૨૮ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમોહનીય સિવાય ૨૭નો સંક્રમ થાય.

(ii) ૨૮ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વ-પ્રાપ્તિની આવલિકા પછી સમ્યક્ત્વમોહનીય સિવાય ૨૭નો સંક્રમ થાય.

(iii) ૨૮ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વ-મોહનીય સિવાય ૨૭નો સંક્રમ થાય.

(૨) ૨૬ નું - (i) સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૭ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વમોહનીય અને મિથ્યાત્વ-મોહનીય સિવાય ૨૬નો સંક્રમ થાય.

(ii) ૨૮ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વ-પ્રાપ્તિ પછીની આવલિકામાં મિશ્રમોહનીયનો સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમ ન થાય, કેમકે મિથ્યાત્વમોહનીયને જ સમ્યક્ત્વની વિશુદ્ધિથી મિશ્રમોહનીયરૂપે કર્યું છે. કોઈ પ્રકૃતિને અન્ય પ્રકૃતિરૂપે કરવી એ સંક્રમ છે. સંક્રમાવલિકામાં રહેલ દલિક બધા કરણને અયોગ્ય હોય છે. તેથી ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વપ્રાપ્તિ પછીની આવલિકામાં મિશ્રમોહનીયનો સંક્રમ ન થાય. સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વમોહનીયનો સંક્રમ ન થાય. તેથી ૨૮ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વપ્રાપ્તિ પછીની પ્રથમ આવલિકામાં સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય સિવાય ૨૬નો સંક્રમ થાય.

(૩) ૨૫નું - (i) ૨૬ની સત્તાવાળા અનાદિ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ-મોહનીય સિવાય ૨૫નો સંક્રમ થાય.

(ii) સમ્યક્ત્વમોહનીય - મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૬ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમોહનીય સિવાય ૨૫નો સંક્રમ થાય.

(iii) સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૭ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિશ્રમોહનીયનો સંક્રમવિચ્છેદ થયા પછી ૨૫નો સંક્રમ થાય.

(iv) ૨૮ની સત્તાવાળાને ૨જા ગુણઠાણે દર્શન ૩ વિના ૨૫ નો સંક્રમ થાય.

(v) ૨૮ની કે ૨૭ની સત્તાવાળાને ૩જા ગુણઠાણે દર્શન ૩ વિના ૨૫ નો સંક્રમ થાય.

(૪) ૨૩નું - (i) ૨૪નું સંક્રમસ્થાન નથી. ૨૪ની સત્તાવાળો સમ્યગ્દૃષ્ટિ ૧લા ગુણઠાણે જઈ અનંતાનુબંધી ૪ બાંધે પણ બંધાવલિકામાં તેને સંક્રમાવે નહીં. તેથી તેને મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ૪ સિવાય ૨૩નો સંક્રમ થાય.

(ii) અનંતાનુબંધી ૪ની વિસંયોજના કે ઉપશમના કરેલ ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી ૪ અને સમ્યક્ત્વ-મોહનીય સિવાય ૨૩નો સંક્રમ થાય.

(૫) ૨૨નું - (i) ૨૪ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા પછી ૨૩ની સત્તા થાય અને અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય અને મિથ્યાત્વ-મોહનીય સિવાય ૨૨નો સંક્રમ થાય.

(ii) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં ચારિત્રમોહનીયનું અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ ન થાય. તેથી તેને અનંતાનુબંધી ૪,

સમ્યક્ત્વમોહનીય અને સંજ્વલન લોભ વિના ૨૨નો સંક્રમ થાય.

(૬) ૨૧નું - (i) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં નપુસંકવેદ ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ અને નપુંસકવેદ સિવાય ૨૧નો સંક્રમ થાય.

(ii) ૨૪ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીયનો ક્ષય કર્યા પછી ૨૨ની સત્તા થાય અને દર્શન ૭ વિના ૨૧નો સંક્રમ થાય.

(iii) ક્ષપકશ્રેણિમાં ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ૯મા ગુણઠાણે ૮ કષાયનો ક્ષય ન થાય ત્યાંસુધી દર્શન ૭ વિના ૨૧નો સંક્રમ થાય.

(iv) ચારે ગતિના ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવોને ૨૧નો સંક્રમ થાય.

(v) ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પૂર્વે દર્શન ૭ વિના ૨૧નો સંક્રમ થાય.

(vi) ૨૪ની સત્તાવાળા ૩જા ગુણઠાણાવાળા જીવને દર્શન ૭ વિના ૨૧નો સંક્રમ થાય.

(vii) અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરી ઉપશમશ્રેણિ માંડનારો જીવ શેષ ૧૨ કષાયોના ઉદયથી ૨જા ગુણઠાણે આવે ત્યારે પ્રથમ આવલિકામાં (અનંતાનુબંધી ૪ની બંધાવલિકામાં) તેને ૨૮ની સત્તા હોય અને ૨૧નો સંક્રમ હોય. અનંતાનુબંધી ૪ની બંધાવલિકા પૂર્ણ થયા પછી તેને ૨૮ની સત્તા અને ૨૫નો સંક્રમ હોય. આ કેટલાક આચાર્યોનો મત છે.

(૭) ૨૦નું - (i) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સ્ત્રીવેદ ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, નપુંસકવેદ અને સ્ત્રીવેદ વિના ૨૦નો સંક્રમ થાય.

(ii) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં ચારિત્રમોહનીયનું અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ ન થાય. તેથી તેને દર્શન ૭ અને સંજ્વલન લોભ વિના ૨૦નો સંક્રમ થાય.

(૮) ૧૯નું - (i) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં નપુંસકવેદ ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ અને નપુંસકવેદ વિના ૧૯નો સંક્રમ થાય.

(૯) ૧૮નું - (i) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સ્ત્રીવેદ ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, નપુંસકવેદ અને સ્ત્રીવેદ વિના ૧૮નો સંક્રમ થાય.

(૧૦) ૧૪નું - (i) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં હાસ્ય ૬ ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, નપુંસકવેદ, સ્ત્રીવેદ અને હાસ્ય ૬ વિના ૧૪નો સંક્રમ થાય.

(૧૧) ૧૩નું - (i) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં પુરુષવેદ ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩ અને હાસ્ય ૬ વિના ૧૩નો સંક્રમ થાય.

(ii) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ક્ષપકશ્રેણિમાં ૮ કષાયોનો ક્ષય

થયા પછી ૧૩ની સત્તા થાય અને દર્શન ૭, કષાય ૮ વિના ૧૩નો સંક્રમ થાય.

(૧૨) ૧૨ નું - (i) ૧૩ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ક્ષપકશ્રેણિમાં ચારિત્રમોહનીયનું અંતરકરણ કર્યા પછી સંજ્વલન લોભનો સંક્રમ ન થાય. તેથી તેને દર્શન ૭, કષાય ૮ અને સંજ્વલન લોભ વિના ૧૨નો સંક્રમ થાય.

(ii) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં હાસ્ય ૬ ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, નપુંસકવેદ, સ્ત્રીવેદ અને હાસ્ય ૬ વિના ૧૨નો સંક્રમ થાય.

(૧૩) ૧૧નું - (i) ૨૧ ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં પુરુષવેદ ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, વેદ ૩ અને હાસ્ય ૬ વિના ૧૧નો સંક્રમ થાય.

(ii) ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ક્ષપકશ્રેણિમાં નપુંસકવેદનો ક્ષય થયા પછી ૧૨ની સત્તા થાય અને દર્શન ૭, કષાય ૮, સંજ્વલન લોભ અને નપુંસકવેદ વિના ૧૧ નો સંક્રમ થાય.

(iii) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ વિના ૧૧નો સંક્રમ થાય.

(૧૪) ૧૦નું - (i) ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ક્ષપકશ્રેણિમાં સ્ત્રીવેદનો ક્ષય થયા પછી ૧૧ની સત્તા થાય અને દર્શન ૭, કષાય ૮, સંજ્વલન લોભ, નપુંસકવેદ અને સ્ત્રીવેદ વિના ૧૦નો સંક્રમ થાય.

(ii) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધ ઉપશાંત થયા પછી અનંતાનુબંધી૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬ અને ક્રોધ ૩ વિના ૧૦નો સંક્રમ થાય.

(૧૫) ૯નું - (i) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬ અને ક્રોધ ૨ વિના ૯નો સંક્રમ થાય.

(૧૬) ૮નું - (i) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં સંજ્વલન ક્રોધ ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬ અને ક્રોધ ૩ વિના ૮નો સંક્રમ થાય.

(ii) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણીય માન-પ્રત્યાખ્યાનાવરણીય માન ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩ અને માન ૨ વિના ૮નો સંક્રમ થાય.

(૧૭) ૭નું - (i) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માન ઉપશાંત થયા પછી અનંતાનુબંધી૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩ અને માન ૩ વિના ૭નો સંક્રમ થાય.

(૧૮) ૬નું - (i) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણીય માન-પ્રત્યાખ્યાના-

*વરણીય માન ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન* લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩ અને માન ૨ વિના ૬નો સંક્રમ થાય.

(૧૯) ૫નું - (i) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માન ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩ અને માન ૩ વિના ૫નો સંક્રમ થાય.

(ii) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણીય માયા-પ્રત્યાખ્યાનાવરણીય માયા ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩, માન ૩ અને માયા ૨ વિના ૫નો સંક્રમ થાય.

(૨૦) ૪નું - (i) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માયા ઉપશાંત થયા પછી અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩, માન ૩ અને માયા ૩ વિના ૪નો સંક્રમ થાય.

(ii) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ક્ષપકશ્રેણિમાં હાસ્ય ૬નો ક્ષય થયા પછી ૫ની સત્તા થાય અને દર્શન ૭, કષાય ૮, સંજ્વલન લોભ, નપુંસકવેદ, સ્ત્રીવેદ અને હાસ્ય ૬ વિના ૪નો સંક્રમ થાય.

(૨૧) ૩નું - (i) ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ક્ષપકશ્રેણિમાં પુરુષવેદનો ક્ષય થયા પછી ૪ની સત્તા થાય અને દર્શન ૭, કષાય ૮, સંજ્વલન લોભ, વેદ ૩ અને હાસ્ય ૬ વિના ૩નો સંક્રમ થાય.

(ii) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણીય માયા-પ્રત્યાખ્યાનાવરણીય માયા ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩, માન ૩ અને માયા ૨ વિના ૩નો સંક્રમ થાય.

(૨૨) ૨નું - (i) ૨૧ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં સંજ્વલન માયા ઉપશાંત થયા પછી દર્શન ૭, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, ક્રોધ ૩, માન ૩ અને માયા ૩ વિના ૨નો સંક્રમ થાય.

(ii) ૨૮ની કે ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અપ્રત્યાખ્યાનાવરણીય લોભ-પ્રત્યાખ્યાનાવરણીય લોભ ઉપશાંત થયા પછી સમ્યક્ત્વમોહનીય, કષાય ૧૬ અને નોકષાય ૯ વિના ૨નો સંક્રમ થાય.

(iii) ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ક્ષપકશ્રેણિમાં સંજ્વલન ક્રોધનો ક્ષય થયા પછી ૩ની સત્તા થાય અને દર્શન ૭, કષાય ૮, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬ અને સંજ્વલન ક્રોધ વિના ૨નો સંક્રમ થાય.

(૨૩) ૧ નું - (i) ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ક્ષપકશ્રેણિમાં સંજ્વલન માનનો ક્ષય થયા પછી ૨ની સત્તા થાય અને દર્શન ૭, કષાય ૮, સંજ્વલન લોભ, વેદ ૩, હાસ્ય ૬, સંજ્વલન ક્રોધ અને સંજ્વલન માન વિના ૧નો સંક્રમ થાય.

- મિથ્યાદષ્ટિના સંક્રમસ્થાનો-૨૭નું, ૨૬નું, ૨૫નું, ૨૩નું=૪
- સાસ્વાદન સમ્યગ્દષ્ટિના સંક્રમસ્થાનો - ૨૫નું = ૧
- મિશ્રદષ્ટિના સંક્રમસ્થાનો - ૨૫નું, ૨૧નું, = ૨

- ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિના સંક્રમસ્થાનો- ૨૭નું, ૨૩નું, ૨૨નું, ૨૧નું = ૪
- ઔપશમિક સમ્યગ્દૃષ્ટિના ઉપશમશ્રેણિ સિવાયના સંક્રમસ્થાનો - ૨૭નું, ૨૬નું, ૨૩નું = ૩

● ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સંક્રમસ્થાનો - ૨૩નું, ૨૨નું, ૨૧નું, ૨૦નું, ૧૪નું, ૧૩નું, ૧૧નું, ૧૦નું, ૮નું, ૭નું, ૫નું, ૪નું, ૨નું = ૧૩

● ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમશ્રેણિમાં સંક્રમસ્થાનો - ૨૧નું, ૨૦નું, ૧૯નું, ૧૮નું, ૧૨નું, ૧૧નું, ૯નું, ૮નું, ૬નું, ૫નું, ૩નું, ૨નું=૧૨

● ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ક્ષપકશ્રેણિમાં સંક્રમસ્થાનો - ૨૧નું, ૧૩નું, ૧૨નું, ૧૧નું, ૧૦નું, ૪નું, ૩નું, ૨નું, ૧નું = ૯

આમ ૨૮નું, ૨૪નું, ૧૭નું, ૧૬નું, ૧૫નું - આ પાંચ સિવાયના ૧ના સંક્રમસ્થાનથી ૨૭ના સંક્રમસ્થાન સુધીના ૨૩ સંક્રમસ્થાનો મળે છે.

આમાંથી ૨૫નું સંક્રમસ્થાન સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ છે. તે આ પ્રમાણે -

(i) સાદિ - ૨૮ની સત્તાવાળાને સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી ૨૫નો સંક્રમ થાય તે સાદિ.

(ii) અનાદિ - ૨૬ની સત્તાવાળા અનાદિ મિથ્યાદૃષ્ટિને ૨૫નો સંક્રમ થાય તે અનાદિ.

(iii) ધ્રુવ - અભવ્યને ૨૫નો સંક્રમ ધ્રુવ છે.

(iv) અધ્રુવ - ભવ્યને ઔપશમિક સમ્યક્ત્વ પામે ત્યારે ૨૫નો સંક્રમ અધ્રુવ છે.

શેષ બધા સંક્રમસ્થાનો અલ્પ સમયના હોવાથી સાદિ અને અધ્રુવ છે.

## મોહનીયના

| સત્તા-સ્થાન | સત્તાગત પ્રકૃતિ | સંક્રમ-સ્થાન | સંક્રમપ્રકૃતિ | |
|---|---|---|---|---|
| ૨૮નું | સર્વ | ૨૭નું | ૨૮ – મિથ્યાત્વમોહનીય | |
| ૨૮નું | સર્વ | ૨૭નું | ૨૮ – સમ્યક્ત્વમોહનીય | |
| ૨૮નું | સર્વ | ૨૭નું | ૨૮ – સમ્યક્ત્વમોહનીય | |
| ૨૭નું | ૨૮ – સમ્યક્ત્વ-મોહનીય | ૨૬નું | ૨૮ – મિથ્યાત્વમોહનીય, સમ્યક્ત્વમોહનીય | |
| ૨૮નું | સર્વ | ૨૬નું | ૨૮ – મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય | |
| ૨૬નું | ૨૮ – સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય | ૨૫નું | ૨૮ – દર્શન ૩ | |
| ૨૬નું | ૨૮– સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય | ૨૫નું | ૨૮ – દર્શન ૩ | |
| ૨૭નું | ૨૮– સમ્યક્ત્વમોહનીય | ૨૫નું | ૨૮ – દર્શન ૩ | |
| ૨૮નું | સર્વ | ૨૫નું | ૨૮ – દર્શન ૩ | |
| ૨૮નું કે ૨૭નું | સર્વ, ૨૮ – સમ્યક્ત્વ-મોહનીય | ૨૫નું | ૨૮ – દર્શન ૩ | |

## સંક્રમસ્થાનો

| કાળ | | સ્વામી |
|---|---|---|
| જઘન્ય | ઉત્કૃષ્ટ | |
| અંતર્મુહૂર્ત | પલ્યોપમ/અસંખ્ય | મિથ્યાદૃષ્ટિને |
| અંતર્મુહૂર્ત | પ્રથમ આવલિકા વિના ઉપશમસમ્યક્ત્વનો કાળ | ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ઉપશમ સમ્યક્ત્વની પ્રથમ આવલિકા પછી |
| અંતર્મુહૂર્ત | સાધિક ૬૬ સાગરોપમ | ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને |
| ૧ સમય | પલ્યોપમ/અસંખ્ય | મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી |
| ૧ આવલિકા | ૧ આવલિકા | ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને પ્રથમ આવલિકામાં |
| અનાદિ અનંત<br>અનાદિ સાંત<br>સાદિ સાંત | | અનાદિ મિથ્યાદૃષ્ટિ અભવ્યને<br>અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્યને<br>સમ્યક્ત્વપતિતને |
| અંતર્મુહૂર્ત | દેશોનાર્ધપુદ્ગલપરાવર્ત | મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી |
| ૧ આવલિકા | ૧ આવલિકા | ૨૭ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિશ્ર-મોહનીયનો સંક્રમવિચ્છેદ થયા પછી |
| ૧ સમય | ૬ આવલિકા | ૨જા ગુણઠાણાવાળા જીવોને |
| અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ૨૮ની કે ૨૭ની સત્તાવાળા ૩જા ગુણઠાણાવાળા જીવોને |

| સત્તા-સ્થાન | સત્તાગત પ્રકૃતિ | સંક્રમ-સ્થાન | સંક્રમપ્રકૃતિ |
|---|---|---|---|
| ૨૮નું | સર્વ | ૨૩નું | ૨૮ – અનંતાનુબંધી ૪, મિથ્યાત્વમોહનીય |
| ૨૪નું | ૨૮– અનંતાનુબંધી ૪ | ૨૩નું | ૨૮ – અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય |
| ૨૮નું | સર્વ | ૨૩નું | ૨૮ – અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય |
| ૨૪નું | ૨૮ – અનંતાનુબંધી ૪ | ૨૩નું | ૨૮ – અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય |
| ૨૩નું | ૨૮ – અનંતાનુબંધી ૪, મિથ્યાત્વમોહનીય | ૨૨નું | ૨૮ – અનંતાનુબંધી ૪, મિથ્યાત્વમોહનીય, સમ્યક્ત્વમોહનીય |
| ૨૮નું | સર્વ | ૨૨નું | ૨૮ – અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ |
| ૨૪નું | ૨૮ – અનંતાનુબંધી ૪ | ૨૨નું | ૨૮ – અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ |
| ૨૮નું | સર્વ | ૨૧નું | ૨૮ – અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, નપુંસકવેદ |

| કાળ | | સ્વામી |
|---|---|---|
| જઘન્ય | ઉત્કૃષ્ટ | |
| ૧ આવલિકા | ૧ આવલિકા | અનંતાનુબંધી વિસંયોજના કરી મિથ્યાત્વે ગયેલાને પ્રથમ આવલિકામાં |
| અંતર્મુહૂર્ત | સાધિક ૬૬ સાગરોપમ | અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરેલ ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ |
| ૧ સમય | અંતર્મુહૂર્ત | અનંતાનુબંધી ૪ની ઉપશમના કરેલ ૨૮ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ અને ઔપશમિક સમ્યગ્દષ્ટિ |
| ૧ સમય | અંતર્મુહૂર્ત | અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરેલ ૨૪ની સત્તાવાળા ઔપશમિક સમ્યગ્દષ્ટિ |
| અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | વેદક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વમોહનીયના ક્ષય પછી |
| ૧ સમય | અંતર્મુહૂર્ત | અનંતાનુબંધી ૪ની ઉપશમના કરેલ ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી (૯મા ગુણઠાણા-વાળાને) |
| ૧ સમય | અંતર્મુહૂર્ત | અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરેલ ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી (૯મા ગુણઠાણા-વાળાને) |
| ૧ સમય | અંતર્મુહૂર્ત | અનંતાનુબંધી ૪ની ઉપશમના કરેલ ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમ-શ્રેણિમાં નપુંસકવેદ ઉપશાંત થયા પછી (૯મા ગુણઠાણાવાળાને) |

| સત્તા-સ્થાન | સત્તાગત પ્રકૃતિ | સંક્રમ-સ્થાન | સંક્રમપ્રકૃતિ | |
|---|---|---|---|---|
| ૨૧નું | ૨૮ – દર્શન ૭ | ૨૧નું | ૨૮ – અનંતાનુબંધી ૪ સમ્યક્ત્વમોહનીય, સંજ્વલન લોભ, નપુંસકવેદ | |
| ૨૨નું | ૨૮ – અનંતાનુબંધી ૪, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય | ૨૧નું | ૨૮ – દર્શન ૭ | |
| ૨૧નું | ૨૮ – દર્શન ૭ | ૨૧નું | ૨૮ – દર્શન ૭ | |
| ૨૧નું | ૨૮ – દર્શન ૭ | ૨૧નું | ૨૮ – દર્શન ૭ | |
| ૨૧નું | ૨૮ – દર્શન ૭ | ૨૧નું | ૨૮ – દર્શન ૭ | |
| ૨૪નું | ૨૮ – અનંતાનુબંધી ૪ | ૨૧નું | ૨૮ – દર્શન ૭ | |
| ૨૮નું | સર્વ | ૨૧નું | ૨૮ – દર્શન ૭ | |
| ૨૮નું | સર્વ | ૨૦નું | ૨૮ – અનંતાનુબંધી ૪, સમ્યક્ત્વ-મોહનીય, સંજ્વલન લોભ, નપુંસકવેદ, સ્ત્રીવેદ | |

| | કાળ | | સ્વામી |
|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | |
| | ૧ સમય | અંતર્મુહૂર્ત | અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરેલ ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં નપુંસકવેદ ઉપશાંત થયા પછી (૯ મા ગુણઠાણાવાળાને |
| | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | વેદક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીયના ક્ષય પછી |
| | ૧ સમય | અંતર્મુહૂર્ત | ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિમાં અંતરકરણ કર્યા પૂર્વે |
| ૧૦ (ii) | ૮૪નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, નરક ૨, દેવ ૨, વૈક્રિય ૭ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને નરક ૨ની ઉદ્વલના થયા પછી દેવ ૨ અને વૈક્રિય ૭ની ઉદ્વલના થયા પછી |
| ૮(ii) | ❑૮૨નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭, મનુષ્ય ૨ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭ની ની ઉદ્વલના થયા પછી મનુષ્ય ૨ની ઉદ્વલના થયા પછી |
| ૧૧ | ૯નું | મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ, જિન | જિનનામકર્મની સત્તાવાળા અયોગી કેવળીને ચરમ સમયે |

❑ મનુષ્ય ૨ની ઉદ્વલના થયા પછીનું ૮૨નું સત્તાસ્થાન અને ક્ષપકશ્રેણિનું ૮૨નું સત્તાસ્થાન પ્રકૃતિની અપેક્ષાએ ભિન્ન ભિન્ન છે, પણ સંખ્યાની અપેક્ષાએ બંનેને એક ગણ્યા છે.

| ક્રમ | સત્તા-સ્થાન | સત્તાગત પ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧૨ | ૮નું | મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ | જિનનામકર્મની સત્તા વિનાના અયોગી કેવળીને ચરમ સમયે |

નામકર્મના સંક્રમસ્થાનો ૧૨ છે. તે આ પ્રમાણે - ૧૦૩નું, ૧૦૨નું, ૧૦૧નું, ૯૬નું, ૯૫નું, ૯૪નું, ૯૩નું, ૮૯નું, ૮૮નું, ૮૪નું, ૮૨નું, ૮૧નું.

૧૨ સત્તાસ્થાનમાંથી ૯૦નું, ૮૩નું, ૯નું, ૮નું - આ ૪ સત્તાસ્થાનો સંક્રમસ્થાન તરીકે મળતા નથી. ૯નું અને ૮નું સત્તાસ્થાન ૧૪મા ગુણઠાણે હોય છે. ત્યાં અબંધના કારણે કોઈ પ્રકૃતિનો સંક્રમ થતો નથી. તેથી ૯નું અને ૮નું સંક્રમસ્થાન મળે નહી. શેષ ૮ સત્તાસ્થાન સંક્રમસ્થાન તરીકે મળે છે. વળી સત્તાસ્થાન સિવાયના પણ ૧૦૧નું, ૯૪નું, ૮૮નું, ૮૧નું - આ ૪ સંક્રમસ્થાનો મળે છે. તેથી સંક્રમસ્થાન કુલ ૧૨ છે.

| ક્રમ | સંક્રમ-સ્થાન | સંક્રમપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૧૦૩નું | સર્વ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તાવાળા જીવો |
| ૨(i) | ૧૦૨નું | ૧૦૩ – જિનનામકર્મ | જિનનામકર્મની સત્તા વિનાના અને આહારક ૭ની સત્તાવાળા જીવો |
| ૨(ii) | ૧૦૨નું | ૧૦૩ – યશ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તાવાળાને ૮/૭❑ ગુણઠાણા થી ૧૦મા ગુણઠાણા સુધી. ત્યાં માત્ર યશ બંધાવાથી યશનો સંક્રમ ન થાય. |

❑ ૮/૭ = ૮મા ગુણઠાણાનો સાતમો સંખ્યાતમો ભાગ.

| ક્રમ | સંક્રમ-સ્થાન | સંક્રમપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૩ | △૧૦૧નું | ૧૦૩ – જિનનામકર્મ, યશ | જિનનામકર્મની સત્તા વિનાના અને આહારક ૭ની સત્તાવાળા જીવને ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી. ત્યાં માત્ર યશ બંધાવાથી યશનો સંક્રમ ન થાય |
| ૪ | ૯૬નું | ૧૦૩ – આહારક ૭ | જિનનામકર્મની સત્તાવાળા અને આહારક ૭ની સત્તા વિનાના જીવો |
| ૫(i) | ૯૫નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવો |
| ૫(ii) | ૯૫નું | ૧૦૩ – આહારક ૭, યશ | જિનનામકર્મની સત્તાવાળા અને આહારક ૭ની સત્તા વિનાના જીવને ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી. ત્યાં માત્ર યશ બંધાવાથી યશનો સંક્રમ ન થાય. |
| ૬ | △૯૪નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, યશ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી. ત્યાં માત્ર યશ બંધાવાથી યશનો સંક્રમ ન થાય. |
| ૭(i) | ૯૩નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, દેવ ૨ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને દેવ ૨ની ઉદ્વલના થયા પછી. |
| ૭(ii) | ૯૩નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, નરક ૨ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને નરક ૨ની ઉદ્વલના પછી. |
| ૮ | ૮૯નું | ૧૦૩ – નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, જાતિ ૪, સાધારણ, યશ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તાવાળા, ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી ૯૦ની સત્તાવાળા થયેલા જીવને માત્ર યશ બંધાવાથી યશનો સંક્રમ ન થાય. |

△ કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૨૩ની ચૂર્ણિમાં પાના નં. ૩૯ ઉપર નામકર્મના ૧૦૧ના અને ૯૪ના સંક્રમસ્થાન કહ્યા નથી.

| ક્રમ | સંક્રમ-સ્થાન | સંક્રમપ્રકૃતિ | સ્વામી |
|---|---|---|---|
| ૯ | ૮૮નું | ૧૦૩ – જિનનામકર્મ, નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, જાતિ ૪, સાધારણ, યશ | જિનનામકર્મની સત્તા વિનાના અને આહારક ૭ની સત્તાવાળા, ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી ૮૯ની સત્તાવાળા થયેલા જીવને માત્ર યશ બંધાવાથી યશનો સંક્રમ ન થાય. |
| ૧૦(i) | ૮૪નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને દેવ ૨ની ઉદ્વલના પછી નરક ૨, વૈક્રિય ૭ની ઉદ્વલના થયા પછી |
| ૧૦(ii) | ૮૪નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, નરક ૨, દેવ ૨, વૈક્રિય ૭ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને નરક ૨ની ઉદ્વલના પછી દેવ ૨, વૈક્રિય ૭ની ઉદ્વલના થયા પછી |
| ૧૧(i) | ૮૨નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭, મનુષ્ય ૨ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭ની ઉદ્વલના થયા પછી મનુષ્ય ૨ની ઉદ્વલના થયા પછી |
| ૧૧(ii) | ૮૨નું | ૧૦૩ – આહારક ૭, નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, જાતિ ૪, સાધારણ, યશ | જિનનામકર્મની સત્તાવાળા અને આહારક ૭ની સત્તા વિનાના જીવને ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી માત્ર યશ બંધાવાથી યશ નો સંક્રમ ન થાય. |
| ૧૨ | ૮૧નું | ૧૦૩ – જિનનામકર્મ, આહારક ૭, નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, જાતિ ૪, સાધારણ, યશ | જિનનામકર્મ અને આહારક ૭ની સત્તા વિનાના જીવને ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી માત્ર યશ બંધાવાથી યશનો સંક્રમ ન થાય. |

નામકર્મના બધા સંક્રમસ્થાનો સાદિ-સાંત છે.

નામકર્મના બંધસ્થાનો ૮ છે. તે આ પ્રમાણે - ૨૩નું, ૨૫નું, ૨૬નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૧નું.

| ક્રમ | બંધસ્થાન | બંધપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૧ | ૨૩નું (અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય) | તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ,ઔદારિક શરીર, હુંડક, સ્થાવર, બાદર/સૂક્ષ્મ, અપર્યાપ્ત, પ્રત્યેક/સાધારણ, સ્થિર/અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશ | મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ |
| ૨(i) | ૨૫નું (પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય) | તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ,ઔદારિક શરીર, હુંડક, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થાવર, બાદર/સૂક્ષ્મ, પર્યાપ્ત, પ્રત્યેક/સાધારણ, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, દુર્ભગ, અનાદેય, યશ/અયશ | મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ |
| ૨(ii) | ૨૫નું (અપર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય) | તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, તિર્યંચ ૨, બેઈન્દ્રિયજાતિ/ તેઈન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિયજાતિ, ઔદારિક ૨, હુંડક, સેવાર્ત, ત્રસ, બાદર, અપર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશ | મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય |

| ક્રમ | બંધસ્થાન | બંધપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૨ (iii) | ૨૫નું (અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય) | તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, તિર્યંચ ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, હુંડક, સેવાર્ત, ત્રસ, બાદર, અપર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશ | મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ |
| ૨ (iv) | ૨૫નું (અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય) | તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, હુંડક, સેવાર્ત, ત્રસ, બાદર, અપર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશ | મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ |
| ૩ | ૨૬નું (પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, તિર્યંચ ૨, એકેન્દ્રિય-જાતિ, ઔદારિક શરીર, હુંડક, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થાવર, આતપ/ઉદ્યોત, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, દુર્ભગ, અનાદેય, યશ/અયશ | મિથ્યાદૃષ્ટિ મનુષ્ય, તિર્યંચ અને ઈશાન દેવલોક સુધીના દેવો |
| ૪(i) | ૨૮નું (દેવ પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, ૧લુ સંસ્થાન, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ/અયશ | ૧લા ગુણઠાણાથી ૮/૬❑ ગુણઠાણા સુધીના જીવો |

❑ ૮/૬ = ૮મા ગુણઠાણાનો છઠ્ઠો સંખ્યાતમો ભાગ.

| ક્રમ | બંધસ્થાન | બંધપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૪(ii) | ૨૮નું (નરક પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, નરક ૨, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, હુંડક, કુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશ | મિથ્યાદષ્ટિ મનુષ્ય અને તિર્યંચ |
| ૫(i) | ૨૯નું (પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪,અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, તિર્યંચ ૨, બેઇન્દ્રિય-જાતિ/તેઇન્દ્રિયજાતિ/ચઉરિન્દ્રિય-જાતિ, ઔદારિક ૨, હુંડક, સેવાર્ત, કુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, યશ/અયશ | મિથ્યાદષ્ટિ મનુષ્ય અને તિર્યંચ |
| ૫(ii) | ૨૯નું (પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, તિર્યંચ ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, એક સંઘયણ, એક સંસ્થાન, સુખગતિ/કુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, સુભગ/દુર્ભગ, સુસ્વર/દુઃસ્વર, આદેય/અનાદેય, યશ/અયશ | ચારે ગતિના ૧લા, ૨જા ગુણઠાણાવાળા જીવો |

| ક્રમ | બંધસ્થાન | બંધપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૫(iii) | ૨૯નું (પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, એક સંઘયણ, એક સંસ્થાન, સુખગતિ/કુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, સુભગ/દુર્ભગ, સુસ્વર/દુઃસ્વર, આદેય/અનાદેય, યશ/અયશ | ૧લા ગુણઠાણાથી ૪થા ગુણઠાણા સુધીના જીવો |
| ૫(iv) | ૨૯નું (દેવ પ્રાયોગ્ય) | દેવ પ્રાયોગ્ય ૨૮ + જિન | ૪થા ગુણઠાણાથી ૮/૬ ગુણઠાણા સુધીના મનુષ્યો |
| ૬(i) | ૩૦નું (પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય) | પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ + ઉદ્યોત | મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ |
| ૬(ii) | ૩૦નું (પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય) | પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ + ઉદ્યોત | ચારે ગતિના ૧લા, ૨જા ગુણઠાણાવાળા જીવો |
| ૬(iii) | ૩૦નું (પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, જિન, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ/અયશ | ૪થા ગુણઠાણાવાળા દેવો અને નારકો |

| ક્રમ | બંધસ્થાન | બંધપ્રકૃતિઓ | સ્વામી |
|---|---|---|---|
| ૬(iv) | ૩૦નું (દેવ પ્રાયોગ્ય) | તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, આહારક ૨, ૧લુ સંસ્થાન, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ | ૭મા ગુણઠાણાથી ૮/૬ ગુણઠાણા સુધીના મનુષ્યો |
| ૭ | ૩૧નું (દેવ પ્રાયોગ્ય) | દેવ પ્રાયોગ્ય ૩૦ + જિન | ૭મા ગુણઠાણાથી ૮/૬ ગુણઠાણા સુધીના મનુષ્યો |
| ૮ | ૧નું (અપ્રાયોગ્ય) | યશ | ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધીના મનુષ્યો |

નામકર્મના પતદ્ગ્રહસ્થાનો ૮ છે. તે આ પ્રમાણે - ૨૩નું, ૨૫નું, ૨૬નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૧નું. આ પતદ્ગ્રહસ્થાનો બંધસ્થાનોની જેમ જાણવા.

નામકર્મના બધા પતદ્ગ્રહસ્થાનો સાદિ-સાંત છે.

## નામકર્મના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમસ્થાનો

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સ્વામી |
|---|---|---|---|---|---|
| ૧ | ૧નું | ૧નું | ૧૦૩નું | ૧૦૨નું | ઉપશમશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી અને ક્ષપકશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાંસુધી |
| ૨ | ૧નું | ૧નું | ૧૦૨નું | ૧૦૧નું | ઉપશમશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી અને ક્ષપકશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાંસુધી |

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સ્વામી |
|---|---|---|---|---|---|
| ૩ | ૧નું | ૧નું | ૯૬નું | ૯૫નું | ઉપશમશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી અને ક્ષપકશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાંસુધી |
| ૪ | ૧નું | ૧નું | ૯૫નું | ૯૪નું | ઉપશમશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી અને ક્ષપકશ્રેણિમાં ૮/૭ ગુણઠાણાથી ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાંસુધી |
| ૫ | ૧નું | ૧નું | ૯૦નું | ૮૯નું | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી ૧૦મા ગુણઠાણા સુધી. |
| ૬ | ૧નું | ૧નું | ૮૯નું | ૮૮નું | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી ૧૦મા ગુણઠાણા સુધી. |
| ૭ | ૧નું | ૧નું | ૮૩નું | ૮૨નું | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી ૧૦મા ગુણઠાણા સુધી. |
| ૮ | ૧નું | ૧નું | ૮૨નું | ૮૧નું | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી ૧૦મા ગુણઠાણા સુધી. |
| ૯ | ૩૧નું | ૩૧નું | ૧૦૩નું | ૧૦૩નું | જિનનામકર્મ અને આહારક ૭ની બંધાવલિકા વીત્યા બાદ |
| ૧૦ | ૩૧નું | ૩૧નું | ૧૦૩નું | ૧૦૨નું | જિનનામકર્મની બંધાવલિકામાં અને આહારક ૭ની બંધાવલિકા વીત્યા બાદ |
| ૧૧ | ૩૧નું | ૩૧નું | ૧૦૩નું | ૯૬નું | આહારક ૭ની બંધાવલિકામાં અને જિનનામકર્મની બંધાવલિકા વીત્યા બાદ |
| ૧૨ | ૩૧નું | ૩૧નું | ૧૦૩નું | ૯૫નું | જિનનામકર્મ અને આહારક ૭ બન્નેની બંધાવલિકામાં |
| ૧૩ | ૩૦નું | ૩૦નું | ૧૦૩નું | ૧૦૩નું | મનુષ્યયોગ્ય ૩૦ બાંધનારા દેવો |

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સ્વામી |
|---|---|---|---|---|---|
| ૧૪(i) | ૩૦નું | ૩૦નું | ૧૦૨નું | ૧૦૨નું | દેવયોગ્ય ૩૦ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા ૭મા-૮મા ગુણઠાણાવાળા સંયતો |
| ૧૪(ii) | ૩૦નું | ૩૦નું | ૧૦૨નું | ૧૦૨નું | વિકલેન્દ્રિયયોગ્ય ૩૦, પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૩૦ બાંધનાર ૧૦૨ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૧૫ | ૩૦નું | ૩૦નું | ૯૬નું | ૯૬નું | મનુષ્યયોગ્ય ૩૦ બાંધનારા ૯૬ની સત્તાવાળા દેવો-નારકો |
| ૧૬(i) | ૩૦નું | ૩૦નું | ૧૦૨નું | ૯૫નું | દેવયોગ્ય ૩૦ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા ૭મા-૮મા ગુણઠાણાવાળા સંયતોને આહારક ૭ની બંધાવલિકામાં |
| ૧૬(ii) | ૩૦નું | ૩૦નું | ૯૫નું | ૯૫નું | વિકલેન્દ્રિયયોગ્ય ૩૦, પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૩૦ બાંધનાર ૯૫ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૧૭ | ૩૦નું | ૩૦નું | ૯૩નું | ૯૩નું | વિકલેન્દ્રિયયોગ્ય ૩૦, પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૩૦ બાંધનાર ૯૩ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૧૮ | ૩૦નું | ૩૦નું | ૮૪નું | ૮૪નું | વિકલેન્દ્રિયયોગ્ય ૩૦, પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૩૦ બાંધનાર ૮૪ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૧૯ | ૩૦નું | ૩૦નું | ૮૨નું | ૮૨નું | વિકલેન્દ્રિયયોગ્ય ૩૦, પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૩૦ બાંધનાર ૮૨ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૨૦ | ૨૯નું | ૨૯નું | ૧૦૩નું | ૧૦૩નું | દેવયોગ્ય ૨૯ બાંધનારા ૧૦૩ની સત્તાવાળા ૪થા-૫મા-૬ઠ્ઠા ગુણઠાણાવાળા જીવોને જિનનામકર્મની બંધાવલિકા વીત્યા પછી |
| ૨૧(i) | ૨૯નું | ૨૯નું | ૧૦૩નું | ૧૦૨નું | દેવયોગ્ય ૨૯ બાંધનારા ૧૦૩ની સત્તાવાળા ૪થા-૫મા-૬ઠ્ઠા ગુણઠાણાવાળા જીવોને જિનનામકર્મની બંધાવલિકામાં |

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સ્વામી |
|---|---|---|---|---|---|
| ૨૧(ii) | ૨૯નું | ૨૯નું | ૧૦૨નું | ૧૦૨નું | વિકલેન્દ્રિયયોગ્ય ૨૯, પંચેન્દ્રિયતિર્યંચ યોગ્ય ૨૯ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૨૨(i) | ૨૯નું | ૨૯નું | ૯૬નું | ૯૬નું | દેવયોગ્ય ૨૯ બાંધનારા ૯૬ની સત્તાવાળા ૪થા-૫મા-૬ટ્ઠા ગુણઠાણાવાળા મનુષ્યોને જિનનામકર્મની બંધાવલિકા વીત્યા પછી |
| ૨૨(ii) | ૨૯નું | ૨૯નું | ૯૬નું | ૯૬નું | મનુષ્યયોગ્ય ૨૯ બાંધનારા ૯૬ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ નારકીને અપર્યાપ્તાવસ્થામાં |
| ૨૩(i) | ૨૯નું | ૨૯નું | ૯૬નું | ૯૫નું | દેવયોગ્ય ૨૯ બાંધનારા ૯૬ની સત્તાવાળા ૪થા-૫મા-૬ટ્ઠા ગુણઠાણાવાળા મનુષ્યોને જિનનામકર્મની બંધાવલિકામાં |
| ૨૩(ii) | ૨૯નું | ૨૯નું | ૯૫નું | ૯૫નું | વિકલેન્દ્રિયયોગ્ય ૨૯, પંચેન્દ્રિયતિર્યંચ યોગ્ય ૨૯ બાંધનારા ૯૫ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૨૪ | ૨૯નું | ૨૯નું | ૯૩નું | ૯૩નું | વિકલેન્દ્રિયયોગ્ય ૨૯, પંચેન્દ્રિયતિર્યંચ યોગ્ય ૨૯ બાંધનારા ૯૩ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૨૫ | ૨૯નું | ૨૯નું | ૮૪નું | ૮૪નું | વિકલેન્દ્રિયયોગ્ય ૨૯, પંચેન્દ્રિયતિર્યંચ યોગ્ય ૨૯ બાંધનારા ૮૪ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૨૬ | ૨૯નું | ૨૯નું | ૮૨નું | ૮૨નું | વિકલેન્દ્રિયયોગ્ય ૨૯, પંચેન્દ્રિયતિર્યંચ યોગ્ય ૨૯ બાંધનારા ૮૨ની સત્તાવાળા એકેન્દ્રિય વગેરે |
| ૨૭(i) | ૨૮નું | ૨૮નું | ૧૦૨નું | ૧૦૨નું | નરકયોગ્ય ૨૮ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ જીવો |
| ૨૭(ii) | ૨૮નું | ૨૮નું | ૧૦૨નું | ૧૦૨નું | દેવયોગ્ય ૨૮ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ જીવો |

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સ્વામી |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૨૮નું | ૨૮નું | ૯૬નું | ૯૬નું | પૂર્વે નરકાયુષ્ય બાંધ્યુ હોય એવા જિનનામકર્મ સહિત ૯૬ની સત્તાવાળા નરકાભિમુખ મનુષ્યને છેલ્લા અંતર્મુહૂર્તમાં ૧લા ગુણઠાણે નરકયોગ્ય ૨૮ બાંધતી વખતે |
| ૨૯(i) | ૨૮નું | ૨૮નું | ૯૫નું | ૯૫નું | નરકયોગ્ય ૨૮ બાંધનારા ૯૫ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ જીવો |
| ૨૯(ii) | ૨૮નું | ૨૮નું | ૯૫નું | ૯૫નું | દેવયોગ્ય ૨૮ બાંધનારા ૯૫ની સત્તાવાળા સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ જીવો |
| ૩૦(i) | ૨૮નું | ૨૮નું | ૯૫નું | ૯૩નું | નરકયોગ્ય ૨૮ બાંધનારા ૯૫ની સત્તાવાળા જીવને નરક ૨ની બંધાવલિકામાં |
| ૩૦(ii) | ૨૮નું | ૨૮નું | ૯૫નું | ૯૩નું | દેવયોગ્ય ૨૮ બાંધનારા ૯૫ની સત્તાવાળા જીવને દેવ ૨ની બંધાવલિકામાં |
| ૩૦(iii) | ૨૮નું | ૨૮નું | ૯૩નું | ૯૩નું | નરકયોગ્ય ૨૮ બાંધનારા ૯૩ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને વૈક્રિય ૭ અને નરક ૨ની બંધાવલિકા પછી |
| ૩૦(iv) | ૨૮નું | ૨૮નું | ૯૩નું | ૯૩નું | દેવયોગ્ય ૨૮ બાંધનારા ૯૩ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને વૈક્રિય ૭ અને દેવ ૨ની બંધાવલિકા પછી |
| ૩૧(i) | ૨૮નું | ૨૮નું | ૯૩નું | ૮૪નું | નરકયોગ્ય ૨૮ બાંધનારા ૯૩ની સત્તાવાળા જીવને નરક ૨ અને વૈક્રિય ૭ની બંધાવલિકામાં |
| ૩૧(ii) | ૨૮નું | ૨૮નું | ૯૩નું | ૮૪નું | દેવ યોગ્ય ૨૮ બાંધનારા ૯૩ની સત્તાવાળા જીવને દેવ ૨ અને વૈક્રિય ૭ની બંધાવલિકામાં |

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સ્વામી |
|---|---|---|---|---|---|
| ૩૨ | ૨૬નું | ૨૬નું | ૧૦૨નું | ૧૦૨નું | એકેન્દ્રિયયોગ્ય ૨૬ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા નારકી સિવાયના બધા જીવો |
| ૩૩ | ૨૬નું | ૨૬નું | ૯૫નું | ૯૫નું | એકેન્દ્રિયયોગ્ય ૨૬ બાંધનારા ૯૫ની સત્તાવાળા નારકી સિવાયના બધા જીવો |
| ૩૪ | ૨૬નું | ૨૬નું | ૯૩નું | ૯૩નું | એકેન્દ્રિયયોગ્ય ૨૬ બાંધનારા ૯૩ની સત્તાવાળા દેવ-નારક સિવાયના બધા જીવો |
| ૩૫ | ૨૬નું | ૨૬નું | ૮૪નું | ૮૪નું | એકેન્દ્રિયયોગ્ય ૨૬ બાંધનારા ૮૪ની સત્તાવાળા દેવ-નારક સિવાયના બધા જીવો |
| ૩૬ | ૨૬નું | ૨૬નું | ૮૨નું | ૮૨નું | એકેન્દ્રિયયોગ્ય ૨૬ બાંધનારા ૮૨ની સત્તાવાળા દેવ-નારક-મનુષ્ય સિવાયના બધા જીવો |
| ૩૭ | ૨૫નું | ૨૫નું | ૧૦૨નું | ૧૦૨નું | એકેન્દ્રિયયોગ્ય ૨૫, વિકલેન્દ્રિયયોગ્ય ૨૫ કે પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૨૫ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |
| ૩૮ | ૨૫નું | ૨૫નું | ૯૫નું | ૯૫નું | એકેન્દ્રિયયોગ્ય ૨૫, વિકલેન્દ્રિયયોગ્ય ૨૫ કે પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૨૫ બાંધનારા ૯૫ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |
| ૩૯ | ૨૫નું | ૨૫નું | ૯૩નું | ૯૩નું | એકેન્દ્રિયયોગ્ય ૨૫, વિકલેન્દ્રિયયોગ્ય ૨૫ કે પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૨૫ બાંધનારા ૯૩ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |
| ૪૦ | ૨૫નું | ૨૫નું | ૮૪નું | ૮૪નું | એકેન્દ્રિયયોગ્ય ૨૫, વિકલેન્દ્રિયયોગ્ય ૨૫ કે પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૨૫ બાંધનારા ૮૪ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સ્વામી |
|---|---|---|---|---|---|
| ૪૧ | ૨૫નું | ૨૫નું | ૮૨નું | ૮૨નું | એકેન્દ્રિયયોગ્ય ૨૫, વિકલેન્દ્રિયયોગ્ય ૨૫ કે પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ૨૫ બાંધનારા ૮૨ની સત્તાવાળા તિર્યંચ |
| ૪૨ | ૨૩નું | ૨૩નું | ૧૦૨નું | ૧૦૨નું | એકેન્દ્રિયયોગ્ય ૨૩ બાંધનારા ૧૦૨ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |
| ૪૩ | ૨૩નું | ૨૩નું | ૯૫નું | ૯૫નું | એકેન્દ્રિયયોગ્ય ૨૩ બાંધનારા ૯૫ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |
| ૪૪ | ૨૩નું | ૨૩નું | ૯૩નું | ૯૩નું | એકેન્દ્રિયયોગ્ય ૨૩ બાંધનારા ૯૩ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |
| ૪૫ | ૨૩નું | ૨૩નું | ૮૪નું | ૮૪નું | એકેન્દ્રિયયોગ્ય ૨૩ બાંધનારા ૮૪ની સત્તાવાળા મનુષ્ય અને તિર્યંચ |
| ૪૬ | ૨૩નું | ૨૩નું | ૮૨નું | ૮૨નું | એકેન્દ્રિયયોગ્ય ૨૩ બાંધનારા ૮૨ની સત્તાવાળા તિર્યંચ. |

- જ્યારે જ્યારે ઔદયિક ભાવનો ઉદય થાય છે, ત્યારે ત્યારે પ્રાયઃ કર્મબંધ થાય છે. જ્યારે જ્યારે ક્ષાયોપશમિક ભાવનો ઉદય થાય છે ત્યારે ત્યારે પ્રાયઃ કર્મનિર્જરા થાય છે.
- પ્રસિદ્ધિ એ સિદ્ધિને અટકાવી દે છે. માટે આત્માર્થી મુમુક્ષુઓએ પ્રસિદ્ધિથી ડરવું જોઈએ અને તેનાથી દૂર રહેવું જોઈએ.
- **जातस्य हि ध्रुवं मृत्युः ।** - ભગવદ્ગીતા ૨/૨૭
  જન્મેલાનું અવશ્ય મૃત્યુ થાય છે.

# નામકર્મના સંક્રમસ્થાનોમાં પતદ્ગ્રહસ્થાનો

| સંક્રમસ્થાન | પતદ્ગ્રહસ્થાન |
|---|---|
| ૧૦૩નું | ૩૧નું |
| ૧૦૩નું | ૩૦નું |
| ૧૦૩નું | ૨૯નું |
| ૧૦૨નું | ૧નું |
| ૧૦૨નું | ૩૧નું |
| ૧૦૨નું | ૩૦નું |
| ૧૦૨નું | ૨૯નું |
| ૧૦૨નું | ૨૮નું |
| ૧૦૨નું | ૨૬નું |
| ૧૦૨નું | ૨૫નું |
| ૧૦૨નું | ૨૩નું |
| ૧૦૧નું | ૧નું |
| ૯૬નું | ૩૧નું |
| ૯૬નું | ૩૦નું |
| ૯૬નું | ૨૯નું |
| ૯૬નું | ૨૮નું |
| ૯૫નું | ૧નું |
| ૯૫નું | ૩૧નું |
| ૯૫નું | ૩૦નું |
| ૯૫નું | ૨૯નું |
| ૯૫નું | ૨૮નું |
| ૯૫નું | ૨૬નું |
| ૯૫નું | ૨૫નું |

| સંક્રમસ્થાન | પતદ્ગ્રહસ્થાન |
|---|---|
| ૯૫નું | ૨૩નું |
| ૯૪નું | ૧નું |
| ૯૩નું | ૩૦નું |
| ૯૩નું | ૨૯નું |
| ૯૩નું | ૨૮નું |
| ૯૩નું | ૨૬નું |
| ૯૩નું | ૨૫નું |
| ૯૩નું | ૨૩નું |
| ૮૯નું | ૧નું |
| ૮૮નું | ૧નું |
| ૮૪નું | ૩૦નું |
| ૮૪નું | ૨૯નું |
| ૮૪નું | ૨૮નું |
| ૮૪નું | ૨૬નું |
| ૮૪નું | ૨૫નું |
| ૮૪નું | ૨૩નું |
| ૮૨નું | ૧નું |
| ૮૨નું | ૩૦નું |
| ૮૨નું | ૨૯નું |
| ૮૨નું | ૨૬નું |
| ૮૨નું | ૨૫નું |
| ૮૨નું | ૨૩નું |
| ૮૧નું | ૧નું |

# આયુષ્ય સિવાયના સાત કર્મોના સંક્રમસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણા

| મૂળપ્રકૃતિ | સંક્રમસ્થાન | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫નું | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણ-ઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને |
| દર્શનાવરણ | ૯નું | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણ-ઠાણુ નહી પામેલાને | અભવ્યને | ભવ્યને |
| | ૬નું | ક્ષપકશ્રેણીમાં હોવાથી | - | - | ૧૧મા ગુણઠાણાથી ન હોવાથી |
| વેદનીય | ૧નું(સાતા) | બંધમાં પરાવર્તમાન હોવાથી | - | - | બંધમાં પરાવર્તમાન હોવાથી |
| | ૧નું(અસાતા) | બંધમાં પરાવર્તમાન હોવાથી | - | - | બંધમાં પરાવર્તમાન હોવાથી |
| મોહનીય | ૨૫નું | સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી | અનાદિ મિથ્યા-દષ્ટિને | અભવ્યને | ભવ્યને |
| | ૨૭નું, ૨૬નું, ૨૩નું ૨૨નું, ૨૧નું, ૨૦નું ૧૯નું, ૧૮નું, ૧૪નું, ૧૩નું, ૧૨નું, ૧૧નું, ૧૦નું, ૯નું, ૮નું, ૭નું, ૬નું, ૫નું, ૪નું, ૩નું, ૨નું, ૧નું | ક્યારેક થતા હોવાથી | - | - | ક્યારેક થતા હોવાથી |
| નામ | ૧૦૩નું, ૧૦૨નું, ૧૦૧નું, ૯૬નું, ૯૫નું, ૯૪નું, ૯૩નું, ૮૯નું, ૮૮નું, ૮૪નું, ૮૨નું, ૮૧નું | ક્યારેક થતા હોવાથી | - | - | ક્યારેક થતા હોવાથી |
| ગોત્ર | ૧નું (ઉચ્ચગોત્ર) | બંધમાં પરાવર્તમાન હોવાથી | - | - | બંધમાં પરાવર્તમાન હોવાથી |
| | ૧નું (નીચગોત્ર) | બંધમાં પરાવર્તમાન હોવાથી | - | - | બંધમાં પરાવર્તમાન હોવાથી |
| અંતરાય | ૫નું | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણ-ઠાણું નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને |

# આયુષ્ય સિવાયના સાત કર્મોના પતદ્ગ્રહસ્થાનોની સાદ્યાદિ પ્રરૂપણા

| પ્રકૃતિ | પતદ્ગ્રહસ્થાન | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫નું | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણ-ઠાણું નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને |
| દર્શનાવરણ | ૯નું | ઉજા વગેરે ગુણ-ઠાણાથી પડેલાને | ઉજુ વગેરે ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને |
| | ૬નું | ક્યારેક થતું હોવાથી | - | - | ક્યારેક થતું હોવાથી |
| | ૪નું | ક્યારેક થતું હોવાથી | - | - | ક્યારેક થતું હોવાથી |
| વેદનીય | ૧નું(સાતા) | અધ્રુવબંધી હોવાથી | - | - | અધ્રુવબંધી હોવાથી |
| | ૧નું(અસાતા) | અધ્રુવબંધી હોવાથી | - | - | અધ્રુવબંધી હોવાથી |
| મોહનીય | ૨૧નું | સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના થયા પછી | અનાદિ મિથ્યાદષ્ટિને | અભવ્યને | ભવ્યને |
| | ૨૨નું, ૧૯નું, ૧૮નું ૧૭નું, ૧૫નું, ૧૪નું ૧૩નું, ૧૧નું, ૧૦નું, ૯નું, ૭નું, ૬નું, ૫નું ૪નું, ૩નું, ૨નું, ૧નું | ક્યારેક થતા હોવાથી | - | - | ક્યારેક થતા હોવાથી |
| નામ | ૩૧નું, ૩૦નું, ૨૯નું ૨૮નું, ૨૬નું, ૨૫નું, ૨૩નું, ૧નું | ક્યારેક થતા હોવાથી | - | - | ક્યારેક થતા હોવાથી |
| ગોત્ર | ૧નું(ઉચ્ચગોત્ર) | અધ્રુવબંધી હોવાથી | - | - | અધ્રુવબંધી હોવાથી |
| | ૧નું(નીચગોત્ર) | અધ્રુવબંધી હોવાથી | - | - | અધ્રુવબંધી હોવાથી |
| અંતરાય | ૫નું | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણ-ઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને |

# સ્થિતિસંક્રમ

અહીં ૬ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **વિશેષલક્ષણ** - તે ત્રણ પ્રકારે છે -

(i) બંધાતા કર્મદલિકોની સત્તાગત અલ્પ સ્થિતિને લાંબી કરવી તે **સ્થિતિઉદ્વર્તના.**

(ii) કર્મદલિકોની સત્તાગત લાંબી સ્થિતિને અલ્પ કરવી તે **સ્થિતિઅપવર્તના.**

(iii) સંક્રમતી પ્રકૃતિની સત્તાગત સ્થિતિઓને બધ્યમાન પરપ્રકૃતિમાં સંક્રમાવવી તે **અન્યપ્રકૃતિનયનસ્થિતિસંક્રમ.**

મૂળપ્રકૃતિમાં સ્થિતિઉદ્વર્તના - સ્થિતિઅપવર્તના આ બે સંક્રમ હોય છે. ઉત્તરપ્રકૃતિમાં ત્રણે સંક્રમ હોય છે.

(૨) **ભેદ** - સ્થિતિસંક્રમ બે પ્રકારે છે -

(i) **મૂળપ્રકૃતિસ્થિતિસંક્રમ** - તે ૮ પ્રકારે છે.

(ii) **ઉત્તરપ્રકૃતિસ્થિતિસંક્રમ** - તે ૧૫૮ પ્રકારે છે.

(૩) **ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** -

પ્રકૃતિઓ બે પ્રકારની છે -

(i) **બન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ** - જે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પોતાની મૂળપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિની સમાન જ હોય અને તે બંધથી જ મળતી હોય તે બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે. તે ૯૭❑ છે. તે આ પ્રમાણે -

❑ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૨૯ની ચૂર્ણિમાં પાના નં. ૫૫** ઉપર શુભવર્ણાદિ ૧૧, નીલવર્ણ અને તિક્તરસ સહિત ૧૧૦ બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ કહી છે.

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ |
| દર્શનાવરણ | ૯ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ |
| વેદનીય | ૧ | અસાતાવેદનીય |
| મોહનીય | ૧૭ | મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, સંજ્વલન ૪ |
| આયુષ્ય | ૪ | નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય |
| નામ | ૫૫ | નરક ૨, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ,પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૭, વૈક્રિય ૭, તૈજસ ૭, હુંડક, સેવાર્ત, કૃષ્ણવર્ણ, દુરભિગંધ, કટુરસ, કર્કશસ્પર્શ, રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ, ગુરુસ્પર્શ, કુખગતિ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, ત્રસ ૪, સ્થાવર, અસ્થિર ૬ |
| ગોત્ર | ૧ | નીચગોત્ર |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| કુલ | ૯૭ | |

ચારે આયુષ્ય બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે, કેમકે તેમાં પરસ્પર સંક્રમ થતો નથી.

(ii) **સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ** - જે પ્રકૃતિઓની બંધમાં કે અબંધમાં સંક્રમથી ઉત્કૃષ્ટસ્થિતિ મળે તે સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે. તે ૬૧❑ છે. તે આ પ્રમાણે -

❑ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૨૯ની ચૂર્ણિમાં પાના નં. ૫૫** ઉપર શુભવર્ણાદિ ૧૧, નીલવર્ણ, તિક્તરસ વિના ૪૮ સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ કહી છે.

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| વેદનીય | ૧ | સાતાવેદનીય |
| મોહનીય | ૧૧ | સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, નોકષાય ૯ |
| નામ | ૪૮ | દેવ ૨, મનુષ્ય ૨, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, આહારક ૭, પહેલા ૫ સંસ્થાન, પહેલા ૫ સંઘયણ, પીતવર્ણ, રક્તવર્ણ, શુક્લવર્ણ, નીલવર્ણ, સુરભિગંધ, કષાયરસ, અમ્લરસ, મધુરરસ, △તિક્તરસ, મૃદુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, લઘુસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સુખગતિ, જિન, સૂક્ષ્મ ૩, સ્થિર ૬ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| કુલ | ૬૧ | |

## બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ-

**૧) મિથ્યાત્વમોહનીય અને ચાર આયુષ્ય સિવાયની બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** = સ્વઉત્કૃષ્ટસ્થિતિ – ૨ આવલિકા

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને બંધાવલિકા વીત્યા પછી ❑ઉદયાવલિકા ઉપરની સ્થિતિ સંક્રમાવે. બંધાવલિકા અને ઉદયાવલિકા બધા કારણોને અયોગ્ય હોય છે. (જુઓ પાના નં. ૧૦૧નું ચિત્ર)

---

△ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૨૯ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૫૬** ઉપર અહીં તિક્તરસની બદલે કટુરસ કહ્યું છે.

❑ જો કે બંધાવલિકા વીત્યા બાદ જીવ અબાધાકાળમાં વર્તમાન હોય છે, તેથી તેને તે પ્રકૃતિના ઉદયનો સંભવ નથી, પણ જેમનો અબાધાકાળ પૂર્ણ થયો છે એવા તે પ્રકૃતિના પૂર્વબદ્ધ દલિકોનો ઉદય બંધાવલિકા વીત્યા પછી સંભવે છે. તેથી ઉદયાવલિકાનું વર્જન કર્યું છે.

## નરકગતિનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ




મિથ્યાત્વમોહનીય અને ચાર આયુષ્ય વિના શેષ બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ નરકગતિના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમની જેમ જાણવો

**(૨) મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** = ૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત + ૧ આવલિકા)

મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને જઘન્યથી પણ અંતર્મુહૂર્ત સુધી પહેલા ગુણઠાણે જ રહે. પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામીને ઉદયાવલિકા ઉપરની મિથ્યાત્વમોહનીયની (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિને સમ્યક્ત્વમોહનીયમાં અને મિશ્ર-મોહનીયમાં સંક્રમાવે. (જુઓ પાના નં. ૧૦૩ ઉપરનું ચિત્ર)

**૩) ચાર આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** = સ્વઉત્કૃષ્ટસ્થિતિ – ૧ આવલિકા

આ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ નિર્વ્યાઘાત અપવર્તના કરે. તેમાં ૧ આવલિકા (જઘન્યનિક્ષેપ + જઘન્ય અતીત્થાપના = ૧ આવલિકા) સિવાયની સંપૂર્ણ સ્થિતિની અપવર્તના થાય છે. માટે ચાર આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ સ્વઉત્કૃષ્ટ-સ્થિતિ – ૧ આવલિકા પ્રમાણ થાય છે.

**ચાર આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ**




**સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** -

**(૧) જે પ્રકૃતિઓના બંધમાં સંક્રમથી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ મળે છે તેમનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** = બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ– ૩ આવલિકા = સ્વસંક્રમોત્કૃષ્ટસ્થિતિ – ૨ આવલિકા.


મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ
૭૦ કોડાકોડી સાગરોપમ
યત્સ્થિતિ
ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમ
પૂર્વબદ્ધ મિથ્યાત્વમોહનીયનો સમ્યક્ત્વમોહનીય અને
મિશ્રમોહનીયમાં સંક્રમ
૭૦ કોડાકોડી સાગરોપમ
ઉદયાવલિકા
ઉદયાવલિકા,
મિથ્યાત્વમોહનીયની
સંક્રમાવલિકા
મિથ્યાત્વમોહનીયની પૂર્વબદ્ધલતા
અંતર્મુહૂર્ત
સમ્યક્ત્વમોહનીય-
મિશ્રમોહનીયની લતા

બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને બંધાવલિકા બાદ બધ્યમાન સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિમાં ઉદયાવલિકા ઉપરની સ્થિતિ ઉદયાવલિકા ઉપર સંક્રમાવે. સંક્રમાવલિકા વીત્યા બાદ સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિની ઉદયાવલિકા ઉપરની સ્થિતિ બધ્યમાન અન્ય પ્રકૃતિમાં સંક્રમાવે. તેથી સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ = બંધોત્કૃષ્ટ પ્રકૃતિની બંધોત્કૃષ્ટ સ્થિતિ – ૩ આવલિકા = સ્વસંક્રમોત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા.

દા.ત. નરક ૨ની બંધોત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે. તેટલી સ્થિતિ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ બધ્યમાન મનુષ્ય ૨માં સંક્રમાવે. સંક્રમાવલિકા વીત્યા બાદ મનુષ્ય ૨ની ઉદયાવલિકા ઉપરની સ્થિતિ બધ્યમાન દેવ ૨માં સંક્રમાવે. તેથી મનુષ્ય ૨નો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ = ૨૦ કોડાકોડી સાગરોપમ – ૩ આવલિકા

મનુષ્ય ૨ની સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ = ૨૦ કોડાકોડી સાગરોપમ – ૧ આવલિકા

મનુષ્ય ૨નો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ = (૨૦ કોડાકોડી સાગરોપમ – ૧ આવલિકા) – ૨ આવલિકા = ૨૦ કોડાકોડી સાગરોપમ – ૩ આવલિકા

(જુઓ પાના નં. ૧૦૫નું ચિત્ર)

**(૨) જે પ્રકૃતિઓના અબંધમાં સંક્રમથી તેમની ઉત્કૃષ્ટસ્થિતિ મળે છે તેમનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** = ૭૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૨ આવલિકા)

અબંધમાં સંક્રમોત્કૃષ્ટ બે પ્રકૃતિઓ છે - સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય. દર્શન ૩ની સત્તાવાળો મિથ્યાદષ્ટિ જીવ ઉત્કૃષ્ટ સંક્લેશમાં


મનુષ્યગતિનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ
૨૦ કોડાકોડી સાગરોપમ
યત્સ્થિતિ
ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમ
નરકગતિની પૂર્વબદ્ધલતા
ઉદયાવલિકા
બંધાવલિકા
પૂર્વબદ્ધ નરકગતિનો મનુષ્યગતિમાં સંક્રમ
૨૦ કોડાકોડી સાગરોપમ
યત્સ્થિતિ
મનુષ્યગતિની બધ્યમાન લતા
ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમ
મનુષ્યગતિની ઉદયાવલિકા
મનુષ્યગતિની બંધાવલિકા, નરકગતિની ઉદયાવલિકા, નરકગતિની સંક્રમાવલિકા
મનુષ્યગતિનો દેવગતિમાં સંક્રમ
દેવગતિની બધ્યમાનલતા
૨૦ કોડાકોડી સાગરોપમ
દેવગતિની બંધાવલિકા, મનુષ્યગતિની ઉદયાવલિકા, મનુષ્યગતિની સંક્રમાવલિકા
બંધમાં સંક્રમોત્કૃષ્ટ શેષ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિસંક્રમ મનુષ્યગતિના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમની જેમ જાણવો

હોય ત્યારે મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે. પછી તે અંતર્મુહૂર્ત સુધી પહેલા ગુણઠાણે જ રહે. ત્યાર પછી તે સમ્યક્ત્વ પામે. ત્યારે મિથ્યાત્વમોહનીયની (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં સંક્રમાવે. તેથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ (અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ છે. મિથ્યાત્વમોહનીયની સંક્રમાવલિકામાં તો સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના દલિકો હોય છે. તેથી તે વખતે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત + ૧ આવલિકા) + ૧ આવલિકા = ૭૦ કોડાકોડી સાગરોપમ – અંતર્મુહૂર્ત પ્રમાણ છે. મિથ્યાત્વમોહનીયની સંક્રમાવલિકા વીત્યા બાદ સમ્યક્ત્વમોહનીયની ઉદયાવલિકા ઉપરની સ્થિતિ અપવર્તનાકરણ વડે સ્વસ્થાનમાં સંક્રમાવે છે. મિથ્યાત્વમોહનીયની સંક્રમાવલિકા વીત્યા બાદ મિશ્રમોહનીયની ઉદયાવલિકા ઉપરની સ્થિતિ સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે અને અપવર્તનાકરણ વડે સ્વસ્થાનમાં સંક્રમાવે છે. તેથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ = (અંતર્મુહૂર્ત + ૨ આવલિકા) ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ.

(જુઓ પાના નં. ૧૦૭નું ચિત્ર)

**(૩) જિનનામકર્મ અને આહારક ૭નો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ** = અંતઃકોડાકોડી સાગરોપમ

જિનનામકર્મ અને આહારક ૭નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. છતા તેમની બંધોત્કૃષ્ટ સ્થિતિ કરતા સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ સંખ્યાતગુણ છે. તે સંક્રમોત્કૃષ્ટ સ્થિતિ પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ છે, ૨૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા

## મિશ્રમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ




સમ્યક્ત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમની જેમ જાણવો (તે સ્વસ્થાનમાં અપવર્તનારૂપ સમજવો, પરપ્રકૃતિનયનસંક્રમ નહીં, કેમકે, સમ્યક્ત્વમોહનીયનો અહીં મિશ્રમોહનીય-મિથ્યાત્વમોહનીયમાં સંક્રમ ન થાય)

પ્રમાણ નહીં, કેમકે જિનનામકર્મ અને આહારક ૭ બધ્યમાન હોય ત્યારે તેમાં સંક્રમથી ઉત્કૃષ્ટસ્થિતિ મળે છે. જિનનામકર્મનો બંધ વિશુદ્ધ સમ્યગ્દષ્ટિને હોય છે. આહારક ૭નો બંધ સંયતને હોય છે. વિશુદ્ધસમ્યગ્દષ્ટિને અને સંયતને આયુષ્ય સિવાયના બધા કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ હોય છે. તેથી બધ્યમાન જિનનામકર્મ અને આહારક ૭માં અન્યપ્રકૃતિ(દેવગતિ)ની ઉત્કૃષ્ટથી અંતઃકોડાકોડી સાગરોપમ – ૧ આવલિકા પ્રમાણ જ સ્થિતિ સંક્રમે વધુ નહીં. ઉદયાવલિકામાં તો જિનનામકર્મ અને આહારક ૭ના દલિકો હોય છે. તેથી જિનનામકર્મ અને આહારક ૭ની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ છે. તે સ્થિતિબંધ કરતા સંખ્યાતગુણ છે. અન્યપ્રકૃતિ (દેવગતિ)ની સંક્રમાવલિકા વીત્યા બાદ જિનનામકર્મ અને આહારક ૭ ની ઉદયાવલિકા ઉપરની સ્થિતિ અન્યપ્રકૃતિ(પરાઘાત)માં સંક્રમાવે. તેથી જિનનામકર્મ અને આહારક ૭નો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ = અંતઃકોડાકોડી સાગરોપમ – ૨ આવલિકા = અંતઃકોડાકોડી સાગરોપમ.

(જુઓ પાના નં. ૧૦૯નું ચિત્ર)

**યત્સ્થિતિ** - સ્થિતિસંક્રમ વખતે સંક્રમતી પ્રકૃતિની જેટલી સ્થિતિ વિદ્યમાન હોય તેને યત્સ્થિતિ કહેવાય છે.

યત્સ્થિતિ = ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ + ૧ આવલિકા

બંધોત્કૃષ્ટ પ્રકૃતિની યત્સ્થિતિ = (ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા) + ૧ આવલિકા

= ઉત્કૃષ્ટ સ્થિતિ – ૧ આવલિકા

સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિની યત્સ્થિતિ = (બંધોત્કૃષ્ટ પ્રકૃતિની બંધોત્કૃષ્ટ સ્થિતિ – ૩ આવલિકા) + ૧ આવલિકા = બંધોત્કૃષ્ટ પ્રકૃતિની બંધોત્કૃષ્ટ સ્થિતિ – ૨ આવલિકા

## જિનનામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ




આહારક ૭નો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ જિનનામકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમની જેમ જાણવો.

સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની યત્સ્થિતિ = ૭૦ કોડાકોડી સાગરોપમ – (અંતર્મુહૂર્ત + ૨ આવલિકા) + ૧ આવલિકા = ૭૦ કોડાકોડી સાગરોપમ – (અંત્મુહૂર્ત + ૧ આવલિકા)

જિનનામકર્મ અને આહારક ૭ની યત્સ્થિતિ = અંતઃકોડાકોડી સાગરોપમ – ૨ આવલિકા + ૧ આવલિકા = અંતઃકોડાકોડી સાગરોપમ – ૧ આવલિકા = અંતઃકોડાકોડી સાગરોપમ.

આયુષ્યમાં ઉદ્વર્તના અને નિર્વ્યાઘાતભાવી અપવર્તનાને આશ્રયીને યત્સ્થિતિ = ઉત્કૃષ્ટ સ્થિતિ + અબાધા – ૧ આવલિકા

## (૪) જઘન્ય સ્થિતિસંક્રમ -

**(૧) જ્ઞાનાવરણ ૫, અંતરાય ૫, દર્શનાવરણ ૪, સંજ્વલન લોભ, સમ્યક્ત્વમોહનીય, આયુષ્ય ૪ = ૨૦ પ્રકૃતિઓ**નો જઘન્ય સ્થિતિસંક્રમ ૧ સમય પ્રમાણ છે.

પોતપોતાના સત્તાવિચ્છેદ સમયે સમયાધિક ૧ આવલિકા માત્ર સ્થિતિ શેષ હોતે છતે ઉદાયવલિકા ઉપરની ૧ સમયની સ્થિતિ અપવર્તનાકરણ વડે ઉદયાવલિકાના સમયાધિક ત્રીજા ભાગમાં સંક્રમાવે તે જઘન્ય સ્થિતિસંક્રમ છે. ત્યારે યત્સ્થિતિ ૧ આવલિકા+૧ સમય છે.

(૨) **નિદ્રા ૨**નો જઘન્ય સ્થિતિસંક્રમ ૧ સમય પ્રમાણ છે.

નિદ્રા ૨ની સ્થિતિ ૨ આવલિકા+આવલિકા/અસંખ્ય શેષ હોય ત્યારે ઉપરની ૧ સમયની સ્થિતિ નીચેની પહેલી આવલિકાના સમયાધિક ત્રીજા ભાગમાં સંક્રમાવે. ત્યારે યત્સ્થિતિ ૨ આવલિકા+આવલિકા/અસંખ્ય છે.

(૩) **હાસ્ય ૬**નો જઘન્ય સ્થિતિસંક્રમ સંખ્યાતા વર્ષ પ્રમાણ છે.

ક્ષપકશ્રેણિમાં અંતરકરણમાં રહેલ ક્ષપક હાસ્ય ૬ની અંતરકરણની ઉપરની સંખ્યાતા વર્ષ પ્રમાણ સ્થિતિ સંજ્વલન ક્રોધમાં સંક્રમાવે તે જઘન્ય સ્થિતિસંક્રમ છે. ત્યારે યત્સ્થિતિ અંતર્મુહૂર્ત + સંખ્યાતા વર્ષ છે.

**(૪) પુરુષવેદ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા = ૪ પ્રકૃતિઓ**નો જઘન્ય સ્થિતિસંક્રમ જઘન્ય સ્થિતિબંધ – અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

પુરુષવેદનો જઘન્ય સ્થિતિસંક્રમ = ૮ વર્ષ – અંતર્મુહૂર્ત

સંજ્વલન ક્રોધનો જઘન્ય સ્થિતિસંક્રમ = ૨ માસ – અંતર્મુહૂર્ત

સંજ્વલન માનનો જઘન્ય સ્થિતિસંક્રમ = ૧ માસ – અંતર્મુહૂર્ત

સંજ્વલન માયાનો જઘન્ય સ્થિતિસંક્રમ = ૧૫ દિવસ – અંતર્મુહૂર્ત

આ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ કરી બંધાવલિકા બાદ તેને સંક્રમાવવાનું શરૂ કરે. સંક્રમાવલિકાના ચરમસમયે અબાધા ન્યૂન જઘન્યસ્થિતિબંધ પ્રમાણ જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે. જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તેથી જઘન્ય સ્થિતિસંક્રમ = જઘન્યસ્થિતિબંધ – અંતર્મુહૂર્ત. ત્યારે યત્સ્થિતિ જઘન્ય સ્થિતિબંધ – સમય ન્યૂન ૨ આવલિકા પ્રમાણ છે, કેમકે જઘન્ય સ્થિતિબંધ કર્યા પછી બંધાવલિકા વીત્યા બાદ સંક્રમાવલિકાના ચરમસમયે જઘન્ય સ્થિતિસંક્રમ થાય છે.

પુરુષવેદની યત્સ્થિતિ = ૮ વર્ષ – સમય ન્યૂન ૨ આવલિકા

સંજ્વલન ક્રોધની યત્સ્થિતિ=૨ માસ – સમય ન્યૂન ૨ આવલિકા

સંજ્વલન માનની યત્સ્થિતિ=૧ માસ – સમય ન્યૂન ૨ આવલિકા

સંજ્વલન માયાની યત્સ્થિતિ=૧૫ દિવસ – સમય ન્યૂન ૨ આવલિકા

**(૫) નરક ૨, તિર્યંચ ૨, સ્થાવર ૨, આતપ ૨, જાતિ ૪, સાધારણ - આ ૧૩ સિવાયની નામની ૯૦, સાતા, અસાતા, ઉચ્ચગોત્ર, નીચગોત્ર = ૯૪ પ્રકૃતિઓ**નો જઘન્ય સ્થિતિસંક્રમ અંતર્મુહૂર્ત – ૧ આવલિકા પ્રમાણ છે.

૧૩મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓની સ્થિતિસત્તા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. ત્યારે ઉદયાવલિકા ઉપરની સ્થિતિ અપવર્તના-કરણ વડે સ્વસ્થાનમાં સંક્રમાવે. તેથી આ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ અંતર્મુહૂર્ત – ૧ આવલિકા પ્રમાણ છે. ત્યારે યત્સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. જો કે ૧૪મા ગુણઠાણે આ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત કરતા પણ ઓછી સ્થિતિ મળે છે, પણ ૧૪મા ગુણઠાણે યોગ ન હોવાથી કોઈ કરણ પ્રવર્તતા નથી. તેથી આ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ ૧૪ મા ગુણઠાણે ન મળે પણ ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે મળે.

**(૬) સ્ત્રીવેદ, નપુંસકવેદ**નો જઘન્ય સ્થિતિસંક્રમ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે.

સ્વવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનાર ક્ષપકને અંતરકરણમાં $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ ચરમ સ્થિતિખંડના ચરમ પ્રક્ષેપ વખતે જઘન્ય સ્થિતિસંક્રમ હોય. તે $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે. ત્યારે યત્સ્થિતિ અંતર્મુહૂર્ત + $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે.

**(૭) શેષ ૩૦ પ્રકૃતિઓ (થિણદ્ધિ ૩, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ ૨)** નો જઘન્ય સ્થિતિસંક્રમ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે.

ક્ષપક આ પ્રકૃતિઓની ઉદયાવલિકા ઉપરની $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિને સંક્રમાવે. તેથી જઘન્ય સ્થિતિસંક્રમ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે. ત્યારે યત્સ્થિતિ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ + ૧ આવલિકા પ્રમાણ છે.

## (૫) સાદ્યાદિ પ્રરૂપણા -

### મૂળપ્રકૃતિઓમાં સ્થિતિસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા -

**(૧) મોહનીય સિવાયની ૭ પ્રકૃતિઓ** - જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો જઘન્ય સ્થિતિસંક્રમ ૧૨મા ગુણઠાણાની સમયાધિક

આવલિકા બાકી હોય ત્યારે થાય છે. નામ, ગોત્ર અને વેદનીયનો જઘન્ય સ્થિતિસંક્રમ ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે થાય છે. આયુષ્યનો જઘન્ય સ્થિતિસંક્રમ આયુષ્યની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે ૧ સમય પ્રમાણ થાય છે. આ સાત પ્રકૃતિઓનો આ જઘન્ય સ્થિતિસંક્રમ ૧ સમય થતો હોવાથી સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો સ્થિતિસંક્રમ તે અજઘન્ય સ્થિતિસંક્રમ છે. તે બધા જીવોને અનાદિકાળથી થતો હોવાથી અનાદિ છે. અભવ્યને અજઘન્ય સ્થિતિસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય સ્થિતિસંક્રમ કરે ત્યારે અજઘન્ય સ્થિતિસંક્રમ અધ્રુવ છે.

આ ૭ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરનાર મિથ્યાદૃષ્ટિ જ તેમનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરે છે. ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લેશમાં બંધાય છે. ઉત્કૃષ્ટ સંક્લેશ ક્યારેક હોય, હંમેશા નહીં. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ સાદિ-અધ્રુવ છે. ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમથી પડી અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરે. ફરી ઉત્કૃષ્ટ સંક્લેશે ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરે. તેથી અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ પણ સાદિ-અધ્રુવ છે.

(૨) **મોહનીય** - મોહનીયનો જઘન્ય સ્થિતિસંક્રમ ક્ષપક ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે કરે છે. તે ૧ સમય થતો હોવાથી સાદિ-અધ્રુવ છે. તે સિવાયનો મોહનીયનો બધો સ્થિતિસંક્રમ તે અજઘન્ય સ્થિતિસંક્રમ છે. ❑ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ૧૧મા ગુણઠાણેથી પડીને ૧૦મા ગુણઠાણે આવે ત્યારે અજઘન્ય સ્થિતિસંક્રમની સાદિ થાય છે. તે સ્થાન પૂર્વે નહીં પામેલાને અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિ હોય છે. અભવ્યને અજઘન્ય સ્થિતિસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય સ્થિતિસંક્રમ કરે ત્યારે અજઘન્ય સ્થિતિસંક્રમ અધ્રુવ છે.

❑ ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ૧૧મા ગુણઠાણે દર્શન ૩ નો સંક્રમ ચાલુ હોવાથી તે ત્યાંથી પડીને ૧૦મા ગુણઠાણે આવે તો અજઘન્યસ્થિતિસંક્રમની સાદિ ન થાય. તેથી અહીં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ કહ્યા છે.

મોહનીયના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ જ્ઞાનાવરણ વગેરેના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

**મૂળપ્રકૃતિઓમાં સ્થિતિસંક્રમના સાદ્યાદિ ભાંગા**

| મૂળપ્રકૃતિ | સ્થિતિસંક્રમના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય સ્થિતિસંક્રમ | અજઘન્ય સ્થિતિસંક્રમ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | કુલ |
| મોહનીય | સાદિ, અધ્રુવ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૧૦ |
| શેષ ૭ | સાદિ, અધ્રુવ | અનાદિ, ધ્રુવ અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૬૩ |
| કુલ | ૧૬ | ૨૫ | ૧૬ | ૧૬ | ૭૩ |

## ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા-

**(૧) ચારિત્ર મોહનીય ૨૫ સિવાયની ધ્રુવસત્તાક □૧૦૫** - ક્ષપકને તે તે પ્રકૃતિનો ચરમ સ્થિતિસંક્રમ તે જઘન્ય સ્થિતિસંક્રમ છે. તે સાદિ-અધ્રુવ છે. તે સિવાયનો બધો સ્થિતિસંક્રમ તે અજઘન્ય સ્થિતિસંક્રમ છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને અજઘન્ય સ્થિતિસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય સ્થિતિસંક્રમ કરે ત્યારે અજઘન્ય સ્થિતિસંક્રમ અધ્રુવ છે.

ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ મૂળપ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

□ ચારિત્રમોહનીય ૨૫ સિવાયની ધ્રુવસત્તાક ૧૦૫ પ્રકૃતિઓ આ પ્રમાણે છે - જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, વેદનીય ૨, મિથ્યાત્વમોહનીય, તિર્યંચ ૨, જાતિ ૫, ઔદારિક ૭, તૈજસ ૭, સંઘયણ ૬, સંસ્થાન ૬, વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ, આતપ, ઉદ્યોત, ત્રસ ૧૦, સ્થાવર ૧૦, નીચગોત્ર, અંતરાય ૫.

(૨) **ચારિત્ર મોહનીય ૨૫** - તે તે પ્રકૃતિના ક્ષય વખતે તે તે પ્રકૃતિનો જઘન્ય સ્થિતિસંક્રમ મળે છે. તે સાદિ-અધ્રુવ છે. તે સિવાયનો શેષ બધો સ્થિતિસંક્રમ તે અજઘન્ય સ્થિતિસંક્રમ છે. ૧૧મા ગુણઠાણેથી પડી ૧૦ મા વગેરે ગુણઠાણે આવેલાને અજઘન્ય સ્થિતિસંક્રમ સાદિ છે. ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિ છે. અભવ્યને અજઘન્ય સ્થિતિસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય સ્થિતિસંક્રમ કરે ત્યારે અજઘન્ય સ્થિતિસંક્રમ અધ્રુવ છે.

ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ મૂળપ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

(૩) **અધ્રુવસત્તાક ૨૮**□ - આ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક હોવાથી તેમના

**ઉત્તરપ્રકૃતિઓમાં સ્થિતિસંક્રમના સાદ્યાદિ ભાંગા**

| ઉત્તરપ્રકૃતિ | સ્થિતિસંક્રમના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય સ્થિતિસંક્રમ | અજઘન્ય સ્થિતિસંક્રમ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | કુલ |
| ચારિત્ર મોહનીય ૨૫ | સાદિ, અધ્રુવ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૨૫૦ |
| શેષ ધ્રુવસત્તાક ૧૦૫ | સાદિ, અધ્રુવ | અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૯૪૫ |
| અધ્રુવસત્તાક ૨૮ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૨૨૪ |
| કુલ | ૩૧૬ | ૪૭૧ | ૩૧૬ | ૩૧૬ | ૧,૪૧૯ |

□ અધ્રુવસત્તાક ૨૮ પ્રકૃતિઓ આ પ્રમાણે છે - સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, આયુષ્ય ૪, મનુષ્ય ૨, દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭, આહારક ૭, જિન, ઉચ્ચગોત્ર.

જઘન્ય સ્થિતિસંક્રમ, અજઘન્ય સ્થિતિસંક્રમ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ સાદિ-અધ્રુવ છે.

## (૬) સ્વામિત્વ -

### ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી -

**(૧) મિથ્યાત્વમોહનીય સિવાય બંધોત્કૃષ્ટ પ્રકૃતિ ૯૬** - ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનારા દેવ-નારક-મનુષ્ય-તિર્યંચને બંધાવલિકા વીત્યા બાદ.

**(૨) મિથ્યાત્વમોહનીય** - મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી અંતર્મુહૂર્ત ૧લા ગુણઠાણે રહી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામેલા જીવો.

**(૩) સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય** - મિથ્યાત્વમોહનીયના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ દ્વારા અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમની સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સ્થિતિવાળાને સંક્રમાવલિકા વીત્યા બાદ.

**(૪) શેષ સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ ૫૯** - બંધોત્કૃષ્ટ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની સ્થિતિ સંક્રમોત્કૃષ્ટ ૫૯ પ્રકૃતિમાં સંક્રમાવનાર દેવ-નારક-મનુષ્ય-તિર્યંચને સંક્રમાવલિકા વીત્યા બાદ.

### જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી -

**(૧) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે.

**(૨) નિદ્રા ૨ :-** ૧૨ મા ગુણઠાણાની ૨ આવલિકા + આવલિકા/અસંખ્ય શેષ હોય ત્યારે.

(૩) **સમ્યક્ત્વમોહનીય :-** ૮ વર્ષની ઉપરની વયના દર્શનમોહનીયક્ષપક મનુષ્યને મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીયનો ક્ષય કરી સમ્યક્ત્વમોહનીયને સર્વાપવર્તનાથી અપવર્તીને કૃતકરણ અવસ્થામાં કાળ કરી ચારમાંથી એક ગતિમાં જઈ સમ્યક્ત્વમોહનીયની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે.

(૪) **મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય :-** ૪થા થી ૭મા ગુણઠાણાવાળા મનુષ્યને તે તે પ્રકૃતિના ક્ષયકાળે $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ ચરમ સ્થિતિખંડના ચરમ પ્રક્ષેપ વખતે.

(૫) **સંજ્વલન લોભ :-** ક્ષપકને ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે.

(૬) **અનંતાનુબંધી ૪ :-** અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરનાર ૪ માંથી ૧ ગતિમાં રહેલા સમ્યગ્દષ્ટિને $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ ચરમ સ્થિતિખંડના ચરમ પ્રક્ષેપ વખતે.

(૭) **નરક ૨, તિર્યંચ ૨, સ્થાવર ૨, આતપ ૨, જાતિ ૪, સાધારણ - આ ૧૩ સિવાયની નામની ૯૦, સાતા, અસાતા, ઉચ્ચગોત્ર, નીચગોત્ર = ૯૪ :-** ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે.

(૮) **પુરુષવેદ :-** ❑પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને ૯મા ગુણઠાણે ચરમ સંક્રમ વખતે.

---

❑ પુરુષવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને હાસ્ય ૬ના ક્ષય પછી પુરુષવેદનો ક્ષય થાય છે. સ્ત્રીવેદના ઉદયે અને નપુંસકવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને હાસ્ય ૬ની સાથે જ પુરુષવેદનો ક્ષય થાય છે. વળી ઉદય હોય ત્યારે ઉદીરણા પણ પ્રાયઃ હોય. તેથી પુરુષવેદોદયે શ્રેણિ માંડનારને પુરુષવેદની ઉદય-ઉદીરણા વડે ઘણી સ્થિતિ તુટે. તેથી તેને જ ચરમ સંક્રમ વખતે જઘન્ય સ્થિતિસંક્રમ હોય.

(૯) **સ્ત્રીવેદ** :- △સ્ત્રીવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને ૯મા ગુણઠાણે ચરમ સંક્રમ વખતે.

(૧૦) **નપુંસકવેદ** :- ◻નપુંસકવેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને ૯મા ગુણઠાણે ચરમ સંક્રમ વખતે.

(૧૧) **નરક ૨, તિર્યંચ ૨, સ્થાવર ૨, આતપ ૨, જાતિ ૪, સાધારણ, થિણદ્ધિ ૩, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા, હાસ્ય ૬ = ૩૩** :- ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે પોતપોતાના ચરમ સંક્રમ વખતે.

(૧૨) **આયુષ્ય ૪** - સ્વસ્વભવની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે.

- જ્ઞાનીઓ કહે છે, 'ઉપયોગે ધર્મ છે.' એનો અર્થ એ છે કે જેટલા પ્રમાણમાં ઉપયોગ હોય એટલા પ્રમાણમાં ધર્મ છે. જરા તપાસ કરીએ... આપણી ક્રિયા આંતરિક છે કે યાંત્રિક.
- **आगमचक्खू साहू** - પ્રવચનસાર ૩/૩૪
  સાધુ આગમરૂપી આંખવાળા હોય છે.

△ પુરુષવેદોદયે કે નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર પણ સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનારની જેમ જ સ્ત્રીવેદનો ક્ષય કરે છે, પણ તેમને સ્ત્રીવેદનો ઉદય ન હોવાથી ઉદય-ઉદીરણા વડે સ્થિતિ ન તૂટે. તેથી તેમને સ્ત્રીવેદનો જઘન્ય સ્થિતિસંક્રમ ન હોય. **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૩૭માં પાના નં. ૨૧૯** ઉપર કહ્યુ છે કે, 'ત્રણે વેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારાને સ્ત્રીવેદનો સ્થિતિસંક્રમ થાય, કેમકે ત્રણેને સ્ત્રીવેદનો સ્વસ્થાને જ ક્ષય થાય છે.'

◻ નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનારને ઉદય-ઉદીરણાથી ઘણી સ્થિતિ તૂટતી હોવાથી તેને જ ચરમસંક્રમ વખતે નપુંસકવેદનો જઘન્ય સ્થિતિસંક્રમ હોય. અન્ય વેદના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનારને નપુંસવેદનો ઉદય ન હોવાથી ઉદય-ઉદીરણા વડે સ્થિતિ તૂટે નહીં. તેથી તેમને નપુંસકવેદનો જઘન્ય સ્થિતિસંક્રમ ન હોય.

- સાતાનું સુખ પણ ત્યાજ્ય છે. ઉપાદેય હોય તો એ છે સમાધિનું સુખ. સાતા અને અસાતા આ બંને નિત્યસુખની પ્રાપ્તિમાં અંતરાયભૂત છે.
- ગૃહસ્થો ધંધો કરતા કદી થાકતા નથી, કેમકે તેમનું લક્ષ્ય પૈસામાં જ સ્થિર થઇ ગયું છે.તો પછી જેમનું લક્ષ્ય નિર્જરામાં જ સ્થિર થઇ ગયું છે એવા સાધકો સાધના કરતા થાકે ખરા ?
- ગુરુ પ્રત્યેનો અસદ્‌ભાવ એ જ ચારિત્રનું મૃત્યુ છે. માટે સપનામાં પણ ગુરુ પ્રત્યે દુર્ભાવ ન થઇ જાય તેની કાળજી રાખવી જોઈએ અને ગુરુ પ્રત્યે પૂર્ણ સદ્‌ભાવ ધારણ કરવો જોઇએ.
- નિમિત્ત તો સમાન જ છે. જ્ઞાની એમાં પરમ નિર્જરા કરે છે અને અજ્ઞાની એમાં ક્લિષ્ટ કર્મનો બંધ કરે છે.
- વિનયથી નિર્મળબોધ મળે છે, નિર્મળબોધથી તત્ત્વપરિણતિ મળે છે, તત્ત્વપરિણતિથી સમતા મળે છે અને સમતાથી સર્વત્ર માધ્યસ્થ્યભાવની પ્રાપ્તિ થાય છે.
- શાસ્ત્ર એ તો જ શાસ્ત્ર બને જો નિર્મળ બોધ હોય. જો નિર્મળ બોધ ગેરહાજર હોય તો વિપરીત જ્ઞાન થાય છે અને એ સ્થિતિમાં શાસ્ત્ર...એ શસ્ત્ર બની જાય છે.
- **आणा नो खंडेज्जा, आणाभंगे कुओ सुहं ?** - મહાનિશીથ ૫/૧૨૦
  આજ્ઞાનું ખંડન ન કરવું. આજ્ઞાનો ભંગ કરવાથી સુખ ક્યાંથી હોય ?
- **सव्वत्थेसु विमुत्तो साहू सव्वत्थ होइ अप्पवस्सो ।**
  - ગચ્છાચારપયન્ના ૬૮
  બધી વસ્તુઓની આસક્તિથી મુક્ત એવો સાધુ બધે પોતાને વશ હોય છે.
- **खणं जाणाहि पंडिए !** - આચારાંગ ૧/૨/૧/૬૮
  હે પંડિત ! તું અવસરને જાણ.

## ઉત્તરપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ, યત્સ્થિતિ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના

| ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી | |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| દર્શનાવરણ ૪ | ૩૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| નિદ્રા ૨ | ૩૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| થિણદ્ધિ ૩ | ૩૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| અસાતા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સાતા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૩ આવલિકા | ૩૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| મિથ્યાત્વ-મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત+૧ આવલિકા) | ૭૦ કોડાકોડી સાગરોપમ–અંતર્મુહૂર્ત | ૪થા થી ૭મા ગુણઠાણા-વાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો | |
| મિશ્ર-મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત+૨ આવલિકા) | ૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત+૧આવલિકા) | ૪થા થી ૭મા ગુણઠાણા-વાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો | |
| સમ્યક્ત્વ-મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત+૨ આવલિકા) | ૭૦ કોડાકોડી સાગરોપમ–(અંતર્મુહૂર્ત+૧આવલિકા) | ૪થા થી ૭મા ગુણઠાણા-વાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો | |
| અનંતાનુબંધી ૪ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |

## સ્વામી, જઘન્ય સ્થિતિસંક્રમ, યત્સ્થિતિ, જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી

| | જઘન્ય સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી |
|---|---|---|---|
| | ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૧૨મા ગુણઠાણાવાળા જીવો |
| | ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૧૨મા ગુણઠાણાવાળા જીવો |
| | ૧ સમય | ૨ આવલિકા + પલ્યોપમ/અસંખ્ય | ૧૨મા ગુણઠાણાવાળા જીવો |
| | પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| | અંતર્મુહૂર્ત – ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત – ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૪થા થી ૭મા ગુણઠાણાવાળા દર્શન-મોહનીયક્ષપક જીવો |
| | પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૪થા થી ૭મા ગુણઠાણાવાળા દર્શન-મોહનીયક્ષપક જીવો |
| | ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૪થા થી ૭મા ગુણઠાણાવાળા ચારે ગતિના દર્શનમોહનીયક્ષપક જીવો |
| | પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૪થા થી ૭મા ગુણઠાણાવાળા અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરનારા જીવો |

| ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી | |
|---|---|---|---|---|
| અપ્રત્યાખ્યાના-વરણીય ૪, પ્રત્યા-ખ્યાનાવરણીય ૪ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સંજ્વલન ક્રોધ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સંજ્વલન માન | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સંજ્વલન માયા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સંજ્વલન લોભ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| હાસ્ય ૬ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૩ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| નપુંસકવેદ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૩ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સ્ત્રીવેદ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૩ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| પુરુષવેદ | ૪૦ કોડાકોડી સાગરોપમ–૩ આવલિકા | ૪૦ કોડાકોડી સાગરોપમ–૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| નરકાયુષ્ય | ૩૩ સાગરોપમ | ૩૩ સાગરોપમ+અબાધા –૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા મનુષ્ય-તિર્યંચ | |
| દેવાયુષ્ય | ૩૩ સાગરોપમ | ૩૩ સાગરોપમ+અબાધા –૧ આવલિકા | પ્રમત્તયતિ | |

| જઘન્ય સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી |
|---|---|---|
| પલ્યોપમ / અસંખ્ય | પલ્યોપમ / અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| ૨ માસ – અંતર્મુહૂર્ત | ૨ માસ – સમય ન્યૂન ૨ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| ૧ માસ – અંતર્મુહૂર્ત | ૧ માસ – સમય ન્યૂન ૨ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| ૧૫ દિવસ – અંતર્મુહૂર્ત | ૧૫ દિવસ–સમય ન્યૂન ૨ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૧૦મા ગુણઠાણાવાળા ક્ષપક જીવો |
| સંખ્યાતા વર્ષ | સંખ્યાતા વર્ષ + અંતર્મુહૂર્ત | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| પલ્યોપમ / અસંખ્ય | પલ્યોપમ / અસંખ્ય + અંતર્મુહૂર્ત | નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર ૯મા ગુણઠાણાવાળા જીવો |
| પલ્યોપમ / અસંખ્ય | પલ્યોપમ / અસંખ્ય + અંતર્મુહૂર્ત | સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર ૯મા ગુણઠાણાવાળા જીવો |
| ૮ વર્ષ – અંતર્મુહૂર્ત | ૮ વર્ષ – સમય ન્યૂન ૨ આવલિકા | પુરુષવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર ૯મા ગુણઠાણાવાળા જીવો |
| ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૧લા, ૨જા, ૪થા ગુણઠાણાવાળા નારકો |
| ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૧લા, ૨જા, ૪થા ગુણઠાણાવાળા દેવો |

| ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી | |
|---|---|---|---|---|
| મનુષ્યાયુષ્ય | ૩ પલ્યોપમ | ૩ પલ્યોપમ+અબાધા –૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા મનુષ્ય-તિર્યંચ | |
| તિર્યંચાયુષ્ય | ૩ પલ્યોપમ | ૩ પલ્યોપમ+અબાધા –૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા મનુષ્ય-તિર્યંચ | |
| નરક ૨ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| તિર્યંચ ૨ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| મનુષ્ય ૨ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| દેવ ૨ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| એકેન્દ્રિયજાતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| પંચેન્દ્રિયજાતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| ઔદારિક ૭ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| વૈક્રિય ૭ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |

| જઘન્ય સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી |
|---|---|---|
| ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૩જા સિવાયના ૧લા થી ૧૧મા ગુણઠાણાવાળા મનુષ્યો |
| ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૧લા, ૨જા, ૪થા, ૫મા ગુણઠાણાવાળા તિર્યંચો |
| પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| પલ્યોપમ/અસંખ્ય | પલ્યોપમ/અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમસંક્રમ વખતે |
| અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |

| ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી | |
|---|---|---|---|---|
| આહારક ૭ | અતઃકોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | અતઃકોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૭મા ગુણઠાણાવાળા જીવો | |
| તૈજસ ૭ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| પહેલા ૫ સંઘયણ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સેવાર્ત સંઘયણ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| પહેલા ૫ સંસ્થાન | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| હુંડક સંસ્થાન | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| ❑ શુભવર્ણાદિ ૧૧, નીલવર્ણ, તિક્તરસ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| △ શેષ અશુભ વર્ણાદિ ૭ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| સુખગતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| કુખગતિ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |
| આતપ ૨ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો | |

❑ શુભ વર્ણાદિ ૧૧ = શુક્લવર્ણ, પીતવર્ણ, રક્તવર્ણ, સુરભિગંધ, કષાયરસ,

△ શેષ અશુભ વર્ણાદિ ૭ = કૃષ્ણવર્ણ, દુરભિગંધ, કટુરસ, ગુરુસ્પર્શ, કર્કશસ્પર્શ,

| | જઘન્ય સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી |
|---|---|---|---|
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |

અમ્લરસ, મધુરરસ, લઘુસ્પર્શ, મૃદુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, ઉષ્ણસ્પર્શ.
રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ.

| ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી |
|---|---|---|---|
| પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| જિન | અંતઃકોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | અંતઃકોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૪થા ગુણઠાણાવાળા જીવો |
| ત્રસ ૪ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| સ્થિર ૬ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| સ્થાવર | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| સૂક્ષ્મ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| અપર્યાપ્ત | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| સાધારણ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| અસ્થિર ૬ | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| ઉચ્ચગોત્ર | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૩ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| નીચગોત્ર | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૨૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |
| અંતરાય ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ– ૨ આવલિકા | ૩૦ કોડાકોડી સાગરોપમ– ૧ આવલિકા | ૧લા ગુણઠાણાવાળા જીવો |

| | જઘન્ય સ્થિતિસંક્રમ | યત્સ્થિતિ | જઘન્ય સ્થિતિસંક્રમના સ્વામી |
|---|---|---|---|
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | પલ્યોપમ / અસંખ્ય | પલ્યોપમ / અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| | પલ્યોપમ / અસંખ્ય | પલ્યોપમ / અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | પલ્યોપમ / અસંખ્ય | પલ્યોપમ / અસંખ્ય + ૧ આવલિકા | ૯મા ગુણઠાણાવાળા ક્ષપકને ચરમ સંક્રમ વખતે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | અંતર્મુહૂર્ત– ૧ આવલિકા | અંતર્મુહૂર્ત | ૧૩મા ગુણઠાણાના ચરમ સમયે |
| | ૧ સમય | ૧ સમય + ૧ આવલિકા | ૧૨મા ગુણઠાણાવાળા જીવો |

# રસસંક્રમ

અહીં ૭ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **વિશેષલક્ષણ** - તે ત્રણ પ્રકારે છે -

(i) બંધાતા કર્મદલિકોના સત્તાગત અલ્પ રસને વધુ કરવો તે **રસઉદ્વર્તના.**

(ii) કર્મદલિકોના સત્તાગત વધુ રસને અલ્પ કરવો તે **રસઅપવર્તના.**

(iii) સંક્રમતી પ્રકૃતિનો સત્તાગત રસ બધ્યમાન પ્રકૃતિમાં સંક્રમાવવો તે **અન્યપ્રકૃતિનયન રસસંક્રમ.**

મૂળપ્રકૃતિમાં રસઉદ્વર્તના - રસઅપવર્તના આ બે સંક્રમ હોય છે. ઉત્તરપ્રકૃતિમાં ત્રણે સંક્રમ હોય છે.

(૨) **ભેદ** - રસસંક્રમ બે પ્રકારે છે -

(i) **મૂળપ્રકૃતિરસસંક્રમ** - તે ૮ પ્રકારે છે.

(ii) **ઉત્તરપ્રકૃતિરસસંક્રમ** - તે ૧૫૮ પ્રકારે છે.

(૩) **રસસ્પર્ધક** -

(i) **કેવળજ્ઞાનાવરણ, કેવળદર્શનાવરણ, અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, નિદ્રા ૫, મિથ્યાત્વમોહનીય = ૨૦ :-** આ ૨૦ પ્રકૃતિઓના રસસ્પર્ધકો સર્વઘાતી છે. તેઓ કેવળજ્ઞાન વગેરે સ્વઘાત્ય ગુણોનો સંપૂર્ણ રીતે ઘાત કરે છે. તેઓ તાંબાના ભાજનની જેમ છિદ્રરહિત છે, ઘીની જેમ સ્નિગ્ધ

છે, દ્રાક્ષની જેમ અલ્પ પ્રદેશવાળા છે અને સ્ફટિકની જેમ નિર્મળ છે. આ રસસ્પર્ધકો ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા હોય છે.

(ii) **જ્ઞાનાવરણ ૪, દર્શનાવરણ ૩, સંજ્વલન ૪, નોકષાય ૯, અંતરાય ૫ = ૨૫** :- આ પ્રકૃતિઓના રસસ્પર્ધકો સર્વઘાતી અને દેશઘાતી છે. તેઓ સ્વઘાત્ય જ્ઞાન વગેરે ગુણોના એકદેશરૂપ મતિ-જ્ઞાનાદિનો ઘાત કરે છે. તેઓમાંથી કેટલાક સ્પર્ધકો વાંસની ચટાઈની જેમ અનેક મોટા છિદ્રવાળા હોય છે, કેટલાક સ્પર્ધકો કાંબળીની જેમ અનેક મધ્યમ છિદ્રવાળા હોય છે, કેટલાક સ્પર્ધકો વસ્ત્રની જેમ અનેક સૂક્ષ્મ છિદ્રવાળા હોય છે. તેઓ બધા અલ્પ સ્નેહવાળા અને વિશિષ્ટ નિર્મળતા વિનાના હોય છે. જ્ઞાનાવરણ ૪, દર્શનાવરણ ૩, પુરુષવેદ, સંજ્વલન ૪, અંતરાય ૫ - આ ૧૭ પ્રકૃતિઓના રસસ્પર્ધકો ૧ ઠાણિયા રસવાળા, ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા હોય છે. શેષ પ્રકૃતિઓના રસસ્પર્ધકો ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા હોય છે.

(iii) **અઘાતી ૧૧૧** :- આ પ્રકૃતિઓના રસસ્પર્ધકો અઘાતી છે. તેઓ કોઈ ગુણનો ઘાત કરતા નથી. જેમ વ્યક્તિ ચોરના સંબંધથી ચોર જેવો થઇ જાય તેમ વેદ્યમાન સર્વઘાતી કે દેશઘાતી રસસ્પર્ધકોના સંબંધથી અઘાતી રસસ્પર્ધકો પણ સર્વઘાતી કે દેશઘાતી જેવા થઈ જાય છે. આ રસસ્પર્ધકો ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા હોય છે.

(iv) **દર્શનમોહનીય** - ૩ :- આ પ્રકૃતિઓના રસસ્પર્ધકો બે પ્રકારના છે - દેશઘાતી અને સર્વઘાતી. ૧ ઠાણિયા રસવાળા અને મંદ ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો દેશઘાતી છે. તે સમ્યક્ત્વ-

મોહનીયના છે. મધ્યમ ૨ ઠાણિયા રસવાળા, તીવ્ર ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો સર્વઘાતી છે. તેમાંથી મધ્યમ ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો મિશ્રમોહનીયના છે. તીવ્ર ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો મિથ્યાત્વમોહનીયના છે.

## (૪) ઉત્કૃષ્ટ રસસંક્રમ -

(૧) **સમ્યક્ત્વમોહનીય** - તેના મંદ ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોમાંથી ઉત્કૃષ્ટ ૨ ઠાણિયા રસવાળા દેશઘાતી રસસ્પર્ધકો સંક્રમે તે ઉત્કૃષ્ટ રસસંક્રમ છે. સમ્યક્ત્વમોહનીયના મધ્યમ ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોથી ૪ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો સુધીના રસસ્પર્ધકો હોતા જ નથી.

(૨) **મિશ્રમોહનીય** - તેના મધ્યમ ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોમાંથી ઉત્કૃષ્ટ ૨ ઠાણિયા રસવાળા સર્વઘાતી રસસ્પર્ધકો સંક્રમે તે ઉત્કૃષ્ટ રસસંક્રમ છે. મિશ્રમોહનીયના તીવ્ર ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોથી ૪ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો સુધીના રસસ્પર્ધકો હોતા જ નથી.

(૩) **મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, આતપ=૩** - આ ત્રણ પ્રકૃતિઓના સત્તામાં ૨ ઠાણિયા રસવાળા, ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો હોવા છતા તથાસ્વભાવે જ તેમના ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ ૨ ઠાણિયા રસવાળા અને સાહચર્યના કારણે સર્વઘાતી થયેલ રસસ્પર્ધકો જ સંક્રમે તે ઉત્કૃષ્ટ રસસંક્રમ છે. આ ત્રણ પ્રકૃતિના ૩ ઠાણિયા રસવાળા અને ૪ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો સંક્રમતા નથી.

**(૪) શેષ ૧૫૩ પ્રકૃતિઓ** - આ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ ૪ ઠાણિયા રસવાળા સ્વાભાવિક રીતે કે સાહચર્યથી સર્વઘાતી થયેલા રસસ્પર્ધકો સંક્રમે તે ઉત્કૃષ્ટ રસસંક્રમ છે.

**ઉત્કૃષ્ટ રસસંક્રમનું પ્રમાણ**

| ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ રસસંક્રમ | |
|---|---|---|
| | સ્થાન | ઘાતી |
| સમ્યક્ત્વમોહનીય | મંદ ૨ ઠાણિયા રસવાળા ઉત્કૃષ્ટ રસસ્પર્ધકો | દેશઘાતી રસસ્પર્ધકો |
| મિશ્રમોહનીય | મધ્યમ ૨ ઠાણિયા રસવાળા ઉત્કૃષ્ટ રસસ્પર્ધકો | સર્વઘાતી રસસ્પર્ધકો |
| મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, આતપ | તીવ્ર ૨ ઠાણિયા રસવાળા ઉત્કૃષ્ટ રસસ્પર્ધકો | સર્વઘાતી રસસ્પર્ધકો |
| શેષ ૧૫૩ | ૪ ઠાણિયા રસવાળા ઉત્કૃષ્ટ રસસ્પર્ધકો | સર્વઘાતી રસસ્પર્ધકો |

**(૫) જઘન્ય રસસંક્રમ** -

**(૧) સમ્યક્ત્વમોહનીય, પુરુષવેદ, સંજ્વલન ૪ = ૬** - આ પ્રકૃતિઓના જઘન્ય ૧ ઠાણિયા રસવાળા દેશઘાતી રસસ્પર્ધકો સંક્રમે તે જઘન્ય રસસંક્રમ છે.

**(૨) શેષ ૧૫૨ પ્રકૃતિઓ** - આ પ્રકૃતિઓના જઘન્ય ૨ ઠાણિયા રસવાળા સ્વાભાવિક રીતે કે સાહચર્યથી સર્વઘાતી થયેલા રસસ્પર્ધકો સંક્રમે તે જઘન્ય રસસંક્રમ છે. જો કે કેવળજ્ઞાનાવરણ

સિવાયના જ્ઞાનાવરણ ૪, કેવળદર્શનાવરણ સિવાયના દર્શનાવરણ ૩, અંતરાય ૫ = ૧૨ પ્રકૃતિઓનો એક ઠાણિયો રસ બંધાય છે, પણ ક્ષયકાળે તેમના ૧ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોની સાથે ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો પણ સંક્રમે છે, માત્ર ૧ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો સંક્રમતા નથી. તેથી આ પ્રકૃતિઓનો ૧ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોનો જઘન્ય રસસંક્રમ મળતો નથી, પણ ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોનો જ જઘન્ય રસસંક્રમ મળે છે. શેષ પ્રકૃતિઓના ૧ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકો બંધાતા જ ન હોવાથી તેમનો જઘન્ય રસસંક્રમ જઘન્ય ૨ ઠાણિયા રસવાળા રસસ્પર્ધકોનો છે.

**જઘન્ય રસસંક્રમનું પ્રમાણ**

| ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ રસસંક્રમ | |
|---|---|---|
| | સ્થાન | ઘાતી |
| સમ્યક્ત્વમોહનીય, પુરુષવેદ, સંજ્વલન ૪ = ૬ | ૧ ઠાણિયા રસવાળા જઘન્ય રસસ્પર્ધકો | દેશઘાતી રસસ્પર્ધકો |
| શેષ ૧૫૨ | ૨ ઠાણિયા રસવાળા જઘન્ય રસસ્પર્ધકો | સર્વઘાતી રસસ્પર્ધકો |

## (૬) સાદ્યાદિ પ્રરૂપણા -

### મૂળપ્રકૃતિઓમાં રસસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા -

**(૧) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય=૩** - ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે આ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ થાય છે. તે સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો શેષ બધો રસસંક્રમ તે અજઘન્ય રસસંક્રમ છે. તે બધા જીવોને

અનાદિ છે. અભવ્યને અજઘન્ય રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય રસસંક્રમ કરે ત્યારે અજઘન્ય રસસંક્રમ અધ્રુવ છે.

આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસસંક્રમ મિથ્યાદષ્ટિને ક્યારેક થતો હોવાથી તે સાદિ-અધ્રુવ છે. ઉત્કૃષ્ટ રસસંક્રમથી પડી અનુત્કૃષ્ટ રસસંક્રમ કરી ફરી કાલાંતરે ઉત્કૃષ્ટ રસસંક્રમ કરે. માટે અનુત્કૃષ્ટ રસસંક્રમ પણ સાદિ-અધ્રુવ છે.

(૨) **મોહનીય** - ક્ષપકશ્રેણિમાં ૧૦મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે મોહનીયનો જઘન્ય રસસંક્રમ થાય છે. તે સાદિ-અધ્રુવ છે. મોહનીયનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અજઘન્ય રસસંક્રમ છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ૧૧મા ગુણઠાણેથી પડે ત્યારે તેને અજઘન્ય રસસંક્રમ સાદિ છે. પૂર્વે ૧૧ મુ ગુણઠાણુ નહીં પામેલાને અજઘન્ય રસસંક્રમ અનાદિ છે. અભવ્યને અજઘન્ય રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય રસસંક્રમ વખતે કે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે અજઘન્ય રસસંક્રમ અધ્રુવ છે.

મોહનીયનો ઉત્કૃષ્ટ રસસંક્રમ અને અનુત્કૃષ્ટ રસસંક્રમ જ્ઞાનાવરણના ઉત્કૃષ્ટ રસસંક્રમ અને અનુત્કૃષ્ટ રસસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

(૩) **આયુષ્ય** - અપ્રમત્ત સંયત દેવાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ રસ બાંધી બંધાવલિકા પછી સંક્રમાવે. તે દેવભવની આવલિકા શેષ રહે ત્યાં સુધી સંક્રમાવે. તેથી તે ઉત્કૃષ્ટ રસસંક્રમ સાદિ-અધ્રુવ છે. આયુષ્યનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અનુત્કૃષ્ટ રસસંક્રમ છે. ઉત્કૃષ્ટ રસસંક્રમથી પડી અનુત્કૃષ્ટ રસસંક્રમ કરનારને તે સાદિ છે. પૂર્વે જેણે ઉત્કૃષ્ટ રસસંક્રમ કર્યો નથી તેને અનુત્કૃષ્ટ

રસસંક્રમ અનાદિ છે. અભવ્યને અનુત્કૃષ્ટ રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને ઉત્કૃષ્ટ રસસંક્રમ કરે ત્યારે અનુત્કૃષ્ટ રસસંક્રમ અધ્રુવ છે.

જેણે સત્તામાં રહેલ ઘણા રસને હણ્યો હોય એવા અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયને આયુષ્યનો જઘન્ય રસસંક્રમ હોય. તે જ જીવનો કે અન્ય જીવનો આયુષ્યનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અજઘન્ય રસસંક્રમ છે. તે બન્ને સાદિ-અધ્રુવ છે.

**(૪) નામ, ગોત્ર, વેદનીય=૩** - ક્ષપકશ્રેણિમાં ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે આ ત્રણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બંધાય છે. બંધાવલિકા વીત્યા બાદ ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી તેને સંક્રમાવે. તેથી તે ઉત્કૃષ્ટ રસસંક્રમ સાદિ-અધ્રુવ છે. આ ત્રણ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અનુત્કૃષ્ટ રસસંક્રમ છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને અનુત્કૃષ્ટ રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને ઉત્કૃષ્ટ રસસંક્રમ કરે ત્યારે કે ૧૧મા ગુણઠાણે આવે ત્યારે અનુત્કૃષ્ટ રસસંક્રમ અધ્રુવ છે.

આ ત્રણ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ અને અજઘન્ય રસસંક્રમ આયુષ્યના જઘન્ય રસસંક્રમ અને અજઘન્ય રસસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

## મૂળપ્રકૃતિઓમાં રસસંક્રમના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | રસસંક્રમના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય રસસંક્રમ | અજઘન્ય રસસંક્રમ | ઉત્કૃષ્ટ રસસંક્રમ | અનુત્કૃષ્ટ રસસંક્રમ | કુલ |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય=૩ | સાદિ, અધ્રુવ | અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૨૭ |

| મૂળપ્રકૃતિ | રસસંક્રમના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય રસસંક્રમ | અજઘન્ય રસસંક્રમ | ઉત્કૃષ્ટ રસસંક્રમ | અનુત્કૃષ્ટ રસસંક્રમ | કુલ |
| મોહનીય | સાદિ, અધ્રુવ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૧૦ |
| આયુષ્ય | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | ૧૦ |
| નામ, ગોત્ર, વેદનીય=૩ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | અનાદિ, ધ્રુવ, અધ્રુવ | ૨૭ |
| કુલ | ૧૬ | ૨૧ | ૧૬ | ૨૧ | ૭૪ |

## ઉત્તરપ્રકૃતિઓમાં રસસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા -

**(૧) અનંતાનુબંધી ૪, સંજ્વલન ૪, નોકષાય ૯ = ૧૭ :-** અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરી ફરી ૧લા ગુણઠાણે આવી અનંતાનુબંધી ૪ બાંધી બંધાવલિકા વીત્યા બાદ બીજી આવલિકાના પ્રથમ સમયે અનંતાનુબંધી ૪નો જઘન્ય રસસંક્રમ થાય છે. શેષ ૧૩ પ્રકૃતિઓનો પોતપોતાના ક્ષય વખતે જઘન્ય સ્થિતિસંક્રમ કરતા જઘન્ય રસસંક્રમ થાય છે. આ ૧૭ પ્રકૃતિઓનો આ જઘન્ય રસસંક્રમ સાદિ-અધ્રુવ છે. આ ૧૭ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અજઘન્ય રસસંક્રમ છે. ૧૧મા ગુણઠાણેથી પડે ત્યારે અજઘન્ય રસસંક્રમની સાદિ થાય. અનંતાનુબંધી ૪ના જઘન્ય રસસંક્રમથી પડે ત્યારે પણ અજઘન્ય રસસંક્રમની સાદિ થાય. તે સ્થાનો પૂર્વે નહીં પામેલાને અજઘન્ય રસસંક્રમ અનાદિ છે. અભવ્યને અજઘન્ય રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય રસસંક્રમ વખતે કે ઉપશમશ્રેણિમાં સંક્રમવિચ્છેદ થાય ત્યારે અજઘન્ય રસસંક્રમ અધ્રુવ છે.

ઉત્કૃષ્ટ રસસંક્રમ ઉત્કૃષ્ટ સંક્લેશવાળા મિથ્યાદૃષ્ટિને થાય.

શેષકાળે અનુત્કૃષ્ટ રસસંક્રમ થાય. તેથી ઉત્કૃષ્ટ રસસંક્રમ અને અનુત્કૃષ્ટ રસસંક્રમ સાદિ-અધ્રુવ છે.

(૨) **જ્ઞાનાવરણ ૫, થિણદ્ધિ ૩ વિના દર્શનાવરણ ૬, અંતરાય ૫ = ૧૬ :-** ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે આ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ થાય. તે સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અજઘન્ય રસસંક્રમ છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને અજઘન્ય રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને જઘન્ય રસસંક્રમ કરે ત્યારે અજઘન્ય રસસંક્રમ અધ્રુવ છે.

આ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસસંક્રમ અને અનુત્કૃષ્ટ રસસંક્રમ અનંતાનુબંધી ૪ના ઉત્કૃષ્ટ રસસંક્રમ અને અનુત્કૃષ્ટ રસસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

(૩) **સાતા, પંચેન્દ્રિયજાતિ, તૈજસ ૭, ૧લુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, નિર્માણ, ઉચ્છ્વાસ, પરાઘાત, સુખગતિ, ત્રસ ૧૦ = ૩૬ :-** ક્ષપકશ્રેણિમાં પોતપોતાના બંધવિચ્છેદ વખતે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી સંક્રમાવે. તે ઉત્કૃષ્ટ રસસંક્રમ છે. તે સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અનુત્કૃષ્ટ રસસંક્રમ છે. તે બધા જીવોને અનાદિ છે. અભવ્યને અનુત્કૃષ્ટ રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને ઉત્કૃષ્ટ રસસંક્રમ કરે ત્યારે અનુત્કૃષ્ટ રસસંક્રમ અધ્રુવ છે.

જેણે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં સત્તામાં રહેલા ઘણા રસને હણ્યો હોય તે આ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ કરે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અજઘન્ય રસસંક્રમ છે. તે બન્ને સાદિ-અધ્રુવ છે.

**(૪) ઔદારિક ૭, પહેલુ સંઘયણ, ઉદ્યોત = ૯ :-** અત્યંત વિશુદ્ધ સમ્યગ્દષ્ટિ દેવ ઉદ્યોત સિવાયની ૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ ૧૩૨ સાગરોપમ સુધી સંક્રમાવે. તે ઉત્કૃષ્ટ રસસંક્રમ છે. સમ્યક્ત્વાભિમુખ ૭મી નારકીનો મિથ્યાદષ્ટિ જીવ ઉદ્યોતનો ઉત્કૃષ્ટ રસબંધ કરી બંધાવલિકા વીત્યા બાદ જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી ▫૧૩૨ સાગરોપમ સુધી સંક્રમાવે. તે ઉત્કૃષ્ટ રસસંક્રમ છે. આ ૯ પ્રકૃતિઓનો આ ઉત્કૃષ્ટ રસસંક્રમ સાદિ-અધ્રુવ છે. આ ૯ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અનુત્કૃષ્ટ રસસંક્રમ છે. ઉત્કૃષ્ટ રસસંક્રમથી પડીને અનુત્કૃષ્ટ રસસંક્રમ કરનારને અનુત્કૃષ્ટ રસસંક્રમ સાદિ છે. તે સ્થાન પૂર્વે નહીં પામેલાને અનુત્કૃષ્ટ રસસંક્રમ અનાદિ છે. અભવ્યને અનુત્કૃષ્ટ રસસંક્રમ ધ્રુવ છે. ભવ્યને ઉત્કૃષ્ટ રસસંક્રમ કરે ત્યારે કે સંક્રમવિચ્છેદ થાય ત્યારે અનુત્કૃષ્ટ રસસંક્રમ અધ્રુવ છે.

આ ૯ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ અને અજઘન્ય રસસંક્રમ સાતાના જઘન્ય રસસંક્રમ અને અજઘન્ય રસસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

**(૫) શેષ ૮૦ પ્રકૃતિઓ :-** આમાંથી નરકાયુષ્ય સિવાયના ૩ આયુષ્ય, દેવ ૨, મનુષ્ય ૨, વૈક્રિય ૭, આહારક ૭, આતપ, જિન, ઉચ્ચગોત્ર-આ ૨૪ શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય વિશુદ્ધિમાં બાંધે અને સંક્રમાવે. થિણદ્ધિ ૩, અસાતા, દર્શનમોહનીય ૩, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, નરકાયુષ્ય, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, અશુભ વર્ણાદિ

▫ ૭મી નરકના છેલ્લા અંતર્મુહૂર્તના અને આગામી ભવના પ્રથમ અંતર્મુહૂર્તના મિથ્યાત્વના અલ્પકાળની આમાં વિવક્ષા કરી નથી.

૯, કુખગતિ, ઉપઘાત, સ્થાવર ૧૦, નીચગોત્ર - આ ૫૬ અશુભપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય સંક્લેશમાં બાંધે અને સંક્રમાવે. આ ૮૦ પ્રકૃતિઓનો આ ઉત્કૃષ્ટ રસસંક્રમ છે. આ ૮૦ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો રસસંક્રમ તે અનુત્કૃષ્ટ રસસંક્રમ છે. તે બન્ને સાદિ-અધ્રુવ છે.

આ ૮૦ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ અને અજઘન્ય રસસંક્રમ સાતાના જઘન્ય રસસંક્રમ અને અજઘન્ય રસસંક્રમની જેમ સાદિ-અધ્રુવ છે.

## ઉત્તરપ્રકૃતિઓમાં રસસંક્રમના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | રસસંક્રમના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય રસસંક્રમ | અજઘન્ય રસસંક્રમ | ઉત્કૃષ્ટ રસસંક્રમ | અનુત્કૃષ્ટ રસસંક્રમ | કુલ |
| અનંતાનુબંધી ૪, સંજ્વલન ૪, નોકષાય ૯ = ૧૭ | સાદિ, અધ્રુવ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૧૭૦ |
| જ્ઞાનાવરણ ૫, થિણદ્ધિ ૩ વિના દર્શનાવરણ ૬, અંતરાય ૫ = ૧૬ | સાદિ, અધ્રુવ | અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૧૪૪ |
| સાતા, પંચેન્દ્રિયજાતિ, તૈજસ ૭, ૧લુ સંસ્થાન, શુભવર્ણાદિ ૧૧, અગુરુલઘુ, નિર્માણ, ઉચ્છ્વાસ,પરાઘાત, સુખગતિ, ત્રસ ૧૦ = ૩૬ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | અનાદિ, ધ્રુવ, અધ્રુવ | ૩૨૪ |

| મૂળપ્રકૃતિ | રસસંક્રમના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|
| | જઘન્ય રસસંક્રમ | અજઘન્ય રસસંક્રમ | ઉત્કૃષ્ટ રસસંક્રમ | અનુત્કૃષ્ટ રસસંક્રમ | કુલ |
| ઔદારિક ૭, ૧લુ સંઘયણ, ઉદ્યોત = ૯ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ,અનાદિ ધ્રુવ, અધ્રુવ | ૯૦ |
| શેષ ૮૦ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૬૪૦ |
| કુલ | ૩૧૬ | ૩૬૬ | ૩૧૬ | ૩૭૦ | ૧,૩૬૮ |

## (૭) સ્વામિત્વ -

**ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી** - મિથ્યાદૃષ્ટિ ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા બાદ અંતર્મુહૂર્ત સુધી તેને સંક્રમાવે. ત્યાર પછી સંક્લેશ વડે શુભપ્રકૃતિના રસનો અને વિશુદ્ધિથી અશુભપ્રકૃતિના રસનો ઘાત કરે. આ બાબતનું ધ્યાન રાખી ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી જાણવા.

**(૧) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, અસાતા, મોહનીય ૨૮, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, અશુભ વર્ણાદિ ૯, કુખગતિ, ઉપઘાત, સ્થાવર ૧૦, નીચગોત્ર, અંતરાય ૫ = ૮૮ :-** અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ અને આનતાદિ દેવો સિવાયના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો.

**(૨) મનુષ્ય ૨, ઔદારિક ૭, ૧લુ સંઘયણ = ૧૦ :-** સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ જીવો.

આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ સમ્યગ્દૃષ્ટિ કરે છે. તે તેને સાધિક ૧૩૨ સાગરોપમ સુધી ટકાવી રાખે છે, તેનો નાશ કરતો

નથી. તે સમ્યગ્દષ્ટિપણામાં બંધાવલિકા પછી તેને સંક્રમાવે છે. તે ૧લા ગુણઠાણે જાય તો ત્યાં પણ અંતર્મુહૂર્ત સુધી તેને સંક્રમાવે છે.

(૩) **આતપ-ઉદ્યોત** :- સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિ જીવો.

આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાદષ્ટિ જ કરે છે. તે બંધાવલિકા પછી અંતર્મુહૂર્ત સુધી તેને સંક્રમાવે છે. અંતર્મુહૂર્ત પૂર્ણ થતા પૂર્વે જ સમ્યક્ત્વ પામે તો ત્યાં પણ ઉત્કૃષ્ટથી ૧૩૨ સાગરોપમ સુધી તેને સંક્રમાવે છે.

(૪) **દેવાયુષ્ય** :- સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિ જીવો.

અપ્રમત્ત સંયત દેવાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ રસ બાંધી બંધાવલિકા પછી તેને સંક્રમાવે છે. તે દેવભવની આવલિકા શેષ રહે ત્યાં સુધી સંક્રમાવે છે. તે દેવભવમાં સમ્યગ્દષ્ટિ હોય અથવા મિથ્યાદષ્ટિ હોય.

(૫) **મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, નરકાયુષ્ય** :- સમ્યગ્દષ્ટિ - મિથ્યાદષ્ટિ જીવો.

મિથ્યાદષ્ટિ આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા બાદ સંક્રમાવે છે. તે ભવાંતરની આવલિકા શેષ રહે ત્યાં સુધી તેને સંક્રમાવે છે. બંધાવલિકા બાદ તે સમ્યગ્દષ્ટિ હોય અથવા મિથ્યાદષ્ટિ હોય.

(૬) **શેષ ૫૪ પ્રકૃતિઓ**□ :- ૮મા ગુણઠાણાથી ૧૩મા ગુણઠાણા સુધીના જીવો આ પ્રકૃતિઓના બંધવિચ્છેદસમયે તેમનો ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા પછી તેને સંક્રમાવે છે. તે ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી તેને સંક્રમાવે છે.

---

□ શેષ ૫૪ પ્રકૃતિઓ = સાતા, દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૭, આહારક ૭, તૈજસ ૭, ૧લુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, સુખગતિ, ત્રસ ૧૦, નિર્માણ, જિન, ઉચ્ચગોત્ર

## ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી

| ક્રમ | ઉત્તરપ્રકૃતિ | ઉત્કૃષ્ટ રસસંક્રમના સ્વામી | કાળ |
|---|---|---|---|
| ૧ | નરકાયુષ્ય વિના અશુભ ૮૮ | અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય, પંચેન્દ્રિય તિર્યંચ અને આનતાદિ દેવો સિવાયના ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો | અંતર્મુહૂર્ત |
| ૨ | મનુષ્ય ૨, ઔદારિક ૭, ૧લુ સંઘયણ | સમ્યગ્દૃષ્ટિ | બંધાવલિકા બાદ ૧૩૨ સાગરોપમ સુધી |
| | | મિથ્યાદૃષ્ટિ | અંતર્મુહૂર્ત |
| ૩ | આતપ, ઉદ્યોત | મિથ્યાદૃષ્ટિ | બંધાવલિકા બાદ અંતર્મુહૂર્ત સુધી |
| | | સમ્યગ્દૃષ્ટિ | ૧૩૨ સાગરોપમ |
| ૪ | દેવાયુષ્ય | ઉત્કૃષ્ટ રસ બાંધનારા અપ્રમત્તસંયત અને સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ દેવો | બંધાવલિકા બાદ ભવાંતરની ૧ આવલિકા શેષ રહે ત્યાંસુધી |
| ૫ | મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, નરકાયુષ્ય = ૩ | ઉત્કૃષ્ટ રસ બાંધનારા મિથ્યાદૃષ્ટિ જીવો અને ઉત્કૃષ્ટરસ બાંધીને પછીથી સમ્યગ્દૃષ્ટિ થયેલા જીવો | બંધાવલિકા બાદ ભવાંતરની ૧ આવલિકા શેષ રહે ત્યાં સુધી |
| ૬ | શેષ ૫૪ | ૮મા ગુણઠાણા થી ૧૩મા ગુણ-ઠાણા સુધીના બંધવિચ્છેદ સમયે ઉત્કૃષ્ટરસ બાંધનારા ક્ષપક જીવો | બંધાવલિકા બાદ ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી |

**જઘન્ય રસસંક્રમના સ્વામી** - ક્ષપકશ્રેણિમાં અંતરકરણ ન કરે ત્યાં સુધી બધી દેશઘાતી અને સર્વઘાતી પ્રકૃતિઓની રસસત્તા સૂક્ષ્મ એકેન્દ્રિયની રસસત્તા કરતા અનંતગુણ છે. અંતરકરણ કર્યા પછી તેમની રસસત્તા સૂક્ષ્મ એકેન્દ્રિયની રસસત્તા કરતા અનંતગુણહીન થાય છે. શેષ અઘાતી અશુભ ૩૦ પ્રકૃતિઓ (અસાતા, પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, અશુભ વર્ણાદિ ૯, કુખગતિ, ઉપઘાત, અપર્યાપ્ત, અસ્થિર ૬, નીચગોત્ર)ની કેવળીને રસસત્તા અસંજ્ઞી પંચેન્દ્રિયની રસસત્તા કરતા અનંતગુણ હોય છે. તેથી સર્વઘાતી-દેશઘાતી પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ ક્ષપકશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી હોય છે. શેષ અશુભ અઘાતી ૩૦ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ જેણે સત્તામાં રહેલ રસને હણ્યો હોય એવા સૂક્ષ્મ એકેન્દ્રિયને હોય.

સાતા, દેવ ૨, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, ઔદારિક ૭, વૈક્રિય ૭, આહારક ૭, તૈજસ ૭, શુભ વર્ણાદિ ૧૧, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ, જિન, આતપ, ઉદ્યોત, ત્રસ ૧૦, ઉચ્ચગોત્ર = ૬૬ શુભ અઘાતી પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસનો સમ્યગ્દષ્ટિ ઉત્કૃષ્ટથી ૧૩૨ સાગરોપમ સુધી ઘાત ન કરે. ક્ષપકશ્રેણિ વિના સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ રસનો ઘાત ન કરે. મિથ્યાદૃષ્ટિ અંતર્મુહૂર્ત પછી બધી શુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસનો સંક્લેશથી અને અશુભ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસનો વિશુદ્ધિથી ઘાત કરે છે.

આટલી બાબતોનું ધ્યાન રાખી જઘન્ય રસસંક્રમના સ્વામી જાણવા.

**(૧) સંજ્વલન ૪, નોકષાય ૯ = ૧૩ :-** ક્ષપકશ્રેણિમાં અંતરકરણ કર્યા પછી જઘન્ય સ્થિતિસંક્રમ વખતે.

**(૨) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ = ૧૪ :-** ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે.

**(૩) નિદ્રા ૨ :-** ૧૨મા ગુણઠાણાની ૨ આવલિકા + આવલિકા/અસંખ્ય શેષ હોય ત્યારે.

**(૪) સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ :-** ક્ષય કરતી વખતે પોતપોતાના ચરમ સ્થિતિખંડના સંક્રમ વખતે.

**(૫) આયુષ્ય ૪ :-** જઘન્ય સ્થિતિ બાંધતા જઘન્ય રસ બાંધી બંધાવલિકા પછી ભવાંતરની આવલિકા શેષ રહે ત્યાં સુધી તેને સંક્રમાવે.

**(૬) નરક ૨, દેવ ૨, વૈક્રિય ૭ = ૧૧ :-** અસંજ્ઞી પંચેન્દ્રિય જઘન્ય રસ બાંધીને બંધાવલિકા બાદ તેને સંક્રમાવે.

**(૭) મનુષ્ય ૨, ઉચ્ચગોત્ર = ૩ :-** સૂક્ષ્મ નિગોદના જીવો જઘન્ય રસ બાંધીને બંધાવલિકા બાદ તેને સંક્રમાવે.

**(૮) આહારક ૭ :-** અપ્રમત્તસંયત જઘન્ય રસ બાંધીને બંધાવલિકા બાદ તેને સંક્રમાવે.

**(૯) જિન :-** અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય રસ બાંધીને બંધાવલિકા બાદ તેને સંક્રમાવે.

**(૧૦) અનંતાનુબંધી ૪ :-** અનંતાનુબંધી વિસંયોજક સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જઈ જઘન્ય રસ બાંધીને બંધાવલિકા બાદ તેને સંક્રમાવે.

**(૧૧) શેષ ૯૭ પ્રકૃતિઓ**[□] :- જેણે સત્તામાં રહેલા ઘણા રસનો ઘાત કર્યો હોય એવા સૂક્ષ્મ તેઉકાય, સૂક્ષ્મ વાયુકાય અને ત્યાંથી અન્ય ભવમાં ગયેલ જીવ સત્તામાં રહેલ રસ કરતા વધુ રસ ન બાંધે ત્યાંસુધી તે જઘન્ય રસ સંક્રમાવે.

**જઘન્ય રસસંક્રમના સ્વામી**

| ક્રમ | ઉત્તરપ્રકૃતિ | જઘન્ય રસસંક્રમના સ્વામી |
|---|---|---|
| ૧ | સંજ્વલન ૪, નોકષાય ૯=૧૩ | ક્ષપકને અંતરકરણ કર્યા પછી જઘન્ય સ્થિતિસંક્રમ વખતે |
| ૨ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫=૧૪ | ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે |
| ૩ | નિદ્રા ૨ | ૧૨મા ગુણઠાણાની ૨ આવલિકા + આવલિકા/અસંખ્ય શેષ હોય ત્યારે |
| ૪ | સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ | ક્ષય વખતે ચરમ સ્થિતિખંડ સંક્રમાવતા |
| ૫ | આયુષ્ય ૪ | જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો |
| ૬ | નરક ૨, દેવ ૨, વૈક્રિય ૭=૧૧ | અસંજ્ઞી પંચેન્દ્રિયને જઘન્ય રસ બાંધી બંધાવલિકા બાદ |
| ૭ | મનુષ્ય ૨, ઉચ્ચગોત્ર = ૩ | સૂક્ષ્મ નિગોદના જીવોને જઘન્ય રસ બાંધી બંધાવલિકા બાદ |
| ૮ | આહારક ૭ | અપ્રમત્ત સંયતને જઘન્ય રસ બાંધી બંધાવલિકા બાદ |
| ૯ | જિન | અવિરત સમ્યગ્દૃષ્ટિને જઘન્ય રસ બાંધી બંધાવલિકા બાદ |
| ૧૦ | અનંતાનુબંધી ૪ | અનંતાનુબંધીની વિસંયોજના કરી સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે ગયેલા જીવોને જઘન્ય રસ બાંધી બંધાવલિકા બાદ |
| ૧૧ | શેષ ૯૭ | સત્તામાં રહેલા ઘણા રસનો નાશ કરનાર સૂક્ષ્મ તેઉવાય, સૂક્ષ્મ વાયુકાય અને ત્યાંથી અન્ય ભવમાં ગયેલ જીવો જ્યાંસુધી વધુ રસ ન બાંધે ત્યાંસુધી. |

□ શેષ ૯૭ પ્રકૃતિઓ = થિણદ્ધિ ૩, વેદનીય ૨, મિથ્યાત્વમોહનીય, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, તિર્યંચ ૨, જાતિ ૫, ઔદારિક ૭, તૈજસ ૭, સંઘયણ ૬, સંસ્થાન ૬, વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરુલઘુ, નિર્માણ, આતપ, ઉદ્યોત, ત્રસ ૧૦, સ્થાવર ૧૦, નીચગોત્ર

# પ્રદેશસંક્રમ

અહીં ૫ દ્વાર છે. તે આ પ્રમાણે -

(૧) **સામાન્ય લક્ષણ :-** સંક્રમયોગ્ય સત્તાગત કર્મદલિકોને બધ્યમાન પરપ્રકૃતિરૂપે પરિણમાવવા તે પ્રદેશસંક્રમ.

(૨) **ભેદ** - પ્રદેશસંક્રમના ૫ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(i) **ઉદ્વલનાસંક્રમ** -

સત્તામાં રહેલા કર્મદલિકોનો પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ સ્થિતિખંડ અંતર્મુહૂર્તમાં ખાલી કરે. ત્યાર પછી પહેલા સ્થિતિખંડ કરતા વિશેષહીન પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ બીજા સ્થિતિખંડને અંતર્મુહૂર્તમાં ખાલી કરે. ત્યાર પછી બીજા સ્થિતિખંડ કરતા વિશેષહીન પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ ત્રીજા સ્થિતિખંડને અંતર્મુહૂર્તમાં ખાલી કરે. આમ દ્વિચરમ સ્થિતિખંડ સુધી પૂર્વ પૂર્વના સ્થિતિખંડ કરતા ઉત્તરોત્તર વિશેષહીન પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ સ્થિતિખંડો અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે ખાલી કરે. દ્વિચરમ સ્થિતિખંડ કરતા ચરમ સ્થિતિખંડ અસંખ્યગુણ છે. તે પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ છે. તેને અંતર્મુહૂર્તમાં ખાલી કરે. બધા સ્થિતિખંડોને ખાલી કરવાનો કાળ પણ અંતર્મુહૂર્ત છે.

**સ્થિતિની અપેક્ષાએ સ્થિતિખંડોમાં અનંતરોપનિધા-**

પ્રથમ સ્થિતિખંડની સ્થિતિ ઘણી છે.

તેના કરતા બીજા સ્થિતિખંડની સ્થિતિ વિશેષહીન છે.

તેના કરતા ત્રીજા સ્થિતિખંડની સ્થિતિ વિશેષહીન છે.

એમ દ્વિચરમ સ્થિતિખંડ સુધી ઉત્તરોત્તર સ્થિતિખંડની સ્થિતિ પૂર્વપૂર્વના સ્થિતિખંડની સ્થિતિ કરતા વિશેષહીન છે.

દ્વિચરમ સ્થિતિખંડની સ્થિતિ કરતા ચરમ સ્થિતિખંડની સ્થિતિ અસંખ્યગુણ છે.

**સ્થિતિની અપેક્ષાએ સ્થિતિખંડોમાં પરંપરોપનિધા-**

પ્રથમ સ્થિતિખંડની સ્થિતિ કરતા કેટલાક સ્થિતિખંડોની સ્થિતિ અસંખ્યાતભાગહીન છે, કેટલાક સ્થિતિખંડોની સ્થિતિ સંખ્યાતભાગહીન છે, કેટલાક સ્થિતિખંડોની સ્થિતિ સંખ્યાતગુણહીન છે અને કેટલાક સ્થિતિખંડોની સ્થિતિ અસંખ્યાતગુણહીન છે.

**દલિકની અપેક્ષાએ સ્થિતિખંડોમાં અનંતરોપનિધા-**

પ્રથમ સ્થિતિખંડના દલિકો અલ્પ છે.

તેના કરતા બીજા સ્થિતિખંડના દલિકો વિશેષાધિક છે.

તેના કરતા ત્રીજા સ્થિતિખંડના દલિકો વિશેષાધિક છે.

એમ દ્વિચરમ સ્થિતિખંડ સુધી ઉત્તરોત્તર સ્થિતિખંડના દલિકો પૂર્વપૂર્વના સ્થિતિખંડના દલિકો કરતા વિશેષાધિક છે.

દ્વિચરમ સ્થિતિખંડના દલિકો કરતા ચરમ સ્થિતિખંડના દલિકો અસંખ્યગુણ છે.

**દલિકની અપેક્ષાએ સ્થિતિખંડોમાં પરંપરોપનિધા-**

પ્રથમ સ્થિતિખંડના દલિકો કરતા કેટલાક સ્થિતિખંડોના દલિકો અસંખ્યાતભાગ અધિક છે, કેટલાક સ્થિતિખંડોના દલિકો સંખ્યાતભાગ અધિક છે, કેટલાક સ્થિતિખંડોના દલિકો સંખ્યાતગુણ અધિક છે, કેટલાક સ્થિતિખંડોના દલિકો અસંખ્યગુણ અધિક છે.

**સ્થિતિખંડ ખાલી કરવાની વિધિ -** પહેલા સમયે થોડા દલિકો ખાલી કરે. તેના કરતા બીજા સમયે અસંખ્યગુણ દલિકો ખાલી કરે. તેના કરતા ત્રીજા સમયે અસંખ્યગુણ દલિકો ખાલી કરે. એમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વ પૂર્વ સમયે ખાલી કરાતા દલિકો કરતા અસંખ્યગુણ દલિકો ખાલી કરે. અહીં ગુણકાર $\frac{\text{ક્ષેત્રપલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ છે. આમ બધા સ્થિતિખંડોમાં જાણવું.

ખાલી કરાતા કેટલાક દલિકો સ્વસ્થાનમાં નાંખે અને કેટલાક દલિકો પરસ્થાનમાં નાંખે. પ્રથમ સ્થિતિખંડમાંથી ખાલી કરાતા દલિકો સ્વસ્થાનમાં અને પરસ્થાનમાં આ પ્રમાણે નાંખે - પ્રથમ સમયે પરસ્થાનમાં થોડા દલિકો નાંખે. તેના કરતા પ્રથમ સમયે સ્વસ્થાનમાં અસંખ્યગુણ દલિકો નાંખે. તેના કરતા બીજા સમયે સ્વસ્થાનમાં અસંખ્યગુણ દલિકો નાંખે. તેના કરતા ત્રીજા સમયે સ્વસ્થાનમાં અસંખ્યગુણ દલિકો નાંખે. તેના કરતા ચોથા સમયે સ્વસ્થાનમાં અસંખ્યગુણ દલિકો નાંખે. એમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે સ્વસ્થાનમાં પૂર્વ પૂર્વ સમયે સ્વસ્થાનમાં નંખાતા દલિકો કરતા અસંખ્યગુણ દલિકો નંખાય છે. પ્રથમ સમયે પરસ્થાનમાં નાંખેલા દલિકો કરતા બીજા સમયે પરસ્થાનમાં વિશેષહીન દલિકો નંખાય છે. તેના કરતા ત્રીજા સમયે પરસ્થાનમાં વિશેષહીન દલિકો નંખાય છે. એમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પરસ્થાનમાં પૂર્વ પૂર્વ સમયે પરસ્થાનમાં નંખાયેલા દલિકો કરતા વિશેષહીન દલિકો નંખાય છે.

દ્વિચરમ સ્થિતિખંડ સુધીના બધા સ્થિતિખંડોમાંથી ખાલી કરાતા દલિકો સ્વસ્થાનમાં અને પરસ્થાનમાં આ જ રીતે નાંખે છે.

ચરમ સ્થિતિખંડના ઉદયાવલિકા ઉપરના બધા દલિકો પરસ્થાનમાં નાંખે છે. તે પહેલા સમયે થોડા દલિકો નાંખે. તેના કરતા બીજા સમયે અસંખ્યગુણ દલિકો નાંખે. તેના કરતા ત્રીજા સમયે અસંખ્યગુણ દલિકો નાંખે. એમ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વ પૂર્વ સમયે નંખાતા દલિકો કરતા અસંખ્યગુણ દલિકો નંખાય છે.

ચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરપ્રકૃતિમાં જે બધા દલિકો નંખાય છે તેને સર્વસંક્રમ કહેવાય છે.

દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે જેટલા દલિકો પરસ્થાનમાં સંક્રમાવે છે તેટલા જ ચરમ સ્થિતિખંડના દલિકો જો પ્રતિસમય પરસ્થાનમાં સંક્રમાવે તો અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળે ચરમ સ્થિતિખંડ ખાલી થાય.

દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરસ્થાનમાં સંક્રમતા દલિકો પ્રમાણ દલિકો જો ચરમ સ્થિતિખંડના દરેક સમયે પરસ્થાનમાં સંક્રમાવે તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશો જેટલા સમયોમાં (અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીમાં) ચરમ સ્થિતિખંડ ખાલી થાય. દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરસ્થાનમાં સંક્રમતા દલિકો પ્રમાણ દલિકો જો ચરમ સ્થિતિખંડના દરેક સમયે પરસ્થાનમાં સંક્રમાવે તો ચરમ સ્થિતિખંડમાં આવા અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશો જેટલા ખંડો થાય.

દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે જેટલા દલિકો સ્વસ્થાનમાં સંક્રમાવે છે તેટલા જ ચરમ સ્થિતિખંડના દલિકો જો પ્રતિસમય પરસ્થાનમાં સંક્રમાવે તો પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળે ચરમ સ્થિતિખંડ ખાલી થાય.

ક્ષપકશ્રેણિમાં થનારા ઉદ્વલનાસંક્રમો અંતર્મુહૂર્તમાં થાય છે. તે સિવાયના ઉદ્વલનાસંક્રમો પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં થાય છે.

**ઉદ્વલનાસંક્રમના સ્વામી -**

**(૧) આહારક ૭** :- આહારક ૭ની સત્તાવાળો જીવ અવિરતિમાં આવી અંતર્મુહૂર્ત પછી પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં તેનો ઉદ્વલનાસંક્રમ કરે.

**(૨) સમ્યક્ત્વમોહનીય** :- મોહનીયની ૨૮ની સત્તાવાળો મિથ્યાદષ્ટિ પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરે.

**(૩) મિશ્રમોહનીય** : મોહનીયની ૨૮ની સત્તાવાળો અને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયા પછી મોહનીયની ૨૭ની સત્તાવાળો મિથ્યાદષ્ટિ જીવ પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં મિશ્રમોહનીયની ઉદ્વલના કરે.

**(૪) દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭ = ૧૧** :- નામની ૯૫ની સત્તાવાળો મિથ્યાદષ્ટિ એકેન્દ્રિય જીવ પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં દેવ ૨ની ઉદ્વલના કરે. ત્યારપછી તે પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં નરક ૨ અને વૈક્રિય ૭ની ઉદ્વલના કરે.

**(૫) ઉચ્ચગોત્ર, મનુષ્ય ૨ = ૩** :- તેઉકાય-વાયુકાયના મિથ્યાદષ્ટિ જીવો પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કરે. ત્યારપછી પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળમાં મનુષ્ય ૨ની ઉદ્વલના કરે.

**(૬) નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, થિણદ્ધિ ૩, જાતિ ૪, સાધારણ, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, નોકષાય ૯, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા = ૩૬ :-** ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણાવાળા જીવો અંતર્મુહૂર્તમાં આ પ્રકૃતિઓની ઉદ્વલના કરે.

**(૭) અનંતાનુબંધી ૪ :-** અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરનારા ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો અંતર્મુહૂર્તમાં અનંતાનુબંધી ૪ની ઉદ્વલના કરે.

**(૮) મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ :-** દર્શન ૩નો ક્ષય કરનારા ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કરે.

ઉપર કહ્યા સિવાયની પ્રકૃતિઓનો ઉદ્વલનાસંક્રમ થતો નથી.

## ઉદ્વલનાસંક્રમના સ્વામી

| ક્રમ | ઉત્તરપ્રકૃતિ | ઉદ્વલનાસંક્રમના સ્વામી | ઉદ્વલનાકાળ |
|---|---|---|---|
| ૧ | આહારક ૭ | અવિરત જીવો | પલ્યોપમ / અસંખ્ય |
| ૨ | સમ્યક્ત્વમોહનીય | મોહનીયની ૨૮ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ જીવો | પલ્યોપમ / અસંખ્ય |
| ૩ | મિશ્રમોહનીય | મોહનીયની ૨૮ની અને ૨૭ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ જીવો | પલ્યોપમ / અસંખ્ય |
| ૪ | દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭ = ૧૧ | નામની ૯૫ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિય જીવો | પલ્યોપમ / અસંખ્ય |

| ક્રમ | ઉત્તરપ્રકૃતિ | ઉદ્વલનાસંક્રમના સ્વામી | ઉદ્વલનાકાળ |
|---|---|---|---|
| ૫ | ઉચ્ચગોત્ર, મનુષ્ય ૨ = ૩ | તેઉકાય, વાયુકાય | પલ્યોપમ / અસંખ્ય |
| ૬ | નરક ૨, તિર્યંચ ૨, આતપ ૨, સ્થાવર ૨, થિણદ્ધિ ૩, જાતિ ૪, સાધારણ, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, નોકષાય ૯, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા = ૩૬ | ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણઠાણે | અંતર્મુહૂર્ત |
| ૭ | અનંતાનુબંધી ૪ | અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરનાર ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો | અંતર્મુહૂર્ત |
| ૮ | મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય | દર્શન ૩નો ક્ષય કરનારા ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવો | અંતર્મુહૂર્ત |

(ii) **વિધ્યાતસંક્રમ** - ગુણનિમિત્તે કે ભવનિમિત્તે જે પ્રકૃતિઓ બંધાતી નથી તેમનો વિધ્યાતસંક્રમ થાય છે. આ સંક્રમ યથાપ્રવૃત્તસંક્રમને અંતે થાય છે.

વિધ્યાતસંક્રમથી પ્રથમ સમયે પરપ્રકૃતિમાં સંક્રમતા દલિકો પ્રમાણ ખંડો જો પ્રતિસમય પરપ્રકૃતિમાં સંક્રમાવે તો બધા દલિકો ખાલી કરવા અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશો જેટલા ખંડો જોઈએ.

વિધ્યાતસંક્રમથી પ્રથમ સમયે પરપ્રકૃતિમાં જેટલા દલિકો નાંખે છે તેટલા દલિકો જો પ્રતિસમય પરપ્રકૃતિમાં નાંખે તો બધા દલિકો ખાલી કરવા અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલો કાળ જોઈએ.

**વિધ્યાતસંક્રમના સ્વામી** -

(૧) **નરક ૨, જાતિ ૪, સ્થાવર ૪, હુંડક, આતપ, નપુંસકવેદ, સેવાર્ત સંઘયણ = ૧૪** :- ૨જા વગેરે ગુણઠાણાવાળા જીવો.

(૨) **તિર્યંચ ૨, થિણદ્ધિ ૩, દુર્ભગ ૩, અનંતાનુબંધી ૪, મધ્યમ સંઘયણ ૪, મધ્યમ સંસ્થાન ૪, નીચગોત્ર, ઉદ્યોત, કુખગતિ, સ્ત્રીવેદ = ૨૪** :- ૩જા વગેરે ગુણઠાણાવાળા જીવો.

(૩) **મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨** :- ૪થા વગેરે ગુણઠાણાવાળા જીવો.

(૪) **૧લુ સંઘયણ, ઔદારિક ૨, મનુષ્ય ૨, અપ્રત્યાખ્યાનાવરણીય ૪ = ૯** :- ૫મા વગેરે ગુણઠાણાવાળા જીવો.

(૫) **પ્રત્યાખ્યાનાવરણીય ૪** :- ૬ટ્ઠા વગેરે ગુણઠાણાવાળા જીવો.

(૬) **શોક, અરતિ, અસ્થિર ૨, અપયશ, અસાતા = ૬** :- ૭મા વગેરે ગુણઠાણાવાળા જીવો.

(૭) **વૈક્રિય ૭❑, દેવ ૨, નરક ૨, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, સૂક્ષ્મ ૩ = ૧૭** :- બધા દેવો અને નારકો.

(૮) **એકેન્દ્રિયજાતિ, સ્થાવર, આતપ = ૩** :- સનત્કુમારાદિ દેવો અને નારકો.

(૯) **તિર્યંચ ૨, ઉદ્યોત = ૩** :- આનતાદિ દેવો.

(૧૦) **સંઘયણ ૬, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, નપુંસકવેદ, મનુષ્ય ૨, ઔદારિક ૭, જાતિ ૪, સ્થાવર ૪, તિર્યંચ ૨,**

❑ પંચસંગ્રહ સંક્રમકરણની ગાથા ૬૯ ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૬૯ ઉપર અહીં આહારક ૭ પણ કહ્યું છે.

**નરક ૨, અપર્યાપ્ત, દુર્ભગ ૩, નીચગોત્ર, કુખગતિ[□] = ૩૯** :- અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય - પંચેન્દ્રિય તિર્યંચ.

આમ જે જે જીવોને જે જે પ્રકૃતિઓનો ભવનિમિત્તે કે ગુણનિમિત્તે બંધ થતો નથી તે તે જીવોને તે તે પ્રકૃતિઓનો વિધ્યાતસંક્રમ થાય છે.

## વિધ્યાતસંક્રમના સ્વામી

| ક્રમ | ઉત્તરપ્રકૃતિ | વિધ્યાતસંક્રમના સ્વામી | પ્રત્યય |
|---|---|---|---|
| ૧ | નરક ૨, જાતિ ૪, સ્થાવર ૪, હુંડક, આતપ, નપુંસકવેદ, સેવાર્ત = ૧૪ | ૨જા વગેરે ગુણઠાણાવાળા જીવો | ગુણપ્રત્યયથી |
| ૨ | તિર્યંચ ૨, થિણદ્ધિ ૩, દુર્ભગ ૩, અનંતાનુબંધી ૪, મધ્યમ સંઘયણ ૪ મધ્યમ સંસ્થાન ૪, નીચગોત્ર, ઉદ્યોત, કુખગતિ, સ્ત્રીવેદ = ૨૪ | ૩જા વગેરે ગુણઠાણાવાળા જીવો | ગુણપ્રત્યયથી |
| ૩ | મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ | ૪થા વગેરે ગુણઠાણાવાળા જીવો | ગુણપ્રત્યયથી |
| ૪ | ૧લુ સંઘયણ, ઔદારિક ૨, મનુષ્ય ૨, અપ્રત્યાખ્યાનાવરણીય ૪ = ૯ | ૫મા વગેરે ગુણઠાણાવાળા જીવો | ગુણપ્રત્યયથી |
| ૫ | પ્રત્યાખ્યાનાવરણીય ૪ | ૬ટ્ઠા વગેરે ગુણઠાણાવાળા જીવો | ગુણપ્રત્યયથી |

□ પંચસંગ્રહ સંક્રમકરણની ગાથા ૬૯ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૬૯ ઉપર અહીં જિનનામકર્મ પણ કહ્યું છે.

| ક્રમ | ઉત્તરપ્રકૃતિ | વિધ્યાતસંક્રમના સ્વામી | પ્રત્યય |
|---|---|---|---|
| ૬ | શોક, અરતિ, અસ્થિર ૨, અપયશ, અસાતા = ૬ | ૭મા વગેરે ગુણઠાણાવાળા જીવો | ગુણપ્રત્યયથી |
| ૭ | વૈક્રિય ૭, દેવ ૨, નરક ૨, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, સૂક્ષ્મ ૩ = ૧૭ | બધા દેવો અને નારકો | ભવપ્રત્યયથી |
| ૮ | એકેન્દ્રિયજાતિ, સ્થાવર, આતપ = ૩ | સનત્કુમારાદિ દેવો અને નારકો | ભવપ્રત્યયથી |
| ૯ | તિર્યંચ ૨, ઉદ્યોત = ૩ | આનતાદિ દેવો | ભવપ્રત્યયથી |
| ૧૦ | સંઘયણ ૬, પહેલા સંસ્થાન વિના ૫ સંસ્થાન, નપુંસકવેદ, મનુષ્ય ૨, ઔદારિક ૭, જાતિ ૪, સ્થાવર ૪, તિર્યંચ ૨, નરક ૨, અપર્યાપ્ત, દુર્ભગ ૩, નીચગોત્ર, કુખગતિ=૩૯ | અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ | ભવપ્રત્યયથી |

(iii) **ગુણસંક્રમ** - અપૂર્વકરણથી કે ૮મા ગુણઠાણાથી અબધ્યમાન અશુભ પ્રકૃતિઓના દલિકોને બધ્યમાન પરપ્રકૃતિમાં જે અસંખ્ય-ગુણાકારે સંક્રમાવવા તે ગુણસંક્રમ.

**ગુણસંક્રમના સ્વામી** -

**(૧) નરક ૨, જાતિ ૪, સ્થાવર ૪, હુંડક, નપુંસકવેદ, સેવાર્ત, તિર્યંચ ૨, થિણદ્ધિ ૩, દુર્ભગ ૩, મધ્યમ સંઘયણ ૪, મધ્યમ સંસ્થાન ૪, નીચગોત્ર, કુખગતિ, સ્ત્રીવેદ, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાના-વરણીય ૪, શોક, અરતિ, અસ્થિર ૨, અપયશ, અસાતા = ૪૬ :-** ૮મા ગુણઠાણાથી.

**(૨) નિદ્રા ૨, ઉપઘાત, અશુભ વર્ણાદિ ૯, હાસ્ય ૪ = ૧૬ :-** ૮મા ગુણઠાણે પોતપોતાના બંધવિચ્છેદ પછી.

(૩) **અનંતાનુબંધી ૪ :-** અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરનારા ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોને અપૂર્વકરણથી.

(૪) **મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ :-** દર્શન ૩નો ક્ષય કરનારા ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણા સુધીના જીવોને અપૂર્વકરણથી.

(૫) **પુરુષવેદ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા = ૪ :-** ક્ષપકશ્રેણિમાં બંધવિચ્છેદ પછી.

(iv) **યથાપ્રવૃત્તસંક્રમ :-** બધ્યમાન ધ્રુવબન્ધી પ્રકૃતિઓનો અને સ્વસ્વભવમાં બંધયોગ્ય બધ્યમાન કે અબધ્યમાન પરાવર્તમાન પ્રકૃતિઓનો યથાપ્રવૃત્તસંક્રમ થાય છે. જઘન્યયોગમાં વર્તમાન જીવ જઘન્ય દલિકો બાંધે અને સંક્રમાવે, મધ્યમયોગમાં વર્તમાન જીવ મધ્યમ દલિકો બાંધે અને સંક્રમાવે, ઉત્કૃષ્ટ યોગમાં વર્તમાન જીવ ઉત્કૃષ્ટ દલિકો બાંધે અને સંક્રમાવે. અબધ્યમાન પ્રકૃતિઓના પૂર્વબદ્ધ દલિકો વધુ હોય તો વધુ સંક્રમાવે, મધ્યમ હોય તો મધ્યમ સંક્રમાવે અને થોડા હોય તો થોડા સંક્રમાવે. તે પણ યોગને અનુસારે સંક્રમાવે. આમ યોગને અનુસારે તથા બધ્યમાન અને પૂર્વબદ્ધ દલિકોને અનુસારે દલિકો સંક્રમતા હોવાથી આ સંક્રમને યથાપ્રવૃત્તસંક્રમ કહેવાય છે.

**યથાપ્રવૃત્તસંક્રમના સ્વામી** -

(૧) **ધ્રુવબંધી ૪૭ :-** આ પ્રકૃતિઓના બંધક જીવો.

(૨) **સ્વસ્વભવમાં બંધયોગ્ય પરાવર્તમાન પ્રકૃતિઓ :-** આ પ્રકૃતિઓના બંધક કે અબંધક જીવો.

(v) **સર્વસંક્રમ :-** ઉદ્વલનાસંક્રમના ચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરપ્રકૃતિમાં જે બધા દલિકો સંક્રમાવે તે સર્વસંક્રમ છે. તે પૂર્વે ઉદ્વલનાસંક્રમના વર્ણનમાં કહ્યો છે. તેના સ્વામી ઉદ્વલનાસંક્રમના સ્વામીની જેમ જાણવા.

### કયો સંક્રમ કયા સંક્રમનો બાધ કરીને પ્રવર્તે ?

સ્વહેતુના સંપર્કથી વિધ્યાતસંક્રમ કે ગુણસંક્રમ યથાપ્રવૃત્તસંક્રમનો બાધ કરીને પ્રવર્તે છે. સર્વસંક્રમ ઉદ્વલનાસંક્રમનો બાધ કરીને પ્રવર્તે છે.

**સ્તિબુકસંક્રમ** - ઉદયમાં નહીં આવેલી પ્રકૃતિઓના દલિકો ઉદયમાં આવેલી પ્રકૃતિની સમાન કાળવાળી સ્થિતિમાં સંક્રમાવી અનુભવવા તે સ્તિબુકસંક્રમ છે. દા.ત. ઉદયવાળી મનુષ્યગતિમાં શેષ ૩ ગતિના દલિકો સ્તિબુકસંક્રમથી સંક્રમાવીને જીવ ભોગવે છે.

કરણ એટલે બંધન વગેરેમાં કારણભૂત સલેશ્ય વીર્ય. સ્તિબુકસંક્રમ તો ૧૪મા ગુણઠાણે પણ પ્રવર્તે છે. તેથી તેમાં સલેશ્ય વીર્ય કારણભૂત નથી. તેથી સ્તિબુકસંક્રમનો સંક્રમકરણમાં સમાવેશ ન થાય. વળી સ્તિબુકસંક્રમથી સંક્રમતા દલિકો સર્વથા પતદ્ગ્રહપ્રકૃતિરૂપે પરિણમતા નથી. તેથી પણ સ્તિબુકસંક્રમનો સંક્રમકરણમાં સમાવેશ થતો નથી.

### પાંચે સંક્રમો વડે દલિકોના અપહારકાળનું અલ્પબહુત્વ

| ક્રમ | સંક્રમ | અપહારકાળનું અલ્પબહુત્વ | અપહારકાળનું પ્રમાણ |
|---|---|---|---|
| ૧ | ઉદ્વલનાસંક્રમના ચરમ સ્થિતિખંડને ગુણસંક્રમથી ખાલી કરવાનો કાળ | અલ્પ | અંતર્મુહૂર્ત |
| ૨ | ઉદ્વલનાસંક્રમના ચરમ સ્થિતિખંડને યથાપ્રવૃત્તસંક્રમથી ખાલી કરવાનો કાળ | અસંખ્યગુણ | પલ્યોપમ / અસંખ્ય |
| ૩ | ઉદ્વલનાસંક્રમના ચરમ સ્થિતિખંડને ઉદ્વલનાસંક્રમના દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે સ્વસ્થાનમાં નંખાતા દલિકોના પ્રમાણથી પ્રતિસમય ખાલી કરવાનો કાળ | તુલ્ય | પલ્યોપમ / અસંખ્ય |

| ક્રમ | સંક્રમ | અપહારકાળનું અલ્પબહુત્વ | અપહારકાળનું પ્રમાણ |
|---|---|---|---|
| ૪ | ઉદ્વલનાસંક્રમના ચરમ સ્થિતિખંડને વિધ્યાતસંક્રમથી ખાલી કરવાનો કાળ | અસંખ્યગુણ | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી |
| ૫ | ઉદ્વલનાસંક્રમના ચરમ સ્થિતિખંડને ઉદ્વલનાસંક્રમના દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરસ્થાનમાં નંખાતા દલિકોના પ્રમાણથી પ્રતિસમય ખાલી કરવાનો કાળ | અસંખ્યગુણ | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી (ઉપર કરતા વધુ) |

## (૩) સાદ્યાદિ પ્રરૂપણા -

મૂળપ્રકૃતિઓમાં પરસ્પર પ્રદેશસંક્રમ થતો નથી. તેથી તેમાં પ્રદેશસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા નથી.

### ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશસંક્રમની સાદ્યાદિ પ્રરૂપણા -

**(૧) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, ઔદારિક ૭ = ૨૧ :-** ક્ષપિતકર્માંશ જીવ આ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે તૈયાર થયો હોય ત્યારે તેમનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે. તે સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો પ્રદેશસંક્રમ તે અજઘન્ય પ્રદેશસંક્રમ છે. ૧૧મા ગુણઠાણેથી પડેલાને અજઘન્ય પ્રદેશસંક્રમ સાદિ છે. પૂર્વે ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને અજઘન્ય પ્રદેશસંક્રમ અનાદિ છે. અભવ્યને અજઘન્ય પ્રદેશસંક્રમ ધ્રુવ છે. ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે કે જઘન્ય પ્રદેશસંક્રમ કરે ત્યારે અજઘન્ય પ્રદેશસંક્રમ અધ્રુવ છે.

આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ગુણિતકર્માંશ મિથ્યાદૃષ્ટિ કરે. થોડા કાળ પછી તે અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. વળી કાલાંતરે તે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. તેથી આ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અને અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદિ-અધ્રુવ છે.

(૨) **મિથ્યાત્વમોહનીય** - મિથ્યાત્વમોહનીયના પ્રદેશસંક્રમ માટેનું પતદ્ગ્રહ હંમેશા મળતુ ન હોવાથી તેના જઘન્ય પ્રદેશસંક્રમ, અજઘન્ય પ્રદેશસંક્રમ, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અને અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદિ-અધ્રુવ છે.

(૩) **સાતા, અસાતા, નીચગોત્ર**❑ = ૩ :- આ પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી તેમના જઘન્ય પ્રદેશસંક્રમ, અજઘન્ય પ્રદેશસંક્રમ, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અને અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદિ-અધ્રુવ છે.

(૪) **શેષ ધ્રુવસત્તાક ૧૦૫ :-** ગુણિતકર્માંશ જીવ આ પ્રકૃતિઓનો ક્ષય કરવા તૈયાર થયો હોય ત્યારે તેમનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. તે સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો પ્રદેશસંક્રમ તે અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ છે. ઉપશમશ્રેણિથી પડેલાને અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદિ છે. પૂર્વે ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલા જીવને અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અનાદિ છે. અભવ્યને અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ધ્રુવ છે. ભવ્યને ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે ત્યારે કે ઉપશમશ્રેણિમાં સંક્રમવિચ્છેદ થાય ત્યારે અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અધ્રુવ છે.

ક્ષપિતકર્માંશ જીવ આ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે તૈયાર થયો હોય ત્યારે તેમનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે. તે સાદિ-અધ્રુવ છે. આ પ્રકૃતિઓનો તે સિવાયનો બધો પ્રદેશસંક્રમ તે અજઘન્ય પ્રદેશસંક્રમ છે. ૧૧મા ગુણઠાણેથી પડેલાને અજઘન્ય પ્રદેશસંક્રમ સાદિ છે. પૂર્વે ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને અજઘન્ય પ્રદેશસંક્રમ

❑ **પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૮૩ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૭૮** ઉપર કહ્યું છે કે 'નીચગોત્રનું પતદ્ગ્રહ હંમેશા ન મળવાથી નીચગોત્રના જઘન્ય પ્રદેશસંક્રમ, અજઘન્ય પ્રદેશસંક્રમ, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ, અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદિ-અધ્રુવ છે.'

અનાદિ છે. અભવ્યને અજઘન્ય પ્રદેશસંક્રમ ધ્રુવ છે. ભવ્યને ઉપશમશ્રેણિમાં સંક્રમવિચ્છેદ થાય ત્યારે કે જઘન્ય પ્રદેશસંક્રમ કરે ત્યારે અજઘન્ય પ્રદેશસંક્રમ અધ્રુવ છે.

**(૫) આયુષ્ય ૪ વિના અધ્રુવસત્તાક ૨૪ :-** આ પ્રકૃતિઓ અધ્રુવસત્તાવાળી હોવાથી તેમના જઘન્ય પ્રદેશસંક્રમ, અજઘન્ય પ્રદેશસંક્રમ, ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ અને અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદિ-અધ્રુવ છે.

**ઉત્તરપ્રકૃતિઓમાં પ્રદેશસંક્રમના સાદ્યાદિ ભાંગા**

| ક્રમ | ઉત્તરપ્રકૃતિઓ | પ્રદેશસંક્રમના ભાંગા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | જઘન્ય પ્રદેશસંક્રમ | અજઘન્ય પ્રદેશસંક્રમ | ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ | અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ | કુલ |
| ૧ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, ઔદારિક ૭ = ૨૧ | સાદિ, અધ્રુવ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ,અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૨૧૦ |
| ૨ | મિથ્યાત્વમોહનીય, સાતા, અસાતા, નીચગોત્ર = ૪ | સાદિ, અધ્રુવ | સાદિ,અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૩૨ |
| ૩ | શેષ ધ્રુવસત્તાક ૧૦૫ | સાદિ, અધ્રુવ | સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ,અનાદિ, ધ્રુવ, અધ્રુવ | ૧,૨૬૦ |
| ૪ | આયુષ્ય ૪ વિના અધ્રુવસત્તાક ૨૪ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | સાદિ, અધ્રુવ | ૧૯૨ |
| | કુલ | ૩૦૮ | ૫૬૦ | ૩૦૮ | ૫૧૮ | ૧,૬૯૪ |

**(૪) ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી -**

ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી ઘણુ કરીને ગુણિતકર્માંશ જીવો બને. માટે પહેલા ગુણિતકર્માંશ જીવનું સ્વરૂપ બતાવાય છે-

(૧) કોઈ જીવ ❑ત્રસકાયની કાયસ્થિતિ ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી બાદર પૃથ્વીકાયમાં રહે. અન્ય એકેન્દ્રિય કરતા બાદર પૃથ્વીકાયનું આયુષ્ય ઘણુ છે. તેથી નિરંતર ઘણા સમય સુધી દલિક ગ્રહણ કરે. પૃથ્વીકાય બળવાન હોય છે. તેથી વેદના સહન કરવામાં સહિષ્ણુ હોય છે. તેથી ઘણા દલિકોની નિર્જરા થતી નથી. માટે બાદર પૃથ્વીકાયનું ગ્રહણ કર્યું.

(૨) બાદર પૃથ્વીકાયમાં પર્યાપ્તાના ઘણા ભવો કરે, અપર્યાપ્તાના થોડા ભવો કરે. તેથી વારંવાર જન્મ-મરણથી ઘણા દલિકોની નિર્જરા ન થાય. કાયસ્થિતિ પૂરી કરવા અપર્યાપ્તાના ભવો કરે.

(૩) બાદર પૃથ્વીકાયમાં અનેકવાર ઉત્કૃષ્ટ યોગસ્થાનમાં રહે. તેથી ઘણા દલિકો આવે.

(૪) બાદર પૃથ્વીકાયમાં અનેકવાર ઉત્કૃષ્ટ સંક્લેશમાં રહે. તેથી ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને ઘણી સ્થિતિની ઉદ્વર્તના કરે અને અલ્પસ્થિતિની અપવર્તના કરે.

(૫) બાદર પૃથ્વીકાયના બધા ભવોમાં આયુષ્યબંધ વખતે જઘન્ય યોગમાં હોય, તેનું કારણ એ છે કે આયુષ્યબંધ વખતે જો ઉત્કૃષ્ટ યોગમાં હોય તો આયુષ્યના ઘણા પુદ્ગલોને ગ્રહણ કરે અને જ્ઞાનાવરણના ઘણા પુદ્ગલોની નિર્જરા કરે.

(૬) બાદર પૃથ્વીકાયમાં ઉપરની સ્થિતિમાં ઘણા દલિકો નાંખે.

(૭) આમ ત્રસકાયની કાયસ્થિતિ ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી બાદર પૃથ્વીકાયમાં રહીને પછી ત્રસકાયમાં ઉત્પન્ન થાય. ત્યાં ૨૦૦૦ સાગરોપમ + પૂર્વકોટિપૃથક્ત્વ કાળ સુધી રહે. ત્યાં પર્યાપ્તાના

❑ ત્રસકાયની કાયસ્થિતિ = ૨૦૦૦ સાગરોપમ + પૂર્વકોટિપૃથક્ત્વ.

ઘણા ભવો કરે, અપર્યાપ્તાના અલ્પ ભવો કરે. ત્યાં અનેકવાર ઉત્કૃષ્ટયોગમાં અને ઉત્કૃષ્ટસંક્લેશમાં રહે. ત્યાં આયુષ્યબંધ વખતે જઘન્ય યોગસ્થાનમાં હોય. ત્યાં ઉપરની સ્થિતિમાં ઘણા દલિકો નાંખે.

(૮) આમ ત્રસકાયની કાયસ્થિતિ સુધી ત્યાં ભમે તેમાં જેટલી વાર સાતમી નરકમાં જઈ શકાય તેટલી વાર જાય. જઘન્ય આયુષ્યવાળો હોય તો નિરંતર ૩ વાર સાતમી નરકમાં જાય. ઉત્કૃષ્ટ આયુષ્યવાળો હોય તો નિરંતર ૨ વાર સાતમી નરકમાં જાય. સાતમી નરકમાં આયુષ્ય લાંબુ છે અને યોગ-કષાયની ઉત્કટતા છે. તેથી ઘણા દલિકો ગ્રહણ કરે.

(૯) સાતમી નરકના છેલ્લા ભવમાં અન્ય નારકો કરતા જલ્દી પર્યાપ્ત થાય. અપર્યાપ્તની અપેક્ષાએ પર્યાપ્તનો યોગ અસંખ્યગુણ હોય છે. તેથી ઘણા દલિકો ગ્રહણ કરે. ત્યાં અનેકવાર ઉત્કૃષ્ટ યોગમાં અને ઉત્કૃષ્ટ સંક્લેશમાં રહે.

(૧૦) ત્યાં આયુષ્યના છેલ્લા અંતર્મુહૂર્તમાં યોગના યવમધ્યની ઉપરના યોગસ્થાનોમાં અસંખ્યગુણવૃદ્ધિએ રહે.

(૧૧) ત્યાં ત્રિચરમ સમયે અને દ્વિચરમ સમયે ઉત્કૃષ્ટ સંક્લેશમાં હોય. તેથી ઘણી ઉદ્વર્તના અને અલ્પ અપવર્તના થાય.

(૧૨) ત્યાં દ્વિચરમ સમયે અને ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગમાં હોય. તેથી ઘણા દલિકોનું ગ્રહણ થાય. ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ સંક્લેશ એકસાથે ૧ સમય જ હોય. તેથી ત્રિચરમ સમયે-દ્વિચરમ સમયે ઉત્કૃષ્ટ સંક્લેશ કહ્યો અને દ્વિચરમ સમયે-ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગ કહ્યો.

(૧૩) ત્યાં ચરમ સમયે સંપૂર્ણ ગુણિતકર્માંશ બને. ઉત્કૃષ્ટ

પ્રદેશસંક્રમના સ્વામિત્વમાં આ ગુણિતકર્માંશ જીવનો અધિકાર છે.

**ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી -**

**(૧) જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, ઔદારિક ૭ = ૨૧ :-** ગુણિતકર્માંશ જીવ સાતમી નરકમાંથી નીકળી પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં આવે ત્યાં પ્રથમ આવલિકાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. સાતમી નારકીના ચરમ સમયે ગ્રહણ કરેલા દલિકોને બંધાવલિકા પછી સંક્રમાવે. તેથી પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના ભવની પ્રથમ આવલિકાના ચરમ સમયે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ મળે.

**(૨) નિદ્રા ૨, અસાતા, પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, અશુભ વર્ણાદિ ૯, કુખગતિ, ઉપઘાત, અપર્યાપ્ત, અસ્થિર ૬, નીચગોત્ર = ૩૨ :-** ગુણિતકર્માંશ ક્ષપક ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૩) અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, થિણદ્ધિ ૩, તિર્યંચ ૨, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, સૂક્ષ્મ, સાધારણ, હાસ્ય ૬ = ૨૪ :-** ગુણિતકર્માંશ ક્ષપક ૯મા ગુણઠાણે પોતપોતાના ચરમ સંક્રમ વખતે આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૪) સાતા :-** ગુણિતકર્માંશ જીવ સાતમી નરકમાંથી નીકળીને પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચમાં આવી ઉત્કૃષ્ટ બંધકાળ સુધી સાતા બાંધીને પછી અસાતા બાંધે તેની બંધાવલિકાના ચરમ સમયે સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય. બંધાયેલ સાતાની તે સમયે બંધાવલિકા વીતી જવાથી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ મળે.

(૫) **મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨** :- ગુણિતકર્માંશ ક્ષપક આ પ્રકૃતિઓના ચરમ સંક્રમ વખતે સર્વસંક્રમથી તેમનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

(૬) **સમ્યક્ત્વમોહનીય** :- સાતમી નારકીમાં દ્વિચરમ અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પામી દીર્ઘકાળ સુધી ગુણસંક્રમ વડે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના દલિકો સમ્યક્ત્વમોહનીયમાં નાંખે. પછી મિથ્યાત્વે આવી પહેલા સમયે સમ્યક્ત્વમોહનીયનો મિથ્યાત્વ-મોહનીયમાં ❑યથાપ્રવૃત્તસંક્રમથી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

(૭) **અનંતાનુબંધી ૪** :- ગુણિતકર્માંશ સાતમી નરકનો જીવ પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચમાં આવી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી અનંતાનુબંધી ૪ની વિસંયોજના કરે તેના ચરમ સંક્રમ વખતે સર્વસંક્રમ વડે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

(૮) **નપુંસકવેદ** :- ગુણિતકર્માંશ ઈશાન દેવલોકનો દેવ સંક્લેશમાં એકેન્દ્રિય યોગ્ય બાંધતો વારંવાર નપુંસકવેદ બાંધીને પછી દેવલોકમાંથી ચ્યવીને △સ્ત્રી કે પુરુષ થાય. ત્યાં તે ૮ વર્ષ+ ⊗માસપૃથક્ત્વ વીત્યા બાદ ક્ષપકશ્રેણિ માંડે. તેને નપુંસકવેદનો ક્ષય કરતા ચરમ સંક્રમ વખતે સર્વસંક્રમ વડે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે.

---

❑ સમ્યક્ત્વમોહનીય બંધાતુ નથી, છતા તેનો યથાપ્રવૃત્તસંક્રમ થાય છે કેમકે મિથ્યાત્વમોહનીય બંધાય છે અને તેના દલિકો જ શુદ્ધ થઈ સમ્યક્ત્વમોહનીયરૂપ બને છે.

△ અહીં નપુંસકવેદી નથી કહ્યા, કેમકે નપુંસકવેદે શ્રેણિ માંડનારને સ્ત્રીવેદના ક્ષય સમયે (લાંબાકાળે) નપુંસકવેદનો ક્ષય થવાથી ચરમ સંક્રમે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ન મળે.

⊗ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૮૪ ની ચૂર્ણિમાં પાના નં. ૧૧૮** ઉપર અહીં '૮ વર્ષ + માસપૃથક્ત્વ'નો અર્થ '૮ વર્ષ + ૭ માસ' કર્યો છે.

(૯) **સ્ત્રીવેદ** :- ગુણિતકર્માંશ જીવ ⊠યુગલિકમાં અસંખ્ય વર્ષ સુધી સ્ત્રીવેદ બાંધે અને અન્ય પ્રકૃતિના સંક્રમ વડે તેને પુષ્ટ કરે. પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળ પછી તે અકાળમૃત્યુથી મરીને ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળો દેવ થાય. ત્યાં પણ તે સ્ત્રીવેદ બાંધે અને પુષ્ટ કરે. પછી તે મનુષ્યમાં કોઈ પણ વેદવાળો થાય. ત્યાં તે શીઘ્ર❑ ક્ષપકશ્રેણિ માંડે. તે સ્ત્રીવેદનો ક્ષય કરતા ચરમ સંક્રમ વખતે સર્વસંક્રમ વડે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

(૧૦) **પુરુષવેદ** :- ઈશાન દેવલોકમાં નપુંસકવેદને વારંવાર બાંધે અને પુષ્ટ કરે. ત્યાંથી સંખ્યાતા વર્ષના આયુષ્યવાળો ભવ કરી યુગલિક થાય. ત્યાં અસંખ્ય વર્ષ સુધી સ્ત્રીવેદને પુષ્ટ કરે. પછી સમ્યક્ત્વ પામી અસંખ્ય વર્ષો સુધી પુરુષવેદને બાંધે અને તેમાં નપુંસકવેદ-સ્ત્રીવેદના દલિકો સંક્રમાવે. પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ આયુષ્ય પૂર્ણ કરી અંતે મિથ્યાત્વ△ પામી ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળો દેવ થાય. ત્યાં અંતર્મુહૂર્ત બાદ સમ્યક્ત્વ પામે. ત્યાં પુરુષવેદ બાંધે અને પુષ્ટ કરે. ત્યાંથી ચ્યવી મનુષ્યમાં આવી ૮ વર્ષ + ૭ માસ વીત્યા બાદ ⊗શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે. તે પુરુષવેદનો ક્ષય કરતા ચરમ સંક્રમ વખતે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. અહીં બંધવિચ્છેદની પહેલા બે આવલિકામાં બંધાયેલ દલિકો થોડા હોવાથી

⊠ યુગલિકમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ જ બંધાય છે. તેથી સ્ત્રીવેદમાં ઘણા દલિકો મળે. માટે યુગલિક કહ્યા. જો સીધો દેવભવ લઈએ તો ત્યાં ત્રણે વેદ બંધાવાથી સ્ત્રીવેદમાં દલિકો ઓછા મળે.

❑ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૮૫ની ચૂર્ણિમાં પાના નં. ૧૧૮** ઉપર 'શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે'નો અર્થ '૮ વર્ષ + ૭ માસે ક્ષપકશ્રેણિ માંડે', એવો કર્યો છે.

△ જઘન્ય સ્થિતિવાળા દેવમાં ઉત્પન્ન થવા માટે મિથ્યાત્વ પામે. સમ્યગ્દષ્ટિ જઘન્ય સ્થિતિવાળા દેવમાં ઉત્પન્ન ન થાય.

⊗ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૮૭ની ચૂર્ણિમાં પાના નં. ૧૧૯** ઉપર 'શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે' નો અર્થ '૮ વર્ષ + માસપૃથક્ત્વની વયે ક્ષપકશ્રેણિ માંડે,' એવો કર્યો છે.

તે સિવાયના દલિકોના ચરમ સંક્રમ વખતે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ જાણવો.

**(૧૧) સંજ્વલન ક્રોધ :-** પુરુષવેદના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી અન્યપ્રકૃતિના દલિકોથી ગુણસંક્રમ વડે સંજ્વલન ક્રોધને પુષ્ટ કરી સંજ્વલન ક્રોધના ચરમ સંક્રમ વખતે સંજ્વલન ક્રોધનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. અહીં બંધવિચ્છેદની પહેલા બે આવલિકામાં બંધાયેલ દલિકો થોડા હોવાથી તે સિવાયના દલિકોના ચરમ સંક્રમ વખતે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ જાણવો.

**(૧૨) સંજ્વલન માન :-** સંજ્વલન ક્રોધના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી અન્યપ્રકૃતિના દલિકોથી ગુણસંક્રમ વડે સંજ્વલન માનને પુષ્ટ કરી સંજ્વલન માનના ચરમ સંક્રમ વખતે સંજ્વલન માનનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. અહીં બંધવિચ્છેદની પહેલા બે આવલિકામાં બંધાયેલ દલિકો થોડા હોવાથી તે સિવાયના દલિકોના ચરમ સંક્રમ વખતે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ જાણવો.

**(૧૩) સંજ્વલન માયા :-** સંજ્વલન માનના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમનો સ્વામી અન્યપ્રકૃતિના દલિકોથી ગુણસંક્રમ વડે સંજ્વલન માયાને પુષ્ટ કરી સંજ્વલન માયાના ચરમ સંક્રમ વખતે સંજ્વલન માયાનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. અહીં બંધવિચ્છેદની પહેલા બે આવલિકામાં બંધાયેલ દલિકો થોડા હોવાથી તે સિવાયના દલિકોના ચરમ સંક્રમ વખતે ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ જાણવો.

**(૧૪) સંજ્વલન લોભ :-** ગુણિતકર્માંશ જીવ ચાર વાર ઉપશમશ્રેણિ માંડે. તેમાં અન્ય પ્રકૃતિઓના ગુણસંક્રમથી સંજ્વલન લોભને પુષ્ટ કરે. પછી ક્ષપકશ્રેણિ માંડે. તેમાં અંતરકરણ કરવાના ચરમ સમયે સંજ્વલન લોભના ચરમ સંક્રમ વખતે સંજ્વલન લોભનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૧૫) યશ** :- ગુણિતકર્માંશ જીવ ૪ વાર ઉપશમશ્રેણિ માંડી ક્ષપકશ્રેણિ માંડે. તેમાં ૮/૬ ગુણઠાણે યશના ચરમ સંક્રમ વખતે યશનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૧૬) તૈજસ ૭, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, શુભ = ૨૨** :- ૪ વાર ઉપશમશ્રેણિ માંડીને બંધવિચ્છેદની આવલિકા પછી આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૧૭) ત્રસ ૪, સુભગ ૩, પંચેન્દ્રિયજાતિ, ૧લુ સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, સુખગતિ = ૧૨** :- ૬૬ સાગરોપમ સુધી સમ્યક્ત્વના કાળમાં આ પ્રકૃતિઓ બાંધે. પછી અંતર્મુહૂર્ત માટે ૩જા ગુણઠાણે જઈ ફરી સમ્યક્ત્વ પામી ૬૬ સાગરોપમ સુધી આ પ્રકૃતિઓ બાંધે. પછી મનુષ્યમાં આવી ૮મા ગુણઠાણે બંધવિચ્છેદની આવલિકા પછી આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૧૮) વજ્રઋષભનારાચ સંઘયણ** :- ૬૬ સાગરોપમ સુધી સમ્યક્ત્વના કાળમાં આ પ્રકૃતિ બાંધી અંતર્મુહૂર્ત માટે ૩જા ગુણઠાણે જઈ ફરી સમ્યક્ત્વ પામી ૬૬ સાગરોપમ સુધી આ પ્રકૃતિ બાંધે. પછી ❑સમ્યક્ત્વ સહિત મનુષ્યમાં આવી આવલિકા પછી આ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૧૯) નરક ૨** :- પૂર્વક્રોડવર્ષના તિર્યંચના ૭ ભવમાં નરક ૨ બાંધે અને પુષ્ટ કરે. પછી ૮મા ભવમાં મનુષ્ય થઈ ક્ષપકશ્રેણિ માંડે. તેમાં નરક ૨ નો ક્ષય કરતા ૯મા ગુણઠાણે ચરમ સંક્રમ વખતે સર્વસંક્રમ વડે નરક ૨નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

❑ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૬૫માં પાના નં. ૨૬૨** ઉપર કહ્યું છે કે, 'તે દેવલોકમાંથી ચ્યવી મિથ્યાત્વ પામે. ત્યાં યથાપ્રવૃત્તસંક્રમથી આ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.'

**(૨૦) દેવ ૨, વૈક્રિય ૭[Δ] = ૯ :-** પૂર્વક્રોડવર્ષના તિર્યંચના ૭ ભવમાં આ પ્રકૃતિઓને બાંધે અને પુષ્ટ કરે. પછી ૮મા ભવે ક્ષપકશ્રેણિ માંડે ત્યારે બંધવિચ્છેદની આવલિકા પછી આ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૨૧) મનુષ્ય ૨ :-** ગુણિતકર્માંશ સાતમી નરકનો જીવ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ સુધી સમ્યક્ત્વના કાળમાં મનુષ્ય ૨ ને બાંધે અને પુષ્ટ કરે. પછી છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વે જઇ તિર્યંચ ૨ બાંધે. ત્યાંથી નીકળી પ્રથમ સમયે જ બધ્યમાન તિર્યંચ ૨માં યથાપ્રવૃત્તસંક્રમ વડે મનુષ્ય ૨નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે. નરકમાં જ ૧લા ગુણઠાણે મનુષ્ય ૨નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ન થાય, કેમકે ત્યાં તેનો વિધ્યાતસંક્રમ હોય.

**(૨૨) સ્થાવર, આતપ, ઉદ્યોત, એકેન્દ્રિય = ૪ :-** નપુંસકવેદની જેમ.

**(૨૩) આહારક ૭[Δ] :-** દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાળતો વધુમાં વધુ કાળ ૭મા ગુણઠાણે રહી આહારક ૭ બાંધે અને પુષ્ટ કરે. પછી ક્ષપકશ્રેણિ માંડે. તે બંધવિચ્છેદની આવલિકા પછી આહારક ૭નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

**(૨૪) જિન[Δ] :-** ૩૩ સાગરોપમ+૨ વાર દેશોન પૂર્વક્રોડ વર્ષ[❑] સુધી જિનનામકર્મ બાંધે અને પુષ્ટ કરે. પછી ક્ષપકશ્રેણિ માંડે. તે બંધવિચ્છેદની આવલિકા પછી જિનનામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

---

Δ **પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૦૨ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૮૬** ઉપર કહ્યું છે કે, 'જિન, આહારક ૭, દેવ ૨, વૈક્રિય ૭, સ્થિર, શુભ, તૈજસ ૭, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, નિર્માણ - આ ૩૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ૪ વાર ઉપશમશ્રેણિ માંડી પોતપોતાના બંધવિચ્છેદની આવલિકા પછી કરે.'

❑ દિગંબર સંપ્રદાયના તિલોયપણ્ણત્તિ (ત્રિલોકપ્રજ્ઞપ્તિ) ગ્રંથમાં ઉત્સર્પિણીના છેલ્લા ભગવાનનું આયુષ્ય ૧ પૂર્વક્રોડ વર્ષનું કહ્યું છે.

**(૨૫) ઉચ્ચગોત્ર** :- ૪ વાર ઉપશમશ્રેણિ માંડે. તેમાં ઉચ્ચગોત્ર બાંધે અને નીચગોત્રનો તેમાં ગુણસંક્રમથી સંક્રમ કરે. પછી મિથ્યાત્વે જઈ નીચગોત્ર બાંધે અને તેમાં ઉચ્ચગોત્ર સંક્રમાવે. પછી સમ્યક્ત્વ પામી ઉચ્ચગોત્ર બાંધે અને તેમાં નીચગોત્ર સંક્રમાવે. આમ વારંવાર ઉચ્ચગોત્ર અને નીચગોત્ર બાંધે. પછી નીચગોત્રના બંધવિચ્છેદ પછી ❑શીઘ્ર મોક્ષમાં જનાર નીચગોત્રના બંધના ચરમ સમયે ઉચ્ચગોત્રનો ગુણસંક્રમથી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે.

## (૫) જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી -

જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી ઘણુ કરીને ક્ષપિતકર્માંશ જીવો બને છે. તેથી પહેલા તેનું સ્વરૂપ બતાવાય છે -

(૧) ૭૦ કોડાકોડી સાગરોપમ – પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કાળ સુધી સૂક્ષ્મ નિગોદમાં રહે. ત્યાં ઘણા જન્મ-મરણ થવાથી ઘણા દલિકોની નિર્જરા થાય. તેમનો યોગ મંદ હોય છે. તેથી નવા દલિકો પણ ઓછા પ્રમાણમાં ગ્રહણ કરે. તેમનો કષાય મંદ હોય છે. તેથી તેઓ અલ્પ સ્થિતિ બાંધે અને અલ્પ સ્થિતિની ઉદ્વર્તના કરે.

(૨) પછી અભવ્ય યોગ્ય જઘન્ય પ્રદેશસંચય કરી સૂક્ષ્મનિગોદમાંથી નીકળી બાદર પૃથ્વીકાયમાં અંતર્મુહૂર્ત રહી પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય થાય. ત્યાં ૭ માસ બાદ જન્મ થાય. તે ૮ વર્ષે સંયમ લે. તે દેશોનપૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાળી અંતે મિથ્યાત્વ પામે.

(૩) પછી મરીને ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળો દેવ થાય.

❑ શીઘ્ર મોક્ષમાં જનારાના કર્મપુદ્ગલો અત્યંત શિથિલ સ્વભાવવાળા થવાથી ઘણા સંક્રમે છે.

ત્યાં અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામે. અંતે મિથ્યાત્વ પામી કાળ કરી બાદર પૃથ્વીકાયમાં અંતર્મુહૂર્ત રહી મનુષ્યમાં આવે.

(૪) પછી ફરી સમ્યક્ત્વ કે દેશવિરતિ કે સર્વવિરતિ પામે.

(૫) આમ દેવ અને મનુષ્યના ભવોમાં સમ્યક્ત્વ લેતો અને મૂકતો પલ્યોપમ/અસંખ્ય કાળમાં અસંખ્યવાર સમ્યક્ત્વ પામે અને અસંખ્યવાર અલ્પ કાળની દેશવિરતિ પામે. જ્યારે જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે ત્યારે ઘણા પ્રદેશોવાળી પ્રકૃતિઓ અલ્પ પ્રદેશોવાળી કરે.

(૬) આ સમ્યક્ત્વ યોગ્ય ભવોમાં ૮ વાર સર્વવિરતિ પામે, ૮ વાર અનંતાનુબંધીની વિસંયોજના કરે, ૪ વાર ઉપશમશ્રેણિ માંડે.

(૭) પછીના ભવમાં શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે. તે જીવ ક્ષપિતકર્માંશ કહેવાય. જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામિત્વમાં આ ક્ષપિતકર્માંશ જીવનો અધિકાર છે.

**જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી** -

(૧) **મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, કેવળદર્શનાવરણ = ૭** :- અવધિજ્ઞાની ક્ષપિતકર્માંશ જીવ બંધવિચ્છેદસમયે યથાપ્રવૃત્તસંક્રમથી જઘન્ય પ્રદેશસંક્રમ કરે. અવધિજ્ઞાનીને આ પ્રકૃતિઓના દલિકોની ઘણી નિર્જરા થાય છે.

(૨) **અવધિજ્ઞાનાવરણ, અવધિદર્શનાવરણ = ૨** :- અવધિજ્ઞાન વિનાનો ક્ષપિતકર્માંશ જીવ આ પ્રકૃતિઓના બંધવિચ્છેદસમયે એમનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે. અવધિજ્ઞાનીને પ્રબળ ક્ષયોપશમભાવના કારણે અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણના ઘણા દલિકો

| ક્રમ | બંધ-સ્થાન | પતદ્ગ્રહ-સ્થાન | પતદ્ગ્રહપ્રકૃતિ | સત્તા-સ્થાન | સંક્રમ-સ્થાન | સંક્રમપ્રકૃતિ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૩નું | ૨નું | સંજ્વલન માયા, સંજ્વલન લોભ | ૨૧નું | ૮નું | ૨૮ – દર્શન ૭, સંજ્વલન લોભ, નોકષાય ૯, ક્રોધ ૩ | |
| ૧૩ | ૨નું | ૨નું | સંજ્વલન માયા, સંજ્વલન લોભ | ૨૧નું | ૬નું | ૨૮ – દર્શન ૭, સંજ્વલન લોભ, નોકષાય ૯, ક્રોધ ૩, અપ્રત્યાખ્યાનાવરણીય માન, પ્રત્યાખ્યાના-વરણીય માન | |
| ૧૪ | ૨નું | ૨નું | સંજ્વલન માયા, સંજ્વલન લોભ | ૨૧નું | ૫નું | ૨૮ – દર્શન ૭, સંજ્વલન લોભ, નોકષાય ૯, ક્રોધ ૩, માન ૩ | |
| ૧૫ | ૨નું | ૧નું | સંજ્વલન લોભ | ૨૧નું | ૫નું | ૨૮ – દર્શન ૭, સંજ્વલન લોભ, નોકષાય ૯, ક્રોધ ૩, માન ૩ | |
| ૧૬ | ૧નું | ૧નું | સંજ્વલન લોભ | ૨૧નું | ૩નું | ૨૮ – દર્શન ૭, સંજ્વલન લોભ, નોકષાય ૯ ક્રોધ ૩, માન ૩, અપ્રત્યાખ્યાનાવરણીય માયા, પ્રત્યાખ્યાના-વરણીય માયા | |
| ૧૭ | ૧નું | ૧નું | સંજ્વલન લોભ | ૨૧નું | ૨નું | ૨૮ – દર્શન ૭, સંજ્વલન લોભ, નોકષાય ૯, ક્રોધ ૩, માન ૩, માયા ૩ | |

ખાલી કરે. પછી દર્શન ૩નો ક્ષય કરે. તેમાં △યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે વિધ્યાતસંક્રમથી મિથ્યાત્વમોહનીયનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે. પછી ગુણસંક્રમ થતો હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ ન થાય.

**(૮) સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય = ૨ :-** સમ્યક્ત્વ પામી અલ્પ કાળ માટે ગુણસંક્રમથી મિથ્યાત્વમોહનીયના દલિકોથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયને પુષ્ટ કરે. પછી બે વાર ૬૬ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળી મિથ્યાત્વે જઇ સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની ઉદ્વલના કરે. તેમાં દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરસ્થાનમાં સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

**(૯) અનંતાનુબંધી ૪ :-** ૪ વાર ઉપશમશ્રેણિ માંડી આ પ્રકૃતિઓના ઘણા દલિકો ખાલી કરે. પછી મિથ્યાત્વે જઇ અલ્પ કાળ અનંતાનુબંધી ૪ બાંધે. ત્યારે અન્યપ્રકૃતિઓનું થોડું જ દલિક તેમાં સંક્રમાવે. અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામી બે વાર ૬૬ સાગરોપમ સુધી તેને પાળે. પછી અનંતાનુંબંધી ૪ની વિસંયોજના કરે. તેમાં યથાપ્રવૃત્તકરણના અંતે વિધ્યાતસંક્રમથી અનંતાનુબંધી ૪નો જઘન્ય પ્રદેશસંક્રમ કરે. પછી ગુણસંક્રમ થતો હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ ન થાય.

**(૧૦) અસાતા, અરતિ, શોક, અશુભ વર્ણાદિ ૯, ઉપઘાત, અસ્થિર ૩ = ૧૬ :-** ક્ષપિતકર્માંશ જીવ મનુષ્યમાં ❑૮ વર્ષ +

△ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૭૫માં પાના નં. ૨૭૩** ઉપર અહીં યથાપ્રવૃત્તકરણના ચરમ સમયનો અર્થ અપ્રમત્તાવસ્થાનો ચરમ સમય એવો કર્યો છે.

❑ **પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૦૮ ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૯૦** ઉપર અહીં 'દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાળીને પછી ક્ષપકશ્રેણિ માંડે' એમ કહ્યું છે.

માસપૃથક્ત્વ પછી ક્ષપકશ્રેણિ માંડે ત્યારે ૭મા ગુણઠાણાના ચરમ સમયે △યથાપ્રવૃત્તસંક્રમથી આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

**(૧૧) અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ = ૮ :-** ક્ષપિતકર્માંશ જીવ મનુષ્યમાં આવી દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સંયમ પાળી ક્ષપકશ્રેણિ માંડે. તેમાં ૭મા ગુણઠાણાના ચરમ સમયે વિધ્યાતસંક્રમથી આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

**(૧૨) પુરુષવેદ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા = ૪ :-** ક્ષપિતકર્માંશ જીવ ક્ષપકશ્રેણિમાં આ પ્રકૃતિઓના બંધવિચ્છેદસમયે જઘન્ય યોગથી બાંધેલ દલિકોને પ્રતિસમય સંક્રમાવે. સમય ન્યૂન ૨ આવલિકાના ચરમ સમયે ચરમસમયબદ્ધ દલિકોનો અસંખ્યાતમો ભાગ જે શેષ છે તેને સર્વસંક્રમથી સંક્રમાવે. તે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ છે.

**(૧૩) દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭ = ૧૧ :-** એકેન્દ્રિયમાં આ પ્રકૃતિઓની ઉદ્વલના કરી પંચેન્દ્રિયમાં આવી અલ્પ કાળ બાંધી ૭મી નારકીમાં ૩૩ સાગરોપમ સુધી તેમને અનુભવે. પછી પંચેન્દ્રિય તિર્યંચમાં આવી આ પ્રકૃતિઓ બાંધ્યા વિના એકેન્દ્રિયમાં આવી લાંબો કાળ તેમની ઉદ્વલના કરે. તેમાં દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરસ્થાનમાં આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

**(૧૪) મનુષ્ય ૨, ઉચ્ચગોત્ર = ૩ :-** તેઉકાય-વાયુકાયમાં આ પ્રકૃતિઓની ઉદ્વલના કરી સૂક્ષ્મ એકેન્દ્રિયમાં અંતર્મુહૂર્ત સુધી આ પ્રકૃતિઓ બાંધીને પંચેન્દ્રિયમાં જઇ ૭મી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળો નારક થાય. ત્યાંથી પંચેન્દ્રિય તિર્યંચમાં આવે. આટલો કાળ આ પ્રકૃતિઓના નવા દલિકો ન બાંધે અને જુના બાંધેલા દલિકોને

△ **કર્મપ્રકૃતિ સંક્રમકરણ ગાથા ૧૦૨ની ચૂર્ણિમાં પાના નં. ૧૩૨** ઉપર અહીં 'વિધ્યાતસંક્રમથી આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે' એમ કહ્યું છે.

અનુભવે. પછી તેઉકાય-વાયુકાયમાં આવી લાંબો કાળ ઉદ્વલના કરે. તેમાં દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરપ્રકૃતિમાં આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

**(૧૫) આહારક ૭ :-** ૭મા ગુણઠાણે અલ્પકાળ માટે આહારક ૭ બાંધીને અવિરતિમાં આવે. ત્યાં અંતર્મુહૂર્ત પછી લાંબો કાળ ઉદ્વલના કરે. તેમાં દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે પરપ્રકૃતિમાં આહારક ૭નો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

**(૧૬) તિર્યંચ ૨, ઉદ્યોત = ૩ :-** ક્ષપિતકર્માંશ જીવ ૩ પલ્યોપમ આયુષ્યવાળો મનુષ્ય થાય. ત્યાં આ પ્રકૃતિઓ ન બાંધે. છેલ્લા અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પામી તેની સાથે જ ૧ પલ્યોપમ આયુષ્યવાળો દેવ થાય. ત્યાંથી સમ્યક્ત્વ સાથે મનુષ્યમાં આવી ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ આયુષ્યવાળો દેવ થાય. ત્યાં અંતર્મુહૂર્ત બાદ મિથ્યાત્વ પામે. સમ્યક્ત્વના કાળમાં સમ્યક્ત્વના કારણે આ પ્રકૃતિઓ બંધાતી નથી. ગ્રૈવેયકમાં ભવના કારણે આ પ્રકૃતિઓ બંધાતી નથી. ગ્રૈવેયકમાં છેલ્લા અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પામી બે વાર ૬૬ સાગરોપમ સુધી મનુષ્ય-દેવમાં સમ્યક્ત્વ પાળે. પછી અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે. તેમાં ૭મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

**(૧૭) જાતિ ૪, સ્થાવર ૪, આતપ = ૯ :-** ક્ષપિતકર્માંશ જીવ ૬ટ્ઠી નરકમાં ૨૨ સાગરોપમ આયુષ્યવાળો નારક થાય. ત્યાં ભવના કારણે આ પ્રકૃતિઓ ન બાંધે. છેલ્લા અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પામી તેની સાથે મનુષ્યમાં આવી દેશવિરતિ પાળી ૪ પલ્યોપમ આયુષ્યવાળો ૧લા દેવલોકમાં દેવ થાય. ત્યાંથી સમ્યક્ત્વ સાથે મનુષ્યમાં આવી સંયમ પાળી ૩૧ સાગરોપમ આયુષ્યવાળો ગ્રૈવેયકમાં દેવ થાય. ત્યાં અંતર્મુહૂર્ત પછી મિથ્યાત્વ પામે. સમ્યક્ત્વના કાળમાં

સમ્યક્ત્વના કારણે આ પ્રકૃતિઓ ન બંધાય. ગ્રૈવેયકમાં ભવના કારણે આ પ્રકૃતિઓ ન બંધાય. છેલ્લા અંતર્મુહૂર્તમાં ફરી સમ્યક્ત્વ પામી બે વાર ૬૬ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળી અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે ક્ષપકશ્રેણિ માંડે. તેમાં ૭મા ગુણઠાણાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

(૧૮) **પંચેન્દ્રિયજાતિ, સમચતુરસ્રસંસ્થાન, ❑વજ્રઋષભનારાચ-સંઘયણ, તૈજસ ૭, સુખગતિ, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, ત્રસ ૧૦ = ૩૬ :-** ઉપશમશ્રેણિ માંડ્યા વિનાની પ્રક્રિયાથી ક્ષપિતકર્માંશ થયેલ જીવને ૮મા ગુણઠાણાની પ્રથમ આવલિકાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય. ત્યાર પછી ગુણસંક્રમથી આવેલા દલિકોની સંક્રમાવલિકા પૂર્ણ થઈ જવાથી તે દલિકોનો સંક્રમ થતો હોવાથી જઘન્ય પ્રદેશસંક્રમ ન થાય.

(૧૯) **પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, કુખગતિ, દુર્ભગ ૩, નપુંસકવેદ, નીચગોત્ર = ૧૬ :-** ક્ષપિતકર્માંશ જીવ ૩ પલ્યોપમ આયુષ્યવાળો મનુષ્ય થાય. છેલ્લા અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વ પામી બે વાર ૬૬ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળી આ પ્રકૃતિઓના ઘણા દલિકોને ખાલી કરે. પછી ક્ષપકશ્રેણિ માંડે. તેમાં ૭મા ગુણઠાણાના ચરમ સમયે વિધ્યાતસંક્રમથી આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે.

(૨૦) **ઔદારિક ૭ :-** અન્ય જીવો કરતા ઔદારિક ૭ની અલ્પ સત્તાવાળો જીવ ૩ પલ્યોપમ આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચ-

---

❑ **પંચસંગ્રહ** સંક્રમકરણ ગાથા ૧૧૪ની **બન્ને ટીકાઓમાં પાના નં. ૯૨** ઉપર પહેલા સંઘયણનો જઘન્ય પ્રદેશસંક્રમ ક્ષપિતકર્માંશ જીવને પોતાના બંધવિચ્છેદસમયે કહ્યો છે.

મનુષ્યમાં આવે. તે ઔદારિક ૭ને અનુભવે અને વિધ્યાતસંક્રમથી સંક્રમાવે. તેને પોતાના આયુષ્યના ચરમ સમયે ઔદારિક ૭નો જઘન્ય પ્રદેશસંક્રમ હોય.

**(૨૧) જિન :-** પ્રથમ સમયે બાંધેલ જિનનામકર્મના દલિકોની બંધાવલિકા વીત્યા બાદ તેમને યથાપ્રવૃત્તસંક્રમથી પરપ્રકૃતિમાં સંક્રમાવે. તે જિનનામકર્મનો જઘન્ય પ્રદેશસંક્રમ છે.△

**કર્મપ્રકૃતિના સંક્રમકરણનો પદાર્થસંગ્રહ સમાપ્ત**

**कित्तीय वंदिय महिआ, जे ए लोगस्स उत्तमा सिद्धा ।**
**आरुग्ग-बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥**

લોગસ્સ (નામસ્તવ) સૂત્રની આ ગાથા પૂર્વે ॐ अम्बराय અને અંતે સ્વાહા પૂર્વક આ ગાથાનો પંદર હજાર જાપ ભાવથી કરનારને સમાધિમરણની પ્રાપ્તિ લોગસ્સ કલ્પમાં બતાવી છે.

**कदा त्वदाज्ञाकरणाप्ततत्त्व-स्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् ।**
**आत्मैकसारो निरपेक्षवृत्ति-र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ! ॥**

હે નાથ ! તમારી આજ્ઞાના પાલનથી તત્ત્વ પામીને સંસારના એક માત્ર કારણરૂપ મમત્વાદિને છોડીને આત્માને જ સારરૂપ માનીને સર્વત્ર નિરપેક્ષવૃત્તિવાળો હું મોક્ષની પણ ઇચ્છા વિનાનો ક્યારે થઇશ ?

△ **પંચસંગ્રહ સંક્રમકરણ ગાથા ૧૧૮ અને તેની બન્ને ટીકાઓમાં પાના નં. ૯૪** ઉપર આયુષ્ય ૪ના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી આ પ્રમાણે કહ્યા છે - જઘન્ય યોગથી બંધાયેલ આયુષ્યની સમયાધિક આવલિકા શેષ હોય ત્યારે સ્વસ્થાનમાં તેનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય.

## કર્મપ્રકૃતિ

# ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ

## પદાર્થસંગ્રહ

**ઉદ્વર્તનાકરણ** - જે વીર્યવિશેષથી જીવ બંધાતા કર્મોના સત્તાગત સ્થિતિ અને રસને વધારે તે ઉદ્વર્તનાકરણ.❑

ઉદ્વર્તનાના બે પ્રકાર છે - (૧) સ્થિતિઉદ્વર્તના અને (૨) રસઉદ્વર્તના.

**અપવર્તનાકરણ** - જે વીર્યવિશેષથી જીવ કર્મોના સત્તાગત સ્થિતિ અને રસને ઘટાડે તે અપવર્તનાકરણ.❑

અપવર્તનાના બે પ્રકાર છે - (૧) સ્થિતિઅપવર્તના અને (૨) રસઅપવર્તના.

### (૧) સ્થિતિઉદ્વર્તના

બંધાતા કર્મોની સત્તાગત સ્થિતિને વધારવી તે સ્થિતિઉદ્વર્તના છે. તે બે પ્રકારે છે - (i) નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના અને (ii) વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના.

**(i) નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના** - નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિની સમાન કે હીન હોય તો ત્યારે થનારી સ્થિતિઉદ્વર્તના એ નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના છે.

કોઈપણ કર્મસ્થિતિ બાંધ્યા પછી બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરના સત્તાગત દલિકોની સ્થિતિઓની ઉદ્વર્તના થાય.

---

❑ બંધ હોય ત્યારે જ ઉદ્વર્તના થાય, બંધ હોય કે ન હોય તો પણ અપવર્તના થાય.

બધ્યમાન પ્રકૃતિની અબાધાની સમાન કે હીન પૂર્વબદ્ધ દલિકોની સ્થિતિઓ ઉપાડીને બધ્યમાન પ્રકૃતિની અબાધાની ઉપર ન નાંખે, પણ અબાધાની અંદર નાંખે. બધ્યમાન પ્રકૃતિની અબાધાની ઉપરની પૂર્વબદ્ધ દલિકોની સ્થિતિઓની ઉદ્વર્તના થાય. તેને ચરમ સ્થિતિ સુધી વધારે. માટે બધ્યમાન પ્રકૃતિની અબાધાની અંદર રહેલી પૂર્વબદ્ધ દલિકોની સ્થિતિઓને ઉદ્વર્તનાને અયોગ્ય કહી છે. તે ઉત્કૃષ્ટ □અતીત્થાપના છે. બધ્યમાન પ્રકૃતિની અબાધાની ઉપર રહેલી પૂર્વબદ્ધ દલિકોની સ્થિતિઓ ઉદ્વર્તનાને યોગ્ય છે. બધ્યમાન પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિની નીચે રહેલી ૧ આવલિકા + આવલિકા/અસંખ્ય જેટલી પૂર્વબદ્ધ દલિકોની સ્થિતિઓ ઉદ્વર્તનાને અયોગ્ય છે. તેની નીચેની સ્થિતિના પૂર્વબદ્ધ દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગી આવલિકા/અસંખ્ય પ્રમાણ સ્થિતિમાં નાંખે. આ જઘન્ય નિક્ષેપ▵ છે. જઘન્ય અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ છે. ઉદ્વર્તનાયોગ્ય સ્થિતિ = ઉત્કૃષ્ટ સ્થિતિ – (અબાધા⊗ + આવલિકા + આવલિકા/અસંખ્ય). ઉત્કૃષ્ટ સ્થિતિથી નીચે આવલિકા + આવલિકા/અસંખ્ય ઊતરીને બીજી સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગીને આવલિકા/અસંખ્ય + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં નાંખે. ઉત્કૃષ્ટ સ્થિતિથી નીચે આવલિકા + આવલિકા/અસંખ્ય ઊતરીને ત્રીજી સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગીને આવલિકા/અસંખ્ય + ૨ સમય પ્રમાણ સ્થિતિમાં નાંખે. એમ નિક્ષેપમાં ૧-૧ સમયની વૃદ્ધિ કરવી. અબાધા ઉપરની પ્રથમ સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગીને ઉત્કૃષ્ટ સ્થિતિ – (અબાધા⊗ + ૧ સમય + ૧ આવલિકા) પ્રમાણ સ્થિતિમાં નાંખે. આ ઉત્કૃષ્ટ નિક્ષેપ છે.

---

□ જેટલી સ્થિતિ ઓળંગીને પૂર્વબદ્ધ કર્મદલિકોની સ્થિતિઓનો નિક્ષેપ થાય તેને અતીત્થાપના કહેવાય છે.

▵ જેટલી સ્થિતિમાં પૂર્વબદ્ધ કર્મદલિકોની સ્થિતિઓ નંખાય તેને નિક્ષેપ કહેવાય છે.

⊗ બંધાવલિકા અબાધાની અંતર્ગત આવી ગઈ છે.

# નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના

## ઉત્કૃષ્ટ નિક્ષેપ




## જઘન્ય નિક્ષેપ



આ વિવરણ **કર્મપ્રકૃતિની બન્ને ટીકાઓ** અને **પંચસંગ્રહની બન્ને ટીકાઓના** આધારે કર્યું છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિની જયધવલા ટીકામાં** સ્થિતિસંક્રમ અધિકારમાં કહ્યું છે,

'तत्थ ताव पुव्वणिरुद्धट्ठिदी णाम सत्तरिसागरोवमकोडाकोडीणं बंधपाओग्गा अंतोकोडाकोडीमेत्तदाहट्ठिदी घेत्तव्वा । तिस्से उवरि समयुत्तर-दुसमयुत्तरादि कमेण बंधमाणस्स जाव आवलिया अण्णेगो च आवलियाए असंखे० भागो ण गदो ताव तिस्से ट्ठिदीए चरिमणिसेयस्स पयदुक्कड्डणा ण संभवइ, वाघादविसए णिव्वाघादपरूवणाए अणवयारादो । तम्हा आवलियाइच्छावणाए तदसंखेज्जभागमेत्तजहण्णणिक्खेवे च पडिवुण्णे संते णिव्वाघादेणुक्कड्डणा पारभइ । एत्तो उवरि अवट्ठिदाइच्छावणाए णिरंतरं णिक्खेववुड्ढी वत्तव्वा जावप्पणो उक्कस्सणिक्खेवो त्ति । एवं कदे दाहट्ठिदीए णिव्वाघादजहण्णाइच्छावण-समयूणजहण्णणिक्खेवेहि य ऊणसत्तरिसागरोवम-कोडाकोडिमेत्ताणि णिक्खेवट्ठाणाणि दाहट्ठिदिचरिमणिसेयस्स लद्धाणि भवंति। एवमेव-दाहट्ठिदिदुचरिमणिसेयस्स वि वत्तव्वं । णवरि अणंतरादीद-णिक्खेवट्ठाणेहिंतो एत्थतणणिक्खेवट्ठाणाणि समयुत्तराणि होंति । एवं सेसासेसहेट्ठिमट्ठिदीणं पादेक्कं णिरुभणं काऊण समयाहियकमेण णिक्खेवट्ठाणाणमुप्पत्ती वत्तव्वा जाव सव्वमंतोकोडाकोडिमोयरिय अबाहाब्भंतरे समयाहियावलियमेत्तामोदरिदूण ट्ठिदट्ठिदि त्ति । एदिस्से ट्ठिदीए णिव्वाघादजहण्णाइच्छावणा सह सव्वुक्कसओ णिक्खेवो होइ। तस्स पमाणणिण्णयमुवरि कस्सामो । एत्तो हेट्ठिमाणं पि ट्ठिदीणमेसो चेव णिक्खेवो । णवरि अइच्छावणा समयुत्तरादिकमेण वड्ढदि जाव उदयावलियबाहिरट्ठिदि त्ति ।

**हिन्दी अनुवाद** - 'प्रकृतमें पूर्वमें बँधी हुई स्थितिसे सत्तर कोडाकोडी सागरके बन्ध योग्य अन्तःकोडाकोडी प्रमाण दाहस्थिति लेनी चाहिए । इस स्थितिके ऊपर बन्ध करनेवाले जीवके एक समय अधिक और दो समय अधिक आदिके क्रमसे जब तक एक आवलि और एक आवलिका असंख्यातवाँ भाग नहीं बँध लेता है तब तक उस स्थितिके अन्तिम निषेकका प्रकृत उत्कर्षण सम्भव नहीं है, क्योंकि व्याघातविषयक प्ररूपणामें निर्व्याघात विषयक प्ररूपणा नहीं हो सकती । इसलिए एक आवलि प्रमाण अतिस्थापना और उसके असंख्यातवें भाग प्रमाण जघन्य निक्षेपके परिपूर्ण हो जाने पर ही निर्व्याघातविषयक उत्कर्षणका प्रारम्भ होता है । इससे आगे अतिस्थापनाके अवस्थित रहते हुए अपनें उत्कृष्ट निक्षेपकी प्राप्ति होने तक निरन्तर क्रमसे निक्षेपकी वृद्धिका कथन करना चाहिये । ऐसा करने पर दाहस्थितिके अन्तिम निषेकके; दाहस्थिति, निर्व्याघातविषयक जघन्य अतिस्थापना और एक समय कम जघन्य निक्षेप इन तीन राशियों में न्यून सत्तर कोडाकोडी सागरप्रमाण निक्षेपस्थान प्राप्त होते हैं । इसी प्रकार दाहस्थितिके द्विचरमनिषेकका भी कथन करना चाहिये। किन्तु इतनी विशेषता है कि समनन्तरपूर्व कहे गये निक्षेपस्थानों से इस स्थानके निक्षेपस्थान एक समय अधिक होते हैं । इसी प्रकार बाकीकी नीचेकी सब स्थितियोंकी प्रत्येक स्थितिको विवक्षित करके अन्तःकोडाकोडीप्रमाण स्थान नीचे जाकर आबाधाके भीतर एक समय अधिक एक आवलिप्रमाण स्थिति नीचे जाकर जो स्थिति स्थित है उसके प्राप्त होने तक एक समय अधिकके क्रमसे निक्षेपस्थानोंकी उत्पत्ति कहनी चाहिये, इस स्थितिका निर्व्याघातविषयक जघन्य अतिस्थापनाके साथ सबसे उत्कृष्ट निक्षेप होता है । उसके प्रमाणका निर्णय आगे करेंगे । इससे नीचेकी स्थितियोंका भी यही निक्षेप होता

है । किन्तु इतनी विशेषता है कि उदयावलिके बाहरकी स्थितिके प्राप्त होने तक इन स्थितियोंकी अतिस्थापना एक एक समय बढ़ती जाती है ।'

આના ઉપરથી એ નિષ્કર્ષ નીકળે છે કે - (૧) બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકાની ઉપરની સ્થિતિના દલિકોની સ્થિતિને અબાધાની ઉપરની સ્થિતિઓમાં નાંખે છે. તેથી ઉત્કૃષ્ટ અતીત્થાપના = ઉત્કૃષ્ટ અબાધા – (બંધાવલિકા + ઉદયાવલિકા + ૧ સમય) સંભવે છે. (૨) બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની અને ઉત્કૃષ્ટ સ્થિતિની નીચે આવલિકા/અસંખ્ય + ૧ આવલિકા છોડીને તેની નીચેની બધી સ્થિતિઓ ઉદ્વર્તના યોગ્ય છે. તેથી ઉદ્વર્તનાયોગ્ય સ્થિતિ = ઉત્કૃષ્ટ સ્થિતિ – (બંધાવલિકા + ઉદયાવલિકા + ૧ આવલિકા + $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$) સંભવે છે.

બંધાતી પ્રકૃતિની અબાધાની સમાન કે હીન પૂર્વબદ્ધ સ્થિતિના દલિકોની સ્થિતિઓની ઉદ્વર્તના આ પ્રમાણે થાય - બંધાવલિકા ઉપરની સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગી ઉત્કૃષ્ટ અબાધા સુધીની બધી સ્થિતિમાં નાંખે. તેથી ઉત્કૃષ્ટ નિક્ષેપ = ઉત્કૃષ્ટ અબાધા – (૨ આવલિકા❑ + ૧ સમય). બંધાવલિકા ઉપરની બીજી સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગી ઉત્કૃષ્ટ અબાધા સુધીની બધી સ્થિતિમાં નાંખે. તેમનો નિક્ષેપ = ઉત્કૃષ્ટ અબાધા – (૨ આવલિકા + ૨ સમય) એમ ઉપર ઉપરની સ્થિતિના દલિકોની સ્થિતિઓનો નિક્ષેપ ૧-૧ સમયની સ્થિતિ જેટલો ન્યૂન થાય. ઉત્કૃષ્ટ અબાધાથી નીચે ૧ આવલિકા + આવલિકા/અસંખ્ય ઊતરીને નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ

❑ ૨ આવલિકા = બંધાવલિકા + અતીત્થાપનાવલિકા.

# અબાધામાં નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના

## ઉત્કૃષ્ટ નિક્ષેપ




## જઘન્ય નિક્ષેપ



અતીત્થાપનાવલિકા ઓળંગી આવલિકા/અસંખ્ય પ્રમાણ સ્થિતિમાં નાંખે. આ જઘન્ય નિક્ષેપ છે.

આ વિવરણ **કર્મપ્રકૃતિની બન્ને ટીકાઓ** અને **પંચસંગ્રહની બન્ને ટીકાઓના** આધારે કર્યું છે.

**કર્મપ્રકૃતિ ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ ગાથા ૧ની ચૂર્ણિમાં પાના નં. ૧૪૦** ઉપર કહ્યું છે, **'जत्तिता अबाहा तत्तितं अतित्थावेत्तु परतोत्थ भवति उक्कोसेणं ।'** જેટલી અબાધા હોય તેટલું ઓળંગીને પછીની સ્થિતિઓમાં ઉત્કૃષ્ટથી નિક્ષેપ થાય છે. **કર્મપ્રકૃતિ ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ ગાથા ૨ની ચૂર્ણીમાં પાના નં. ૧૪૨** ઉપર કહ્યું છે, **'अबाहाए णिक्खेवो णत्थि त्ति ।'** આબાધામાં નિક્ષેપ થતો નથી. તેથી કર્મપ્રકૃતિના ચૂર્ણિકારના મતે અબાધામાં કર્મદલિકોની સ્થિતિઓનો નિક્ષેપ થતો નથી.

**કષાયપ્રાભૃતચૂર્ણિમાં સ્થિતિસંક્રમ અધિકારમાં** કહ્યું છે, 'जत्तिया उक्कस्सिया कम्मट्ठिदी उक्कस्सियाए आबाहाए समयुत्तरावलियाए च ऊणा तत्तिओ उक्कस्सओ णिक्खेवो ।' **जयधवला** - 'समयाहियबंधावलियं गालिय उदयावलियबाहिरट्ठिदट्ठिदीए उक्कड्डिज्जमाणाए एसो उक्कस्सणिक्खेवो परूविदो परिप्फुडमेव, तिस्से समयाहियावलियाए उक्कस्साबाहाए च परिहीणुक्कस्सकम्मट्ठिदिमेत्तुक्कस्सणिक्खेवदंसणादो । तं जहा-उक्कस्सट्ठिदिं बंधिय बंधावलियं गालिय तदणंतरसमए आबाहाबाहिरट्ठिदिट्ठिदपदेसग्गमोकड्डिय उदयावलियबाहिरे णिसिंचदि । एत्थ बिदियट्ठिदीए ओकड्डिय णिक्खित्तदव्वमहिकयं, पढमसमयणिसित्तस्स तदणंतरसमए उदयावलियब्भंतरपवेसदंसणादो । तदो बिदियसमए उक्कस्ससंकिलेसवसेण उक्कस्सट्ठिदिं बंधमाणो विवक्खियपदेसग्गमुक्कड्डंतो आबाहाबाहिरपढमणिसेयप्पहुडि ताव णिक्खिवदि जाव

समयाहियावलियमेत्तेण अग्गट्ठिदिमपत्तो त्ति । कुदो एवं ? ततो उवरि तस्स विवक्खियकम्मपदेसस्स सत्तिट्ठिदीए असंभवादो । तम्हा उक्कस्साबाहाए समयुत्तरावलियाए च ऊणिया कम्मट्ठिदी कम्मणिक्खेवो त्ति सिद्धं । किमेदिस्से चेव एक्किस्से उदयावलियबाहिरट्ठिदीए उक्कस्सणिक्खेवो, आहो अण्णासिं पि ट्ठिदीणमत्थि त्ति एत्थ णिण्णयं कस्सामो। एत्तो उवरिमाणं पि आबाहाब्भंतरब्भुवगमाणं ट्ठिदीणं सव्वासिमेव पयदुक्कस्सणिक्खेवो होइ । णवरि आबाहाबाहियपढमणि-सेयट्ठिदीए हेट्ठदो आवलियमेत्ताणमाबाहब्भंतरट्ठिदीणमुक्कस्सओ णिक्खेवो ण संभवइ, तत्थ जहाकममाबाहाबाहिरणिसेयट्ठिदीणम-इच्छावणावलियाणुप्पवेसेणुक्कस्सणिक्खेवस्स हाणिदंसणादो ।'

**हिन्दी अनुवाद** - 'उत्कृष्ट आबाधा और एक समय अधिक एक आवलि इनसे न्यून जितनी उत्कृष्ट कर्मस्थिति है उतना उत्कृष्ट निक्षेप है ।'

'एक समय अधिक बन्धावलिको गलाकर उदयावलिके बाहर स्थित स्थितिका उत्कर्षण होने पर यह उत्कृष्ट निक्षेप कहा है यह बात स्पष्ट है, क्योंकि उस स्थितिका एक समय अधिक एक आवलि और उत्कृष्ट आबाधासे न्यून उत्कृष्ट कर्मस्थितिप्रमाण उत्कृष्ट निक्षेप देखा जाता है । खुलासा इस प्रकार है - उत्कृष्ट स्थितिको बाँधकर और बन्धावलिको गलाकर तदनन्तर समयमे आबाधाके बाहरकी स्थितिमें स्थित कर्मपरमाणुओंका अपकर्षण करके उदयावलिके बाहर निक्षेप करता है । यहाँ पर अपकर्षण करके उदयावलिके बाहर दूसरी स्थितिमें निक्षिप्त हुआ द्रव्य विवक्षित है, क्योंकि उदयावलिके बाहर प्रथम समयमें जो द्रव्य निक्षिप्त होता है उसका तदनन्तर समयमें उदयावलिके भीतर प्रवेश देखा जाता है । फिर दूसरे समयमें उत्कृष्ट संक्लेशके कारण उत्कृष्ट स्थितिका बन्ध करनेवाला कोई एक जीव

विवक्षित प्रदेशाग्रका उत्कर्षण करके उन्हें आबाधाके बाहर प्रथम निषेकको लेकर अग्रस्थितिसे एक समय अधिक एक आवलि प्रमाण स्थान नीचे उतर कर जो स्थान प्राप्त हो वहाँ तक निक्षिप्त करता है ।

**शंका** - ऐसा क्यों है ?

**समाधान** - क्योंकि इससे ऊपर उस विवक्षित प्रदेशाग्रकी शक्ति नहीं पाई जाती है । इसलिये उत्कृष्ट आबाधा और एक समय अधिक एक आवलिसे न्यून कर्मस्थिति प्रमाण कर्मनिक्षेप होता है यह बात सिद्ध हुई ।

**शंका** - क्या उदयावलिके बाहरकी इसी एक स्थितिका उत्कृष्ट निक्षेप होता है या अन्य स्थितियोंका भी उत्कृष्ट निक्षेप होता है ?

**समाधान** - अब इस प्रश्नका निर्णय करते है - इस स्थितिसे ऊपर आबाधाके भीतर जितनी भी स्थितियाँ स्वीकार की गई हैं उन सभीका प्रकृत उत्कृष्ट निक्षेप होता है । किन्तु इतनी विशेषता है कि आबाधाके बाहर प्रथम निषेककी स्थितिसे नीचेकी एक आवलिप्रमाण आबाधाके भीतरकी स्थितियोंका उत्कृष्ट निक्षेप सम्भव नहीं है, क्योंकि वहाँ क्रमसे आबाधाके बाहरकी निषेकस्थितियोंका अतिस्थापनावलिमें प्रवेश हो जानेके कारण उत्कृष्ट निक्षेपकी हानि देखी जाती है ।'

આના ઉપરથી એ નિષ્કર્ષ નીકળે છે કે - (૧) ઉદ્વર્તના કરાયેલી સ્થિતિઓનો નિક્ષેપ અબાધાની ઉપરની સ્થિતિઓમાં થાય છે, અબાધાની અંદરની સ્થિતિઓમાં થતો નથી. તેનું કારણ એવું લાગે છે કે અબાધાની અંદરની સ્થિતિઓ તે સમયે બંધાતી નથી. (૨) નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ – (અબાધા + સમયાધિક આવલિકા) પ્રમાણ છે. તે આ પ્રમાણે

- કર્મની (મિથ્યાત્વમોહનીયની) ઉત્કૃષ્ટ સ્થિતિ (૭૦ કોડાકોડી સાગરોપમ) બાંધીને બંધાવલિકા પસાર કરીને અબાધાની ઉપર રહેલ સ્થિતિના દલિકોની સ્થિતિની અપવર્તના કરી ઉદયાવલિકા ઉપરની બીજી સ્થિતિમાં નાંખે. (અબાધામાં પૂર્વની સત્તાગત સ્થિતિઓ છે. તેની પણ ઉદ્વર્તના થઇ શકે. પણ તેનો ઉત્કૃષ્ટ નિક્ષેપ ન મળે, કેમકે તે પૂર્વે બંધાઇ હોવાથી તેનો ઘણો કાળ પસાર થઇ ગયો છે. માટે ઉત્કૃષ્ટ નિક્ષેપને લાવવા અહીં સ્થિતિની અપવર્તના કરી.) (અહીં અપવર્તના કરાયેલી સ્થિતિઓને ઉદયાવલિકા ઉપરની બીજી સ્થિતિમાં નાંખવાનું કારણ એ છે કે જો અપવર્તના કરાયેલી સ્થિતિઓને ઉદયાવલિકા ઉપરની પહેલી સ્થિતિમાં નાંખે તો બીજા સમયે તે સ્થિતિઓ ઉદયાવલિકાની અંદર આવી જવાથી તેમની ઉદ્વર્તના ન થઇ શકે.) ત્યાર પછીના સમયે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો જીવ ઉદયાવલિકા ઉપરની સ્થિતિની ઉદ્વર્તના કરીને અબાધાની ઉપરની અને ઉત્કૃષ્ટ સ્થિતિની નીચે સમયાધિક આવલિકા ઓળંગીને તેની નીચેની બધી સ્થિતિઓમાં નાંખે છે. (ઉપરની સમયાધિક આવલિકા છોડવાનું કારણ એ છે કે જે સ્થિતિની ઉદ્વર્તના થાય છે તેની સમયાધિક આવલિકા પસાર થઇ ગઈ છે અને કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી જ વધારી શકાય છે.) (અહીં ૭૦ કોડાકોડી સાગરોપમ – સમયાધિક આવલિકા પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ સમજવો, જેથી તે સત્તાગત સ્થિતિ કરતા વધુ ન થવાથી નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના થાય) આમ બંધાવલિકા ઉપરના બીજા સમયે ઉદ્વર્તના કરાયેલ ઉદયાવલિકાની ઉપરની સ્થિતિનો ઉત્કૃષ્ટ નિક્ષેપ ઉત્કૃષ્ટ સ્થિતિ – (અબાધા + આવલિકા + ૧ સમય) પ્રમાણ છે.

(ii) **વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના** - નવા બંધાતા કર્મોની સ્થિતિ

સત્તાગત સ્થિતિ કરતા વધુ હોય તો ત્યારે થનારી સ્થિતિઉદ્વર્તના એ વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના છે. નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિ કરતા ૧ સમય અધિક હોય તો સત્તાગત સ્થિતિની ઉત્કૃષ્ટ સ્થિતિથી માંડીને નીચે ૧ આવલિકા + $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ જેટલી સ્થિતિના દલિકોની સ્થિતિઓની ઉદ્વર્તના ન થાય. તેની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે. આમ નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગતસ્થિતિ કરતા ૨ x $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ – ૧ સમય જેટલી અધિક હોય ત્યાં સુધી જાણવું. નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગતસ્થિતિ કરતા ૨ x $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ જેટલી અધિક હોય ત્યારે સત્તાગત સ્થિતિની ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓ $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ ઓળંગી બીજા $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે. ઉત્કૃષ્ટ સ્થિતિની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૧ સમય ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે. તેની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૨ સમય ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે. એમ અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ થાય ત્યાં સુધી તેમાં ૧-૧ સમય વધારતા જવા. ઉત્કૃષ્ટ સ્થિતિથી માંડીને નીચે આવલિકાના અસંખ્ય બહુભાગ જેટલી સ્થિતિ ઓળંગી તેની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે. તેની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં નાંખે. એમ નીચે નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા છોડી નવી બંધાતી સ્થિતિની ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીની બધી સ્થિતિઓમાં

નાંખે. સત્તાગતસ્થિતિની ઉત્કૃષ્ટ સ્થિતિની નીચે આવલિકા પ્રમાણ સ્થિતિ ઓળંગી તેની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓ અતીત્થાપનાવલિકા ઓળંગીને ૨ x $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે.

નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિ કરતા ૨ x $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૧ સમય અધિક હોય તો સત્તાગત ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓ $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૧ સમય પ્રમાણ અતીત્થાપના ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ માં નાંખે. તેની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓના અતીત્થાપના - નિક્ષેપ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિ કરતા ૨ x $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૨ સમય અધિક હોય તો સત્તાગત ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓ $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૨ સમય પ્રમાણ અતીત્થાપના ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે. તેની નીચેની સ્થિતિના દલિકોની સ્થિતિઓના અતીત્થાપના-નિક્ષેપ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

એમ નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિ કરતા ૧-૧ સમય વધતા સત્તાગત ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓની અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ થાય ત્યાં સુધી અતીત્થાપનામાં ૧-૧ સમય વધે અને નિક્ષેપ $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ જ રહે. ત્યાર પછી નવા બંધાતા કર્મોની સ્થિતિ વધતા સત્તાગત ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓની અતીત્થાપના ૧ આવલિકા રાખી નિક્ષેપમાં ૧-૧ સમય વધે. નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિ કરતા ૧ આવલિકા + $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ વધુ હોય ત્યારે સત્તાગત સ્થિતિની ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓ ૧ આવલિકા પ્રમાણ

## વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના



અતીત્થાપના છોડી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં નાંખે. ત્યાર પછી નવા બંધાતા કર્મોની સ્થિતિ ૧-૧ સમય વધતા સત્તાગત ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓની અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ રહે અને નિક્ષેપમાં ૧-૧ સમય વધે.

## સ્થિતિઉદ્વર્તનામાં અલ્પબહુત્વ

| સ્થાન | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|
| જઘન્ય અતીત્થાપના, જઘન્ય નિક્ષેપ | અલ્પ (પરસ્પર તુલ્ય) | આવલિકા/અસંખ્ય |
| ઉત્કૃષ્ટ અતીત્થાપના | અસંખ્યગુણ | ઉત્કૃષ્ટ અબાધા |
| ઉત્કૃષ્ટ નિક્ષેપ | અસંખ્યગુણ | ઉત્કૃષ્ટ સ્થિતિ – (અબાધા + ૧સમય + ૧ આવલિકા) |
| સર્વ કર્મસ્થિતિ | વિશેષાધિક | ઉત્કૃષ્ટ નિક્ષેપ કરતા અબાધા + ૧ સમય + ૧ આવલિકા અધિક |

## (૨) સ્થિતિઅપવર્તના

સત્તાગત કર્મોની સ્થિતિને ઘટાડવી તે સ્થિતિઅપવર્તના છે. તે બે પ્રકારે છે - (i) નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તના અને (ii) વ્યાઘાત સ્થિતિઅપવર્તના

(i) **નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તના** - સ્થિતિઘાત સિવાય થનારી સ્થિતિઅપવર્તના તે નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તના છે.

કોઈ પણ કર્મસ્થિતિ બાંધ્યા પછી બંધાવલિકા વીત્યા બાદ ઉદયાવલિકા ઉપરની બધી સ્થિતિની અપવર્તના થાય.

અપવર્તનાયોગ્ય સ્થિતિ = ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ – ૨ આવલિકા

ઉદયાવલિકા ઉપરની સ્થિતિના દલિકોની સ્થિતિઓની

અપવર્તના કરી નીચે $\frac{૨}{૩}$ આવલિકા – ૧ સમય પ્રમાણ અતીત્થાપના છોડી $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય[□] પ્રમાણ સ્થિતિમાં નાંખે. આ જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના છે.

ઉદયાવલિકા ઉપરની બીજી સ્થિતિના દલિકોની સ્થિતિઓની અપવર્તના કરી નીચે $\frac{૨}{૩}$ આવલિકા પ્રમાણ અતીત્થાપના છોડી $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં નાંખે.

એમ ઉદયાવલિકા ઉપરની ત્રીજી વગેરે સ્થિતિના દલિકોની સ્થિતિઓની અપવર્તના કરી અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ થાય ત્યાં સુધી અતીત્થાપનામાં ૧-૧ સમય વધે અને નિક્ષેપ $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય પ્રમાણ રહે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ રહે અને નિક્ષેપમાં ૧-૧ સમય વધે.

ઉત્કૃષ્ટ અતીત્થાપના = ૧ આવલિકા.

ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોની સ્થિતિઓની અપવર્તના કરી અતીત્થાપનાવલિકા ઓળંગી બંધાવલિકા ઉપરની બધી સ્થિતિઓમાં નાંખે. આ ઉત્કૃષ્ટ નિક્ષેપ છે.

---

□ **કષાયપ્રાભૃતચૂર્ણિના સ્થિતિસંક્રમ અધિકારમાં પાના નં. ૧૦૪૧** ઉપર નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તનાનો જઘન્ય નિક્ષેપ $\frac{૧}{૩}$ આવલિકા અને જઘન્ય અતીત્થાપના $\frac{૨}{૩}$ આવલિકા કહી છે. **જયધવલાટીકામાં** તેની સ્પષ્ટતા આ પ્રમાણે કરી છે - આવલિકાના સમયોની સંખ્યા કૃતયુગ્મ હોવાથી તેને ૩ થી ભાગી ન શકાય. તેથી સમય ન્યૂન આવલિકાના ત્રણ ભાગ કરવા. તેથી જઘન્ય અતીત્થાપના = $\frac{\text{સમય ન્યૂન આવલિકા}}{૩} \times ૨$ અને જઘન્ય નિક્ષેપ = $\frac{\text{સમય ન્યૂન આવલિકા}}{૩} +$ ૧ સમય.

## નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તના



ઉત્કૃષ્ટ નિક્ષેપ = ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ – (૨△ આવલિકા + ૧ સમય)

**(ii) વ્યાઘાત સ્થિતિઅપવર્તના** - સ્થિતિઘાત વખતે થતી સ્થિતિઅપવર્તના તે વ્યાઘાત સ્થિતિઅપવર્તના છે.

ઘાત્યમાન સ્થિતિખંડની ચરમ સ્થિતિના દલિકોની સ્થિતિઓને તે સ્થિતિખંડને ઓળંગી નીચેની સ્થિતિઓમાં નાંખે. ઘાત્યમાન સ્થિતિખંડમાં દલિકો ન નાંખે. સ્થિતિખંડ કંડક પ્રમાણ હોય છે. તેથી અતીત્થાપના કંડક – ૧ સમય□ પ્રમાણ છે. ઘાત્યમાન સ્થિતિખંડની દ્વિચરમસ્થિતિના દલિકોની સ્થિતિઓ કંડક – ૨ સમય પ્રમાણ અતીત્થાપના ઓળંગી નીચેની સ્થિતિમાં નાંખે. એમ ઘાત્યમાન સ્થિતિખંડની પૂર્વ પૂર્વની સ્થિતિના દલિકોની સ્થિતિઓ માટે અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ થાય ત્યાં સુધી અતીત્થાપના ૧-૧ સમય પ્રમાણ ઘટે અને નિક્ષેપ સમાન રહે. ઘાત્યમાન સ્થિતિખંડની આવલિકા પ્રમાણ સ્થિતિની ઉપરની સ્થિતિના દલિકોની સ્થિતિઓ ૧ આવલિકા પ્રમાણ અતીત્થાપના છોડી નીચેની સ્થિતિઓમાં નાંખે. તેની નીચેની સ્થિતિઓના દલિકોની સ્થિતિઓ માટે અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ રહે અને નિક્ષેપમાં ૧-૧ સમય ઘટે. એમ ઘાત્યમાન સ્થિતિખંડની પ્રથમ સ્થિતિ સુધી જાણવું.

કંડક જઘન્યથી $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ હોય છે અને ઉત્કૃષ્ટથી

---

△ ૨ આવલિકા = બંધાવલિકા + અતીત્થાપનાવલિકા

□ **કષાયપ્રાભૃતચૂર્ણિના સ્થિતિસંક્રમ અધિકારમાં પાના નં. ૧૦૪૩** ઉપર કહ્યું છે કે, 'સ્થિતિઘાતના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ છે. સ્થિતિઘાતના ચરમ સમયે અતીત્થાપના સમય ન્યૂન કંડક પ્રમાણ છે.

## વ્યાઘાત સ્થિતિઅપવર્તના (સ્થિતિઘાત)




જઘન્ય કંડક = $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)$

ઉત્કૃષ્ટ કંડક = દેશોન ડાયસ્થિતિ

દેશોન ડાયસ્થિતિ△ પ્રમાણ હોય છે. સત્તામાં જે સ્થિતિ આવ્યા પછી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થઇ શકે તે સ્થિતિ પછીની બધી સ્થિતિ ડાયસ્થિતિ કહેવાય છે. અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરીને પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય ઉત્કૃષ્ટ સંક્લેશથી ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. માટે ડાયસ્થિતિ = ઉત્કૃષ્ટ સ્થિતિ – અંતઃકોડાકોડી સાગરોપમ.

ઉત્કૃષ્ટ અતીત્થાપના = દેશોન ડાયસ્થિતિ – ૧ સમય
જઘન્ય અતીત્થાપના = ૧ આવલિકા

નિક્ષેપ = ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ – (બંધાવલિકા + કંડક)

## સ્થિતિઅપવર્તનામાં અલ્પબહુત્વ

| સ્થાન | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|
| જઘન્ય નિક્ષેપ | અલ્પ | $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય |
| જઘન્ય અતીત્થાપના | દ્વિગુણ – ૩ સમય$^{\Delta}$ | $\frac{૨}{૩}$ આવલિકા – ૧ સમય |
| નિર્વ્યાઘાત સ્થિતિ-અપવર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના | વિશેષાધિક | ૧ આવલિકા |
| વ્યાઘાત સ્થિતિ-અપવર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના | અસંખ્યગુણ | દેશોન ડાયસ્થિતિ – ૧ સમય |
| ઉત્કૃષ્ટ નિક્ષેપ | વિશેષાધિક | ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ – (૨ આવલિકા + ૧ સમય) |
| સર્વ કર્મસ્થિતિ | વિશેષાધિક | ૨ આવલિકા + ૧ સમય અધિક |

△ **પંચસંગ્રહ ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ ગાથા ૧૫ની બન્ને ટીકાઓમાં પાના નં. ૧૦૪** ઉપર કહ્યું છે કે 'ઉત્કૃષ્ટ ડાયસ્થિતિ દેશોન કર્મસ્થિતિ પ્રમાણ છે અને તે જ ઉત્કૃષ્ટ કંડકનું પ્રમાણ છે.'

Δ **કષાયપ્રાભૃતચૂર્ણિના સ્થિતિસંક્રમ અધિકારમાં પાના નં. ૧૦૪૪** ઉપર સ્થિતિ-અપવર્તનામાં જઘન્ય નિક્ષેપ કરતા જઘન્ય અતીત્થાપના દ્વિગુણ – ૨ સમય કહી છે.

## સ્થિતિઉદ્વર્તના અને સ્થિતિઅપવર્તનાનું સાથે અલ્પબહુત્વ

| સ્થાન | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|
| વ્યાઘાત સ્થિતિઉદ્વર્તનામાં જઘન્ય અતીત્થાપના અન જઘન્ય નિક્ષેપ | અલ્પ (પરસ્પર તુલ્ય) | $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ |
| અપવર્તનામાં જઘન્ય નિક્ષેપ | અસંખ્યગુણ | $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય |
| અપવર્તનામાં જઘન્ય અતીત્થાપના | દ્વિગુણ – ૩ સમય | $\frac{૨}{૩}$ આવલિકા – ૧ સમય |
| નિર્વ્યાઘાત સ્થિતિઅપવર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના | વિશેષાધિક | ૧ આવલિકા |
| ઉદ્વર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના | સંખ્યાતગુણ | ઉત્કૃષ્ટ અબાધા |
| વ્યાઘાત સ્થિતિઅપવર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના | અસંખ્યગુણ | દેશોન ડાયસ્થિતિ–૧ સમય |
| ઉદ્વર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ | વિશેષાધિક | ઉત્કૃષ્ટ સ્થિતિ – (અબાધા + ૧ સમય + ૧ આવલિકા) |
| અપવર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ | વિશેષાધિક | ઉત્કૃષ્ટ સ્થિતિ – (૨ આવલિકા + ૧ સમય) |
| સર્વ કર્મસ્થિતિ | વિશેષાધિક | ૨ આવલિકા + ૧ સમય અધિક |

## (૩) રસઉદ્વર્તના

બંધાતા કર્મોના સત્તાગત રસને વધારવો તે રસઉદ્વર્તના છે. તે બે પ્રકારે છે - (i) નિર્વ્યાઘાત રસઉદ્વર્તના અને (ii) વ્યાઘાત રસઉદ્વર્તના.

**(i) નિર્વ્યાઘાત રસઉદ્વર્તના** - નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિની સમાન કે હીન હોય તો ત્યારે થનારી રસઉદ્વર્તના એ નિર્વ્યાઘાત રસઉદ્વર્તના છે.

બંધાતી પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિથી માંડીને નીચે રહેલી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિઓરૂપ જઘન્ય નિક્ષેપ અને તેની નીચે રહેલી અતીત્થાપનાવલિકા પ્રમાણ સ્થિતિઓમાં રહેલા પૂર્વબદ્ધ દલિકોના રસસ્પર્ધકોની ઉદ્વર્તના થતી નથી. બંધાતી પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિથી માંડીને નીચે રહેલી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + આવલિકા પ્રમાણ સ્થિતિઓની નીચેની સ્થિતિના પૂર્વબદ્ધ દલિકોના રસસ્પર્ધકોની ઉદ્વર્તના કરી ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલા અનંત રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી ઉપરના $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં રહેલ રસસ્પર્ધકોમાં નાંખે છે. આ જઘન્ય નિક્ષેપ છે. તેની નીચેની સ્થિતિના પૂર્વબદ્ધ દલિકોના રસસ્પર્ધકોની ઉદ્વર્તના કરી ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલ અનંત રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી ઉપરના $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલ અનંત રસસ્પર્ધકોમાં નાંખે છે. એમ નીચે નીચેની સ્થિતિના દલિકોના રસસ્પર્ધકોની ઉદ્વર્તના કરી ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલ અનંત રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી ઉપરની સ્થિતિઓમાં રહેલા રસસ્પર્ધકોમાં નાંખે છે. આમ અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલ રસસ્પર્ધકો જેટલી જ હોય અને નિક્ષેપ વધે. બંધાતા કર્મોની અબાધાની ઉપરની પ્રથમ સ્થિતિના પૂર્વબદ્ધ દલિકોના રસસ્પર્ધકોની ઉદ્વર્તના કરી ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી ઉપરની બધી સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. આ ઉત્કૃષ્ટ નિક્ષેપ છે.

ઉત્કૃષ્ટ નિક્ષેપ = ઉત્કૃષ્ટ સ્થિતિ – (અબાધા + ઉદ્વર્ત્યમાન સમય + અતીત્થાપનાવલિકા)માં રહેલા રસસ્પર્ધકો

બંધાતી પ્રકૃતિની અબાધાની સમાન કે હીન પૂર્વબદ્ધ સ્થિતિના

દલિકોની રસઉદ્વર્તના આ પ્રમાણે થાય - બંધાવલિકા ઉપરની સ્થિતિના દલિકોના રસસ્પર્ધકો અતીત્થાપનાવલિકા પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો ઓળંગી ઉત્કૃષ્ટ અબાધા સુધીની બધી સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. તેથી ઉત્કૃષ્ટ નિક્ષેપ = ઉત્કૃષ્ટ અબાધા – (૨ આવલિકા❑ +૧ સમય) પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો. બંધાવલિકા ઉપરની બીજી સ્થિતિના દલિકોના રસસ્પર્ધકો અતીત્થાપનાવલિકા પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો ઓળંગી ઉત્કૃષ્ટ અબાધા સુધીની બધી સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. તેનો નિક્ષેપ = ઉત્કૃષ્ટ અબાધા – (૨ આવલિકા + ૨ સમય) પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો. એમ ઉપર ઉપરની સ્થિતિના દલિકોના રસસ્પર્ધકોનો નિક્ષેપ ૧-૧ સમયની સ્થિતિના રસસ્પર્ધકો જેટલો ન્યૂન થાય. ઉત્કૃષ્ટ અબાધાથી નીચે ૧ આવલિકા + $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિઓ ઊતરીને નીચેની સ્થિતિના દલિકોના રસસ્પર્ધકો અતીત્થાપનાવલિકા પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો ઓળંગી $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. આ જઘન્ય નિક્ષેપ છે.

(ii) **વ્યાઘાત રસઉદ્વર્તના** - નવા બંધાતા કર્મોની સ્થિતિ સત્તાગત સ્થિતિ કરતા વધુ હોય તો ત્યારે થનારી રસઉદ્વર્તના એ વ્યાઘાત રસઉદ્વર્તના છે. તે વ્યાઘાત સ્થિતિઉદ્વર્તનાની જેમ જાણવી, માત્ર સ્થિતિની બદલે તેમાં રહેલ રસસ્પર્ધકો જાણવા.

રસઉદ્વર્તનાનું આ વિવરણ **કર્મપ્રકૃતિની બન્ને ટીકાઓ** અને **પંચસંગ્રહની બન્ને ટીકાઓ**ના આધારે કર્યું છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિ** અને તેની **જયધવલાટીકા**માં રસઉદ્વર્તનાનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે -

❑ ૨ આવલિકા = બંધાવલિકા + અતીત્થાપનાવલિકા.

**'उक्कड्डणाए परूवणा ।**

२१. एत्तो उक्कड्डणाए अचरिमफद्दयं अहिकीरदि त्ति भणिदं होइ ।

**चरिमफद्दयं ण उक्कड्डिज्जदि ।**

२२. कुदो ? उवरि अइच्छावणा-णिक्खेवाणमसंभवादो ।

**दुचरिमफद्दयं पि ण उक्कड्डिज्जदि ।**

२३. एत्थ कारणमइच्छावणा-णिक्खेवाणमसंभवो चेव वत्तव्वो ।

**एवमणंताणि फद्दयाणि ओसक्किऊण तं फद्दयमुक्कड्डिज्जदि ।**

२४. एवं तिचरिम-चदुचरिमादिकमेणाणंताणि फद्दयाणि जहण्णा-इच्छावणा-णिक्खेवमेत्ताणि हेट्ठदो ओसरिदूण तदित्थफद्दयमुक्कड्डिज्जदि, तत्थाइच्छावणा-णिक्खेवाणं पडिवुण्णत्तदंसणादो । एत्तो हेट्ठिमफद्दयाणं जहण्णफद्दयपज्जंताणमुक्कड्डणाए णत्थि पडिसेहो ।'

'**हिन्दी अनुवाद** - उत्कर्षणकी प्ररूपणा ।

२१. आगे उत्कर्षणकी अपेक्षा अचरम स्पर्धकका अधिकार है यह उक्त कथनका तात्पर्य है ।

अन्तिम स्पर्धकका उत्कर्षण नहीं होता ।

२२. क्योंकि अन्तिम स्पर्धकके ऊपर अतिस्थापना और निक्षेपकी प्राप्ति सम्भव नहीं है ।

द्विचरम स्पर्धकका भी उत्कर्षण नहीं होता ।

२३. यहाँ पर भी अतिस्थापना और निक्षेपकी प्राप्ति सम्भव नहीं है यही कारण कहना चाहिए ।

इस प्रकार अनन्त स्पर्धक नीचे आकर जो स्पर्धक स्थित है उसका उत्कर्षण हो सकता है।

२४. इस प्रकार त्रिचरम और चतुश्चरम आदिके क्रमसे जघन्य अतिस्थापना और जघन्य निक्षेपप्रमाण अनन्त स्पर्धक नीचे सरककर वहाँ पर स्थित स्पर्धकका उत्कर्षण हो सकता है, क्योंकि वहाँ पर अतिस्थापना और निक्षेप ये दोनों पूरे देखे जाते हैं । इससे लेकर जघन्य स्पर्धक पर्यन्त नीचेके सब स्पर्धकोंका उत्कर्षण होनेमें प्रतिषेध नहीं है ।'

## રસઉદ્વર્તનામાં અલ્પબહુત્વ

| સ્થાન | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|
| જઘન્ય નિક્ષેપ | અલ્પ | $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ માં રહેલ રસસ્પર્ધકો |
| અતીત્થાપના | અનંતગુણ | આવલિકામાં રહેલા રસસ્પર્ધકો |
| ઉત્કૃષ્ટ નિક્ષેપ | અનંતગુણ | ઉત્કૃષ્ટ સ્થિતિ – (અબાધા + ૧ સમય + ૧ આવલિકા)માં રહેલા રસસ્પર્ધકો |
| સર્વ રસ | વિશેષાધિક | અબાધા + ૧ સમય + ૧ આવલિકામાં રહેલા રસસ્પર્ધકો અધિક |

## (૪) રસઅપવર્તના

સત્તાગત કર્મોના રસને ઘટાડવો તે રસઅપવર્તના છે. તે બે પ્રકારે છે- (i) નિર્વ્યાઘાત રસઅપવર્તના અને (ii) વ્યાઘાત રસઅપવર્તના

**(i) નિર્વ્યાઘાત રસઅપવર્તના** - સ્થિતિઘાત દરમિયાન થતા રસઘાત સિવાય થનારી રસઅપવર્તના તે નિર્વ્યાઘાત રસઅપવર્તના છે.

ઉદયાવલિકામાં રહેલા દલિકોના રસસ્પર્ધકોની અપવર્તના થતી નથી. ઉદયાવલિકાની ઉપરની સ્થિતિના દલિકોના રસસ્પર્ધકોની અપવર્તના કરી $\frac{૨}{૩}$ આવલિકા – ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલ રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલ રસસ્પર્ધકોમાં નાંખે છે. આ જઘન્ય નિક્ષેપ અને જઘન્ય અતીત્થાપના છે. ઉદયાવલિકા ઉપરની બીજી સ્થિતિમાં રહેલા દલિકોના રસસ્પર્ધકોની અપવર્તના કરી $\frac{૨}{૩}$ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલ રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલ રસસ્પર્ધકોમાં નાંખે છે. એમ અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલ રસસ્પર્ધકો પ્રમાણ થાય ત્યાં સુધી ઉદયાવલિકા ઉપરની ત્રીજી વગેરે સ્થિતિઓમાં રહેલા દલિકોના રસસ્પર્ધકોની અપવર્તનામાં અતીત્થાપના ૧-૧ સમયની સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ વધે અને નિક્ષેપ $\frac{૧}{૩}$ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ રહે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિના રસસ્પર્ધકો સુધી અતીત્થાપના ૧ આવલિકામાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ રહે અને નિક્ષેપ ૧-૧ સમયની સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ વધે. ઉત્કૃષ્ટ અતીત્થાપના = ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો. ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોના રસસ્પર્ધકોની અપવર્તના કરી ૧ આવલિકામાં રહેલ રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી બંધાવલિકા ઉપરની બધી સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. આ ઉત્કૃષ્ટ નિક્ષેપ છે. ઉત્કૃષ્ટ નિક્ષેપ = ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ – (૨ આવલિકા + ૧ સમય) પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો.

(ii) **વ્યાઘાત રસઅપવર્તના** - સ્થિતિઘાત દરમિયાન થતા રસઘાત વખતે થનારી રસઅપવર્તના તે વ્યાઘાત રસઅપવર્તના છે.

જે કંડકગત સ્થિતિના રસનો ઘાત કરવાનો હોય તેની ઉત્કૃષ્ટ સ્થિતિના દલિકોના રસસ્પર્ધકોને તે કંડકના રસસ્પર્ધકો ઓળંગી નીચેની સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. ઘાત્યમાન સ્થિતિખંડની દ્વિચરમ સ્થિતિના દલિકોના રસસ્પર્ધકોને તે કંડકના રસસ્પર્ધકો ઓળંગી નીચેની સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. એમ ઘાત્યમાન સ્થિતિખંડની પૂર્વ પૂર્વ સ્થિતિના દલિકોના રસસ્પર્ધકો માટે અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો થાય ત્યાં સુધી અતીત્થાપના ૧-૧ સમય ની સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ ઘટાડવી. ઘાત્યમાન સ્થિતિખંડના આવલિકા પ્રમાણ સ્થિતિઓની ઉપરની સ્થિતિના દલિકોના રસસ્પર્ધકો ૧ આવલિકા પ્રમાણ સ્થિતિના રસસ્પર્ધકો પ્રમાણ અતીત્થાપના ઓળંગી નીચેની સ્થિતિઓના રસસ્પર્ધકોમાં નાંખે. તેની નીચેની સ્થિતિઓના દલિકોના રસસ્પર્ધકો માટે અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ સ્થિતિના રસસ્પર્ધકો પ્રમાણ રાખવી અને નિક્ષેપમાં ૧-૧ સમયની સ્થિતિના રસસ્પર્ધકો ઘટાડવા. એમ ઘાત્યમાન સ્થિતિખંડની પ્રથમ સ્થિતિના રસસ્પર્ધકો સુધી જાણવું.

જઘન્ય કંડક = $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો

ઉત્કૃષ્ટ કંડક = દેશોન ડાયસ્થિતિ પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો

જઘન્ય અતીત્થાપના = $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ − ૧ સમય પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો

ઉત્કૃષ્ટ અતીત્થાપના = દેશોન ડાયસ્થિતિ − ૧ સમય પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો

નિક્ષેપ = ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ – (બંધાવલિકા + કંડક) પ્રમાણ સ્થિતિઓના રસસ્પર્ધકો

રસઅપવર્તનાનું આ વિવરણ **કર્મપ્રકૃતિની બન્ને ટીકાઓ** અને **પંચસંગ્રહની બન્ને ટીકાઓના** આધારે કર્યું છે.

**કષાયપ્રાભૃતચૂર્ણિમાં** અને તેની **જયધવલા ટીકામાં** રસઅપવર્તનાનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે –

**'ओकड्डणाए परूवणा ।**

५. ओकड्डुक्कड्डणा-परपयडिसंकमलक्खणेसु तिसु संकमपयारेसु ओकड्डणाए ताव पवुत्तिविसेसजाणावणट्ठमेसा परूवणा कीरइ त्ति पइण्णावयणमेदं ।

**पढमफद्दयं ण ओकड्डिज्जदि ।**

६. कुदो ? तत्थाइच्छावणा-णिक्खेवाणमदंसणादो ।

**विदियफद्दयं ण ओकड्डिज्जदि ।**

७. तत्थ वि अइच्छावणा-णिक्खेवाभावस्स समाणत्तादो । ण केवलं पढम-विदियफद्दयाणमेस कमो, किंतु अण्णेसिं अणंताणं फद्दयाणं जहण्णाइच्छावणामेत्ताणमेसो चेव कमो त्ति जाणावणट्ठमुत्तरसुत्तं –

**एवमणंताणि फद्दयाणि जहण्णिया अइच्छावणा, तत्तियाणि फद्दयाणि ण ओकड्डिज्जंति ।**

८. एवं तदिय-चउत्थ-पंचमादिकमेण गंतूणाणंताणि फद्दयाणि णोकड्डिज्जंति । केत्तियाणि च ताणि ? जेत्तिया जहण्णाइच्छावणा तेत्तियाणि। एत्तो उवरिमाणं वि अणंताणं फद्दयाणमोकड्डणा ण संभवदि त्ति पदुप्पाएदुमिदमाह –

**अण्णाणि अणंताणि फद्दयाणि जहण्णणिक्खेवमेत्ताणि च ण ओकड्डिज्जंति ।**

९. आदीदो प्पहुडि जहण्णाइच्छावणामेत्तफद्दयाणमुवरिमफद्दयं ताव ण ओकड्डिज्जदि, तस्साइच्छावणसंभवे वि णिक्खेवविसयादंसणादो । तत्तो अणंतरोवरिमफद्दयं पि ण ओकड्डिज्जदि । एवमणंताणि फद्दयाणि जहण्णणिक्खेवमेत्ताणि ण ओकड्डिज्जंति । किं कारणं ? णिक्खेवविसयासंभवादो । एत्तो उवरि ओकड्डणाए पडिसेहो णत्थि त्ति पदुप्पायणट्ठमिदमाह -

**जहण्णओ णिक्खेवो जहण्णिया अइच्छावणा च तेत्तियमेत्ताणि फद्दयाणि आदीदो अधिच्छिदूण तदित्थफद्दयमोकड्डिज्जइ ।**

१०. अइच्छावणा-णिक्खेवाणमेत्थ संपुण्णत्तदंसणादो । विवक्खिय-फद्दयादो हेट्ठा जहण्णाइच्छावणामेत्तमुल्लंघिय हेट्ठिमेसु फद्दएसु जहण्णणिक्खेवमेत्तेसु जहण्णफद्दयपज्जवसाणेसु तदित्थफद्दयोकड्डणा-संभवो त्ति भणिदं होइ । एत्तो उवरिमफद्दएसु ण कत्थ वि ओकड्डणा पडिहम्मइ, जहण्णाइच्छावणं धुवं काऊण जहण्णणिक्खेवस्स फद्दयुत्तरकमेण वड्ढिदंसणादो त्ति परूवेदुमुत्तरसुत्तं भणइ -

**तेण परं सव्वाणि फद्दयाणि ओकड्डिज्जंति ।**

११. तेण परं तत्तो उवरि सव्वाणि चेव फद्दयाणि उक्कस्सफद्दय-पज्जंताणि ओकड्डिज्जंति, तत्थ तप्पवुत्तीए पडिसेहाभावादो ।'

'**हिन्दी अनुवाद** - अपकर्षणकी प्ररूपणा -

५. अपकर्षण, उत्कर्षण और परप्रकृतिसंक्रमरूप संक्रमके तीन भेदोंमेंसे अपकर्षणकी प्रवृत्तिविशेषका ज्ञान करानेके लिए यह प्ररूपणा की जा रही है इस प्रकार यह प्रतिज्ञावचन है ।

प्रथम स्पर्धक अपकर्षित नहीं होता ।

६. क्योंकि वहाँ पर अतिस्थापना और निक्षेप नहीं देखे जाते।

द्वितीय स्पर्धक अपकर्षित नहीं होता ।

७. क्योंकि वहाँ पर भी अतिस्थापना और निक्षेपका अभाव पहेलेके समान पाया जाता है । केवल प्रथम और द्वितीय स्पर्धकोंका ही यह क्रम नहीं है, किन्तु जघन्य अतिस्थापनारूप अन्य अनन्त स्पर्धकोंका भी यही क्रम है इस प्रकार इस बातके जताने के लिए आगेका सूत्र कहते हैं -

इस प्रकार अनन्त स्पर्धक जो कि जघन्य अतिस्थापनारूप हैं इतने स्पर्धक अपकर्षित नहीं होते ।

८. इस प्रकार तीसरा, चौथा और पाँचवाँ आदिके क्रमसे जाकर स्थित हुए अनन्त स्पर्धक अपकर्षित नहीं किये जा सकते ।

**शंका** - वे कितने हैं ?

**समाधान** - जितनी जघन्य अतिस्थापना है उतने हैं ।

इनसे उपरिम अनन्त स्पर्धकोंका भी अपकर्षण सम्भव नहीं है इस बातका कथन करनेके लिए इस सूत्रको कहते हैं -

जघन्य निक्षेपप्रमाण अन्य अनन्त स्पर्धक भी अपकर्षित नहीं होते ।

९. प्रारम्भसे लेकर जघन्य अतिस्थापनाप्रमाण स्पर्धकोंसे आगेका स्पर्धक अपकर्षित नहीं होता, क्योंकि उसकी अतिस्थापना सम्भव होने पर भी निक्षेपविषयक स्पर्धक नहीं देखे जाते । उससे अनन्तर उपरिम स्पर्धक भी अपकर्षित नहीं होता । इस प्रकार जघन्य निक्षेपप्रमाण अनन्त स्पर्धक अपकर्षित नहीं होते ।

**शंका** - इसका कारण क्या है ?

**समाधान** - क्योंकि निक्षेपविषयक स्पर्धकोंका अभाव है ।

अब इससे ऊपर अपकर्षणका निषेध नहीं है इस बातका कथन करनेके लिए आगेका सूत्र कहते हैं -

प्रारम्भसे लेकर जघन्य निक्षेप और जघन्य अतिस्थापनाप्रमाण जितने स्पर्धक हैं उतने स्पर्धकोंको उल्लंघनकर वहाँ जो स्पर्धक स्थित है वह अपकर्षित होता है।

१०. क्योंकि यहाँ पर अतिस्थापना और निक्षेप पूरे देखे जाते हैं । विवक्षित स्पर्धकसे पूर्वके जघन्य अतिस्थापनामात्र स्पर्धकोंको उल्लंघनकर उनसे पूर्वके जघन्य स्पर्धक तकके जघन्य निक्षेपप्रमाण स्पर्धकोंमें वहाँपर स्थित स्पर्धकका अपकर्षण होना सम्भव है यह उक्त कथनका तात्पर्य है । अब इससे उपरिम स्पर्धकोंका कहीं भी अपकर्षण होना बाधित नहीं है, क्योंकि जघन्य अतिस्थापनाको ध्रुव करके जघन्य निक्षेपकी उत्तरोत्तर एक एक स्पर्धकके क्रमसे वृद्धि देखी जाती है ।

इस प्रकार इस बातका कथन करनेके लिए आगेका सूत्र कहते हैं -

उससे आगे सब स्पर्धक अपकर्षित हो सकते हैं ।

११. 'तेण परं' अर्थात् उस विवक्षित स्पर्धकसे आगेके उत्कृष्ट स्पर्धक तकके सभी स्पर्धक अपकर्षित हो सकते हैं, क्योंकि उनकी अपकर्षणरूपसे प्रवृत्ति होनेमें कोई निषेध नहीं है ।

**विशेषार्थ** - अनुभागकी दृष्टिसे अपकर्षणका क्या क्रम है इसका विचार यहाँ पर किया गया है। इस सम्बन्धमें यहाँ पर जो

निर्देश किया है उसका भाव यह है कि प्रथम जघन्य स्पर्धकसे लेकर अनन्त स्पर्धक तो जघन्य निक्षेपरूप होते हैं अत एव उनका अपकर्षण नहीं होता। उसके आगे अनन्त स्पर्धक अतिस्थापनारूप होते हैं, अत एव उनका भी अपकर्षण नहीं होता। उसके आगे उत्कृष्ट स्पर्धकपर्यन्त जितने स्पर्धक होते हैं उन सबका अपकर्षण हो सकता है। किन्तु इतनी विशेषता है कि अतिस्थापनाके ऊपर प्रथम स्पर्धकका अपकर्षण होकर उसका निक्षेप अतिस्थापनाके नीचे जिन स्पर्धकोंमें होता है उनका परिमाण अल्प होता है, अत एव उनकी जघन्य निक्षेप संज्ञा है। उसके आगे निक्षेप एक-एक स्पर्धक बढ़ने लगता है। परन्तु अतिस्थापना पूर्ववत् बनी रहती है। किन्तु जिस स्पर्धकका अपकर्षण विवक्षित हो उसके पूर्व अनन्त स्पर्धक अतिस्थापनारूप होते हैं और अतिस्थापनासे नीचे सब स्पर्धक निक्षेपरूप होते हैं। उदाहरणार्थ एक कर्ममें कुल स्पर्धक १६ हैं। उनमेंसे यदि प्रारम्भके ४ स्पर्धक जघन्य निक्षेप हैं और ५ से लेकर १० तक छह स्पर्धक अतिस्थापनारूप हैं तो ११ वें स्पर्धकका अपकर्षण होकर उसका निक्षेप १ से ४ तक के चार स्पर्धकोंमें होगा। १२वें स्पर्धकका अपकर्षण होकर उसका निक्षेप १ से ५ तकके ५ स्पर्धकोंमें होगा। १३ वें स्पर्धकका अपकर्षण होकर उसका निक्षेप १ से ६ तकके ६ स्पर्धकोंमें होगा। इस प्रकार उत्तरोत्तर एक-एक स्पर्धकके प्रति निक्षेप भी एक-एक बढ़ता हुआ १६वें स्पर्धकका अपकर्षण होकर उसका निक्षेप १ से लेकर ९ तकके ९ स्पर्धकोंमें होगा। स्पष्ट है कि अतिस्थापना सर्वत्र परिमाणमें तदवस्थ रहती है, किन्तु निक्षेप उत्तरोत्तर वृद्धिंगत होता जाता है। यह अंकसंदृष्टि है। इसी प्रकार अर्थसंदृष्टि समझ लेनी चाहिए।'

## રસઅપવર્તનામાં અલ્પબહુત્વ

| સ્થાન | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|
| જઘન્ય નિક્ષેપ | અલ્પ | ૧/૩ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો |
| જઘન્ય અતીત્થાપના | અનંતગુણ | ૨/૩ આવલિકા – ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો |
| વ્યાઘાત રસઅપવર્તનામાં ઉત્કૃષ્ટ અતીત્થાપના | અનંતગુણ | દેશોન ડાયસ્થિતિ – ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો |
| ઉત્કૃષ્ટ રસકંડક | વિશેષાધિક | ૧ સ્થિતિના રસસ્પર્ધકો અધિક |
| ઉત્કૃષ્ટ નિક્ષેપ | વિશેષાધિક | ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ–(૨ આવલિકા+૧ સમય) પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો |
| સર્વ રસ | વિશેષાધિક | ૨ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો અધિક |

## રસઉદ્વર્તના-રસઅપવર્તનાનું સાથે અલ્પબહુત્વ

| સ્થાન | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|
| પ્રદેશની એક ❑દ્વિગુણહાનિ કે એક દ્વિગુણવૃદ્ધિના આંતરામાં રહેલા રસસ્પર્ધકો કે સ્નેહપ્રત્યયસ્પર્ધકના રસની દ્વિગુણહાનિના આંતરામાં રહેલ રસસ્પર્ધકો | અલ્પ | – |
| રસઉદ્વર્તના-રસઅપવર્તનાનો જઘન્ય નિક્ષેપ | અનંતગુણ△ (પરસ્પર તુલ્ય) | રસઉદ્વર્તનાનો જઘન્ય નિક્ષેપ આવલિકા/અસંખ્ય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ છે. |

❑ ઉત્તરોત્તર રસસ્પર્ધકમાં પૂર્વ પૂર્વ રસસ્પર્ધકની અપેક્ષાએ વિશેષહીન વિશેષહીન પ્રદેશો છે.

△ રસઉદ્વર્તનાનો જઘન્ય નિક્ષેપ આવલિકા/અસંખ્ય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો છે. રસઅપવર્તનાનો જઘન્ય નિક્ષેપ ૧/૩ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં

| સ્થાન | અલ્પબહુત્વ | પ્રમાણ |
|---|---|---|
| | | રસઅપવર્તનાનો જઘન્યનિક્ષેપ $\frac{1}{3}$ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો પ્રમાણ છે. |
| નિર્વ્યાઘાત રસઉદ્વર્તના- નિર્વ્યાઘાત રસઅપવર્તનાની અતીત્થાપના | અનંતગુણ (પરસ્પર તુલ્ય) | ૧ આવલિકા પ્રમાણ સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકો |
| વ્યાઘાત રસઅપવર્તનાની ઉત્કૃષ્ટ અતીત્થાપના | અનંતગુણ | દેશોન ડાયસ્થિતિ – ૧ સમય પ્રમાણ સ્થિતિના રસસ્પર્ધકો |
| રસઉદ્વર્તના-રસઅપવર્તનાનો ઉત્કૃષ્ટ નિક્ષેપ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | ઉત્કૃષ્ટ સ્થિતિ–(૨ આવલિકા + ૧ સમય) પ્રમાણ સ્થિતિના રસસ્પર્ધકો |
| સર્વ રસ (સત્તાગતરસ + નવો બંધાતો રસ) | વિશેષાધિક | ૨ આવલિકા + ૧ સમય પ્રમાણ સ્થિતિના રસસ્પર્ધકો અધિક |

જે પ્રકૃતિ બંધાતી હોય તેના સ્થિતિ અને રસની ઉદ્વર્તના થાય. જે પ્રકૃતિ બંધાતી હોય કે ન બંધાતી હોય તેના સ્થિતિ અને રસની અપવર્તના થાય.

જેટલી સ્થિતિ બંધાતી હોય સત્તાગત તેટલી કે તેનાથી હીન સ્થિતિના દલિકોના સ્થિતિ અને રસની ઉદ્વર્તના થાય, તેનાથી વધુ સ્થિતિના દલિકોના સ્થિતિ અને રસની ઉદ્વર્તના ન થાય.

જેટલી સ્થિતિ બંધાતી હોય સત્તાગત તેટલી, તેનાથી હીન કે તેનાથી વધુ સ્થિતિના દલિકોના સ્થિતિ અને રસની અપવર્તના થાય.

કિટ્ટિકૃત દલિકો સિવાયના બધા દલિકોમાં ઉદ્વર્તના - અપવર્તના થાય. કિટ્ટિકૃત દલિકોમાં માત્ર અપવર્તના જ થાય, ઉદ્વર્તના ન થાય.

**કર્મપ્રકૃતિના ઉદ્વર્તનાકરણ - અપવર્તનાકરણનો પદાર્થસંગ્રહ સમાપ્ત**

રહેલા રસસ્પર્ધકો છે. છતાં રસઉદ્વર્તનાના જઘન્ય નિક્ષેપના રસસ્પર્ધકો ઉપરની સ્થિતિના છે અને રસઅપવર્તનાના જઘન્ય નિક્ષેપના રસસ્પર્ધકો નીચેની સ્થિતિના છે. નીચેની સ્થિતિમાં રસસ્પર્ધકો ઓછા હોય છે. ઉપરની સ્થિતિમાં રસસ્પર્ધકો વધુ હોય છે. તેથી રસઉદ્વર્તના અને રસઅપવર્તનાના જઘન્ય નિક્ષેપના રસસ્પર્ધકો તુલ્ય છે.

# કર્મપ્રકૃતિ
# સંક્રમકરણ

## મૂળગાથા-શબ્દાર્થ

**सो संकमो त्ति वुच्चइ, जं बंधणपरिणओ पओगेणं ।**
**पगयंतरत्थदलियं, परिणमयइ तयणुभावे जं ॥१॥**

જે પ્રકૃતિના બંધક તરીકે પરિણત થયેલો જીવ વીર્યવિશેષથી અન્યપ્રકૃતિમાં રહેલા દલિકને તે (બધ્યમાન પ્રકૃતિ)ના સ્વભાવરૂપે જે પરિણમાવે છે તે સંક્રમ એમ કહેવાય છે. (૧)

**दुसु वेगे दिट्ठिदुगं, बंधेण विणा वि सुद्धदिट्ठिस्स ।**
**परिणमयइ जीसे, तं पगईइ पडिग्गहो एसा ॥२॥**

વિશુદ્ધ સમ્યગ્દષ્ટિને બંધ વિના પણ સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીય, અને મિશ્રમોહનીયમાં સમ્યક્ત્વમોહનીય સંક્રમે છે. જે પ્રકૃતિમાં અન્યપ્રકૃતિનું તે દલિક પરિણમાવે છે તે પ્રકૃતિ સંક્રમતી પ્રકૃતિનું પતદ્ગ્રહ છે. (૨)

**मोहदुगाउगमूलपगडीण, न परोप्परंमि संकमणं ।**
**संकमबंधुदउव्वट्टणा-लिगाईणकरणाइं ॥३॥**

દર્શનમોહનીય-ચારિત્રમોહનીયમાં, આયુષ્યમાં અને મૂળપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ ન થાય. સંક્રમાવલિકામાં રહેલું, બંધાવલિકામાં રહેલું, ઉદયાવલિકામાં રહેલું, ઉદ્વર્તનાવલિકામાં રહેલું વગેરે(ઉપશાંત થયેલું દર્શનમોહનીય સિવાયનું મોહનીયનું) દલિક બધા કરણોને અયોગ્ય છે. (૩)

**अंतरकरणम्मि कए, चरित्तमोहे णुपुव्विसंकमणं ।**
**अन्नत्थ सेसिगाणं च, सव्वहिं सव्वहा बंधे ॥४॥**

અંતરકરણ કરે છતે ચારિત્રમોહનીયમાં આનુપૂર્વી સંક્રમ થાય છે. અંતરકરણ સિવાય સર્વત્ર પુરુષવેદ વગેરે પાંચ પ્રકૃતિઓનો અને શેષ પ્રકૃતિઓનો બંધકાળે સર્વ પ્રકારે (ક્રમથી અને ઉત્ક્રમથી) સંક્રમ થાય છે. (૪)

**तिसु आवलियासु, समऊणियासु अपडिग्गहा उ संजलणा ।**
**दुसु आवलियासु, पढमठिईसु सेसासु वि य वेदो ॥५॥**

ચાર સંજ્વલન કષાયો પ્રથમસ્થિતિની સમય ન્યૂન ત્રણ આવલિકા શેષ હોતે છતે પતદ્ગ્રહરૂપ થતા નથી.પુરુષવેદ પ્રથમસ્થિતિની સમય ન્યૂન બે આવલિકા શેષ હોતે છતે પતદ્ગ્રહરૂપ થતું નથી. (૫)

**साइअणाईधुवअधुवा य, सव्वधुवसंतकम्माणं ।**
**साइअधुवा य सेसा, मिच्छावेयणीयनीएहिं ॥६॥**

(મિથ્યાત્વમોહનીય, સાતા, અસાતા, નીચગોત્ર સિવાયના) બધા ધ્રુવસત્તાક કર્મોનો સંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ છે. મિથ્યાત્વમોહનીય, સાતા, અસાતા, નીચગોત્ર સહિત શેષ પ્રકૃતિઓનો સંક્રમ સાદિ, અધ્રુવ છે. (૬)

**मिच्छत्तजढा य, पडिग्गहम्मि सव्वधुवबंधपगईओ ।**
**नेया चउव्विगप्पा, साइ अधुवा य सेसाओ ॥७॥**

મિથ્યાત્વમોહનીય સિવાયની બધી ધ્રુવબંધી પ્રકૃતિઓ પતદ્ગ્રહરૂપે ચાર વિકલ્પવાળી(સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ) છે. શેષ પ્રકૃતિઓ પતદ્ગ્રહરૂપે સાદિ, અધ્રુવ છે. (૭)

**पगईठाणे वि तहा, पडिग्गहो संकमो य बोधव्वो ।**
**पढमंतिमपगईणं, पंचसु पंचण्ह दो वि भवे ॥८॥**

જેમ ૧-૧ પ્રકૃતિમાં પતદ્ગ્રહત્વ અને સંક્રમના સાદ્યાદિ ભાંગા કહ્યા તેમ પ્રકૃતિસ્થાનમાં પણ જાણવા. પહેલી પ્રકૃતિ (જ્ઞાનાવરણ) અને છેલ્લી પ્રકૃતિ (અંતરાય) ના પાંચ પ્રકૃતિમાં પાંચ પ્રકૃતિના પતદ્ગ્રહ અને સંક્રમ બન્ને છે. (૮)

**नवगच्छक्कचउक्के, नवगं छक्कं च चउसु बिइयम्मि ।**
**अन्नयरस्सि अन्नयरा वि य, वेयणीयगोएसु ॥९॥**

બીજી પ્રકૃતિ (દર્શનાવરણ)માં ૯ના, ૬ના અને ૪ના પતદ્ગ્રહમાં ૯નો સંક્રમ થાય છે અને ૪ના પતદ્ગ્રહમાં ૬નો સંક્રમ થાય છે. વેદનીય અને ગોત્રમાં કોઈપણ એક પ્રકૃતિમાં કોઈપણ એક પ્રકૃતિનો સંક્રમ થાય છે. (૯)

**अट्ठचउरहियवीसं, सत्तरसं सोलसं च पन्नरसं ।**
**वज्जिय संकमठाणाइं, होंति तेवीसइं मोहे ॥१०॥**

મોહનીયમાં ૨૮ના, ૨૪ના, ૧૭ના, ૧૬ના અને ૧૫ના સંક્રમસ્થાનો સિવાયના ૨૩ સંક્રમસ્થાનો છે. (૧૦)

**सोलस बारसगट्ठग, वीसग तेवीसगाइगे छच्च ।**
**वज्जिय मोहस्स, पडिग्गहा उ अट्ठारस हवंति ॥११॥**

મોહનીયના ૧૬ના, ૧૨ના, ૮ના, ૨૦ના, ૨૩ના વગેરે ૬ (૨૩ના, ૨૪ના, ૨૫ના, ૨૬ના, ૨૭ના, ૨૮ના) સિવાયના ૧૮ પતદ્ગ્રહસ્થાનો છે. (૧૧)

**छव्वीससत्तवीसाण, संकमा होइ चउसु ठाणेसु ।**
**बावीसपन्नरसगे, एकारसइगुणवीसाए ॥१२॥**

૨૬ પ્રકૃતિઓ અને ૨૭ પ્રકૃતિઓનો સંક્રમ ૨૨ના, ૧૫ના, ૧૧ના અને ૧૯ના આ ચાર પતદ્ગ્રહસ્થાનોમાં થાય છે. (૧૨)

**सत्तरसएकवीसासु, संकमो होइ पन्नवीसाए ।**
**नियमा चउसु गइसु, नियमा दिट्ठि कए तिविहे ॥१३॥**

૧૭ પ્રકૃતિઓમાં અને ૨૧ પ્રકૃતિઓમાં ૨૫ પ્રકૃતિઓનો સંક્રમ નિયમથી ચારે ગતિમાં દર્શનમોહનીય ત્રણ પ્રકારે કર્યે છતે થાય છે. (૧૩)

**बावीसपन्नरसगे, सत्तगएक्कारसिगुणवीसासु ।**
**तेवीसाए नियमा, पंच वि पंचिंदिएसु भवे ॥१४॥**

૨૨ પ્રકૃતિઓમાં, ૧૫ પ્રકૃતિઓમાં, ૭ પ્રકૃતિઓમાં, ૧૧ પ્રકૃતિઓમાં અને ૧૯ પ્રકૃતિઓમાં ૨૩ પ્રકૃતિઓનો સંક્રમ નિયમથી થાય છે. આ પાંચે પતદ્ગ્રહસ્થાનો પંચેન્દ્રિયમાં જ હોય. (૧૪)

**चोद्दसगदसगसत्तग-अट्ठारसगे य होइ बावीसा ।**
**नियमा मणुयगईए, नियमा दिट्ठी कए दुविहे ॥१५॥**

૧૪ના, ૧૦ના, ૭ના, ૧૮ના પતદ્ગ્રહસ્થાનોમાં ૨૨ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે. આ ૨૨નું સંક્રમસ્થાન મનુષ્યગતિમાં જ હોય અને દર્શનમોહનીય બે પ્રકારનું કર્યે છતે જ હોય. (એટલે કે સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સત્તાવાળાને જ હોય.) (૧૫)

**तेरसगनवगसत्तग-सत्तरसगपणगएक्कवीसासु ।**
**एक्कावीसा संकमइ, सुद्धसासाणमीसेसु ॥१६॥**

વિશુદ્ધસમ્યગ્દષ્ટિ, સાસ્વાદન સમ્યગ્દષ્ટિ અને મિશ્રદષ્ટિ જીવોમાં ૧૩ના, ૯ના, ૭ના, ૧૭ના, ૫ના, ૨૧ના પતદ્ગ્રહસ્થાનોમાં ૨૧ પ્રકૃતિઓ સંક્રમે છે. (૧૬)

**एत्तो अविसेसा संकमंति, उवसामगे व खवगे वा ।**
**उवसामगेसु वीसा य, सत्तगे छक्क पणगे य ॥१७॥**

અહીંથી ઉપરના ૧૭ સંક્રમસ્થાનો ઉપશમકને અને ક્ષપકને સમાન રીતે સંક્રમે છે. ઉપશમક જીવોમાં ૨૦ પ્રકૃતિઓનો ૭ના, ૬ના અને ૫ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમ થાય છે. (૧૭)

**पंचसु एगुणवीसा, अट्ठारस पंचगे चउक्के य ।**
**चउदस छसु पगइसु, तेरसगं छक्कपणगम्मि ॥१८॥**

૧૯ પ્રકૃતિઓનો સંક્રમ ૫ પ્રકૃતિમાં થાય છે. ૧૮ પ્રકૃતિઓનો સંક્રમ ૫ના અને ૪ના પતદ્ગ્રહસ્થાનોમાં થાય છે. ૧૪ પ્રકૃતિઓનો સંક્રમ ૬ પ્રકૃતિઓમાં થાય છે. ૧૩ પ્રકૃતિઓનો સંક્રમ ૬ના અને ૫ના પતદ્ગ્રહસ્થાનોમાં થાય છે. (૧૮)

**पंच चउक्के बारस, एक्कारस पंचगे तिगचउक्के ।**
**दसगं चउक्कपणगे, नवगं च तिगम्मि बोधव्वं ॥१९॥**

૫ના અને ૪ના પતદ્ગ્રહસ્થાનોમાં ૧૨ પ્રકૃતિઓ સંક્રમે છે. ૧૧ પ્રકૃતિઓ ૫ના, ૩ના અને ૪ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમે છે. ૧૦ પ્રકૃતિઓ ૪ના અને ૫ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમે છે. ૯ પ્રકૃતિઓ ૩ના પતદ્ગ્રહસ્થાનમાં સંક્રમતી જાણવી. (૧૯)

**अट्ठ दुगतिगचउक्के, सत्त चउक्के तिगे य बोधव्वा ।**
**छक्कं दुगम्मि नियमा, पंच तिगे एक्कगदुगे य ॥२०॥**

૮ પ્રકૃતિઓ ૨ના, ૩ના અને ૪ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમે છે. ૭ પ્રકૃતિઓ ૪ના અને ૩ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમતી જાણવી. ૬ પ્રકૃતિઓ ૨ના પતદ્ગ્રહસ્થાનમાં જ સંક્રમે છે. ૫ પ્રકૃતિઓ ૩ના, ૧ના અને ૨ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમે છે. (૨૦)

**चत्तारि-तिगचउक्के, तिन्नि तिगे एक्कगे य बोधव्वा ।**
**दो दुसु एक्काए विय, एक्का एक्काए बोधव्वा ॥२१॥**

૪ પ્રકૃતિઓ ૩ના અને ૪ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમે છે. ૩ પ્રકૃતિઓ ૩ના અને ૧ના પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમતી જાણવી. ૨ પ્રકૃતિઓ ૨ પ્રકૃતિઓમાં અને ૧ પ્રકૃતિમાં સંક્રમે છે. ૧ પ્રકૃતિ ૧ પ્રકૃતિમાં સંક્રમતી જાણવી. (૨૧)

**अणुपुव्विअणाणुपुव्वी, झीणमझीणे य दिट्ठिमोहम्मि ।**
**उवसामगे य खवगे य, संकमे मग्गणोवाया ॥२२॥**

આ સંક્રમસ્થાન આનુપૂર્વી સંક્રમમાં, અનાનુપૂર્વી સંક્રમમાં કે બન્નેમાં ઘટે છે ? આ સંક્રમસ્થાન દર્શનમોહનીયના ક્ષય પછી, ક્ષય પહેલા કે બન્નેમાં મળે છે ? આ સંક્રમસ્થાન ઉપશમકને, ક્ષપકને કે બન્નેને હોય છે ? - સંક્રમસ્થાનોની સંકલનામાં આ માર્ગણાના ઉપાયો છે. (૨૨)

**तिदुगेगसयं छप्पण-चउतिगनउई य इगुणनउईया ।**
**अट्ठचउदुगेक्कसीइ य, संकमा बारस य छट्ठे ॥२३॥**

૧૦૩નું, ૧૦૨નું, ૧૦૧નું, ૯૬નું, ૯૫નું, ૯૪નું, ૯૩નું, ૮૯નું, ૮૮નું, ૮૪નું, ૮૨નું અને ૮૧નું - છટ્ઠા કર્મમાં (નામકર્મમાં) આ ૧૨ સંક્રમસ્થાનો છે. (૨૩)

**तेवीसपंचवीसा, छव्वीसा अट्ठवीसगुणतीसा ।**
**तीसेक्कतीसएगं, पडिग्गहा अट्ठ नामस्स ॥२४॥**

૨૩નું, ૨૫નું, ૨૬નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું અને ૧નું - નામકર્મના આ ૮ પતદ્ગ્રહસ્થાનો છે. (૨૪)

**एक्कगदुगसय पण-चउनउई ता तेरसूणिया वावि ।**
**परभवियबंधवोच्छेय, उपरि सेढीइ एक्किस्से ॥२५॥**

પરભવમાં વેદવા યોગ્ય પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા પછી ઉપર બન્ને શ્રેણિઓમાં ૧ પ્રકૃતિમાં ૧૦૨ પ્રકૃતિઓ, ૧૦૧ પ્રકૃતિઓ, ૯૫ પ્રકૃતિઓ, ૯૪ પ્રકૃતિઓ અને ૧૩ પ્રકૃતિ ન્યૂન તે પ્રકૃતિઓ (૮૯ પ્રકૃતિઓ, ૮૮ પ્રકૃતિઓ, ૮૨ પ્રકૃતિઓ અને ૮૧ પ્રકૃતિઓ) સંક્રમે છે. (૨૫)

**तिगदुगसयं छपंचग-नउइ य जइस्स एक्कतीसाए ।**
**एगंतसेढिजोगे, वज्जिय तीसिगुणतीसासु ॥२६॥**

સંયતને ૧૦૩ પ્રકૃતિઓ, ૧૦૨ પ્રકૃતિઓ, ૯૬ પ્રકૃતિઓ અને ૯૫ પ્રકૃતિઓ ૩૧ પ્રકૃતિઓમાં સંક્રમે છે. એકાંતે શ્રેણિયોગ્ય સંક્રમસ્થાનો (૧૦૧નું, ૯૪નું, ૮૯નું, ૮૮નું, ૮૧નું) સિવાયના સંક્રમસ્થાનો (૧૦૩નું, ૧૦૨નું, ૯૬નું, ૯૫નું, ૯૩નું, ૮૪નું, ૮૨નું) ૩૦ પ્રકૃતિઓમાં અને ૨૯ પ્રકૃતિઓમાં સંક્રમે છે. (૨૬)

**अट्ठावीसाए वि ते, बासीइतिसयवज्जिया पंच ।**
**ते च्चिय बासीइजुया, सेसेसुं छन्नउई य वज्जा ॥२७॥**

૨૮ પ્રકૃતિઓમાં તે સંક્રમસ્થાનો ૮૨ના અને ૧૦૩ના સંક્રમસ્થાનો સિવાયના પાંચ સંક્રમસ્થાનો (૧૦૨નું, ૯૬નું, ૯૫નું, ૯૩નું, ૮૪નું) સંક્રમે છે. ૮૨ના સંક્રમસ્થાન સહિત અને ૯૬ના

સંક્રમસ્થાન રહિત તે જ સંક્રમસ્થાનો (૧૦૨નું, ૯૫નું, ૯૩નું, ૮૪નું, ૮૨નું) શેષ પતદ્ગ્રહસ્થાનોમાં સંક્રમે છે. (૨૭)

**ठिइसंकमो त्ति वुच्चइ, मूलुत्तरपगइओ य जा हि ट्ठिई ।**
**उव्वट्टिया व ओवट्टिया व, पगइं निया वऽण्णं ॥२८॥**

મૂળપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓની ઉદ્વર્તના (લાંબી) કરાયેલી, અપવર્તના (ટૂંકી) કરાયેલી કે અન્યપ્રકૃતિમાં લઇ જવાયેલી જે સ્થિતિ તે સ્થિતિસંક્રમ કહેવાય છે. (૨૮)

**तीसासत्तरिचत्तालीसा, वीसुदहिकोडिकोडीणं ।**
**जेट्ठो आलिगदुगहा, सेसाण वि आलिगतिगूणो ॥२९॥**

૩૦ કોડાકોડી સાગરોપમ, ૭૦ કોડાકોડી સાગરોપમ, ૪૦ કોડાકોડી સાગરોપમ અને ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળી બંધોત્કૃષ્ટ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ ૨ આવલિકા ન્યૂન સ્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ છે. શેષ પ્રકૃતિઓ (સંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ)નો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ ૩ આવલિકા ન્યૂન બંધોત્કૃષ્ટ પ્રકૃતિની બંધોત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ છે. (૨૯)

**मिच्छत्तस्सुक्कोसो, भिन्नमुहुत्तूणगो उ सम्मत्ते ।**
**मिस्सेवंतोकोडाकोडी, आहारतित्थयरे ॥३०॥**

મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અંતર્મુહૂર્ત ન્યૂન સ્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ છે. સમ્યક્ત્વમોહનીયનો અને મિશ્રમોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ ૨ આવલિકા અધિક અંતર્મુહૂર્ત ન્યૂન મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણ છે. આહારક ૭ અને જિનનામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. (૩૦)

**सव्वासिं जट्ठिइगो, सावलिगो सो अहाउगाणं तु ।**
**बंधुक्कस्सुक्कोसो, साबाहठिई य जट्ठिइगो ॥३१॥**

બધી કર્મપ્રકૃતિઓની યત્સ્થિતિ આવલિકા સહિત સંક્રમસ્થિતિ પ્રમાણ છે. આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધોત્કૃષ્ટ છે. તેમની યત્સ્થિતિ અબાધા સહિત સર્વસ્થિતિ છે. (૩૧)

**आवरणविग्घदंसण-चउक्कलोभंतवेयगाऊणं ।**
**एगा ठिई जहन्नो, जट्ठिइ समयाहिगावलिगा ॥३२॥**

જ્ઞાનાવરણ ૫, અંતરાય ૫, દર્શનાવરણ ૪, સંજ્વલન લોભ, સમ્યક્ત્વમોહનીય, આયુષ્ય ૪નો જઘન્ય સ્થિતિસંક્રમ ૧ સ્થિતિ પ્રમાણ છે અને યત્સ્થિતિ સમયાધિક આવલિકા પ્રમાણ છે. (૩૨)

**निद्दादुगस्स एक्का, आवलिगदुगं असंखभागो य ।**
**जट्ठिइ हासच्छक्के, संखिज्जाओ समाओ य ॥३३॥**

નિદ્રા ૨નો જઘન્ય સ્થિતિસંક્રમ ૧ સ્થિતિ પ્રમાણ છે અને યત્સ્થિતિ ૨ આવલિકા + આવલિકા/અસંખ્ય પ્રમાણ છે. હાસ્ય ૬માં જઘન્ય સ્થિતિસંક્રમ સંખ્યાતા વર્ષ પ્રમાણ છે. (૩૩)

**सोणमुहुत्ता जट्ठिई, जहन्नबंधो उ पुरिससंजलणे ।**
**जट्ठिइ सगऊणजुत्तो, आवलिगदुगूणओ तत्तो ॥३४॥**

હાસ્ય ૬ની યત્સ્થિતિ સંખ્યાતા વર્ષ + અંતર્મુહૂર્ત પ્રમાણ છે. પુરુષવેદ અને સંજ્વલન ૪નો જઘન્ય સ્થિતિસંક્રમ તેમના અંતર્મુહૂર્ત ન્યૂન જઘન્ય સ્થિતિબંધ પ્રમાણ છે. અબાધાકાળથી સહિત અને પછી ૨ આવલિકા ન્યૂન જઘન્ય સ્થિતિબંધ તેમની યત્સ્થિતિ છે. (૩૪)

**जोगंतियाण अंतोमुहुत्तिओ, सेसियाण पल्लस्स ।**
**भागो असंखियतमो, जट्ठिइगो आलिगाइ सह ॥३५॥**

સયોગી કેવલી ગુણસ્થાનકે જેમના સંક્રમનો અંત થાય છે એવી પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ આવલિકા ન્યૂન અંતર્મુહૂર્ત પ્રમાણ છે. શેષ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ છે. આ બધી પ્રકૃતિઓની યત્સ્થિતિ આવલિકાથી સહિત જઘન્ય સ્થિતિસંક્રમ પ્રમાણ છે. (૩૫)

**मूलठिई अजहन्नो, सत्तण्ह तिहा चउव्विहो मोहे ।**
**सेस विगप्पा तेसिं, दुगविगप्पा संकमे होंति ॥३६॥**

મોહનીય સિવાયની સાત મૂળપ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. મોહનીયનો અજઘન્ય સ્થિતિસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. તે કર્મોના સંક્રમમાં શેષ વિકલ્પો (જઘન્ય સ્થિતિસંક્રમ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ અને અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ) બે વિકલ્પવાળા (સાદિ, અધ્રુવ) છે. (૩૬)

**धुवसंतकम्मिगाणं, तिहा चउद्धा चरित्तमोहाणं ।**
**अजहन्नो सेसेसु य, दुहेतरासिं च सव्वत्थ ॥३७॥**

ચારિત્ર મોહનીય સિવાયની ધ્રુવસત્તાક પ્રકૃતિઓનો અજઘન્ય સ્થિતિસંક્રમ અનાદિ, ધ્રુવ, અધ્રુવ એમ ત્રણ પ્રકારે છે. ચારિત્ર મોહનીયનો અજઘન્ય સ્થિતિસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ એમ ચાર પ્રકારે છે. આ પ્રકૃતિઓના શેષ વિકલ્પો (જઘન્ય સ્થિતિસંક્રમ, ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ, અનુત્કૃષ્ટ સ્થિતિસંક્રમ)માં અને શેષ પ્રકૃતિઓના બધા વિકલ્પોમાં બે વિકલ્પ (સાદિ, અધ્રુવ) છે. (૩૭)

**बन्धाओ उक्कोसो जासिं, गंतूण आलिगं परओ ।**
**उक्कोससामिओ, संकमेण जासिं दुगं तासिं ॥३८॥**

જે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધથી મળે છે તેમના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી બંધાવલિકાને ઓળંગ્યા પછી ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી જીવો જ છે. જેમની ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમથી મળે છે તેમના ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમના સ્વામી બે આવલિકા ઓળંગીને પછીના જીવો છે. (૩૮)

**तस्संतकम्मिगो बंधिऊण, उक्कोसगं मुहुत्तंतो ।**
**सम्मत्तमीसगाणं, आवलिया सुद्धदिट्ठी उ ॥३९॥**

સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સત્તાવાળો જીવ મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વ પામી વિશુદ્ધ સમ્યગ્દષ્ટિવાળો તે આવલિકા ઓળંગીને ઉદયાવલિકા ઉપરની સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સ્થિતિનો ઉત્કૃષ્ટ સ્થિતિસંક્રમ કરે છે. (૩૯)

**दंसणचउक्कविग्घावरणं, समयाहिगालिगा छउमो ।**
**निद्दाणावलिगदुगे, आवलियअसंखतमसेसे ॥४०॥**

દર્શનાવરણ ૪, અંતરાય ૫, જ્ઞાનાવરણ ૫નો જઘન્ય સ્થિતિસંક્રમ ૧૨મા ગુણઠાણાવાળો જીવ ૧૨મા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે કરે છે. નિદ્રા ૨નો જઘન્ય સ્થિતિસંક્રમ ૧૨મા ગુણઠાણાવાળો જીવ ૧૨મા ગુણઠાણાની ૨ આવલિકા + આવલિકા/અસંખ્ય બાકી હોય ત્યારે કરે છે. (૪૦)

**समयाहिगालिगाए, सेसाए वेअगस्स कयकरणे ।**
**सक्खवगचरमखंडग-संछुभणे दिट्ठिमोहाणं ॥४१॥**

સમ્યક્ત્વમોહનીયનો જઘન્ય સ્થિતિસંક્રમ કૃતકરણ જીવ સમ્યક્ત્વમોહનીયની સ્થિતિ સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે કરે છે. દર્શનમોહનીય (મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય) નો જઘન્ય સ્થિતિસંક્રમ તેમનો ક્ષપક ચરમખંડને સંક્રમાવે ત્યારે કરે છે. (૪૧)

**समउत्तरालिगाए, लोभे सेसाइ सुहुमरागस्स ।**
**पढमकसायाण, विसंजोयणसंछोभणाए उ ॥४२॥**

સૂક્ષ્મસંપરાય ગુણઠાણાવાળો જીવ સમયાધિક આવલિકા બાકી હોય ત્યારે સંજવલનલોભનો જઘન્ય સ્થિતિસંક્રમ કરે છે. અનંતાનુબંધી વિસંયોજના કરનાર ચરમ પ્રક્ષેપ વખતે અનંતાનુબંધી ૪નો જઘન્ય સ્થિતિસંક્રમ કરે છે. (૪૨)

**चरिमसजोगे जा अत्थि, तासि सा चेव सेसगाणं तु ।**
**खवगक्कमेण अनियट्टि-बायरो वेयगो वेए ॥४३॥**

૧૩મા ગુણઠાણે જેમના સંક્રમનો અંત થાય છે એવી પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ ૧૩મા ગુણઠાણાવાળો જીવ ચરમ સમયે કરે છે. શેષ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિસંક્રમ ૯મા ગુણઠાણાવાળો જીવ ક્ષપણના ક્રમથી પોતાના ચરમ પ્રક્ષેપ વખતે કરે છે. વેદ (પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ)નો જઘન્ય સ્થિતિસંક્રમ સ્વોદયમાં વર્તમાન ૯મા ગુણઠાણાવાળો જીવ પોતાના ચરમ પ્રક્ષેપ વખતે કરે છે. (૪૩)

**मूलुत्तरपगइगतो, अणुभागे संकमो जहा बंधे ।**
**फड्डगनिद्देसो सिं, सव्वेयरघायऽघाईणं ॥४४॥**

રસસંક્રમ મૂળપ્રકૃતિવિષયક અને ઉત્તરપ્રકૃતિવિષયક છે.

મૂળપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના ભેદો બંધશતકમાં કહ્યા પ્રમાણે જાણવા. આ પ્રકૃતિઓમાંની સર્વઘાતી, દેશઘાતી અને અઘાતી પ્રકૃતિઓના સ્પર્ધકોનો નિર્દેશ જેમ બન્ધશતકમાં કર્યો છે તેમ અહીં પણ કરવો. (૪૪)

**सव्वेसु देसघाइसु, सम्मत्तं तदुवरिं तु वा मिस्सं ।**
**दारुसमाणस्साणंतमो त्ति, मिच्छत्तमुप्पिमओ ॥४५॥**

સર્વ દેશઘાતી રસસ્પર્ધકોમાં સમ્યક્ત્વમોહનીય છે. તેની ઉપર કાષ્ઠ સમાન બે ઠાણિયા રસના અનંતમા ભાગના સર્વઘાતી રસસ્પર્ધકોમાં મિશ્રમોહનીય છે. એની ઉપરના સર્વઘાતી રસસ્પર્ધકોમાં મિથ્યાત્વમોહનીય છે. (૪૫)

**तत्थट्ठपयं उव्वट्टिया व, ओवट्टिया व अविभागा ।**
**अणुभागसंकमो एस, अन्नपगइं णिया वावि ॥४६॥**

રસસંક્રમના સ્વરૂપનો નિશ્ચય આ પ્રમાણે છે - ઉદ્વર્તના (વધુ) કરાયેલો, અપવર્તના (ઓછો) કરાયેલો કે અન્ય પ્રકૃતિમાં લઈ જવાયેલો રસ એ રસસંક્રમ છે. (૪૬)

**दुविहपमाणे जेट्ठो, सम्मत्ते देसघाइ दुट्ठाणे ।**
**नरतिरियाऊआयव-मिस्से वि य सव्वघाइम्मि ॥४७॥**

બે પ્રકારના પ્રમાણ (સ્થાનપ્રમાણ અને ઘાતીપ્રમાણ)માં સમ્યક્ત્વમોહનીયનો ઉત્કૃષ્ટ રસસંક્રમ દેશઘાતી અને બે ઠાણિયા રસનો છે. મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, આતપ અને મિશ્રમોહનીયમાં ઉત્કૃષ્ટ રસસંક્રમ સર્વઘાતી અને ૨ ઠાણિયા રસનો છે. (૪૭)

**सेसासु चउट्ठाणे मंदो, सम्मत्तपुरिससंजलणे ।**
**एगट्ठाणे सेसासु, सव्वघाइम्मि दुट्ठाणे ॥४८॥**

શેષ પ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ રસસંક્રમ સર્વઘાતી અને સર્વોત્કૃષ્ટ ૪ ઠાણિયા રસનો છે. સમ્યક્ત્વમોહનીય, પુરુષવેદ અને સંજ્વલન ૪માં જઘન્ય રસસંક્રમ દેશઘાતી અને ૧ ઠાણિયા રસનો છે. શેષ પ્રકૃતિઓમાં જઘન્ય રસસંક્રમ સર્વઘાતી અને ૨ ઠાણિયા રસનો છે. (૪૮)

**अजहण्णो तिण्ह तिहा, मोहस्स चउव्विहो अहाउस्स ।**
**एवमणुक्कोसो सेसिगाण, तिविहो अणुक्कोसो ॥४९॥**

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય - આ ત્રણ પ્રકૃતિઓનો અજઘન્ય રસસંક્રમ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારનો છે. મોહનીયનો અજઘન્ય રસસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારનો છે. આયુષ્યનો અનુત્કૃષ્ટ રસસંક્રમ એ પ્રમાણે (સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારનો) છે. શેષ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ રસસંક્રમ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારનો છે. (૪૯)

**सेसा मूलप्पगइसु, दुविहा अह उत्तरासु अजहन्नो ।**
**सत्तरसण्ह चउद्धा, तिविकप्पो सोलसण्हं तु ॥५०॥**

મૂળપ્રકૃતિઓના શેષ વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારના છે. ઉત્તરપ્રકૃતિઓમાં ૧૭ પ્રકૃતિઓ (અનંતાનુબંધી ૪, સંજ્વલન ૪, નોકષાય ૯) નો અજઘન્ય રસસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારનો છે. ૧૬ પ્રકૃતિઓ (જ્ઞાનાવરણ ૫, થિણદ્ધિ ૩ સિવાય દર્શનાવરણ ૬, અંતરાય ૫)નો અજઘન્ય રસસંક્રમ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારનો છે. (૫૦)

**तिविहो छत्तीसाए, णुक्कोसोऽह णवगस्स य चउद्धा ।**
**एयासिं सेसगा सेसगाण, सव्वे य दुविगप्पा ॥५१॥**

૩૬ પ્રકૃતિઓ (સાતા, પંચેન્દ્રિયજાતિ, તૈજસ ૭, પહેલુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, પરાઘાત, નિર્માણ, સુખગતિ, ત્રસ ૧૦)નો અનુત્કૃષ્ટ રસસંક્રમ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ત્રણ પ્રકારનો છે. ૯ પ્રકૃતિઓ (ઉદ્યોત, પહેલુ સંઘયણ, ઔદારિક ૭) નો અનુત્કૃષ્ટ રસસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારનો છે. આ (કહેલી) પ્રકૃતિઓના શેષ વિકલ્પો અને શેષ પ્રકૃતિઓના બધા વિકલ્પો સાદિ અને અધ્રુવ એમ બે વિકલ્પવાળા છે. (૫૧)

**उक्कोसगं पबंधिय, आवलियमइच्छिऊण उक्कोसं ।**
**जाव न घाएइ तयं, संकमइ य आमुहुत्तंत्तो ॥५२॥**

મિથ્યાદષ્ટિ ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા ઓળંગીને ઉત્કૃષ્ટરસનો જ્યાંસુધી ઘાત ન કરે ત્યાંસુધી અંતર્મુહૂર્તપર્યંત તેને સંક્રમાવે છે. (૫૨)

**असुभाणं अन्नयरो, सुहुमअपज्जत्तगाइमिच्छो य ।**
**वज्जिय असंखवासाउए य, मणुओववाए य ॥५३॥**

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો અને મનુષ્યમાં ઉત્પન્ન થનારા (આનતાદિ દેવલોકના) દેવોને છોડીને મિથ્યાદષ્ટિ અપર્યાપ્ત સૂક્ષ્મ વગેરેમાંથી કોઈ પણ જીવ અશુભપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસસંક્રમ કરે છે. (૫૩)

**सव्वत्थायावुज्जोय-मणुयगइ पंचगाण आऊणं ।**
**समयाहिगालिगा, सेसगत्ति सेसाण जोगंता ॥५४॥**

આતપ, ઉદ્યોત, મનુષ્યગતિ ૫ (મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, ઔદારિક ૨, પહેલુ સંઘયણ)નો ઉત્કૃષ્ટ રસસંક્રમ બધા જીવો કરે. ચાર આયુષ્યનો ઉત્કૃષ્ટ રસસંક્રમ ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા વીત્યા બાદ સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધી થાય છે. શેષ શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસસંક્રમ ઉત્કૃષ્ટ રસ બાંધીને બંધાવલિકા બાદ ૧૩મા ગુણઠાણાના ચરમ સમય સુધી થાય છે. (૫૪)

**खवगस्संतरकरणे, अकए घाईण सुहुमकम्मुवरिं ।**
**केवलिणो णंतगुणं, असन्निओ सेस असुभाणं ॥५५॥**

ક્ષપકશ્રેણિમાં જ્યાંસુધી અંતરકરણ નથી કરાતું ત્યાંસુધી સર્વઘાતી પ્રકૃતિઓ અને દેશઘાતી પ્રકૃતિઓનો રસ સૂક્ષ્મ એકેન્દ્રિયની રસસત્તા કરતા અનંતગુણ હોય છે. શેષ અશુભ અઘાતી પ્રકૃતિઓ (અસાતા, પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, અશુભ વર્ણાદિ ૯, ઉપઘાત, કુખગતિ, અસ્થિર ૬, અપર્યાપ્ત, નીચગોત્ર = ૩૦) ની કેવળીને રસસત્તા અસંજ્ઞી પંચેન્દ્રિયની રસસત્તા કરતા અનંતગુણ હોય છે. (૫૫)

**सम्मद्दिट्ठी न हणइ, सुभाणुभागे असम्मदिट्ठी वि ।**
**सम्मत्तमीसगाणं, उक्कोसं वज्जिया खवणं ॥५६॥**

સમ્યગ્દષ્ટિ જીવ શુભપ્રકૃતિઓના રસને હણે નહીં. સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ ક્ષપણાકાળ સિવાય સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના ઉત્કૃષ્ટ રસને હણે નહીં. (૫૬)

**अंतरकरणा उवरिं, जहन्नठिइसंकमो उ जस्स जहिं ।**
**घाईणं नियगचरम-रसखंडे दिट्ठिमोहदुगे ॥५७॥**

અંતરકરણ કર્યા પછી ઘાતી પ્રકૃતિઓમાંની જે પ્રકૃતિઓનો જે ગુણસ્થાનકે જઘન્ય સ્થિતિસંક્રમ કહ્યો તે પ્રકૃતિઓનો ત્યાં જઘન્ય રસસંક્રમ પણ જાણવો. બે દર્શનમોહનીય (સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય)નો જઘન્ય રસસંક્રમ પોતાના ચરમ રસખંડના સંક્રમ વખતે થાય છે. (૫૭)

**आऊण जहन्नठिई, बंधिय जावत्थि संकमो ताव ।**
**उव्वलणतित्थसंजोयणा य, पढमालियं गंतुं ॥५८॥**

ચાર આયુષ્યની જઘન્ય સ્થિતિ બાંધીને બંધાવલિકા પછી જ્યાં સુધી આયુષ્યનો સંક્રમ હોય ત્યાં સુધી (સમયાધિક આવલિકા બાકી હોય ત્યાં સુધી) તેમનો જઘન્ય રસસંક્રમ થાય છે. ઉદ્વલનયોગ્ય ૨૧ પ્રકૃતિઓ, જિનનામકર્મ અને અનંતાનુબંધી ૪નો જઘન્ય રસસંક્રમ પ્રથમ આવલિકા (બંધાવલિકા) ઓળંગીને પછી થાય છે. (૫૮)

**सेसाण सुहुम हयसंत-कम्मिगो तस्स हेट्ठओ जाव ।**
**बंधइ ताव एगिंदिओ व, णेगिंदिओ वावि ॥५९॥**

શેષ શુભ-અશુભ પ્રકૃતિઓનો જઘન્ય રસસંક્રમ જેણે ઘણી રસસત્તાને હણી છે એવો સૂક્ષ્મ એકેન્દ્રિય (તેઉકાય-વાયુકાય) જીવ તે જ એકેન્દ્રિયના ભવમાં કે એકેન્દ્રિય સિવાયના ભવોમાં જ્યાંસુધી પોતાની રસસત્તાથી ઓછો રસબંધ કરે ત્યાં સુધી કરે છે. (૫૯)

**जं दलियमन्नपगइं, निज्जइ सो संकमो पएसस्स ।**
**उव्वलणो विज्झाओ, अहापवत्तो गुणो सव्वो ॥६०॥**

સંક્રમયોગ્ય કર્મદલિકને અન્ય પ્રકૃતિમાં જે લઈ જવાય છે તે પ્રદેશસંક્રમ છે. તે પાંચ પ્રકારનો છે - ઉદ્વલનાસંક્રમ, વિધ્યાતસંક્રમ, યથાપ્રવૃત્તસંક્રમ, ગુણસંક્રમ અને સર્વસંક્રમ. (૬૦)

**आहारतणू भिन्नमुहुत्ता, अविरइगओ पउव्वलए ।**
**जा अविरतो त्ति उव्वलइ, पल्लभागे असंखतमे ॥६१॥**

આહારક ૭ની સત્તાવાળો જીવ અવિરતિમાં આવીને અંતર્મુહૂર્ત પછી આહારક ૭ની ઉદ્વલના શરૂ કરે. તે જ્યાંસુધી અવિરતિમાં રહે ત્યાંસુધી પલ્યોપમ/અસંખ્યમાં આહારક ૭ની ઉદ્વલના કરે. (૬૧)

**अंतोमुहुत्तमद्धं, पल्लासंखिज्जमित्तठिइखंडं ।**
**उक्किरइ पुणो वि तहा, ऊणूणमसंखगुणहं जा ॥६२॥**

અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ સ્થિતિખંડની ઉદ્વલના કરે. ફરી તે પ્રમાણે અંતર્મુહૂર્તમાં ન્યૂન ન્યૂન સ્થિતિખંડની ઉદ્વલના કરે. એમ યાવત્ પ્રથમ સ્થિતિખંડ કરતા અસંખ્યગુણહીન ઉપાંત્ય સ્થિતિખંડ સુધી જાણવું. (૬૨)

**तं दलियं सट्ठाणे, समए समए असंखगुणियाए ।**
**सेढीए परठाणे, विसेसहाणीए संछुभइ ॥६३॥**

તે દલિક સમયે સમયે સ્વસ્થાનમાં અસંખ્યગુણ શ્રેણિથી નાંખે છે અને પરસ્થાનમાં વિશેષહાનિથી નાંખે છે. (૬૩)

**जं दुचरमस्स चरिमे, अन्नं संकमइ तेण सव्वं पि ।**
**अंगुलअसंखभागेण, हीरए एस उव्वलणा ॥६४॥**

દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે અન્યપ્રકૃતિમાં જેટલુ દલિક સંક્રમે છે તે પ્રમાણથી ચરમ સ્થિતિખંડને સમયે સમયે ખાલી કરતા અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશ પ્રમાણ સમયોમાં (અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીમાં) તે ખાલી થાય છે. આ ઉદ્વલનાસંક્રમ છે. (૬૪)

**चरममसंखिज्जगुणं, अणुसमयमसंखगुणियसेढीए ।**
**देइ परट्ठाणेवं, संछुभंतीणमवि कसिणो ॥६५॥**

દ્વિચરમ સ્થિતિખંડ કરતા ચરમ સ્થિતિખંડ સ્થિતિની અપેક્ષાએ અસંખ્યગુણ છે. ચરમ સ્થિતિખંડના ઉદયાવલિકા ઉપરના દલિકને પ્રતિસમય અસંખ્યગુણશ્રેણિથી પરસ્થાનમાં નાંખે છે. આ પ્રમાણે પરપ્રકૃતિમાં નંખાતી પ્રકૃતિઓનો ચરમ સમયે જે સંપૂર્ણ સંક્રમ થાય છે તે સર્વસંક્રમ છે. (૬૫)

**एवं मिच्छद्दिट्ठिस्स, वेयगं मीसगं तओ पच्छा ।**
**एगिंदियस्स सुरदुगमओ, सवेउव्विणिरयदुगं ॥६६॥**

આ જ પ્રમાણે ૨૮ની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ પહેલા સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરે છે, પછી મિશ્રમોહનીયની ઉદ્વલના કરે છે. નામકર્મની ૯૫ની સત્તાવાળો એકેન્દ્રિય દેવ ૨ની ઉદ્વલના કરે છે, પછી વૈક્રિય ૭ અને નરક ૨ની ઉદ્વલના કરે છે. (૬૬)

**सुहुमतसे गोत्तुत्तममओ य, णरदुगमहानियट्टिम्मि ।**
**छत्तीसाए णियगे, संजोयणदिट्ठिजुअले य ॥६७॥**

સૂક્ષ્મ ત્રસ જીવો (તેઉકાય-વાયુકાય) પહેલા ઉચ્ચગોત્રની ઉદ્વલના કરે છે, પછી મનુષ્ય ૨ની ઉદ્વલના કરે છે. અનિવૃત્તિબાદર ગુણસ્થાનકે ૩૬ પ્રકૃતિઓ (થિણદ્ધિ ૩, નામની ૧૩, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, સંજ્વલન ૩, નોકષાય ૯)ની ઉદ્વલના થાય છે. અનંતાનુબંધી ૪, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના પોતપોતાના ક્ષપક અવિરતિસમ્યગ્દૃષ્ટિ વગેરે જીવો કરે છે. (૬૭)

**जासि ण बंधो गुण-भव-पच्चयओ तासि होइ विज्झाओ ।**
**अंगुलअसंखभागेण-वहारो तेण सेसस्स ॥६८॥**

જે પ્રકૃતિઓનો ગુણપ્રત્યયથી કે ભવપ્રત્યયથી બંધ થતો નથી તે પ્રકૃતિઓનો વિધ્યાતસંક્રમ થાય છે. પહેલા સમયે વિધ્યાતસંક્રમ વડે પરપ્રકૃતિમાં જેટલું દલિક નંખાય છે તે પ્રમાણ વડે જો શેષ દલિક ખાલી કરાય તો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ સમયોમાં તે ખાલી થાય છે. (૬૮)

**गुणसंकमो अबज्झंतिगाण, असुभाणपुव्वकरणाई ।**
**बंधे अहापवत्तो, परित्तिओ वा अबंधे वि ॥६९॥**

ગુણસંક્રમ અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો અપૂર્વકરણથી માંડીને થાય છે. યથાપ્રવૃત્તસંક્રમ ધ્રુવબંધી પ્રકૃતિઓનો બંધ હોય ત્યારે થાય છે, પરાવર્તમાન પ્રકૃતિઓનો બંધ હોય ત્યારે કે બંધ ન હોય ત્યારે પણ થાય છે. (૬૯)

**थोवोऽवहारकालो, गुणसंकमेण असंखगुणणाए ।**
**सेसस्सहापवत्ते, विज्झाउव्वलण नामे य ॥७०॥**

ઉદ્વલનાસંક્રમના શેષ (ચરમ સ્થિતિખંડ) ને ગુણસંક્રમથી ખાલી કરવાનો કાળ અલ્પ છે, યથાપ્રવૃત્તસંક્રમથી, વિધ્યાતસંક્રમથી અને ઉદ્વલનાસંક્રમથી તેને ખાલી કરવાનો કાળ ક્રમશઃ અસંખ્યગુણ છે. (૭૦)

**पल्लासंखियभागेण-हापवत्तेण सेसगवहारो ।**
**उव्वलणेण वि थिबुगो, अणुइन्नाए उ जं उदए ॥७१॥**

ઉદ્વલનાસંક્રમના શેષ (ચરમ સ્થિતિખંડ) ને યથાપ્રવૃત્તસંક્રમથી અને ઉદ્વલનાસંક્રમથી (ઉદ્વલનાસંક્રમના દ્વિચરમ સ્થિતિખંડના ચરમ

સમયે સ્વસ્થાનમાં નંખાતા દલિકના પ્રમાણથી) ખાલી કરવાનો કાળ પલ્યોપમ/અસંખ્ય છે. ઉદયમાં નહીં આવેલી પ્રકૃતિના કર્મદલકોને ઉદયમાં આવેલી સજાતીયપ્રકૃતિની સમાન કાળવાળી સ્થિતિમાં સંક્રમાવી અનુભવવા તે સ્તિબુકસંક્રમ છે. (૭૧)

**धुव संकम अजहन्नो, णुक्कोसो तासि वा विवज्जित्तु ।**
**आवरणनवगविग्घं, ओरालियसत्तगं चेव ॥७२॥**

**साइयमाइ चउद्धा, सेसविगप्पा य सेसगाणं च ।**
**सव्वविगप्पा नेया, साई अधुवा पएसम्मि ॥७३॥**

૧૨૬ ધ્રુવસત્તાક પ્રકૃતિઓનો અજઘન્ય પ્રદેશસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. આવરણ ૯ (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪), અંતરાય ૫ અને ઔદારિક ૭ સિવાયની તે પ્રકૃતિઓ (૧૦૫ પ્રકૃતિઓ)નો અનુત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે છે. ઉપરની પ્રકૃતિઓના શેષ વિકલ્પો અને શેષ પ્રકૃતિઓના બધા વિકલ્પો સાદિ અને અધ્રુવ છે. (૭૨,૭૩)

**जो बायरतसकालेणूणं, कम्मट्ठिइं तु पुढवीए ।**
**बायरपज्जत्तापज्जत्तग-दीहेयरद्धासु ॥७४॥**

**जोगकसाउक्कोसो, बहुसो निच्चमवि आउबंधं च ।**
**जोगजहण्णेणुवरिल्ल-ठिइनिसेगं बहुं किच्चा ॥७५॥**

**बायरतसेसु तक्काल-मेवमंते य सत्तमखिईए ।**
**सव्वलहुं पज्जत्तो, जोगकसायाहिओ बहुसो ॥७६॥**

**जोगजवमज्झउवरिं, मुहुत्तमच्छित्तु जीवियवसाणे ।**
**तिचरिमदुचरिमसमए पूरित्तु कसायउक्कस्सं ॥७७॥**

**जोगुक्कोसं चरिमदुचरिमे, समए य चरिमसमयम्मि ।**
**संपुण्णगुणियकम्मो, पगयं तेणेह सामित्ते ॥७८॥**

જે જીવ બાદર ત્રસકાયની કાયસ્થિતિથી ન્યૂન કર્મસ્થિતિકાળ સુધી બાદરપૃથ્વીકાયમાં પર્યાપ્તભવોમાં ઘણો કાળ અને અપર્યાપ્તભવોમાં અલ્પકાળ રહે, ઉત્કૃષ્ટ યોગમાં અને ઉત્કૃષ્ટ કષાયોમાં ઘણીવાર રહે, દરેક ભવમાં આયુષ્યનો બંધ જઘન્યયોગમાં કરે, ઉપરની સ્થિતિઓમાં ઘણા દલિકો નાંખે, પછી એ જ પ્રમાણે બાદર ત્રસકાયમાં કાયસ્થિતિ સુધી રહે, તેમાં જેટલીવાર સાતમી નરકમાં જઈ શકે તેટલી વાર તેમાં જઈને અંતે સાતમી નરકમાં સૌથી પહેલા પર્યાપ્ત થાય, અનેકવાર ઉત્કૃષ્ટ યોગ અને ઉત્કૃષ્ટ કષાયમાં રહે, અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે યોગના યવમધ્યની ઉપર (૮ સમયવાળા યોગસ્થાનોની ઉપરના યોગસ્થાનોમાં) અંતર્મુહૂર્ત રહે, ત્રિચરમ સમયે અને દ્વિચરમ સમયે ઉત્કૃષ્ટ કષાયોને પુષ્ટ કરે, દ્વિચરમ સમયે અને ચરમ સમયે ઉત્કૃષ્ટ યોગમાં રહે તે જીવ ચરમ સમયે સંપૂર્ણ ગુણિતકર્માંશ થાય છે. અહીં ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામિત્વમાં તેનો અધિકાર છે. (૭૪,૭૫,૭૬,૭૭,૭૮)

**तत्तो उव्वट्टित्ता, आवलिगासमयतब्भवत्थस्स ।**
**आवरणविग्घचोद्दस-गोरालियसत्त उक्कोसो ॥७९॥**

જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, ઔદારિક ૭નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ગુણિતકર્માંશ જીવ સાતમી નરકમાંથી નીકળીને પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચમાં આવીને પ્રથમાવલિકાના ચરમ સમયે કરે. (૭૯)

**कम्मचउक्के असुभाण-बज्झमाणीण सुहुमरागंते ।**
**संछोभणंमि नियगे, चउवीसाए नियट्टिस्स ॥८०॥**

ચાર કર્મો (દર્શનાવરણ, વેદનીય, નામ, ગોત્ર)ની સૂક્ષ્મસંપરાય ગુણઠાણે નહીં બંધાનારી અશુભ પ્રકૃતિઓ (નિદ્રા ૨, અસાતા, પહેલા સંસ્થાન સિવાયના પાંચ સંસ્થાન, પહેલા સંઘયણ સિવાયના પાંચ સંઘયણ, અશુભ વર્ણાદિ ૯, ઉપઘાત, કુખગતિ, અપર્યાપ્ત, અસ્થિર ૬, નીચગોત્ર = ૩૨) નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ગુણિતકર્માંશ ક્ષપક ૧૦મા ગુણઠાણાના ચરમ સમયે કરે. ૨૪ પ્રકૃતિઓ (અપ્રત્યાખ્યાનાવરણ ૪, પ્રત્યાખ્યાનાવરણ ૪, થિણદ્ધિ ૩, તિર્યંચ ૨, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, સૂક્ષ્મ, સાધારણ, હાસ્ય ૬) નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ગુણિતકર્માંશ ક્ષપક ૯મા ગુણઠાણે પોતપોતાના ચરમ પ્રક્ષેપ વખતે કરે છે. (૮૦)

**तत्तो अणंतरागय-समयादुक्कस्स सायबंधद्धं ।**
**बंधिय असायबंधावलि-गंतसमयम्मि सायस्स ॥८१॥**

ગુણિતકર્માંશ જીવ સાતમી નરકમાંથી નીકળી પછીના ભવમાં પહેલા સમયથી સાતાના ઉત્કૃષ્ટ બંધકાળ સુધી સાતા બાંધીને અસાતાની બંધાવલિકાના ચરમ સમયે સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૮૧)

**संछोभणाए दोण्हं, मोहाणं वेयगस्स खणसेसे ।**
**उप्पाइय सम्मत्तं, मिच्छत्तगए तमतमाए ॥८२॥**

મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયરૂપ બે મોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ક્ષપક તેમના ચરમ પ્રક્ષેપ વખતે કરે છે. સાતમી

નરકનો જીવ આયુષ્યનું અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે ઔપશમિક સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વમોહનીયને પુષ્ટ કરીને મિથ્યાત્વ પામે ત્યારે તેના પહેલા સમયે સમ્યક્ત્વમોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૮૨)

**भिन्नमुहुत्ते सेसे, तच्चरमावस्सगाणि किच्चेत्थ ।**
**संजोयणा विसंजोयगस्स, संछोभणा एसिं ॥८३॥**

સાતમી નરકમાં રહેલો ગુણિતકર્માંશ જીવ આયુષ્યનું અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે છેલ્લા આવશ્યક કૃત્યો (અંતર્મુહૂર્ત સુધી યોગના યવમધ્યની ઉપર રહેવું વગેરે) કરીને સાતમી નરકમાંથી ચ્યવી તિર્યંચમાં આવી સમ્યક્ત્વ પામી ક્ષાયોપશમિક સમકિતી થઈને અનંતાનુબંધીની વિસંયોજના કરે ત્યારે તેના ચરમ પ્રક્ષેપ વખતે અનંતાનુબંધી ૪નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૮૩)

**ईसाणागयपुरिसस्स, इत्थियाए व अट्ठवासाए ।**
**मासपुहुत्तब्भहिए, नपुंसगे सव्वसंकमणे ॥८४॥**

ઈશાન દેવલોકમાંથી આવેલા ૮ વર્ષ + મુહૂર્તપૃથક્ત્વની વયવાળા પુરુષ કે સ્ત્રી નપુંસકવેદને ખપાવે ત્યારે તેના ચરમ પ્રક્ષેપ વખતે નપુંસકવેદનો સર્વસંક્રમથી ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૮૪)

**इत्थीए भोगभूमिसु, जीविय वासाणऽसंखियाणि तओ ।**
**हस्सठिई देवत्ता, सव्वलहुं सव्वसंछोभे ॥८५॥**

ભોગભૂમીઓમાં અસંખ્ય વર્ષો સુધી જીવીને અને સ્ત્રીવેદને બાંધીને પછી ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિવાળો દેવ થાય, ત્યાંથી ચ્યવી મનુષ્યમાં આવી શીઘ્ર ક્ષપણા કરે ત્યારે સ્ત્રીવેદના ચરમ પ્રક્ષેપ વખતે સર્વસંક્રમથી સ્ત્રીવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૮૫)

**वरिसवरित्थिं पूरिय, सम्मत्तमसंखवासियं लहिय ।**
**गंता मिच्छत्ताओ, जहन्नदेवट्ठिइं भोच्चा ॥८६॥**

**आगंतुं लहुं पुरिसं, संछुभमाणस्स पुरिसवेयस्स ।**
**तस्सेव सगे कोहस्स, माणमायाणमवि कसिणो ॥८७॥**

નપુંસકવેદને અને સ્ત્રીવેદને પુષ્ટ કરીને પછી અસંખ્ય વર્ષનું સમ્યક્ત્વ પામીને મિથ્યાત્વે જઈને ૧૦,૦૦૦ વર્ષનું દેવાયુષ્ય ભોગવીને મનુષ્ય થઈને શીઘ્ર ક્ષપણા કરે ત્યારે પુરુષવેદના ચરમ પ્રક્ષેપ વખતે પુરુષવેદનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. તે જ જીવ સંજ્વલન ક્રોધને ખપાવે ત્યારે તેના ચરમ પ્રક્ષેપ વખતે સર્વસંક્રમથી સંજ્વલન ક્રોધનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. એ જ પ્રમાણે સંજ્વલન માન અને સંજ્વલન માયાનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. (૮૬,૮૭)

**चउरुवसमित्तु खिप्पं, लोभजसाणं ससंकमस्संते ।**
**सुभधुवबंधिगनामाणा-वलिगं गंतु बंधंता ॥८८॥**

મોહનીયકર્મનો ૪ વાર ઉપશમ કરીને શીઘ્ર ક્ષપણા કરે ત્યારે પોતપોતાના સંક્રમને અંતે ચરમ પ્રક્ષેપ વખતે સંજ્વલન લોભ અને યશનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. શુભ ધ્રુવબંધી પ્રકૃતિઓ (તૈજસ ૭, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, નિર્માણ = ૨૦)નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ મોહનીયકર્મનો ૪ વાર ઉપશમ કરીને બંધવિચ્છેદ થયા પછી આવલિકા પછી થાય છે. (૮૮)

**निद्धसमा य थिरसुभा, सम्मद्दिट्ठिस्स सुभधुवाओ वि ।**
**सुभसंघयणजुयाओ, बत्तीससयोदहिचियाओ ॥८९॥**

સ્થિર અને શુભનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ સ્નિગ્ધસ્પર્શની જેમ જાણવો. સમ્યગ્દષ્ટિની શુભ ધ્રુવબંધી પ્રકૃતિઓ (પંચેન્દ્રિયજાતિ,

પહેલુ સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, સુખગતિ, ત્રસ ૪, સુભગ ૩ = ૧૨) અને પહેલા સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ ૧૩૨ સાગરોપમમાં તે પ્રકૃતિઓને પુષ્ટ કરનાર જીવ કરે છે. (૮૯)

**पूरित्तु पुव्वकोडीपुहुत्त, संछोभगस्स निरयदुग ।**
**देवगईनवगस्स य, सगबंधंतालिगं गंतुं ॥९०॥**

પૂર્વકોટીપૃથક્ત્વ સુધી નરક ૨ને પુષ્ટ કરીને ક્ષપકશ્રેણિ માંડનાર જીવ નરક ૨ના ચરમ પ્રક્ષેપ વખતે સર્વસંક્રમથી તેનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. દેવ ૨, વૈક્રિય ૭ ને પૂર્વકોટીપૃથક્ત્વ સુધી પુષ્ટ કરીને ક્ષપકશ્રેણિ માંડનાર જીવ પોતપોતાના બંધવિચ્છેદ પછી આવલિકા પછી તેમનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૯૦)

**सव्वचिरं सम्मत्तं, अणुपालिय पूरयित्तु मणुयदुगं ।**
**सत्तमखिइनिग्गइए, पढमे समए नरदुगस्स ॥९१॥**

સાતમી નરકમાં સૌથી વધુ કાળ સમ્યક્ત્વ પાળીને મનુષ્ય ૨ને પુષ્ટ કરીને સાતમી નરકમાંથી નીકળેલો જીવ પહેલા સમયે મનુષ્ય ૨નો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૯૧)

**थावरतज्जाआया-वुज्जोयाओ नपुंसगसमाओ ।**
**आहारगतित्थयरं, थिरसममुक्कस्स सगकालं ॥९२॥**

સ્થાવર, એકેન્દ્રિયજાતિ, આતપ, ઉદ્યોતના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી નપુંસકવેદની જેમ જાણવા. આહારક ૭ અને જિનનામકર્મના ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમના સ્વામી સ્થિરની જેમ છે, પણ તે પ્રકૃતિઓ પોતપાતોના ઉત્કૃષ્ટ બંધકાળ સુધી પુષ્ટ થયા પછી બંધવિચ્છેદની આવલિકા પછી તેમનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ થાય છે. (૯૨)

**चउरुवसमित्तु मोहं, मिच्छत्तगयस्स नीयबंधंतो ।**
**उच्चागोउक्कोसो, तत्तो लहुसिज्झओ होइ ॥९३॥**

મોહનીયકર્મનો ચાર વાર ઉપશમ કરીને મિથ્યાત્વે ગયેલો નીચગોત્રના બંધવિચ્છેદ પછી શીઘ્ર મોક્ષમાં જનારો જીવ નીચગોત્રના બંધના ચરમ સમયે ઉચ્ચગોત્રનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ કરે છે. (૯૩)

**पल्लासंखियभागूण, कम्मठिइमच्छिओ निगोएसु ।**
**सुहुमेसुऽभवियजोग्गं, जहन्नयं कट्टु निग्गम्म ॥९४॥**

**जोग्गेसुऽसंखवारे, सम्मत्तं लभिय देसविरइं च ।**
**अट्ठक्खुत्तो विरइं, संजोयणहा तइयवारे ॥९५॥**

**चउरुवसमित्तु मोहं, लहुं खवेंतो भवे खवियकम्मो ।**
**पाएण तहिं पगयं, पडुच्च काओ वि सविसेसं ॥९६॥**

જે જીવ પલ્યોપમ/અસંખ્ય ન્યૂન કર્મસ્થિતિકાળ સુધી સૂક્ષ્મ નિગોદમાં રહે, ત્યાં અભવ્યયોગ્ય જઘન્ય પ્રદેશસંચય કરીને નીકળે, સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરિતિને યોગ્ય ત્રસજીવોમાં ઉત્પન્ન થઈને અસંખ્યવાર સમ્યક્ત્વ અને દેશવિરતિ પામે, ૮ વાર વિરતિ પામે, તેટલીવાર (૮ વાર) અનંતાનુબંધીની વિસંયોજના કરે, ૪ વાર મોહનીયને ઉપશમાવે, પછી શીઘ્ર ક્ષપકશ્રેણિ માંડે તે ક્ષપિતકર્માંશ બને છે. અહીં જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામિત્વમાં ઘણુ કરીને તેનો અધિકાર છે. કેટલીક પ્રકૃતિઓને આશ્રયીને વિશેષ કહીશ. (૯૪,૯૫,૯૬)

**आवरणसत्तगम्मि उ, सहोहिणा तं विणोहिजुयलम्मि ।**
**निद्दादुगंतराइय-हासचउक्के य बंधंते ॥९७॥**

સાત આવરણ (અવધિજ્ઞાનાવરણ સિવાયના ૪ જ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણ સિવાયના ૩ દર્શનાવરણ)નો જઘન્ય પ્રદેશસંક્રમ અવધિજ્ઞાની જીવ બંધવિચ્છેદસમયે કરે છે. અવધિજ્ઞાનાવરણ અને અવધિદર્શનાવરણનો જઘન્ય પ્રદેશસંક્રમ અવધિજ્ઞાન વિનાનો જીવ બંધવિચ્છેદસમયે કરે છે. નિદ્રા ૨, અંતરાય ૫ અને હાસ્ય ૪નો જઘન્ય પ્રદેશસંક્રમ પોતપોતાના બંધવિચ્છેદસમયે થાય છે. (૯૭)

**सायस्स णुवसमित्ता, असायबंधाण चरिमबंधंते ।**
**खवणाए लोभस्स वि, अपुव्वकरणालिगा अंते ॥९८॥**

મોહનીયનો ઉપશમ કર્યા વિના ક્ષપકશ્રેણિ માંડનાર જીવ અસાતાના ચરમ બંધના ચરમ સમયે સાતાનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. મોહનીયનો ઉપશમ કર્યા વિના ક્ષપકશ્રેણિ માંડનાર જીવ અપૂર્વકરણની પ્રથમ આવલિકાના ચરમ સમયે સંજ્વલન લોભનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. (૯૮)

**अयरछावट्ठिदुगं, गालिय थीवेयथीणगिद्धितिगे ।**
**सगखवणहापवत्तस्संते, एमेव मिच्छत्ते ॥९९॥**

બે ૬૬ સાગરોપમ (૧૩૨ સાગરોપમ) સુધી સમ્યક્ત્વ પાળતો જીવ સ્ત્રીવેદ અને થિણદ્ધિ ૩ના ઘણા દલિકોને ખાલી કરી આ પ્રકૃતિઓની ક્ષપણા કરે ત્યારે યથાપ્રવૃત્તકરણ (૭મા ગુણઠાણા)ના ચરમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. મિથ્યાત્વમોહનીયના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી પણ એ જ પ્રમાણે જાણવા. (૯૯)

**हस्सगुणसंकमद्धाए, पूरयित्ता समीससम्मत्तं ।**
**चिरसम्मत्ता मिच्छत्त-गयस्सुव्वलणथोगे सिं ॥१००॥**

સમ્યક્ત્વ પામીને અલ્પકાળમાં ગુણસંક્રમ વડે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયને પુષ્ટ કરીને લાંબો કાળ (૧૩૨ સાગરોપમ) સમ્યક્ત્વ પાળી મિથ્યાત્વે ગયેલો જીવ ઉદ્વલનાસંક્રમના દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. (૧૦૦)

**संजोयणाण चउरुवसमित्तु, संजोयइत्तु अप्पद्धं ।**
**अयरच्छावट्ठिदुगं, पालिय सकहप्पवत्तंते ॥१०१॥**

મોહનીયનો ચાર વાર ઉપશમ કરીને મિથ્યાત્વે જઈ અલ્પકાળ સુધી અનંતાનુબંધી ૪ બાંધીને ૧૩૨ સાગરોપમ સુધી સમ્યક્ત્વ પાળીને અનંતાનુબંધી ૪ની ક્ષપણા કરનાર જીવ પોતાના યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે અનંતાનુબંધી ૪નો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. (૧૦૧)

**अट्ठकसायासाए य, असुभधुवबंधिअत्थिरतिगे य ।**
**सव्वलहुं खवणाए, अहापवत्तस्स चरिमम्मि ॥१०२॥**

૮ કષાય (અપ્રત્યાખ્યાનાવરણ ૪, પ્રત્યાખ્યાનાવરણ ૪), અસાતા, અશુભ ધ્રુવબંધી પ્રકૃતિઓ (અશુભ વર્ણાદિ ૯, ઉપઘાત), અસ્થિર ૩ - આ ૨૨ પ્રકૃતિઓની શીઘ્ર ક્ષપણા કરનારો જીવ યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. (૧૦૨)

**पुरिसे संजलणतिगे य, घोलमाणेण चरमबद्धस्स ।**
**सगअंतिमे असाएण, समा अरई य सोगो य ॥१०३॥**

ક્ષપકશ્રેણિ માંડનાર જીવ પુરુષવેદ અને સંજ્વલન ૩ની ક્ષપણા કરતા તેમના બંધના ચરમ સમયે જઘન્ય યોગમાં બાંધેલા દલિકના ચરમ પ્રક્ષેપ વખતે એમનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. અરતિ અને શોકના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી અસાતાની જેમ જાણવા. (૧૦૩)

**वेउव्वेक्कारसगं, उव्वलिय बंधिऊण अप्पद्धं ।**
**जिट्ठठिई निरयाओ, उवट्टित्ता अबंधित्तु ॥१०४॥**

**थावरगयस्स चिरउव्वलणे, एयस्स एवमुच्चस्स ।**
**मणुयदुगस्स य तेउसु, वाउसु वा सुहुमबद्धाणं ॥१०५॥**

વૈક્રિય ૧૧ (દેવ ૨, નરક ૨, વૈક્રિય ૭)ની એકેન્દ્રિયમાં ઉદ્વલના કરી પંચેન્દ્રિયમાં અલ્પકાળ બાંધીને ઉત્કૃષ્ટ સ્થિતિ (૩૩ સાગરોપમ) વાળો નારકી થાય, ત્યાંથી ચ્યવી પંચેન્દ્રિય તિર્યંચમાં આવીને આ પ્રકૃતિઓ ન બાંધે, ત્યાંથી સ્થાવરમાં જઈ લાંબા કાળની ઉદ્વલના કરે ત્યારે દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે વૈક્રિય ૧૧નો પરપ્રકૃતિમાં જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. એ જ જીવ એ જ રીતે તેઉકાય-વાયુકાયમાં આવી સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં બાંધેલ ઉચ્ચગોત્ર અને મનુષ્ય ૨ની લાંબા કાળની ઉદ્વલના કરે ત્યારે દ્વિચરમ સ્થિતિખંડના ચરમ સમયે ઉચ્ચગોત્ર અને મનુષ્ય ૨નો પરપ્રકૃતિમાં જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. (૧૦૪, ૧૦૫)

**हस्सं कालं बन्धिय, विरओ आहारसत्तगं गंतुं ।**
**अविरइमहुव्वलंतस्स, तस्स जा थोवउव्वलणा ॥१०६॥**

અપ્રમત્તસંયત થઈને અલ્પકાળ આહારક ૭ બાંધીને અવિરતિ પામે, ત્યાં આહારક ૭ની લાંબા કાળની ઉદ્વલના કરે ત્યારે દ્વિચરમ

સ્થિતિખંડના ચરમ સમયે આહારક ૭નો પરપ્રકૃતિમાં જે ઉદ્વલના સંક્રમ કરે તે આહારક ૭નો જઘન્ય પ્રદેશસંક્રમ છે. (૧૦૬)

**तेवट्ठिसयं उदहीण, सचउपल्लाहियं अबन्धित्ता ।**
**अंते अहप्पवत्तकरणस्स, उज्जोवतिरियदुगे ॥१०७॥**

ઉદ્યોત અને તિર્યંચ ૨ની જઘન્યસત્તાવાળો ક્ષપિતકર્માંશ જીવ ૧૬૩ સાગરોપમ + ૪ પલ્યોપમ સુધી ઉદ્યોત અને તિર્યંચ ૨ નહીં બાંધીને તેમની ક્ષપણા કરે ત્યારે યથાપ્રવૃત્તકરણના ચરમ સમયે તેમનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. (૧૦૭)

**इगविगलिंदियजोग्गा, अट्ठ अपज्जत्तगेण सह तासिं ।**
**तिरियगइसमं नवरं, पंचासीउदहिसयं तु ॥१०८॥**

એકેન્દ્રિય-વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૮ પ્રકૃતિઓ (જાતિ ૪, સ્થાવર, આતપ, સૂક્ષ્મ, સાધારણ) અને અપર્યાપ્ત નામકર્મના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી તિર્યંચગતિની જેમ જાણવા, પણ ૧૬૩ સાગરોપમની બદલે ૧૮૫ સાગરોપમ કહેવા. (૧૦૮)

**छत्तीसाए सुभाणं, सेढिमणारुहिय सेसगविहीहिं ।**
**कट्टु जहन्नं खवणं, अपुव्वकरणालिया अंते ॥१०९॥**

ઉપશમશ્રેણિ માંડ્યા વિનાની શેષ વિધિઓથી ૩૬ શુભ પ્રકૃતિઓ (પંચેન્દ્રિયજાતિ, પહેલુ સંસ્થાન, પહેલુ સંઘયણ, તૈજસ ૭, સુખગતિ, શુભ વર્ણાદિ ૧૧, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, ત્રસ ૧૦)ની જઘન્ય પ્રદેશસત્તા કરીને તેમની ક્ષપણા કરે ત્યારે અપૂર્વકરણની પ્રથમાવલિકાના ચરમ સમયે આ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. (૧૦૯)

**सम्मद्दिट्ठिअजोग्गाण, सोलसण्हं पि असुभपगईणं ।**
**थीवेएण सरिसगं, नवरं पढमं तिपल्लेसु ॥११०॥**

સમ્યગ્દૃષ્ટિને અયોગ્ય ૧૬ અશુભ પ્રકૃતિઓ (પહેલા સંસ્થાન સિવાયના ૫ સંસ્થાન, પહેલા સંઘયણ સિવાયના ૫ સંઘયણ, કુખગતિ, દુર્ભગ ૩, નપુંસકવેદ, નીચગોત્ર)ના જઘન્ય પ્રદેશસંક્રમના સ્વામી સ્ત્રીવેદની સમાન છે, પણ તે પહેલા ૩ પલ્યોપમ આયુષ્યવાળા મનુષ્યમાં ઉત્પન્ન થયેલા અને અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે સમ્યક્ત્વ પામેલા કહેવા. (૧૧૦)

**नरतिरियाण तिपल्लस्संते, ओरालियस्स पाउग्गा ।**
**तित्थयरस्स य बन्धा, जहन्नओ आलिगं गंतुं ॥१११॥**

મનુષ્યો અને તિર્યંચો ત્રણ પલ્યોપમના ચરમ સમયે ઔદારિક પ્રાયોગ્ય પ્રકૃતિઓ (ઔદારિક ૭)નો જઘન્ય પ્રદેશસંક્રમ કરે છે. જિનનામકર્મના પ્રથમ સમયે બંધાયેલા દલિકની બંધાવલિકા ઓળંગીને તેનો જઘન્ય પ્રદેશસંક્રમ થાય છે. (૧૧૧)

**કર્મપ્રકૃતિના સંક્રમકરણના મૂળગાથા - શબ્દાર્થ સમાપ્ત**

- અરિહંત મારા નાથ છે, અરિહંત મારા દેવ છે,
  અરિહંત મારા સ્વામી છે, અરિહંત મારા પ્રભુ છે.
  પ્રભુ ! હું તારો આશ્રિત છું, પ્રભુ ! હું તારો દાસ છું,
  પ્રભુ ! હું તારો સેવક છું, પ્રભુ ! હું તારો નોકર છું.
- ઈચ્છા વગરનો જીવ શીઘ્ર મુક્તિને પામે છે.
- **समयाए समणो होइ ।** - ઉત્તરાધ્યયનસૂત્ર ૨૫/૩૨
  સમતાથી શ્રમણ થાય છે.

કર્મપ્રકૃતિ

# ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ

## મૂળગાથા - શબ્દાર્થ

**उव्वट्टणा ठिईए, उदयावलियाए बाहिरठिईणं ।**
**होइ अबाहा अइत्थावणा उ, जावालिया हस्सा ॥१॥**

ઉદયાવલિકાની બહાર રહેલી સ્થિતિઓની સ્થિતિઉદ્વર્તના થાય છે. અબાધા એ ઉત્કૃષ્ટ અતીત્થાપના છે. યાવત્ આવલિકા એ જઘન્ય અતીત્થાપના છે. (૧)

**आवलियअसंखभागाइ, जाव कम्मठिइत्ति निक्खेवो ।**
**समउत्तरालिगाए, साबाहाए भवे ऊणे ॥२॥**

આવલિકાના અસંખ્યાતમા ભાગથી માંડીને અબાધાસહિત સમયાધિક આવલિકા પ્રમાણ ન્યૂન કર્મસ્થિતિ એ નિક્ષેપ છે. (૨)

**निव्वाघाएणेवं वाघाए, संतकम्महिगबंधो ।**
**आवलिअसंखभागादि, होइ अइत्थावणा नवरं ॥३॥**

નિર્વ્યાઘાત સ્થિતિઉદ્વર્તના આ પ્રમાણે જાણવી. સત્તાગત સ્થિતિ કરતા અધિક કર્મબંધરૂપ વ્યાઘાતમાં આવલિકા/અસંખ્ય વગેરે અતીત્થાપના છે. (૩)

**उव्वट्टंतो य ठिइं, उदयावलिबाहिरा ठिइविसेसा ।**
**निक्खिवइ तइअभागे, समयहिए सेसमइवईय ॥४॥**

સ્થિતિની અપવર્તના કરતો જીવ ઉદયાવલિકાની બહાર રહેલા

સ્થિતિવિશેષોને શેષ (સમય ન્યૂન ૨/૩ આવલિકા) ઓળંગીને સમયાધિક ૧/૩ આવલિકામાં નાંખે છે. (૪)

**वड्ढइ तत्तो अतित्थावणाउ, जावालिगा हवइ पुन्ना ।**
**ता निक्खेवो समयाहिगालिग-दुगूण कम्मठिई ॥५॥**

ત્યાર પછી આવલિકા પૂર્ણ થાય ત્યાં સુધી અતીત્થાપના વધે છે. ત્યાર પછી સમયાધિક ૨ આવલિકા ન્યૂન કર્મસ્થિતિ સુધી નિક્ષેપ વધે છે. (૫)

**वाघाए समऊणं, कंडगमुक्कस्सिया अइत्थवणा ।**
**डायठिई किंचूणा, ठिइ कंडुक्कस्सगपमाणं ॥६॥**

વ્યાઘાત સ્થિતિઅપવર્તના (સ્થિતિઘાત) માં સમય ન્યૂન કંડક એ ઉત્કૃષ્ટ અતીત્થાપના છે. સ્થિતિકંડકનું ઉત્કૃષ્ટપ્રમાણ કંઈક ન્યૂન ડાયસ્થિતિ છે. (૬)

**चरमं नोव्वट्टिज्जइ, जावाणंताणि फड्डगाणि तत्तो ।**
**उस्सक्किय ओकड्ढइ, एवं उव्वट्टणाईओ ॥७॥**

ચરમ રસસ્પર્ધકથી માંડીને નીચેના અનંત રસસ્પર્ધકોની ઉદ્વર્તના થતી નથી. ચરમ રસસ્પર્ધકથી માંડીને નીચેના અનંત રસસ્પર્ધકો ઓળંગીને પછીના રસસ્પર્ધકની ઉદ્વર્તના થાય છે. એ જ પ્રમાણે રસઅપવર્તના પણ સમજવી, પણ તે શરૂઆતથી જાણવી. (૭)

**थोवं पएसगुणहाणि, अंतरं दुसु जहन्ननिक्खेवो ।**
**कमसो अणंतगुणिओ, दुसु वि अइत्थावणा तुल्ला ॥८॥**

**वाघाएणणुभाग-कंडगमेक्काए वग्गणाऊणं ।**
**उक्कोसो निक्खेवो, ससंतबंधो य सविसेसो ॥९॥**

પ્રદેશની એક દ્વિગુણહાનિના અંતરમાં રહેલા રસસ્પર્ધકો અલ્પ છે. ઉદ્વર્તના-અપવર્તનામાં જઘન્ય નિક્ષેપ અને ઉદ્વર્તના-અપવર્તનામાં અતીત્થાપના ક્રમશઃ અનંતગુણ છે, સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય છે. વ્યાઘાત રસઅપવર્તનાનું ઉત્કૃષ્ટ રસકંડક એક સ્થિતિના રસસ્પર્ધકોથી ન્યૂન એ વ્યાઘાત રસઅપવર્તનાની ઉત્કૃષ્ટ અતીત્થાપના છે. તે અનંતગુણ છે. ઉદ્વર્તના-અપવર્તનામાં ઉત્કૃષ્ટ નિક્ષેપ વિશેષાધિક છે. સત્તાગત રસ સહિતનો બંધાતો રસ વિશેષાધિક છે. (૮,૯)

**आबंधा उक्कड्ढइ, सव्वहिमोकड्ढणा ठिइरसाणं ।**
**किट्टिवज्जे उभयं, किट्टिसु ओवट्टणा एक्का ॥१०॥**

સ્થિતિ અને રસની ઉદ્વર્તના જ્યાં સુધી બંધ હોય ત્યાં સુધી થાય છે. સ્થિતિ અને રસની અપવર્તના સર્વત્ર (બંધકાળે અને અબંધકાળે) થાય છે. કિટ્ટિકૃત દલિક સિવાયના દલિકમાં ઉદ્વર્તના અને અપવર્તના બન્ને થાય. કિટ્ટિકૃત દલિકમાં એકલી અપવર્તના થાય. (૧૦)

## કર્મપ્રકૃતિના ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણના મૂળગાથા-શબ્દાર્થ સમાપ્ત

- ગુરુબહુમાન એ તો આપણા માટે સંસાર પાર કરવા મહત્ત્વનું સાધન છે. હૃદયમાં ગુરુબહુમાનને અત્યંત સ્થાપન કર્યા વિના કોઈનો મોક્ષ થયો નથી, થતો નથી અને થવાનો નથી.
- ચારિત્રમાં પૂર્ણ શ્રદ્ધા અને મેરુ જેવી નિશ્ચલતાને પામવાનો આ જ ઉપાય છે - ગુરુભક્તિ અને ગુરુબહુમાન.
- **अगुणिस्स नत्थि मोक्खो ।** - ઉત્તરાધ્યયનસૂત્ર ૨૮/૩૦
  અગુણીનો મોક્ષ થતો નથી.

# સુકૃતની કમાણી કરનાર પુણ્યશાળી પરિવાર

પદાર્થપ્રકાશ ભાગ ૧૧ના પ્રકાશનનો
સંપૂર્ણ લાભ 'હેમસુકૃતનિધિ'માંથી

**શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**
**ખંભાતવાળાએ લીધેલ છે.**

હ. પુત્રવધૂ રમાબેન પુંડરીકભાઈ,
પૌત્રવધૂ ખ્યાતિ શર્મેશકુમાર, મલય-દર્શી,
પૌત્રી પ્રેરણા દેવેશકુમાર, મેઘ-કુંજીતા,
પૌત્રી પ્રીતિ રાજેશકુમાર, દેવાંશ-નિર્જરા.

સંપત્તિનો સદ્વ્યય કરનાર સૌભાગ્યશાળી પરિવારની
અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106

MULTY GRAPHICS
(022) 23873222 23884222